An ISO 9001:2008 (QMS) Certified Company
ગુજરાતી તેમજ અંગ્રેજી ભાષામાં પ્રસિધ્ધ થતું એકમાત્ર આર્થિક સાપ્તાહિક

સ્માર્ટ ઈન્વેસ્ટમેન્ટ

સંવર્ધક તંત્રી	:	સ્વ. કાન્તિલાલ એમ.શાહ
તંત્રી	:	દિલીપ કે. શાહ

આર્ચી પબ્લિકેશન્સ

311 & 313, નાલંદા એન્કલેવ,
પ્રિતમનગર, એલીસબ્રીજ, અમદાવાદ.

Phone : 079 - 2657 66 39
Fax : 079 - 2657 99 96

E-mail :
smartinvest25@gmail.com
smartinvest25@yahoo.in

web : www.smartinvestment.in

VISIT…

LANZAROTE

Caliente.com

સ્માર્ટ ઈન્વેસ્ટમેન્ટ

ગુજરાતી તેમજ અંગ્રેજી ભાષામાં પ્રસિધ્ધ થતું એકમાત્ર આર્થિક સાપ્તાહિક

આ અંકના આકર્ષણો



આગામી સપ્તાહે બજારની નજર
આરબીઆઈની પોલિસી મિટિંગ,
૩૦૦થી વધુ કોર્પોરેટ પરિણામો,
રામ-જન્મભૂમિ શિલાન્યાસ અને
ઓટો-સિમેન્ટ ડીસ્પેચ ડેટા પર રહેશે

રાઈટ્સ ઈસ્યુઓનો રાફડો ફાટ્યો, બે રાઈટ્સ ઈસ્યુઓની વિદાય અને ત્રણ રાઈટ ઈસ્યુઓનું આગમન

આ સપ્તાહે એકમાત્ર BSE-SME IPO - Suratwwala Business નું ૩ ઓગસ્ટે રૂ.૧૫ ના ભાવે આગમન

નિફ્ટીમાં તેજીને ટ્રેન્ડલાઈન અવરોધ સાથે બ્રેક લાગી

યુરોપિયન યુનિયને કોરોના વાયરસથી ઉદ્‌ભવેલ મંદીને નાથવા ૮૫૭ મિલિયન ડોલરનું સ્ટિમ્યુલસ પેકેજ જાહેર કર્યું

UTI AMCનો રૂ. ૩૦૦૦ કરોડનો માત્ર OFS ઈસ્યુ ટુંક સમયમાં માર્કેટમાં પ્રવેશશે

માર્કેટની મંદી તરફી પલટાયેલા હવામાન પાછળ કોરોનાનુ વધતુ સંક્રમણ
હેવી વેઈટ શેરોમાં ઓફલોડીંગ, નબળુ રોલઓવર ચિંતાના કારણો

આખરે મૂડી નિયામક સેબીની બહાદુરીભરી પીછેહઠ

નવા સપ્તાહનો આરંભ ગેપ ડાઉન ઓપનિંગ તથા નકારાત્મક ટ્રેન્ડથી જોવાય
સપ્તાહ દરમ્યાન બેરિશ ટોન સાથે માર્કેટ વોલેટાઈલ બની રહેશે

સેબીએ કડક કાયદાને મુદત આપી છુટ નહીં

બજારને રામજીના આશીર્વાદ જોઈએ છે

An ISO 9001:2008 (QMS) Certified Company

ગુજરાતી તેમજ અંગ્રેજી ભાષામાં પ્રસિધ્ધ થતું એકમાત્ર આર્થિક સાપ્તાહિક



ઈન્વેસ્ટમેન્ટ

GAMC No. : 1530/2019-2021 Valid Up to 31st December 2021

SMART INVESTMENT

RNI No : GUJGUJ / 2000 / 7618

અખબારની પીડીએફ કોપી વોટ્સએપ કે ટેલીગ્રામ ગ્રુપમાં શેર કરવી ગેરકાયદેસર

હાલ લોકડાઉના સમયગાળામાં એક તરફ અખબારો વિતરણ સંબંધી સમસ્યાઓથી ઝઝૂમી રહ્યા છે તો બીજી તરફ તેમના ઈ-પેપરની કોપી અને ડિજિટલ પાઈરસીના બનાવ પણ વધ્યા છે. તેના કારણે અખબારોને રેવન્યુનું નુકશાન થઈ રહ્યું છે તેને ધ્યાનમાં રાખીને ઈન્ડિયન ન્યુઝપેપર સોસાયટીએ ચેતવણી આપી છે કે, અખબારોનાં ઈ-પેપરમાંથી પાનાં ડાઉલોડ કરીને તેમની પીડીએફ ફાઈલ વોટ્સએપ કે ટેલિગ્રામ ગ્રુપમાં શેર કરવી ગેરકાયદેસર છે. ઈ-પેપર કે તેના હિસ્સા કોપી કરીને સોશિયલ મીડિયા પર ગેરકાયદેસર રીતે શેર કરનાર વ્યક્તિ સામે અખબાર કડક-કાનૂની અને જંગી દંડની કાર્યવાહી કરી શકે છે. કોઈ ગ્રુપમાં આ રીતે અખબારની ઈ-કોપી ગેરકાયદેસર રીતે સરક્યુલેટ થવા બદલ જે તે વોટ્સએપ કે ટેલિગ્રામ ગ્રુપના એડમિન જવાબદાર ઠરશે. આઈએનએસની સલાહ પર અખબાર જૂથ એવી ટેકનિકનો પણ ઉપયોગ કરશે કે જેનાથી અખબારની પીડીએફ ફાઈલ ડાઉનલોડ કરી તેને સોશિયલ મીડિયા પર શેર કરનાર વ્યક્તિની ઓળખ થઈ શકશે. દર અઠવાડિયે નિર્ધારિત સંખ્યાથી વધુ પીડીએફ ડાઉલોડ કરનાર યુઝર્સ બ્લોક પણ થઈ શકે છે.

ભારે દંડની રકમ ગ્રુપ એડમિન પાસે વસુલ કરવા સાથે કાનુની કાર્યવાહી થઈ શકે

An ISO 9001:2008 (QMS) Certified Company
ગુજરાતી તેમજ અંગ્રેજી ભાષામાં પ્રસિધ્ધ થતું એકમાત્ર આર્થિક સાપ્તાહિક



સ્માર્ટ ઈન્વેસ્ટમેન્ટ

Pages 88

₹ 40/-

GAMC No. : 1530/2019-2021 Valid Up to 31st December 2021

SMART INVESTMENT

Vol : 21 | Issue No. : 27 | RNI No : GUJGUJ / 2000 / 7618 | 3rd August 2020 to 9th August 2020

Published Place : 311 & 313, Nalanda Enclave, Opp. Sudama Resorts,
Pritam Nagar 1st Dhal, Ellisbridge, Ahmedabad.

FII Activity (Rs. in Cr.)

Date	Buy Value	Sell Value	Net Value
27-07-20	4090.97	4544.28	-453.31
28-07-20	5836.36	5590.41	245.95
29-07-20	5725.05	6077.67	-352.62
30-07-20	6462.05	6254.75	207.3
31-07-20	4283.29	5241.93	-958.64
TOTAL	26397.72	27709.04	-1311.32

DII Activity (Rs. in Cr.)

Date	Buy Value	Sell Value	Net Value
27-07-20	3560.65	4538.53	-977.88
28-07-20	3990.8	5008.2	-1017.4
29-07-20	4301.09	4806.71	-505.62
30-07-20	5558.41	5945.65	-387.24
31-07-20	4447.93	4005.2	442.73
TOTAL	21858.88	24304.29	-2445.41

D(en)O(f)W(ealth)

After grand success of our Website www.smartinvestment.in & Our Publications, Smart Investment Weekly (Gujarati & English), Smart Plus News Letter & Smart Bonanza (Gujarati Weekly), Smart Investment proudly announces launch of DOW wherein subscribers to this service will be given through SMS/Email Breaking News and Other Buy / Sell Ideas which happen during the week i.e. during the interval of publication of our 2 issues.

Such information will be ahead of our competitors and will enable subscribers to reap rich dividend in short term/few days as well as early entry for LongTerm Wealth creation. Investors interested to subscribe to DOW can provide their Mobile no and email id and make payment of

Rs 5000/- (for 1 year) in favour of **Archi Publications**

Performance of our last Recommendation

Stocks	Reco Date	Reco Price	Recomm.	High After
M&M FIN	16th April 20	163	181-185	240
EID PARRY	20th April 20	147.5	165-175	314
LAURUS LAB	21st April 20	423	445-460	724
ALEMBIC PHARMA	21st April 20	630	685-700	983.15
ENDURANCE TECH	27th April 20	615	650-675-700	950
EID PARRY	8th May 20	156	175	314
PLASTIBLEND India	1st June 20	160	190-200	Target achieved
Moldtech Techno	3rd June 20	41	55-60	45.5
KALPATARU POWER	5th June 20	218	245	Exit at 215
TALBROS AUTO	5th June 20	101	120-125	Exit at 100
IBULLS HSG FIN	10th June 20	152.5	175	263.45
MAHESHWARI LOG	10th June 20	188	225	Stop loss
Rain Industries	18th June 20	76	85	105
MIDHANI	18th June 20	210	227-235	230
DBL	24th June 20	293-280	325-350	Made a high of 315 on 23rd July
KEI IND	2nd July 20	351	390-400	made a high of 398 on 13th July
SRIKALHASTI PIPES	3rd July 20	190	225-235	made a high of 224 on 15th July
MEGHMANI ORG	9th July 20	58	70-75	made a high of 63.25 on 20th July
NOCIL	14th July 20	105	120-125	made a high of 113.85 on 23rd July

Contact : (M) 9825006980 & 9979330348
smartinvest25@gmail.com , smartinvest25@yaoo.in

Bank Details

HDFC Bank : Current A/c No. : 00062560008858
Beneficiary Name : Archi Publications
RTGS / NEFT IFSC : HDFC0000006
Navrangpura Branch, Ahmedabad-380009.

પીટીસી ઈન્ડિયા ફાઈનાન્શિયલ સર્વિસીઝ લિમિટેડને અદાણી હસ્તગત કરે તેવી પ્રબળ શક્યતા



Corporate Feature

અદાણી ગ્રુપની કંપની અદાણી કેપિટલ અને અદાણી ગ્રીન પાવરે પીએફએસને હસ્તગત કરવા માટે બિડ કરી છે. આ સાથે જ પીએફએસના શેરમાં આગેકૂચ શરૂ થઈ ગઈ છે. અદાણી ગ્રુપ આ બિડ જીતી જશે તેવી પ્રબળ શક્યતા છે તે જોતા આગામી સમયમાં આ શેરમાં ભડકો થાય તેવી સંભાવના છે

પીટીસી ઈન્ડિયા ફાઈનાન્શિયલ સર્વિસીઝ લિમિટેડ(પીએફએસ) એ પીટીસી ઈન્ડિયા દ્વારા પ્રમોટ કરાયેલી નોન-બેન્કિંગ ફાઈનાન્સ કંપની છે. પીએફએસને એનબીએફસી હોવા ઉપરાંત રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાએ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફાઈનાન્સ કંપની (IFC) નો વિશેષ દરજ્જો અપાયેલો છે. તેને કારણે કંપની પાવર સેક્ટરમાં સક્રિય ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપનીઓને તથા અન્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપનીઓને ફાઈનાન્શિયલ પ્રોડક્ટ્સ ઓફર કરે છે. પીએપએસ આ ઉપરાંત ફી આધારીત સર્વિસીઝ પણ પૂરી પાડે છે જેમ કે લોન સિન્ડિકેશન અને અન્ડરરાઈટિંગ સેવા પણ પૂરી પાડે છે. પીએફએસ સ્ટ્રક્ચર્ડ ફાઈનાન્સ, હાઈબ્રિડ ઈન્સ્ટ્રુમેન્ટ્સ, એડવાઈઝરી સર્વિસીઝ અને અન્ય સંબંધિત સપોર્ટ તેના ક્લાયન્ટ્સને પૂરો પાડે છે જેથી જોખમ ઓછું રહે છે અને અસરકારક રીતે પ્રોજેક્ટનો અમલ થાય છે અને સારું એવું વળતર પણ મળે છે. પીએફએસે તેની સ્થાપના ૨૦૦૬-૦૭માં થઈ ત્યારથી અત્યાર સુધીમાં રિન્યૂએબલ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટરમાં અંદાજે ૧૫૩ પ્રોજેક્ટ્સને સફળતાપૂર્વક ફંડિંગ પૂરું પાડ્યું છે.

પેરેન્ટ કંપની પીટીસી ઈન્ડિયાએ તેની આ નફો કરતી સબસિડરી પીટીસી ફાઈનાન્શિયલ સર્વિસીઝ(પીએફએસ)માં તેનો સંપૂર્ણ ૬૪.૯૯ ટકા હિસ્સો વેચી દેવાની જાહેરાત કરી છે અને આ માટે તેણે ઓફર ફોર સેલ(ઓએફએસ) રૂટ

Cont...

Stock Information (As on 31st July, 2020)



Stock Price	Rs. 17.66
Market Cap (Full) (Rs. Cr.)	Rs. 1134.27
Book Value	Rs. 34/-
Face Value	Rs. 10
EPS	Rs. 1.71
P/E	10.01
P/B	0.52
Dividend Yield	4.5%
52 Week High / Low	Rs. 18.10 / Rs. 6.748
No. of Shares Outstanding	64.22 Cr.



પીએફએસનો ૬૪.૯૯ ટકા હિસ્સો વેચવા માટેનું ટ્રાન્ઝેક્શન આગામી ૨-૪ ક્વાર્ટરમાં જ્યારે પણ સંપન્ન થશે ત્યારે આ કંપનીના શેરનો ભાવ તેની રૂ.૩૪ની બુક વેલ્યૂથી ઓલમોસ્ટ બે ગણો એટલે કે રૂ.૬૦ આસપાસ પહોંચી જાય તેવી શક્યતા છે. હાલમાં પીએફએસના શેરનો ભાવ રૂ.૧૭-૧૮ આસપાસ ચાલી રહ્યો છે તે જોતા તેમાં હાલના ભાવે રોકાણ રિસ્ક ફ્રી જણાય છે અને આગામી ૬થી ૧૨ મહિનામાં તેમાં ડબલથી પણ વધારે સુધારાની સંભાવના જણાય છે

અપનાવ્યો છે. ઓએફએસ માટે ૩૧મી જુલાઈ છેલ્લી તારીખ હતી. આ કંપનીને હસ્તગત કરી લેવા માટે ૧૨ જેટલી અગ્રણી કંપનીઓ રેસમાં છે જેમાં અદાણી ગ્રુપનો પણ સમાવેશ છે. અદાણી ગ્રુપની કંપની અદાણી કેપિટલ અને અદાણી ગ્રીન પાવરે પીએફએસને હસ્તગત કરવા માટે બિડ કરી છે. આ સાથે જ પીએફએસના શેરમાં આગેકૂચ શરૂ થઈ ગઈ છે. અદાણી ગ્રુપ આ બિડ જીતી જશે તેવી પ્રબળ શક્યતા છે તે જોતા આગામી સમયમાં આ શેરમાં ભડકો થાય તેવી સંભાવના છે. સફળ બિડરનું નામ એક મહિનામાં જાહેર થા તેવી સંભાવના છે. પાવર ફાઈનાન્સ કોર્પોરેશન(પીએફસી) પણ આ માટે રસ દાખવી રહી હોવાનું મનાય છે.

અદાણી ગ્રુપ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફાઈનાન્સ અને સર્વિસીઝ સ્પેસમાં મોટાપાયે આગળ ધપી રહી છે તે જોતા પીએફએસ માટેની આ બિડ તે જીતશે તો તેનો બિઝનેસ ઈનઓર્ગેનિકલી ઝડપી વૃદ્ધિ કરશે અને આ રીતે તે બન્ને કંપની માટે વિન-વિન સિચ્યુએશન સાબિત થશે.

Cont...

Marquee Clients



પીએફએસ તેના શેરધારકોને નિયમિત રીતે ડિવિડન્ડ ચૂકવી રહી છે. ગયા વર્ષે કંપનીએ શેરદીઠ રૂ.૦.૮૦ એટલે કે ૮ ટકા ડિવિન્ડ ચૂકવ્યું હતું. તેનું ડિવિડન્ડ યીલ્ડ ઓલમોસ્ટ ૪ ટકા જેવું થાય છે, જે બેન્કના બચત ખાતાના વ્યાજદર કરતાં પણ વધારે થાય છે

કોરોનાની અસર માત્ર પાંચ ટકા

પીએફએસ એવા સેક્ટરમાં છે જ્યાં કોરોનાની ખાસ અસર થઈ નથી. કોરોનાને કારણે કંપનીની કામગીરી પર માત્ર પાંચ ટકા જેવી જ અસર થઈ છે. તેના કોઈપણ પ્રોજેક્ટની કામગીરી પૂરી થવામાં કોઈ અડચણ કે સમસ્યા નથી. લગભગ ૫૦ ટકા લોન બુક રિન્યૂએબલ પ્રોજેક્ટસમાં છે, જે અનિવાર્યપણે આગળ ધપી રહ્યા છે. જે પ્રોજેક્ટમાં કામગીરી સ્થગિત થઈ છે તેમાં સંબંધિત સરકારે સમયમર્યાદા વધારી આપી છે અને પ્રોજેક્ટ પૂરો થવાનો સમય વધારી આપ્યો છે. કંપનીએ તેના ધિરાણદારોને રિઝર્વ બેન્કે જાહેર કરેલા છ મહિનાના મોરેટોરિયમ મુજબ લાભ આપ્યો છે. જોકે ૫૦ ટકા ધિરાણદારોએ જ તેનો લાભ લીધો હોવાથી કંપની માટે લિક્વિડિટી સંબંધિત કોઈ સમસ્યા રહેતી નથી.



પીએફએસ માટે આ એક્વિઝિશન સિનર્જીસ્ટિક બની રહેશે. અગાઉ પેરેન્ટ કંપની પીટીસી ઈન્ડિયાએ ૧૭ જુલાઈ, ૨૦૨૦ના રોજ રેગ્યુલેટરી ફાઈલિંગમાં કહ્યું હતું કે તે પીએફએસમાં બહુમતી હિસ્સો વેચવા જઈ રહી છે અને તેના માટે તેણે સંભવિત પરચેઝર-ઈન્વેસ્ટર પાસે બિડ મંગાવી છે.

પીએફએસની કુલ આઉટસ્ટેન્ડિંગ ક્રેડિટ માર્ચ ૨૦૨૦ના અંતે રૂ.૧૧,૩૯૪ કરોડ હતી જે પૈકી ૮૦ ટકા બુક રિન્યૂએબલ એનર્જી પ્રોજેક્ટ્સ માટે ફાઈનાન્સ કરેલું છે જ્યાં એનપીએ ઝીરો છે. મતલબ કે ત્યાં બેડ લોનની કોઈ સમસ્યા જ નથી. અન્ય મહત્ત્વના ફાઈનાન્સિંગમાં ટ્રાન્સમિશન પ્રોજેક્ટ્સને ફંડિંગ કરેલું છે. એનપીએ મુખ્યત્વે થર્મલ પાવર પ્રોજેક્ટ્સમાં છે. કંપનીના મેનેજમેન્ટ અનુસાર ૮૦ ટકા એનપીએ આગામી ગણતરીના ક્વાર્ટરમાં રિકવર થઈ જાય તેવી છે.

પીએફએસ ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં રૂ.૨૨૫-૨૫૦ કરોડનો નેટ પ્રોફિટ દર્શાવશે તેવી ધારણા છે. ચાલુ વર્ષના પ્રથમ ક્વાર્ટરમાં તે રૂ.૪૦-૫૦ કરોડનો નેટ પ્રોફિટ દર્શાવશે તેવી ધારણા છે જે પરિણામ આગામી સપ્તાહે થશે. કંપનીની નેટ ઈન્ટરેસ્ટ ઈન્કમ ગત વર્ષે રૂ.૩૭૪ કરોડની હતી. નેટ ઈન્ટરેસ્ટ માર્જિન ૩.૩૧ ટકા રહ્યું હતુ અને સીએજીઆર ૨૩.૭૨ ટકા હતું. કંપની રૂ.૩૦૦૦ રકોડની ધિરાણપાત્ર રિસોર્સ પાઈપલાઈન ધરાવે છે અને તે પણ ૮.૫ ટકા જેવા તગડા વ્યાજ સાથે. કંપની ચાલુ વર્ષમાં જ રૂ.૩૫૦૦-

Cont...

પીએફએસ ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં રૂ.૨૨૫-૨૫૦ કરોડનો નેટ પ્રોફિટ દર્શાવશે તેવી ધારણા છે. ચાલુ વર્ષના પ્રથમ ક્વાર્ટરમાં તે રૂ.૪૦-૫૦ કરોડનો નેટ પ્રોફિટ દર્શાવશે તેવી ધારણા છે જે પરિણામ આગામી સપ્તાહે આવશે

Management



Shri Deepak Amitabh, Chairman

તેઓ ભૂતપૂર્વ ઈન્ડિયન રેવન્યૂ સર્વિસીઝ ઓફિસર છે. તેઓ પીટીસી ઈન્ડિયા લિમિટેડના ચેરમેન તરીકે પણ સેવારત છે. તેઓ ઓડિટિંગ, ફાઈનાન્સિંગ, અને રેવન્યૂ મોબિલાઈઝેશન ક્ષેત્રે ૩૫ વર્ષથી વધુનો બહોળો અનુભવ ધરાવે છે.



Dr. Pawan Singh, MD & CEO

તેઓ ભૂતપૂર્વ સિવિલ ઓફિસર છે અને દિલ્હી પાવર કંપની લિમિટેડમાં ડિરેક્ટર (ફાઈનાન્સ) તરીકે પણ સેવા આપી ચૂક્યા છે. દિલ્હી ટ્રાન્સકો, જેનકો, વગેરેમાં પણ તેમણે સેવા આપી છે. દિલ્હીમાં વીજ ક્ષેત્રે સુધારામાં તેમની મહત્ત્વની ભૂમિકા રહી છે. તેમણે આ ઉપરાંત પાવર ગ્રીડ કરોપોરેશન, ભારતીય રેલવે, તાતા સ્ટીલ, વગેરમાં પણ કામ કર્યું છે. તેઓ આઈઆઈએફસીએલ સહિતની કંપનીઓ અને ઈન્સ્ટિટ્યૂશન્સના બોર્ડમાં પણ સક્રિય રહ્યા છે. હાલમા તેઓ પીટીસી એનર્જી, એમડીઆઈના બોર્ડમાં છે.

૪૦૦૦ કરોડની લોનનું વિતરણ કરે તેવી શક્યતા છે.

પીએફએસની લોંગ ટર્મ લાયેબિલિટી સામે શોર્ટ ટર્મ લાયેબિલિટીનો રેશિયો ૯૧ ટકા સામે ૯ ટકા છે અને સિસ્ટમમાં તે પૂરતી લિક્વિડિટી ધરાવે છે. તેનું કેપિટલ માર્કેટમાં કોઈ એક્સપોઝર નથી અને કોમર્શિયલ પેપરમા આઉટસ્ટેન્ડિંગ પણ ઝીરો છે. સ્ટ્રેસ્ડ એકાઉન્ટ અર્થાત એનપીએ એકાઉન્ટ ઘટી રહ્યા છે અને



કંપની હવે ઓપરેશનલ પર્ફોર્મન્સમાં સુધારા તરફ ફોકસ કરી રહી છે. કંપની ક્લીન એનર્જી અને સસ્ટેનેબલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સમાં મજબૂત પાઈપલાઈન ધરાવે છે જેને કારણે આગામી સમયમાં ગ્રોથની ખાસ્સી સંભાવના રહેલી છે.

દરમિયાન પીટીસી ઈન્ડિયા ફાઈનાન્શિયલ સર્વિસીઝ લિમિટેડને એક નેશનલાઈઝ્ડ બેન્ક પાસેથી ખૂબ જ આકર્ષક વ્યાજદરે કોમર્શિયલ પેપરમાં રૂ.૩૦૦ કરોડનું સબસ્ક્રીપ્શન મળ્યું છે. આ નાણાંનો ઉપયોગ કંપની તેના કેશ ફ્લો માટે કરશે અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટમાં

Cont...



પીએફએસની કુલ આઉટસ્ટેન્ડિંગ ક્રેડિટ માર્ચ ૨૦૨૦ના અંતે રૂ.૧૧,૩૯૪ કરોડ હતી જે પૈકી ૮૦ ટકા બુક રિન્યૂએબલ એનર્જી પ્રોજેક્ટ્સ માટે ફાઈનાન્સ કરેલું છે જ્યાં એનપીએ ઝીરો છે. મતલબ કે ત્યાં બેડ લોનની કોઈ સમસ્યા જ નથી


Shareholder Information



Top 5 Shareholders

(As on 31st June, 2020)	% of holdings
PTC India Limited	64.99
Life Insurance Corporation of India	2.13
Dimensional Emerging Markets Value Fund	0.37
Emerging Markets Core Equity Portfolio	0.36
The emerging Markets Small Cap Series	0.24

Shareholding Pattern as at 31st June, 2020



ધિરાણ માટે કરશે, જેમાં તેને સારું એવું માર્જિન મળશે. તેને કારણે નેટ ઈન્ટરેસ્ટ માર્જિનમાં વધારો થશે.

પીએફએસ તેના શેરધારકોને નિયમિત રીતે ડિવિડન્ડ ચૂકવી રહી છે. ગયા વર્ષે કંપનીએ શેરદીઠ રૂ.૦.૮૦ એટલે કે ૮ ટકા ડિવિન્ડ ચૂકવ્યું હતું. તે અગાઉ ૨૦૧૮માં કંપનીએ રૂ.૦.૨૦ એટલે કે બે ટકા, તે પહેલા ૨૦૧૭માં શેરદીઠ રૂ.૧.૫ એટલે કે ૧૫ ટકા, ૨૦૧૬માં શેરદીઠ રૂ.૧.૨ એટલે કે ૧૨ ટકા ડિવિડન્ડ ચૂકવ્યું હતું. તેનું ડિવિડન્ડ યીલ્ડ ઓલમોસ્ટ ૪ ટકા જેવું થાય છે, જે બેન્કના બચત ખાતાના વ્યાજદર કરતાં પણવધારે થાય છે.

પીએફએસનો ૬૪.૯૯ ટકા હિસ્સો વેચવા માટેનું ટ્રાન્ઝેક્શન આગામી ૨-૪ ક્વાર્ટરમાં જ્યારે પણ સંપન્ન થશે ત્યારે આ કંપનીના શેરનો ભાવ તેની રૂ.૩૪ની બુક વેલ્યૂથી ખાસ્સો વધી જશે તેવી પૂર શક્યતા છે. કંપની તેની એનપીએ નોંધપાત્ર એવી રિકવર કરશે અને લોન વિતરણ ઝડપી બનશે તો તેનો શેર બુક વેલ્યૂના ઓલમોસ્ટ બે ગણો એટલે કે રૂ.૬૦ આસપાસ પહોંચી જાય તેવી શક્યતા છે. હાલમાં પીએફએસના શેરનો ભાવ રૂ.૧૭-૧૮ આસપાસ ચાલી રહ્યો છે તે જોતા તેમાં હાલના ભાવે રોકાણ રિસ્ક ફ્રી જણાય છે અને આગામી ૬થી ૧૨ મહિનામાં તેમાં ડબલથી પણ વધારે સુધારાની સંભાવના જણાય છે.

******

Market Scan

Jatin Sanghavi
(Mumbai)
(M) 098205 26455
jatinsanghavi100@yahoo.com



નિફ્ટીમાં તેજીને ટ્રેન્ડલાઈન અવરોધ સાથે બ્રેક લાગી

એક પછી એક પ્રતિકારક સપાટી વટાવવી એ બજાર માટે સામાન્ય બાબત બની ગઈ હતી, પરંતુ ગયા સપ્તાહે બજારની આ આગેકૂચને બ્રેક વાગી હતી. સાપ્તાહિક ટ્રેન્ડલાઈન પ્રતિકારક સપાટીએ ૧૧૩૪૪ના સ્તરે નિફ્ટીમાં એકતરફી આગેકૂચ અટકાવી હતી. તેની શરૂઆત બુધવારે બેરીશ હરામીની રચના સાથે થઈ હતી, જે ટોચના સ્તરે સાપ્તાહિક ટ્રેન્ડલાઈન પ્રતિકાર સપાટી હતી. બજારમાં ત્યાંથી ઘટાડો આવ્યો હતો. જોકે, નિફ્ટીને ૧૧૨૪૪-૧૧૦૩૫ના સ્તરે દૈનિક ગેપની લોઅર બાઉન્ડ્રી પર ટેકો મળી ગયો. આગામી સપ્તાહ માટે ૧૦૯૫૩-૧૦૯૩૩ના સ્તરે સાપ્તાહિક ગેપ સપોર્ટમાં મજબૂત સપોર્ટ જોવા મળે છે. તેનાથી આગળ ૨૦૦ ડીએમએ ૧૦૮૬૦ના સ્તરે બજારને ટેકો મળી શકે છે. સકારાત્મક બાબત એ છે કે નિફ્ટીમાં ૧૧૩૪૪થી ઉપર સાપ્તાહિક બંધ ગયા સપ્તાહની મંદીની અવગણના કરી શકશે.

ટેકનિકલ દ્રષ્ટિએ બજાર

ગત સપ્તાહે સેન્સેક્સ ૩૮૨૭૫ ઉપર ખૂલ્યા બાદ ઉપરમાં ૩૮૬૧૭ અને નીચામાં ૩૭૪૩૧ સુધી ગયા બાદ છેલ્લે ૩૭૬૦૬ ઉપર બંધ રહ્યો હતો. આ રીતે સપ્તાહ દરમિયાન તેમાં ૫૨૨ પોઈન્ટનો ઘટાડો જોવા મળ્યો હતો. એ જ રીતે નિફ્ટી ગત સપ્તાહે ૧૧૨૨૫ ઉપર ખૂલ્યા બાદ ઉપરમાં ૧૧૩૪૧ અને નીચામાં ૧૧૦૨૬ સુધી ગયા બાદ છેલ્લે ૧૧૦૭૩ બંધ રહ્યો હતો. આમ, નિફ્ટી સપ્તાહ દરમિયાન ૧૨૧ પોઈન્ટની નરમાઈ નોંધાઈ હતી.

દૈનિક ચાર્ટ પર બંને ભાવાંકોએ આંશિક લાંબા લોઅર શેડો સાથે સ્મોલ બ્લેક બોડી કેન્ડલની રચના કરી હતી. છેલ્લા ત્રણ દિવસમાં ૩ બ્લેક બોડી કેન્ડલ રચાઈ હતી, પરંતુ તેને ૩ બ્લેક ક્રો તરીકે વર્ગીકૃત કરી શકાય નહી, કારણ કે કેન્ડલ સાઈઝ માપદંડોને પૂરા કરતી નથી. બુધવારે બેરીશ હરામી પેટર્ન પૂરી થઈ હતી, જેને ગુરુવારે પુષ્ટી મળી હતી, જે ખૂબ જ ટૂંકી મુદતની ટાઈમફ્રેમમાં રીવર્સલના સંકેત આપે છે. સાપ્તાહિક ટાઈમફ્રેમ પર સેન્સેક્સ અને નિફ્ટી બંનેએ બ્લેક બોડી કેન્ડલની રચના કરી છે, જે વાસ્તવિક બ્લેક બોડી કેન્ડલ કરતાં નાની હતી. આમ, દૈનિક કેન્ડલ સ્ટીક ફોર્મેશન નજીકના સમયમાં બેરીશ બાયસનું સૂચન કરે છે.

અંતે તેજીવાળા સેન્સેક્સમાં ૪૮૬૩૭ અને નિફ્ટીમાં ૧૧૩૪૪ની સાપ્તાહિક ટ્રેન્ડલાઈન પ્રતિકારક સપાટી વટાવવામાં નિષ્ફળ ગયા હતા. આ સ્તરેથી ભાવ ઘટતાં બંને ભાવાંકોમાં ઘટાડો નોંધાયો હતો. જોકે, સેન્સેક્સમાં ૩૮૩૮૬ – ૩૭૭૪૭ અને નિફ્ટીમાં ૧૧૨૪૪-૧૧૦૩૫

Cont...

This Weeks Recommendations

Rec.	Name	CMP	SL	TGT-1	TGT-2
Buy	TorrentPharma	2663	2613	2738	2815
Buy	IndiaMart	2828	2770	2917	3009
Buy	IPCALab	1874	1836	1932	1993
Buy	GodrejProp	926	907	955	985
Buy	Dabur	513	503	529	546

:::: INDEX LEVELS ::::

	S3	S2	S1	CLOSE	R1	R2	R3
NIFTY	10713	10847	10953	11073	11239	11341	11471
SENSEX	36254	36810	37185	37606	38199	38617	39087

વચ્ચે દૈનિક ગેપની નીચી બાઉન્ડ્રી પર બજારે ટેકો મેળવ્યો હતો. નિફ્ટી નજીકના સમયમાં ૧૧૩૪૪ની સપાટી વટાવશે તો જ મંદીની અવગણના થશે.

બજારમાં વધુ ઘટાડો ભાવાંકોને સાપ્તાહિક બુલીશ ગેપના સ્વરૂપમાં મજબૂત ટેકારૂપ સપાટીની પરિક્ષા કરવા મંદી તરફ ખેંચી જશે. સેન્સેક્સમાં ૩૭૧૮૫-૩૭૧૨૫ અને નિફ્ટીમાં ૧૦૯૫૩-૧૦૯૩૩ અને ત્યાર પછી ૨૦૦ ડીએમએ (સેન્સેક્સ – ૩૬૯૦૫ અને નિફ્ટી – ૧૦૮૬૦)ના સ્ટરે સાપ્તાહિક બુલીશ ગેપ જોવા મળશે. આ ટેકારૂપ સ્તર તૂટતા નિફ્ટી થોડાક સપ્તાહ અગાઉ રચાયેલી હાયર બોટમની પરિક્ષા કરશે, જે સેન્સેક્સમાં ૩૫૮૭૭ અને નિફ્ટીમાં ૧૦૫૬૨ના સ્તરે છે.

બુલીશ આઈલેન્ડ હજી પણ ટકી રહ્યો છે, જેનો ફેલ્યોર પોઈન્ટ ઓપનિંગ વ્હાઈટ બોડી મરુબુઝોના તળીયાથી નીચે છે, જે સેન્સેક્સમાં ૩૨૩૪૮ અને નિફ્ટીમાં ૯૫૪૪ છે. બુલીશ આઈલેન્ડ નિષ્ફળ થતાં બજાર સેન્સેક્સમાં ૨૯૯૬૮/ નિફ્ટીમાં ૮૮૦૬ની હાયર બોટમની પરિક્ષા કરવા ઘટાડા તરફી આગળ વધશે.

બંને ભાવાંકો ટૂંકાગાળાની ૨૦ દિવસની મુવિંગ એવરેજ (સેન્સેક્સ – ૩૭૨૨૧ અને નિફ્ટી – ૧૦૯૫૨) તેમજ મધ્યમ ગાળાની ૫૦ દિવસની મુવિંગ એવરેજ (સેન્સેક્સ – ૩૫૨૬૦ અને નિફ્ટી ૧૦૩૯૩)થી ઉપર બંધ રહ્યા છે. બંને ભાવાંકોએ લાંબાગાળાની ૨૦૦ દિવસની મુવિંગ એવરેજ (સેન્સેક્સ – ૩૬૯૦૫ અને નિફ્ટી – ૧૦૮૬૦)થી ઉપર બંધ રહેવાનું ચાલુ રાખ્યું છે. આમ ટૂંકા તેમજ મધ્યમ ગાળાનો ટ્રેન્ડ તેજી તરફી છે જ્યારે લાંબાગાળાનો ટ્રેન્ડ પણ તેજી તરફી યથવાત્ રહ્યો છે.

એમએસીડી પોઝિટિવ છે, પરંતુ વેચાણના મોડમાં છે. પ્રાઈસ આરઓસી પોઝિટિવ છે અને ખરીદીના મોડમાં યથાવત્ છે. આરએસઆઈ (૬૦) ઘટ્યો છે, પરંતુ હજી પણ બુલીશ મોમેન્ટમમાં છે. સ્ટોકેસ્ટિક ઓસિલેટર પર્સન્ટેજ કે (૭૨) પર્સન્ટેજ ડીથી નીચે છે, તેથી તે વેચાણના મોડમાં છે. એડીએક્સ (૩૯) સૂચવે છે કે તેજી તરફી ટ્રેન્ડ મજબૂત છે. ડિરેક્શનલ ઈન્ડિકેટર્સ ખરીદીના મોડમાં યથાવત્ છે. પ્લસ ડીઆઈ માઈનસ ડીઆઈથી ઉપર છે. એમએફઆઈ (૫૨) પોઝિટિવ મની ફ્લો સૂચવે છે. ઓબીવી ખરીદીના મોડમાં ચાલુ છે. બોલિંગર બેન્ડે બાય સંકેત આપવાનું ચાલુ રાખ્યું છે. આમ, મોટાભાગના ઓસીલેટર્સ મિશ્ર વલણના સંકેત આપે છે.

ઓગસ્ટ સિરિઝ માટે ઓપ્શન્સ ડેટા મુજબ નિફ્ટીમાં ૧૧૫૦૦ના સ્ટ્રાઈકથી સૌથી વધુ કોલ જોવા મળ્યા છે, જ્યારે ૧૧૦૦૦ના સ્ટ્રાઈકથી સૌથી વધુ પુટ જોવા મળ્યા છે. આમ, આગામી દિવસોમાં નિફ્ટી આ ૫૦૦ પોઈન્ટની રેન્જમાં અથડાતો રહેશે તેમ ઓપ્શન ડેટા સૂચવે છે. નિફ્ટીને ૧૧૫૦૦ના સ્તરે પ્રતિકારનો સામનો કરવો પડશે જ્યારે ૧૧૦૦૦ના સ્તરે ટેકો મળી રહેશે તેમ ટૂંકાગાળાની ટ્રેન્ડિંગ રેન્જના ઓપ્શન ડેટા સૂચવે છે.

BUY.... BUY....BUY

Co. Name	Code	Price
PTC India Fin.	533344	17.66
Godrej Agrovet	540743	458.00
G.E. Shipping	500620	225.00
Future Retail	540064	110.00
UPL	512070	478.00
Adani Gas	542066	153.00
Bajaj Consumer	533229	175.00
Sonata Software	532221	263.00
Tata Comm.	500483	759.00
Cadila HC	532321	388.00
ICICI Sec.	541179	455.00
Kajaria Cera.	500233	405.00
Dabur	500096	513.00
Bajaj Ele.	500031	425.00
Shilpa Medi	530549	551.00

TIPS OF THE WEEK

Co. Name	Code	Price
ICICI Bank	532174	346.00
Deepak Nitrite	506401	643.00
IEX	540750	179.00
Laurus Labs.	540222	933.00
Godrej Prop.	533150	926.00
MCX	534091	1697.00
Escorts	500495	1133.00
Tech Mah.	532755	682.00
IPCa Labs.	524494	1883.00
Torrent Pharma	500420	2663.00
IndiaMart	542726	2829.00
Jubilant Life	530019	795.00
Amara Raja	500008	709.00
Dr. Reddy	500124	4521.00
Dixon Techno	540699	7629.00

Rapid Fire Stocks



Kalpna J (Email- Kjtech79@gmail.com)
(Ring : 97690 37711) Twitter : @Kj_TechTrades



Bata India (Buy at CMP - 1268)

Targets - 1555- 2250, Time Frame 5 to 12 Months
(ADD IN ALL DIPS)

કંપની ૪ થી ૫ વર્ષમાં ૧ બિલિયન ડોલર રેવન્યુ હાંસલ કરવાના લક્ષ્યાંક સાથે વિસ્તરણનું આયોજન કરી રહી છે અને દર વર્ષે ૮૦ થી ૧૦૦ નવા સ્ટોર ખોલવાનું પ્લાનિંગ કરે છે.

બાટા બ્રાન્ડ એસ.એ. :- આ સ્વિટ્ઝર્લેન્ડના લુસાને સ્થિત પ્રતિષ્ઠિત મલ્ટીનેશલ સૂઝ મેકર છે. જે કુટુંબની માલિકી ધરાવતી ફુટવેર અને ફેશન એસેસરીઝ ઉત્પાદક અને રિટેલર છે. જે વિશ્વમાં દરરોજ ૧ કરોડ શુઝનું વેચાણ કરતી વિશ્વની ટોચની શૂઝ ઉત્પાદક છે. કંપની ત્રણ બિઝનેસ યુનિટ - બાટા, બાટા ઈન્ડસ્ટ્રીઝ અને એ.ડબલ્યુ લેબ્સનું સંચાલન કરે છે. કંપનીમાં વિશ્વના ૭૦ દેશોમાં ૫૩૦૦ થી વધુ દુકાનો અને ૧૮ દેશોમાં ઉત્પાદન સુવિધા ધરાવે છે. કંપની પાંચ રિજિયન - આફ્રિકા, એશિયા પેસેફિક, સાઉથ એશિયા અને યુરોપના દેશોમાં બિઝનેસ કરે છે. ૨૦૧૮ ના નાણાંકીય વર્ષના અંતે વેચાણ ગ્રોથ ડબલ ડિજીટ જેટલા નીચા લેવલે :- બાટાના ગ્લોબલ માર્કેટીંગ ચીફ થોમસ આર્ચરનું કહેવું છે કે, ભારતનું બિઝનેસ આગામી ૪ થી ૫ વર્ષમાં ૧ બિલિયન ડોલર સુધી પહોંચવાની અપેક્ષા છે. દર વર્ષે ૮૦ થી ૧૦૦ નવા સ્ટોર ખોલવાનું લક્ષ્યાંક છે.

★ પ્રાપ્ત થયેલા એવૉર્ડ :- ● ધી મોસ્ટ ટ્રસ્ટેડ બ્રાન્ડ (રીટેઈલ) :- કંપનીને નવેમ્બર ૨૦૧૩ માં બ્રાન્ડ ઈક્વિટીની જાણીતો 'ટોપ મોસ્ટ ટ્રસ્ટેડ બ્રાન્ડ' નો એવૉર્ડ મળ્યો હતો. ● ઉદ્યોગ રત્ન એવૉર્ડ :- ૨૩ જાન્યુઆરી ૨૦૧૪ ના દિવસે આયોજિત ઈન્ટરનેશનલ ગ્લોબલ મીટમાં કંપનીને ધી ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈકોનોમિક સ્ટડિઝ દ્વારા એકસલન્સ એન્ડ ગોલ્ડ મેડલ મળ્યો હતો. ● ધી મોસ્ટ એટ્રેક્ટીવ બ્રાન્ડ એટ થી ૧૧ પોઝીશન :- ૨૦૧૩ માં ભારતની વૈશ્વિક મોરચે આકર્ષક બ્રાન્ડ એવૉર્ડ મળ્યો હતો. ● મોસ્ટ એડાયર્ડ લાર્જ ફોર્મેટ મલ્ટી બ્રાન્ડ ફુટવેર રીટેઈલ ઓફ ધી યર્સ નો એવૉર્ડ ૨૦૧૩ માં ઈમેજ શુઝ એન્ડ એસેસેરીઝ ફોરમ દ્વારા મુંબઈ ખાતે આપવામાં આવ્યો હતો. કંપનીની સ્થાપના ૧૯૩૧ માં કોલકત્તા નજીક કોન્નાગર ખાતે બાટા શુઝ કંપની પ્રા. લી. ના નામે એક યુનિટ રૂપે થઈ હતી. ૧૯૩૪માં કંપનીનું પહેલુ બિલ્ડીંગ શિલારોપણ થયા બાદ તે ટાઉનશિપ બાટાનગરના નામે પ્રચલિત થયું હતું. કંપનીને આઈએસઓ ૯૦૦૧ પ્રમાણપત્ર મળેલ છે. ૧૯૭૩માં કંપની પબ્લિક લિમિટેડ થઈ અને નામ બદલીને બાટા ઈન્ડિયા લી. થયું. દેશમાં તેના ૧૨૦૦ થી વધુ રિટેઈલ આઉટલેટ આવેલા છે. આ ઉપરાંત કંપની મોટા પ્રમાણમાં નોન-રિટેલ ડિસ્ટ્રીબ્યુશન નેટવર્ક તેના અર્બન હોલસેલ ડિવિઝન દ્વારા ઓપરેટ કરે છે અને ૩૦,૦૦૦ ડીલર દ્વારા કરોડો ગ્રાહકોને તેના ઉત્પાદનો પુરા પાડે છે. ★ આ ભારતની સૌથી વધુ વિશ્વાસપાત્ર ફુટવેર બ્રાન્ડ છે.

Cont....



Infosys (Buy at CMP - 967)

Targets - 1111 TO 1250 , Time Frame - 5 to 12 months (Add in all dips)

ઈન્ફોસિસ વૈશ્વિક સ્તરે અગ્રણી ડિજિટલ સર્વિસ અને કન્સલ્ટિંગ કંપની છે. તે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, બિગ ડેટા અને એનાલિટિક્સ, મોબિલિટી, વર્ચ્યુઅલ અને ઓગમેન્ટેડ રિયાલિટીમાં કાર્યરત છે.ભારતમાં કર્ણાટકમાં બેંગ્લોરમાં મુખ્યાલય ધરાવતી ઈન્ફોસિસ ઘરેલુ અને નિકાસ બજારો માટે સર્વિસિ, ટ્રન્કી પ્રોજેક્ટ્સ અને અન્ય પ્રોજેક્ટ્સ માટે સોફ્ટવેર ડેવલપમેન્ટની કામગીરીમાં સામેલ છે. આ સોફ્ટવેર ડેવલપમેન્ટ ડિસ્ટ્રિબ્યુશન, બેન્કિંગ, ટેલીકમ્યુનિકેશન અને મેન્યુફેક્ચરિંગ સેક્ટર્સ ઉપર કેન્દ્રિત છે.

ઈન્ફોસિસ ઈન્ડિયન મલ્ટીનેશનલ કોર્પોરેશન છે, જે બિઝનેસ કન્સલ્ટિંગ, ઈન્ફર્મેશન ટેકનોલોજી અને આઉટસોર્સિંગ સર્વિસિસ પૂરી પાડે છે. ઈન્ફોસિસ આગલી generationeની ડિજિટલ સેવાઓ અને સલાહ માટે વૈશ્વિક ક્ષેત્રે અગ્રણી કંપની બની ઉભરી છે. ઉલ્લેખનીય છે કે ઈન્ફોસિસ ૪૫ દેશોમાં ક્લાયન્ટ્સના બહોળા આધાર સાથે તેમને ડિજિટલ ટ્રાન્સફોર્મેશનમાં મદદ કરે છે. સિસ્ટમ મેનેજમેન્ટમાં વિશાળ અનુભવ સાથે તે વૈશ્વિક સંસ્થાઓ સાથે મળીને કામ કરે છે તથા ક્લાયન્ટ્સની ડિજિટલ કામગીરીમાં મદદરૂપ બને છે. ડિજિટલ સ્કિલ, એક્સપર્ટિઝ અને ઈનોવેશન માટે આઈડિયા દ્વારા કંપની સતત આગળ વધી રહી છે.

MOVE FORWARD

BPS RAJA (Mumbai)   E-mail bpsraja@gmail.com





UNICHEM LABORATORIES LIMITED

THE NEXT TOP COP IN PHARMA

UNICHEM BSE: 506690 | NSE: UNICHEMLAB RS.224

યુનિકેમે રોહમાં તેના એક્ટિવ ફાર્માસ્યુટિકલ ઈન્ગ્રિડિયન્ટ્સ (એપીઆઇ) એકમ માટે યુનાઈટેડ સ્ટેટ્સ ફુડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (યુએસએફડીએ) પાસેથી એસ્ટાબ્લિશમેન્ટ ઈન્સપેક્શન રિપોર્ટ (ઈઆઈઆર) મેળવ્યાંની જાહેરાત કર્યાં બાદ કંપનીના શેર્સની માગમાં નોંધપાત્ર વધારો થયો છે. કંપનીએ ૧૩ મેના રોજ ઈઆઈઆર મેળવ્યું હતું અને યુએસએફડીએ દ્વારા ૧૭થી૨૧ ફેબ્રુઆરી, ૨૦૨૦ દરમિયાન તેના રોહા એકમમાં ઈન્સપેક્શન કરાયું હતું. કંપનીએ તેના ભારત ખાતેના બિઝનેસને ટોરેન્ટ ફાર્માને રૂ. ૩૬૦૦ કરોડમાં વેચ્યો છે. ટોરેન્ટ ફાર્મા દ્વારા રૂ. ૩૬૦૦ કરોડમાં યુનિકેમ લેબોરેટરિઝના સ્થાનિક બિઝનેસને હસ્તગત કરાયા અમદાવાદ સ્થિતિ ટોરેન્ટ ફાર્મા દેશમાં ટોચની પાંચ ડ્રગ મેકર પૈકીની એક તરીકે ઉભરી આવી છે.



BLACK ROSE INDUSTRIES (RS 145).

બ્લેક રોઝ ઈન્ડસ્ટ્રીઝના શેરનો ભાવ રૂ. ૧૪૫ છે અને અગાઉ રૂ. ૧૩૦નો ભાવ હતો ત્યારે અમે જૂન ક્વાર્ટરના પરિણામોની રાહ જોવા માટેની ભલામણ કરી હતી. કંપનીએ પોલીએક્રિલામાઈડ લિક્વિડ્સના ઉત્પાદન માટે ક્ષમતા વિસ્તરણની કામગીરી કરી છે અને એકમ ખાતે ઉત્પાદન પણ શરૂ કરી લીધું છે. કંપનીની હાલમાં સ્થાપિત ક્ષમતા ૬,૬૦૦ એમટીપીએ છે. ૩૧ માર્ચ, ૨૦૨૦ના રોજ સમાપ્ત થયેલાં ત્રિમાસિકગાળા માટે કંપનીનું સંયુક્ત વેચાણ રૂ. ૯૮.૦૫ કરોડ નોંધાયું છે, જે અગાઉના વર્ષના સમાન સમયગાળાના રૂ. ૯૪.૩૭ કરોડની સરખામણીમાં ૩.૯૦ ટકા વધુ છે. સમીક્ષા હેઠળના આ સમયગાળામાં કંપનીનો પ્રોફિટ આફ્ટર ટેક્સ રૂ. ૪.૩૯ કરોડ થયો છે. કંપનીની વિસ્તણ કામગીરી એકવાર પૂર્ણ થઈ ગયાં બાદ તેનો ચોખ્ખો નફો આશરે રૂ. ૬૦ કરોડ સુધી પહોંચવાની સંભાવના છે. વધુમાં લોકડાઉનને કારણે પણ ૨૦૨૧-૨૨ સુધીમાં વિસ્તરણની યોજનાઓને અસર થઈ શકે છે.

Cont....

Everest Organics Limited
The way to provide

BSE: 524790, RS.200 (Rs.10 FV)
CORONA DRUG DISCIVERY?

એવરેસ્ટ ઓર્ગેનિક્સ લિમિટેડે જાહેર કર્યું છે કે તેના તેલંગાણા ખાતે આવેલા પ્લાન્ટમાં ઓસેલ્ટામિવિર એપીઆઇ વિકસાવીને ઉત્પાદન શરૂ કર્યું છે. ઈન્ફલ્યુએન્ઝા એ અને ઈન્ફલ્યુએન્ઝા બી ના નિવારણ માટે ઓસેલ્ટામિવિર મહત્વપૂર્ણ સામગ્રી છે. તાજેતરમાં કંપનીઓ કોવિડ ૧૯ વાઈરસ સામે લડવામાં અસરકારક ઓસેલ્ટામિવિર વિકસાવી છે, જેનાથી ઘણો લાભ થઇ શકે છે. કંપનીઝડપથી વૃદ્ધિ સાધતી એપીઆઇ અને બલ્ક ડ્રગ ઉત્પાદક છે તેમજ વિશ્વસ્તરીય ઉત્પાદન એકમ ધરાવે છે. તે ગુણવત્તાયુક્ત પ્રોડક્ટ્સ અને સારી ગ્રાહક સેવાઓ પણ પ્રદાન કરે છે. ફાર્મા કંપનીના શેર્સમાં વધારો થઇ રહ્યો છે ત્યારે આ કંપનીમાં રોકાણનો વ્યૂહ અપનાવી શકાય.

BIOFIL CHEMICALS & PHARMACEUTICALS RS.26 (RS.10 fv) BSE: 524396 | NSE: BIOFILCHEM

માર્ચ ૨૦૨૦ માટે કંપનીનું ચોખ્ખું વેચાણ રૂ. ૩.૭૨ કરોડ થયું છે, જે અગાઉના વર્ષના સમાન સમયગાળાના રૂ. ૨.૪૭ કરોડની તુલનામાં ૫૦.૧૫ ટકા વધુ છે. કંપનીનો ત્રિમાસિક નફો રૂ. ૦.૧૫ કરોડ છે, જે ગત વર્ષના રૂ. ૦.૦૨ કરોડની સામે ૬૨૪.૦૨ ટકા વધુ છે. ઈબીઈટીડીએ માર્ચ ૨૦૨૦માં રૂ. ૦.૫૬ કરોડ રહ્યો છે, જે માર્ચ ૨૦૧૯માં રૂ. ૦.૩૨ કરોડ હતો.

BUZZING STOCKS

Capri Global Capital Rs197

કાપરી ગ્લોબલ કેપિટલ રૂ. ૧૯૭ના ભાવે એકત્ર કરી શકાય કારણકે શુક્રવારે યોજાનારી બોર્ડ મીટીંગમાં સારા સમાચારની અપેક્ષા રાખી શકાય.

Coral Lab

કોરલ લેબની કેપિટલ રૂ. ૩.૫ કરોડ છે. આ કાઉન્ટર ઉપર સારા પરિણામોની આશાએ લેવાલીની શક્યતા જોવા મળી રહી છે. હાલના રૂ. ૨૨ના શેર ભાવ ઉપર નજર રાખી શકાય.

Shree Pushkar Chemicals

શ્રી પુષ્કર કેમિકલ્સે તાજેતરમાં રૂ. ૧૩૦ની ૫૨ સપ્તાહની ટોચની સપાટી હાંસલ કરી છે અને તેમાં પ્રોફિટ બુકિંગની સંભાવના જોવા મળી રહી છે. કંપનીની વિસ્તરણ યોજનાથી નફાકારકતાને બળ મળ્યું છે.



Jignesh R Mehta
(SEBI Registered Research Analyst)
E-mail : support@kiranjadhav.com
Website : www.KiranJadhav.com
Phone: 9327 11 3344 / 9328 11 33 44
Twitter: @jigneshrmehta



માર્કેટ મોટા કડાકા માટે તૈયાર નથી, કોઈ પણ ઘટાડે ખરીદીની તક!

પૂર્ણ થયેલ સપ્તાહની સારાંશ:

ગત સપ્તાહની શરૂઆત નબળા ગ્લોબલ ક્યુઝ વચ્ચે માઈલ્ડ પ્રેશર સાથે થઈ હતી. પણ આપણા માર્કેટ્સ અન્ય માર્કેટ્સ કરતા સારો દેખાવ કરી રહ્યા હોવાથી સપ્તાહના બીજા દિવસે નબળા ગ્લોબલ ક્યુઝ વચ્ચે પણ આપણે સોમવારના હાઈ કરતા ઉપર બંધ રહેવામાં સફળ રહ્યા. જોકે સપ્તાહના છેલ્લા ત્રણ દિવસમાં માર્કેટ ઘટાડા સાથે બંધ રહ્યું અને સપ્તાહના અંતે નિફ્ટી ૧૨૦.૭ પોઈન્ટ્સ અને બેંક નિફ્ટી ૧૦૨૨ પોઈન્ટ્સ ઘટીને બંધ રહ્યા. ટકાવારીમાં જોઈએ તો નિફ્ટી ૧.૦૮ ટકા અને બેંક નિફ્ટી ૪.૫૨ ટકા ઘટ્યા જોકે સપ્તાહ દરમ્યાન ફાર્મા ઈન્ડેક્સ ૮.૯૦ ટકા અને આઈટી ઈન્ડેક્સ ૪.૫૫ ટકા વધીને બંધ રહ્યા જયારે ફાયનાન્સ, મીડિયા અને પીએસઈ સેક્ટર અનુક્રમે ૪.૦૮ ટકા, ૪.૭૩ ટકા અને ૩.૫૧ ટકા ઘટીને બંધ રહ્યા. મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૦.૫ ટકાનો સામાન્ય બદલાવ જોવાયો.

નિફ્ટીનો ટેકનીકલ વ્યૂહ:

ચાર્ટ ૧ નિફ્ટીનો ડેઈલી ચાર્ટ છે. ઘણા સમયથી અમે જણાવી રહ્યા છીએ કે માર્કેટ સતત હાયર ટોપ હાયર બોટમ ફોર્મેશન બનાવી રહ્યું છે. માર્ચના લોને જોડીને દોરેલ ટ્રેન્ડ લાઈન હાલમાં ૧૦૯૦૦ આસપાસ છે. જ્યાં સુધી માર્કેટ આ ટ્રેન્ડ લાઈન ઉપર છે ત્યાં સુધી મજબુત સ્ટ્રક્ચર યથાવત છે. એ જ રીતે નિફ્ટીએ અગાઉ ૧૦૫૭૦ પાસે બોટમ બનાવી હતી માટે જ્યાં સુધી માર્કેટ આ બોટમને બ્રેક નથી કરતુ ત્યાં સુધી હાયર ટોપ હાયર બોટમ સ્ટ્રક્ચર પણ યથાવત છે માટે અમે સ્પષ્ટ જણાવીએ છીએ કે માર્કેટમાં વધારે પડતા નેગેટીવ અવાજને અવગણો અને ચાર્ટને ફોલોવ કરો. આપણે એ ના ભૂલવું જોઈએ કે હાલમાં આપણે ૧૧૦૦૦-૧૧૩૦૦ની રેંજમાં ટ્રેડીગ કરી રહ્યા છીએ અને આ એ જ રેંજ છે જેમાં આપણે માર્ચના પહેલા સપ્તાહમાં મોટા કરેકશન પહેલા કોન્સોલીડેશન જોયું હતું. અમારા મતે આ રેંજ માર્કેટ માટે હર્ડલનું કામ કરી રહી છે અને તેથી નવી પોઝીટીવીટી પણ માર્કેટમાં ત્યારે જ આવશે જયારે નિફ્ટી ૧૧૩૦૦ અને ૧૧૩૫૦ના હર્ડલ ઉપર બંધ આપે. જોકે આ રેંજમાં નિફ્ટી કોન્સોલીડેટ થાય પણ એ દરમ્યાન સ્ટોક સ્પેસિફિક તકો માર્કેટમાં મળતી રહે એવી સંભાવના સ્પષ્ટ દેખાઈ રહી છે.




Chart 1: Nifty - Daily

Cont...

બેંક નિફટીનો ટેકનીકલ વ્યૂહ

ચાર્ટ ૨ બેંક નિફટીનો ડેઈલી ચાર્ટ છે. ગત સપ્તાહે અમે સ્પષ્ટ જણાયું હતું કે બેંક નિફટી ખાસ કરીને નિફટીની સરખામણીમાં નબળી છે અને બેંક નિફટી ઓલરેડી ચેનલના હાયર રેંજ સુધી પહોચી ગઈ છે માટે આ રેંજ નાં કુદાવે તો બેંક નિફટીમાં ઘટાડો આવી શકે છે. સતત ૬ સપ્તાહ બાદ જયારે નિફટીએ ઘટાડો દર્શાવ્યો ત્યારે બેંક નિફટીએ નીચેની તરફ નિફટી કરતા ૪.૫૨ ટકા વધારે ઘટાડો દર્શાવ્યો. ડેઈલી ચાર્ટમાં અમે એક લાઈન દર્શાવી છે એમાં સ્પષ્ટ દેખાય છે કે બેંક નિફટીમાં ૨૧૦૦૦-૨૦૮૦૦ પાસે મહત્વનો સપોર્ટ ઝોન છે અને બેંક નિફટીએ અગાઉ અનેક વાર આ લેવલ્સ પાસે સપોર્ટ લીધો છે. અમારા મતે બેંક નિફટીમાં આવનાર દિવસોમાં કોન્સોલીડેશન જોવાઈ શકે છે અને ઉપરમાં હવે ૨૩૦૦૦ની સપાટી ક્રોસ થાય તો જ બેંક નિફટીમાં ફ્રેશ તેજી જોવાઈ શકે છે.




Chart 2: Bank Nifty - Daily

ડેરિવેટિવ્ઝ ડેટા:

નિફટીમાં વીકલી ઓપન ઈન્ટરેસ્ટ ડેટામાં કોલ સાઈડ ૧૧૫૦૦ની સ્ટ્રાઈકમાં સૌથી વધારે ઓપન ઈન્ટરેસ્ટ છે અને ૧૧૨૦૦ની સ્ટ્રાઈક ઉપર બીજા નંબરનું સૌથી વધારે ઓપન ઈન્ટરેસ્ટ છે. જયારે પુટ સાઈડ ૧૧૦૦૦ અને ત્યાર બાદ બીજા નંબરે ૧૦૮૦૦ની સ્ટ્રાઈકમાં સૌથી વધારે ઓપન ઈન્ટરેસ્ટ છે. મંથલી ડેટામાં ૧૧૦૦૦ની સ્ટ્રાઈક ઉપર પુટ સાઈડ સૌથી વધારે ઓપન ઈન્ટરેસ્ટ છે જયારે કોલ સાઈડ ૧૧૫૦૦ની સ્ટ્રાઈકમાં સૌથી વધારે ઓપન ઈન્ટરેસ્ટ છે. બેંક નિફટીમાં વીકલી અને મંથલી ડેટામાં ૨૨૫૦૦ની સ્ટ્રાઈક ઉપર કોલ સાઈડ સૌથી વધારે ઓપન ઈન્ટરેસ્ટ છે જયારે ૨૧૦૦૦ની સ્ટ્રાઈક ઉપર પુટ સાઈડ સૌથી વધારે ઓપન ઈન્ટરેસ્ટ છે.

NIFTY Support: Strong at 1100, BANKNIFTY Support: 21000

Nifty Resistance: 11500, BANKNIFY Resistance: Strong at 22500

પીસીઆર અને ફ્યુચર ઓપન ઈન્ટરેસ્ટ:

પીસીઆર ચાર્ટ ઉપર માર્ચ ૨૦૨૦થી હાયર ટોપ હાયર બોટમ ફોર્મેશન બનાવે છે. પીસીઆર ઉપરના લેવલથી થોડો કુલ ઓફ થયો છે પણ હજુ પણ નિફટીમાં ગીવીગ અપ કર્યું નથી. હાલનો પીસીઆર ૧.૩૩ છે જે દર્શાવે છે પુટ રાઈટર મજબુત છે મતલબ કે

તેજી વાળાનો હાથ ઉપર છે. ઓગસ્ટ સીરીઝના પહેલા દિવસે મોટા પાયે ઓપન ઈન્ટરેસ્ટ એડ થયું છે. હાયર ફ્યુચર ઓપન ઈન્ટરેસ્ટ અને ડેઈલી બેઝીઝ ઉપર વધતું પીસીઆર હજુ પણ નિફ્ટીમાં બુલીશ ચિત્ર બતાવે છે.

ફોરેક્સઃ

યુએસડી આઈએનઆરમાં ઓગસ્ટ ફ્યુચર સીરીઝમાં ૭૪.૮ પાસે સપોર્ટ છે જયારે ઉપરમાં ૭૫.૩ પાસે હર્ડલ છે જે ક્રોસ થતા ૭૫.૪ અને એની પણ ઉપરના લેવલ્સ જોવાઈ શકે છે.

ક્રુડઃ

ક્રુડ ૩૦૦૦ની સપાટી ઉપર આવી ગયું છે ત્યારે હવે ક્રુડમાં ૨૯૦૦ પાસે સ્ટ્રોંગ સપોર્ટ છે અને ઉપરમાં ૩૨૦૦ પાસે મહત્વનું હર્ડલ છે. ક્રુડ જયાં સુધી ૨૯૦૦ કે ૩૨૦૦ના લેવલ્સ બ્રેક ના કરે ત્યાં સુધી રેંજમાં રેંજ બાઉન્ડ રહી શકે છે.

Wishing you a profitable week ahead!

Author: JIGNESH R MEHTA
SEBI Registered Research Analyst
www.kiranjadhav.com
info@kiranjadhav.com
Phone: 9327 11 33 44 / 9328 11 33 44
Twitter: @jigneshrmehta

બજાર કયા માર્ગે ?

Dilip K. Shah

ભારતીય શેરબજારોમાં સતત છ સપ્તાહથી પ્રર્વતેલ તેજીના વાવાઝોડાને બ્રેક લાગતા માર્કેટનો મંદી તરફી 'યુ-ટર્ન'
જુન અને જુલાઈના બે મહિના ૨૦૦૯ પછી ભારતના શેરબજારો માટે શ્રેષ્ઠ બનવા સાથે સૂચકાંકોમાં ૧૬ ટકાનો ઉછાળો
માર્કેટની મંદી તરફી પલટાયેલા હવામાન પાછળ કોરોનાનુ વધતુ સંક્રમણ
હેવી વેઈટ શેરોમાં ઓફલોડીંગ, નબળુ રોલઓવર ચિંતાના કારણો
જુન ક્વાર્ટરમાં ટેક્સ આવકમાં ૩૩ ટકાનો ઘટાડો, રાજકોષીય ખાધમાં વૃધ્ધિ
કોર સેક્ટરનો નેગેટિવ ગ્રોથ, દેશમાં ભયંકર મંદીના સંકેત
સાપ્તાહિક ધોરણે સેન્સેક્સ ૫૨૨ પોઈન્ટ ઘટીને ૩૭૬૦૬ અને નિફટી ૧૨૦ પોઈન્ટ ઘટીને ૧૧૦૭૩ના લેવલે બંધ
યુએસ ફેડ રીઝર્વ દ્વારા વ્યાજદર યથાવ, ડોલરનું મૂલ્ય દાયકામાં સૌથી નીચા સ્તરે તેમજ બેરોજગારીના વધતા આંકડા ચિંતાજનક
એપલ, ગૂગલ, એમેઝોન, ફેસબુક સહિત જાયન્ટ કંપનીના મજબુત રીઝલ્ટ પણ જુન ક્વાર્ટરમાં જીડીપીમાં ૩૨.૯૦ ટકાનું ઐતિહાસિક ગાબડુ
યુરોપિયન યુનિયને કોરોના વાયરસથી ઉદ્‌ભવેલ મંદીને નાથવા ૮૫૭ મિલિયન ડોલરનું સ્ટિમ્યુલસ પેકેજ જાહેર કર્યું
જાપાનના ઈન્ડસ્ટ્રીયલ આઉટપુટમાં જુનમાં સતત ચોથા મહિને ઘટાડો પરંતુ બ્રોડર બિઝનેસ અને કન્ઝયુમર એક્ટિવિટીમાં રિકવરી
ચીનમાં સતત ચોથા મહિને એટલે કે જુનમાં ફેક્ટરી એક્ટિવિટીમાં તિવ્ર ઉછાળો નોંધાતા કોરોના વાયરસથી મુક્ત
સપ્તાહના અંતે શુક્રવારે યુ.એસ. માર્કેટનું પોઝીટીવ, યુરોપનું નેગેટિવ જ્યારે એશિયન માર્કેટનું મિશ્ર વલણ
ભારતીય સેક્ટોરલ આંકમાં ગત સપ્તાહે એફએમસીજી, હેલ્થકેર, આઈટી, રિયલ્ટી, ટેલિકોમ અને મેટલના આંકમાં સુધારો
આગામી સપ્તાહે બજારની નજર આરબીઆઈની પોલિસી મિટિંગ,
૩૦૦થી વધુ કોર્પોરેટ પરિણામો, રામ-જન્મભૂમિ શિલાન્યાસ અને ઓટો-સિમેન્ટ ડીસ્પેચ ડેટા પર રહેશે
નવા સપ્તાહનો આરંભ ગેપ ડાઉન ઓપનિંગ તથા નકારાત્મક ટ્રેન્ડથી જોવાય
સપ્તાહ દરમ્યાન બેરિશ ટોન સાથે માર્કેટ વોલેટાઈલ બની રહેશે

ભારતીય શેરબજારોમાં જુનના અંતિમ બે સપ્તાહો તેમજ જુલાઈ મહિનાના સતત ચાર સપ્તાહો દરમ્યાન પ્રર્વતેલ તોફાની તેજીને જુલાઈ મહિનાના અંતિમ દિવસોમાં બ્રેક લાગી જતા છ સપ્તાહ પછી સાપ્તાહિક ધોરણે બજારનું વલણ એકંદરે નરમ જોવાયું હતું. મહત્વની બાબત એ છે કે, ગત જુન અને જુલાઈના બે મહિનામાં ૨૦૦૯ પછી અત્યાર સુધીમાં સૌથી બેસ્ટ બની રહ્યા. આ બે મહિનાઓ દરમ્યાન નિફટી અને સેન્સેક્સમાં સૂચકાંકોમાં ૧૬ ટકાનો ઉછાળો જોવાયો હતો. આ અગાઉ મે ૨૦૦૯ માં રિ-ઈલેક્શન બાદ શ્રી મનમોહનસીંગની આગેવાની હેઠળ યુપીએની નવી સરકાર રચાઈ ત્યારે આવો ઉછાળો નોંધાયો હતો.

સ્થાનિક શેરબજારોમાં આગઝરતી તેજી બાદ એકાએક પલટાયેલા હવામાન પાછળ અનેક નકારાત્મક પરિબળો જવાબદાર છે. વિશ્વભરમાં કોરોના સંક્રમણમાં થઈ રહેલ ચિંતાજનક વધારાતી વૈશ્વિક અધોગતિની વધતી ચિંતા, રિલાયન્સના પરિણામો ધારણા કરતા સાધારણ નીચા રહેતા હેવી વેઈટ શેરોમાં ઓફલોડિંગ આ સાથે ઓગસ્ટ મહિનામાં કોન્ટ્રાક્ટનો આરંભ સાવચેતી સાથે જોવાયો હતો ઉપરાંત ઓગસ્ટમાં જે પ્રકારનું રોલઓવર જોવાયું છે તેના કારણે પણ બજારમાં ઉંચા મથાળે નવી લેવાલી કરતા રોકાણકારો 'વેઈટ એન્ડ વોચ' ની નીતિ અપનાવી રહ્યા છે. જાણકારોના મતે માર્કેટ ઓવરબોટ પોઝીશનમાં આવી ગયું હોવાથી ટ્રેડરોનું માનસ ડિફેન્સીવ સ્ટોક તરફ વળ્યું છે. આ સાથે વિશ્વભરમાં કોરોનાનું સંક્રમણ વધતા ઈન્વેસ્ટરો અન્ય સેક્ટર્સની તુલનામાં ફાર્મા તેમજ હેલ્થકેર સેક્ટરને વધુ મહત્વ આપી રહ્ય હોવાથી સિલેક્ટેડ સ્ટોક્સમાંજ લેવાલીનો દોર જોવઆઈ રહ્યો છે. આ સાથે તાજેતરમાં સેબીએ માર્જીન સિસ્ટમ્સને કડક વલણ અપનાવતા ટ્રેડર્સ તેમજ ઈન્વેસ્ટર્સ વર્ગના માનસ પર ગંભીર અસર પડી છે.

આ ઉપરાંત માર્કેટ પર હાવી બનેલ પરિબળોમાં જુન ક્વાર્ટરમાં ટેક્સની આવકમાં ૩૩ ટકાનો ઘટાડો નોંધાયો છે. આથી સરકારની આવક કરતા ખર્ચ વધી જતા જાણકારોના મતે દેશમાં ભયંકર મંદીના સંકેત મળી રહ્યા છે. આ સાથે દેશની રાજકોષીય ખાદ્ય જુન અંતે વધીને ૬.૬૨ લાખ કરોડ એટલે કે બજેટ અંદાજના ૮૩.૨૦ ટકા થઈ છે. આમ કોર સેક્ટરનો ગ્રોથ સતત ચોથા મહિને નેગેટિવ

Cont..

રહેવા સાથે માઈનસ ૧૫ ટકા રહ્યો હતો. જો કે, ઔદ્યોગિક મજુરો માટે છુટક ફુગાવો સંકોચાઈને ૫.૦૩ ટકાનો રહ્યો હતો. વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં લેતા રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાની ૪ ઓગસ્ટથી ૬ ઓગસ્ટ દરમ્યાન મળનારી બેઠકમાં રેપોરેટ કોઈપણ ફેરફાર વિના યથાવત રાખે તેવી શકયતા છે.

ગત સપ્તાહે ભારતીય શેરબજારમાં કુલ પાંચમાંથી ચાર ટ્રેડિંગ સેશન મંદી તરફી રહ્યા હતા. સોમવારે સેન્સેક્સમાં ૧૯૪.૧૭ પોઈન્ટસના ઘટાડા બાદ મંગળવારે ૫૫૮.૨૨ પોઈન્ટનો ઉછાળો જોવાયો હતો ત્યારબાદ બુધવારે ૪૨૧.૮૨ પોઈન્ટ, ગુરૂવારે ૩૩૫.૦૬ પોઈન્ટ અને શુક્રવારે ૧૨૯.૯૮ પોઈન્ટના સતત ત્રણ ઘટાડા સાથે મંદીની હેટ્રીક જોવાઈ હતી. સાપ્તાહિક ધોરણે સેન્સેક્સ ૫૨૨.૦૧ પોઈન્ટ ઘટીને ૩૭૬૦૬.૮૯ ના મથાળે અને નિફટી ૧૨૦.૭ પોઈન્ટ તુટીને ૧૧૦૭૩.૪૫ ના સ્તરે બંધ રહ્યો હતો.

વિતેલ સપ્તાહે ગ્લોબલ સ્ટોક માર્કેટનું મોરલ ખરડાયું હતું. કોવિડ-૧૯ ના વધતા જતા સંક્રમણથી વૈશ્વિક ઈન્વેસ્ટરોમાં આર્થિક અધોગતિથી વિશ્વાસ ડગી રહ્યો છે. યુ.એસ.માં ફેડ રીઝર્વએ મોનેટરી પોલિસીની મિટિંગમાં વ્યાજદર યથાવત રાખવાની જાહેરાત કરી હતી. જો કે, ડોલર ઈન્ડેક્સમાં રહેલા સતત ગાબડાથી ૩ જુનના રોજ ડોલરનું મુલ્ય છેલ્લાં એક દાયકામાં સૌથી નીચા સ્તરે સ્પર્શી ગયેલ છે. આ સાથે લગભગ ૧.૪ મિલિયન લોકોએ બેરોજગારી ભથ્થા માટે અરજી કરી છે. મહત્વની બાબત એ છે કે, ગત સપ્તાહે યુએસની અગ્રણી ટેકનિકલ કંપનીઓ એપલ ગુગલ, ફેસબુક તેમજ એમેઝોનના ક્વાર્ટલી પરિણામો અપેક્ષા કરતા ખુબજ સારા રહેવા છત્તાં તેજી કામચલાઉ રહી હતી.

આ સાથે યુ.એસ.ના જુન ત્રિમાસિકમાં જીડીપીમાં ૩૨.૯૦ ટકાનું ઐતિહાસિક ગાબડુ પડતા રિકવરી સાથે પ્રશ્ન ઉદ્‌ભવ્યો છે એટલુ જ નહીં, ૧૯૪૭થી જાહેર થઈ રહેલા આ આંકડાઓમાં પ્રથમ વખત આટલો મોટો ઘટાડો જોવાયો હતો. આ ઉપરાંત ડોનાલ્ડ ટ્રમ્પે આગામી ઈલેક્શનમાં વિલંબ કરવાનું જણાવતા વિપરીત અસર જોવાઈ હતી. આ સાથે યુરોપિયન યુનિયને કોરોના વાયરસથી ઉદ્‌ભવેલ મંદીને નાથવા ૮૫૭ બિલિયન ડોલરનું સ્ટિમ્યુલસ પેકેજ જાહેર કર્યું હતું. જાપાનો ઈન્ડસ્ટ્રીયલ આઉટપુટ જુનમાં સતત ચોથા મહિને ઘટાડો નોંધાવ્યો હતો. જો કે જાપાનના બ્રોડર બિઝનેસ અને કન્ઝયુમર એક્ટિવિટીમાં રિકવરી નોંધાઈ હતી. આ સાથે ચીનમાં જુનમાં એટલે કે સતત પાંચમાં મહિને ફેકટરી એક્ટિવિટીમાં તિવ્ર ઉછાળો નોંધાયો હતો.

સપ્તાહના અંતે શુક્રવારે વૈશ્વિક શેરબજારોનું વલણ મિશ્ર રહ્યું હતું. ડાઉજોન્સમાં ૧૧૪ પોઈન્ટ અને નાસ્ડેકમાં ૧૫૭ પોઈન્ટનો ઉછાળો નોંધાયો હતો યુરોપિયન માર્કેટમાં કેકમાં ૬૯.૨૫ પોઈન્ટ, ડેક્સમાં ૬૬.૨૯ પોઈન્ટ તેમજ એફટીએસઈમાં ૯૨.૨૫ નો ઘટાડો નોંધાયો છે. એશિયન માર્કેટમાં નીક્કીમાં ૬૨૯.૨૩ પોઈન્ટ, હેંગસેંગમાં ૧૧૫.૨૪ પોઈન્ટ, સ્ટ્રેઈટ ટાઈમ્સમાં ૪૩.૬ પોઈન્ટ, તાઈવાનમાં ૫૮.૧૨ પોઈન્ટનો, કોસ્પીમાં ૧૭.૬૪ પોઈન્ટનો ઘટાડો નોંધાયો હતો. જાકાર્તામાં ૩૮.૫૨ પોઈન્ટ, શાંઘાઈ ઈન્ડેક્સમાં ૨૩.૧૯ પોઈન્ટનો ઉછાળો જોવાયો હતો. યુ.એસ. ના માર્કેટ પોઝીટીવ - યુરોપિયન માર્કેટ નેગેટિવ જોવાયા હતા. એશિયન માર્કેટનું વલણ એકંદરે મિશ્ર રહ્યું હતું.

ભારતીય સેકટોરલ આંકમાં ડાયવર્સિફાઈડ ફાય. ૦.૬ ટકા, એનર્જી ૧.૬ ટકા, ફાયનાન્સ ૦.૬ ટકા, પ્રાઈવેટ બેન્ક ૦.૪ ટકા અને ઓઈલ એન્ડ ગેસ ૦.૮ ટકા ઘટ્યા હતા જયારે સામે એફએમસીજી, હેલ્થકેર, આઈ.ટી. ટેલીકોમ, મેટલ અને રિયલ્ટી આંકમાં સુધારો જોવાયો હતો. સપ્તાહના અંતે ડોલર રૂ. ૭૪.૮૦ ની આસપાસ રહ્યો હતો જયારે બ્રેન્ટ ક્રુડ પ્રતિ બેરલ સાધારણ ઘટીને ૪૩.૫૦ ડોલર જોવાયો હતો. આગામી સપ્તાહે બજારની નજર ૪ ઓગસ્ટથી શરૂ થનારી આરબીઆઈની ગવર્નરની ત્રણ દિવસની મોનેટરી પોલિસીની મિટિંગ ઉપર રહેશે તેનું આઉટકમ ૬ ોગસ્ટે આવશે ઉપરાંત ૫ ઓગસ્ટે બજારની નજર રામજન્મભૂમિ શિલાન્યસ ઉપર રહેશે. ૨ ઓગસ્ટે જાહેર થનારા ઓટો તેમજ સીમેન્ટના ડિસ્પેચ ડેટા ફોકસમાં રહેશે. લગભગ ૩૦૦થી વધુ કંપનીઓના જુન ક્વાર્ટરના પરિણામોના પગલે માર્કેટમાં સ્ટોક સ્પેસીફીક એક્શન જોવાય. વૈશ્વિક બજારોનું વલણ ચોમાસાના પ્રગતિ, કોવિડ-૧૯ નું સંક્રમણ, ડીઆઈઆઈ - એફઆઈઆઈની મુવમેન્ટ પર લાઈમલીટમાં રહેશે. વર્તમાન પરિસ્થિતિ ધ્યાનમાં લેતા ાગામી સપ્તાહના આરંભે સોમવારે ગેપડાઉન ઓપનીંગ તથા નકારાત્મક ટ્રેન્ડ જોઈ શકાય. સપ્તાહ દરમ્યાન માર્કેટમાં બેરીસ અંડરટોન સાથે તિવ્ર વોલેટીલીટી જોવાય.

આખરે મૂડી નિયામક સેબીની બહાદુરીભરી પીછેહઠ

પ્લેજ/રી-પ્લેજ થકી માર્જિન જવાબદારીનો અમલ ૩૧ ઓગસ્ટ સુધી મોકુફ

ટ્રેડિંગ - ક્લિયરીંગ મેમ્બરોએ તમામ ક્લાયન્ટ માર્જિન તરીકેના ડિમેટ બંધ કરાવવાના રહેશે

સેબીએ ડિપોઝિટરી સિસ્ટમમાં પ્લેજ/રી-પ્લેજ થકી માર્જિન ઓબ્લિગેશન સંબંધિત ૨૫,ફેબ્રુઆરી ૨૦૨૦ના સર્ક્યુલર થકી આ જોગવાઈ અગાઉ ૧,જૂન ૨૦૨૦થી લાગુ કરવાનું નક્કી કર્યું હતું. જેનો અમલ ત્યારબાદ લોકડાઉન-કોરોના મહામારીના કારણે ૧,ઓગસ્ટ ૨૦૨૦ સુધી લંબાવવામાં આવ્યો હતો. આ મામલે ટ્રેડીગ મેમ્બરો અને ક્લિયરીગ મેમ્બરો દ્વારા તેમની સિસ્ટમમાં ફેરફાર અને ક્લાયન્ટ કોલેટરલ તેમ જ માર્જિન ફંડેડ શેરોનો સ્વિકારવા ડિપોઝિટરી સિસ્ટમમાંપ્લેજ-રીપ્લેજ કરવામાં વધુ સમય જરૂરી હોવાની થયેલી રજૂઆતને ધ્યાનમાં લઈને સેબીએ હવે આ માટેની મુદત ૩૧,ઓગસ્ટ ૨૦૨૦ સુધી કરી આપી છે.

જે મુજબ ટ્રેડીગ મેમ્બરો, ક્લિયરીગ મેમ્બરો હવે વર્તમાન સિસ્ટમ મુજબ ક્લાયન્ટ કોલેટરલ એકાઉન્ટમાં ટાઈટલ ટ્રાન્સફર થકી કોલેટરલ તરીકે ક્લાયન્ટ સિક્યુરિટીઝ સ્વિકારી શકશે. જે સવલત ૩૧,ઓગસ્ટ ૨૦૨૦ સુધી જ ઉપલબ્ધ રહેશે. આ સાથે ટ્રેડીગ મેમ્બરો-ક્લિયરીગ મેમ્બર દ્વારા માર્જિન ફેસેલિટી હેઠળ ધરાવતાં ફંડેડ શેરો ૧,ઓગસ્ટ ૨૦૨૦થી ટ્રેડીગ મેમ્બરો-ક્લિયરીગ મેમ્બરો દ્વારા પ્લેજ તરીકે કરવાની હતી.

હવે ૩૧,ઓગસ્ટ ૨૦૨૦ સુધી ક્લાયન્ટ માર્જિન ટ્રેડીગ સિક્યુરિટીઝ એકાઉન્ટમાં માર્જિન ફંડિંગના સંબંધમાં ફંડેડ શેરો ૩૧,ઓગસ્ટ ૨૦૨૦ સુધી રાખી શકાશે. અલબત ટ્રેડીગ મેમ્બરો-ક્લિયરીગ મેમ્બરો દ્વારા ક્લાયન્ટ માર્જિન/કોલેટરલ તરીકે ટેગ ધરાવતા તમામ વર્તમાન ડિમેટ એકાઉન્ટો ૩૧,ઓગસ્ટ ૨૦૨૦ સુધીમાં બંધ કરવા જરૂરી રહેશે એવું સેબીએ સ્પષ્ટ કર્યું છે.

કોરોના મહામારીના પગલે સમયાવધિ લંબાવવામાં આવી

લિસ્ટેડ કંપની જુન ક્વાર્ટરના રિઝલ્ટ ૧૫ સપ્ટેમ્બર સુધી જાહેર કરી શકશે

મૂડી બજાર નિયામક તંત્ર સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા(સેબી)એ કોરોના મહામારીના ચાલતાં બજારના વિવિધ માર્કેટ પાર્ટિસિપન્ટસ અને કોર્પોરેટ-કંપનીઓને તેમના કમ્પલાયન્સનું પાલન કરવામાં વધુ મુદત-સમયાવધિ લંબાવી આપવાના નિર્ણયો લીધા છે. જેમાં કંપનીઓને હવે જૂન ૨૦૨૦ના અંતના ત્રિમાસિક પરિણામો રજૂ કરવા માટે સમય વધારીને ૧૫,સપ્ટેમ્બર ૨૦૨૦ સુધી કરી આપવામાં આવ્યો છે.

સેબીને આ બાબતે અનેક રજૂઆતો થઈ હતી. જેને ધ્યાનમાં લઈને૩૦,જૂન ૨૦૨૦ના પૂરા થયેલા ત્રિમાસિક અને અર્ધવાર્ષિકના પરિણામો હવે ૧૫,સપ્ટેમ્બર ૨૦૨૦ સુધી રજૂ કરી શકાશે. ઉલ્લેખનીય છે કે લિસ્ટેડ કંપનીઓએ સામાન્ય રીતે ૩૦,જૂન ૨૦૨૦ના પૂરા થયેલા ત્રિમાસિક અથવા અર્ધવાર્ષિક પરિણામો ૧૪,ઓગસ્ટ ૨૦૨૦ના અથવા એ પૂર્વે રજૂ કરવાના રહે છે. સામાન્ય રીતે લિસ્ટેડ કંપનીઓએ તેમના વાર્ષિક પરિણામો ફાઈલ કરવા માટે નાણાકીય વર્ષના અંતથી ૬૦ દિવસોમાં રિઝલ્ટ ફાઈલ કરવા જરૂરી છે. જ્યારે ત્રિમાસિક પરિણામોના કિસ્સામાં ત્રિમાસિકના અંતથી ૪૫ દિવસમાં પરિણામ ફાઈલ કરવા જરૂરી હોય છે.

સેબીએ જૂનમાં આ મુદ્દત ચોથા ત્રિમાસિક તેમ જ વાર્ષિક પરિણામ માટે વધારીને ૩૧,જુલાઈ ૨૦૨૦ કરી આપી હતી. આ અગાઉ આ મુદત ૩૦,જૂન હતી.

લાંબા લોકડાઉન અને બીજા રોકાણ માધ્યમમાં વળતર ઘટતા....

રિટેલ ટ્રેડમાં ઉછાળાથી બ્રોકરેજ શેરોમાં તેજીનો કરંટ

શેરબજારમાં પ્રથમ વખતના રોકાણકારોમાં ઉછાળાને કારણે બ્રોકરેજ કંપનીઓના શેરોમાં તેજી આવી છે. આ શેરોએ ફાયનાન્સિયલ શેરો રકતા ચડિયાતો દેખાવ કર્યો છે. ચાલુ વર્ષે અત્યાર સુધી આઈસીઆઈસીઆઈ સિક્યોરિટીઝ લિમિટેડ અને જિયોજિત ફાયનાન્સીયલ સર્વિસીસના શેરમાં આશરે ૧૭ ટકાથી વધુ તેજી આવી છે. આની સામે બીએસના ફાયનાન્સ ઈન્ડેક્સમાં ૨૬ ટકાનો ઘટાડો થયો છે.

ડિસ્કાઉન્ટ બ્રોકરેજ ફાઈવ પૈસા કેપિટલ લિમિટેડનો શેર ૨૦૨૦માં બમણો થયો છે. કંપનીએ ચાર વર્ષ પહેલાં બિઝનેસ ચાલુ કર્યો હતો અને જુન ક્વાર્ટરમાં પ્રથમ વખત નફો કર્યો છે.

ભારતમાં બ્રોકેજિસ પાસે એકાઉન્ટ ખોલવાનું સરળ છે. દેશમાં લાંબા લોકડાઉન અને બીજા રોકાણ માધ્યમમાં વળતરમાં ઘટાડાને કારણે લોકોને શેરબજારમાં ટ્રેડિંગ કરવા માટે પ્રોત્સાહન મળ્યું છે. તેઓ પેન્ની શેરો જેવા જોખમી શેરોમાં પણ રોકાણ કરી રહ્યા છે.

માત્ર એક્ટિવ કલાયન્ટની સંખ્યામાં જ નહીં, પરંતુ ભાગીદારીમાં પણ વધારો થયો છે. સંપત્તિ સર્જન માટે ઘણા લોકો લાંબાગાળા સુધી રોકાણ જાળવી રાખશે. ભારતના શેરબજારમાં માર્ચના નીચા સ્તરથી આશરે ૪૫ ટકા તેજી આવી છે. ચાલુ મહિને તેમાં આશરે ૧૦ ટકા વધારો થયો છે.

ટ્રેડિંગ મેમ્બરો, ક્લિયરીંગ મેમ્બરો, ક્લિયરીંગ કોર્પોરેશન સહિતની રાહત

માર્કેટ પાર્ટિસિપન્ટસને જોગવાઈઓના પાલન માટે સેબીની વધુ ૩૦ સપ્ટેમ્બર સુધી રાહત

કોરોના મહામારીના ચાલતાં મૂડીબજાર નિયામક તંત્ર સિક્યુરિટીઝ એન્ડ એક્સચેંજ બોર્ડ ઓફ ઈન્ડિયા(સેબી) દ્વારા અગાઉ ટ્રેડીગ મેમ્બરો, ક્લિયરીગ મેમ્બરો, ડિપોઝિટરી પાર્ટિસિપન્ટસ સહિતને વિવિધ નિયામક જોગવાઈઓના પાલન-કમ્પ્લાયન્સ માટે સમયાવધિમાં અપાયેલી રાહતોને વધુ લંબાવવાનો નિર્ણય આજે લેવાયો છે.

સેબીએ આ સંબંધિત આજે સર્કયુલર જારી કરીને તમામ માન્ય સ્ટોક એક્સચેન્જો અને ક્લિયરીગ કોર્પોરેશનો, ટ્રેડીગ મેમ્બરો-ક્લિયરીગ મેમ્બરોને તેમ જ કેવાયસી રજીસ્ટ્રેશન એજન્સીઓને આ સંબંધિત મુદત વધાર્યાની જાણ કરી છે. જેમાં મોટાભાગની મુદત ૩૦,સપ્ટેમ્બર ૨૦૨૦ સુધી લંબાવવાનું જાહેર કરાયું છે. આ પૈકી ૩૦,સપ્ટેમ્બર ૨૦૨૦ સુધી લંબાવાયેલી મુદ્દતમાં જૂન અને જુલાઈ ૨૦૨૦ના મહિના માટે ક્લાયન્ટ ફંડિંગ રીપોર્ટીંગ, ૩૦,જૂન ૨૦૨૦ના અંતના ત્રિમાસિક માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ(એઆઈ) અને મશીન લર્નિંગ(એમએલ) એપ્લિકેશન્સ માટે રીપોર્ટિંગ, કેશ સેગ્મેન્ટ માટે ૩૧,માર્ચ ૨૦૨૦ના અંતના અર્ધવાર્ષિક માટે માર્જિન ટ્રેડીગ માટે કમ્પલાયન્સ સર્ટિફિકેટ, ૩૧,માર્ચ ૨૦૨૦ના અંતના વર્ષ માટે રિસ્ક બેઝડ સુપરવિઝન, ૩૧,માર્ચ ૨૦૨૦ના અંતના અર્ધવાર્ષિક માટે ઈન્ટરનલ ઓડિટ રીપોર્ટ, વાર્ષિક એન્યુઅલ સિસ્ટમ ઓડિટ રીપોર્ટ, ૩૧,માર્ચ ૨૦૨૦ના અર્ધવાર્ષિક માટે કેશ સેગ્મેન્ટ માટે માર્જિન ટ્રેડીગમાં નેટવર્થ સર્ટિફિકેટ, તમામ મેમ્બરો માટે ૩૧,માર્ચ ૨૦૨૦ના અંતના અર્ધવાર્ષિક માટે નેટવર્થ સર્ટિફિકેટ, ગ્રાહકો તરફથી મળેલા ઓર્ડરો-સૂચનાના કોલ રેકોર્ડિંગની જાળવણી,,એન્હાન્સ્ડ સુપરવિઝનની જોગવાઈઓ હેઠળ ક્લાયન્ટ ફંડ્સના સાપ્તાહિક મોનીટરીગ રજૂ કરવા, દૈનિક માર્જિન રીપોર્ટીંગ, ક્લાન્ટના માસિક ધોરણે આંકડા રજૂ કરવા અને ફંડ બેલેન્સના આંકડા રજૂ કરવા સહિતનો સમાવેશ છે.

FIIની જુલાઈમાં માત્ર રૂ. ૨૪૯૦ કરોડની નેટ ખરીદી

DIIની જુલાઈમાં રૂ.૧૦,૦૦૮ કરોડની જંગી નેટ વેચવાલી છતાં બજાર શા માટે ઉછળ્યું

HDFC Bank ના MD આદિત્ય પુરીની ટર્મ પૂરી એટલે બેન્કના ૯૫ ટકા શેર પણ વેચી દીધા

આવતા સપ્તાહે HPCL, LUPIN, Cipla, M&M જેવી કંપનીઓના પરિણામ

માર્ચથી જુલાઈમાં ૩૦ લાખ નવા ટ્રેડિંગ એકાઉન્ટ ખૂલી ગયા

કે.પી — બજારમાં લાગલગાટ પાંચ સપ્તાહની તેજી પછી છઠ્ઠા સપ્તાહમાં તેજીવાળા પણ થાક્યા. થોડો નફો ઘરભેગો કર્યો.

નેમચંદ — મંદીવાળાઓ તો પોતે જ ઘરભેગા થઈ ગયા હતા. હવે કદાચ પાછા બજારમાં આવવા વિચારે.

માલપાની — રિલાયન્સમાં નબળા પરિણામને પગલે શેર ૪ ટકા જેવો તૂટ્યો એટલે બજાર નીચે આવ્યું. રિલાયન્સના સ્ટોકને સીએલએસએ અને એડલવાઈસે ડાઉનગ્રેડ કર્યો છે.

કે.પી — આ સન ફાર્માસ્યુટિકલ્સે રૂ.૧૬૫૬ કરોડની જંગી ખોટ દર્શાવી, પણ શેર ૧૦ ટકા ઉછળી ગયો.

નેમચંદ — ભારતી એરટેલે રૂ.૧૫,૯૩૩ કરોડની વધુ એક જંગી ખોટ કરી, છતાં સ્ટોક ફ્લેટ રહ્યો.

માલપાની — મારુતિ સુઝુકીએ ૧૭ વર્ષમાં પહેલી વાર ખોટ બતાવી, છતાં શેર ૪ ટકા ઉછળી ગયો.

કે.પી — આઈસીઆઈસીઆઈ બેન્કમાં અગાઉ જ તેજી આવી ગઈ હતી, એટલે નેટ પ્રોફિટ ૩૬ ટકા ઉછળ્યો છતાં શેરમાં ૯ ટકાનો કડાકો બોલી ગયો. બોલો. આ બજારને છે કંઈ ધડા.

નેમચંદ — એચડીએફસી બેન્કના મેનેજિંગ ડિરેક્ટર આદિત્ય પુરી ઓક્ટોબરમાં નિવૃત્ત થઈ રહ્યા છે તે પહેલાં તેમણે બેન્કમાં કરેલું રોકાણ પણ પાછું ખેંચી લીધું. તેમણે ૯૫ ટકા શેર (૭૪.૨૦ લાખ) વેચી દઈને રૂ.૮૪૩ કરોડની રોકડી કરી લીધી.

માલપાની — તાતા મોટર્સ જગુઆર લેન્ડ રોવરના સીઈઓ બદલાયા છે. થિયરી બોલોર નિયુક્ત થયા છે. તેઓ રેનો કંપનીમાં હતા. રેનોમાં જોડાયાના છ વર્ષમાં તેઓ સીઈઓ બની ગયા હતા.

કે.પી — પણ, થિયરી બોલોર રેનોના પેલા ભૂતપૂર્વ સીઈઓ અને ભાગેડું કાર્લોસ ઘોનની નજીક મનાય છે. તેમણે રેનો અને નિસાન કંપનીના જોડાણનો વિરોધ કર્યો હતો, જેને પગલે તેમને હાંકી કઢાયા હતા.

નેમચંદ — આપણા બજારના શું ખબર છે ?

માલપાની — આપણા બજારને આવતા સપ્તાહે હવે નવી દિશા મળી શકે છે. રિઝર્વ બેન્કની મોનિટરી પોલીસી કમિટી (એમપીસી)ની બેઠક મંગળવારે ૪ ઓગસ્ટથી ૬ ઓગસ્ટ દરમિયાન મળશે જેમાં વ્યાજના દર યથાવત્ રહે છે કે કેમ તે જોવાનું છે.

કે.પી — વ્યાજના દર યથાવત્ રહે તેવી શક્યતા વધારે છે. આમ થશે તો મંદીવાળાને મોકો મળશે.

Cont...

નેમચંદ ઓટો અને સિમેન્ટ કંપનીઓના જુલાઈના વેચાણના ડેટાની અસર પણ બજાર પર આવતા સપ્તાહે જોવાશે.

માલપાની એચપીસીએલ, લ્યુપીન, સિપ્લા, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા જેવી કંપનીઓના પરિણામ પણ છે.

કે.પી આઈઓસીનું પરિણામ ખરાબ આવ્યું છે તે જોતા એચપીસીએલમાં બહુ આશા ન રાખી શકાય.

નેમચંદ ફાર્મા કંપનીઓના પરિણામ સારા આવ્યા છે. ટોરેન્ટ ફાર્માનો નફો તગડો વધ્યો અને શેર પણ વધીગયો. તે જોતા સિપ્લાનું પરિણામ સારું આવવું જોઈએ.

માલપાની મારુતિનું પરિણામ ખરાબ આવ્યું છે. પણ મહિન્દ્રાની કામગીરી તેના કરતાં જુદી છે. આથી મહિન્દ્રાનું પરિણામ સારું આવી શકે છે. તેનુ ટ્રેક્ટરનું વેચાણ સારું વધ્યું છે.

નેમચંદ ઠીક છે. બજારમાં એફઆઈઆઈની ચાલ કેવી રહી છે ?

માલપાની એફઆઈઆઈએ છેલ્લાં પાંચ સેશનમાં રૂ. ૧૩૧૨ કરોડની નેટ વેચવાલી કરી છે. સમગ્ર જુલાઈ મહિનામાં તેમની રૂ.૨૪૯૦ કરોડની નેટ ખરીદી જોવા મળી છે.

કે.પી ડીઆઈઆઈએ પાંચ સેશનમાં રૂ.૨૪૪૫ કરોડની નેટ વેચવાલી કરી છે. સમગ્ર જુલાઈમાં તેમણે રૂ.૧૦,૦૦૮ કરોડની નેટ વેચવાલી કરી છે.

નેમચંદ શું વાત કરો છો ! મ્યુચ્યુઅલ ફંડ્સ અને વીમા કંપનીઓએ ખાસ્સું પ્રોફિટ બુકિંગ કરી લીધું. તો પછી બજાર આટલું વધ્યું કેમ ?

માલપાની આ જ લાખ રૂપિયાનો સવાલ છે જેના જવાબમાં બધા માથું ખંજવાળી રહ્યા છે.

કે.પી માર્ચથી જુલાઈમાં ૩૦ લાખ નવા ટ્રેડિંગ એકાઉન્ટ ખૂલ્યા છે.

નેમચંદ એનએસડીએલ અને સીડીએસએલ ખાતે આ ગાળામાં ૨૦ લાખ નવા ડિમેટ એકાઉન્ટ ખૂલી ગયા છે.

માલપાની આ લોકડાઉનમાં નવરા બેઠાં કરવું શું ? આવું વિચારીને ઘણાં શેરબજારના રવાડે ચઢી ગયા છે.

કે.પી વાત સાચી ! નવા-સવા રોકાણકારો-ટ્રેડર્સનો મોટો ફાલ બજારમાં આવ્યો છે.

નેમચંદ અનેક બ્રોકિંગ હાઉસ ખૂબ સસ્તા દરે કે મફતમાં પણ ટ્રેડિંગ કરવાની તક આપી રહ્યા છે. ઘણાં તો એવું પણ કહે છે કે નફો થાય તો જ દલાલી આપવાની.

માલપાની નહીતર તમતમારે ખોટ કરતા રહો આ માર્કેટમાં.

નેમચંદ ઘણાં યુવાઓએ કોરોનાને કારણે નોકરી ગુમાવવી પડી છે. આવા લોકો પોતાનું નસીબ અજમાવવા માટે શેરબજાર તરફ વળ્યા છે. આમ પણ ઘરે બેઠાં ટ્રેડિંગ થઈ શકે છે.

કે.પી આશ્ચર્યની વાત એ છે કે કેશ સેગમેન્ટમાં સરેરાશ ટર્નઓવર ખાસ્સું વધ્યું છે, જ્યારે ડેરિવેટિવ્ઝમાં પ્રમાણમાં એટલું વધ્યું નથી.

નેમચંદ બજારમાં જબરું ચાલી રહ્યું છે. એફઆઈઆઈની આક્રમક લેવાલી નથી, ડીઆઈઆઈ વેચવાલી કરી રહ્યા છે અને છતાં બજાર સડસડાટ આગળ ધપી ગયું.

માલપાની પણ ક્યાંક તો આનો અંત આવશે તે નક્કી છે. ઈન્સ્ટિટ્યૂશનલ ઈન્વેસ્ટર્સ વગર બજારને લાંબા સમય સુધી ઉપર ટકાવી ન શકાય.

કે.પી બજારમાં આગામી દિવસોમાં કરેક્શન આવી શકે છે. સાચવવા જેવું ખરું.

સર્કીટ બ્રેકીંગ શેર્સ

Manoj Sanghvi
(M.: 093270 72792)



સેબીએ કડક કાયદાને મુદત આપી - છુટ નહીં

લોકસભા ઈલેક્શન બાદ ક્લીયર મેજોરીટી વાળી ૨/૩ બહુમતીવાળી સરકાર રચાયા બાદ રોકાણકારોને ખુબજ મોટી તેજીનો આશાવાદ હતો પણ ફાયનાન્સ મિનિસ્ટર એ એફપીઆઈ પર કડક વલણ અપનાવતા ભારે કરેક્શન આવ્યું. મંદીનો વરસાદ પુરમાં પલટાતા ફાયનાન્સ મિનિસ્ટર મન બદલીને આવ્યા અને એફપીઆઈ પરથી ટેક્સનો ફેંસલો પાછળ ઠેલ્યો.

ઓગષ્ટ એન્ડ સુધીનો સમય આપ્યો - મતલબ ૨૦ ટ્રેડીંગ સેશન જો આ ઈમ્પ્લીમેન્ટ થયું તો વોલ્યુમમાં ભારે ઘટાડો થશે. એસટીટીની મસમોટી રકમ જે મારા તમારા પાસેથી સરકાર મેળવે છે તેમાં ઘટાડો થશે. લોંગટર્મ, શોર્ટ ટર્મ ટેક્સ લે છે - રોકાણકાર જોખમ સાથે ઈન્વેસ્ટ કરે છે તો નુકસાન પર શું ?

સેબી રેગ્યુલેટર હેવી રેટથી IPOને મંજુરી આપી છે ત્યાં સુધી ભ્રષ્ટ્રાચાર નહીં હોય ? સીનેવેસ્ટાથી લગાઈને વેરોક એન્જીનીયરીંગ રોકાણકારો યા રોકાણકારો દ્વારા મ્યુચ્યુઅલ ફંડોમાં રોકાયેલી મુડીનો સત્યનાશ આવા સ્વરૂપે થાય છે. વર્ષો પહેલા સીનેવીસ્ટા ૪૦૦ ના ભાવે અત્યારે ૪ માં, વેરોક એન્જીનીયરીંગ ૯૫૦ ના ભાવે ૧ રૂપિયાની ફેઈસવેલ્યુને ૧૦ માં કન્વર્ટ કરીએ તો ૯૫૦૦ ના ભાવે - શું વાંક રોકાણકારોનો છે ?

પરિણામ આવી રહ્યા છે. સારા પરિણામો આવી રહ્યા છે તેમાં સારી મોમેન્ટમ બાકી ખરાબ તો સમયાધીન સ્વિકારવું જ રહ્યું !

રૂ. ૨૭૫ વાળો કોન્કોર ડિસઈન્વેસ્ટમેન્ટ રૂપિયા ૪૫૦ અને હવે કોરોના મહામારીના પગલે હવે શું નિર્મય લેવાનો, નિફટી ૭૬૦૦ થી તેજીમાં પાર્ટીસીપેટ કરનાર મિધાની ઓફરફોર સેલ માટેની વિચારણામાં તુટી રહ્યો છે. પીએસયુ શેરોમાં તો સરકારી હોલ્ડિંગ ફક્ત ન રહે ત્યાં સુધી ઓફર ફોર સેલનો ડર રહે છે.

બધી જગ્યાએ ડંડો લઈને બેસીએ તો માર્કેટ અને ઈકોનોમી બેયને ઝટકો વાગે. અત્યારે કોરોનાને કારણે વર્તમાન નોકરીઓમાંથી લોકોને છુટ કરાઈ રહ્યા છે ત્યાં નવી નોકરીઓ મળવાની શકયતા ખત્મ થઈ જશે. ઈકોનોમી પર આકરા પગલા લેવાનું સરકાર બે ત્રણ વર્ષ છોડી દે તો સારૂં.

પેટ્રોલ - ડિઝલ પર ભારે વધારો અને ડિઝલ પરના વધારાને કારણે મોંઘવારીમાં ભારે વધારો જોવા મળશે. સરકાર સ્પેક્ટ્રમ અને માઈનીંગ સેક્ટરના રિફોર્મ્સથી કોરોનાથી થયેલા આર્થિક નુકશાનીની રિકવરી કરવાનું વિચારે - મધ્યમ વર્ગ તો ખુબજ તકલીફમાં છે એ સરકારને શું દેખાતું નહીં હોય ?

UPL Ltd. (Rs. 478.00) (Code : 512070) (F. V. : 2.00) :- ૩૪૦થી સતત ભલામણાં આપી રહ્યોં . ફેન્ટાસ્ટીક પરિણામો આવ્યા છે. સારી મોમેન્ટમ જોવા મળી શકે. સારા ચોમાસાથી કંપનીઓને રવિ સિઝનમાં પણ સારો લાભ મળશે.

Laurus Labs. (Rs. 933.00) (Code : 540222) (F.V. : 10.00) :- ૪૩૦થી સતત ભલામણ કરી રહ્યા બાદ ડબલ થઈ ગયા ભારે તેજીમાં એન્ટર થયેલા આ શેરમાં ભારે મોમેન્ટમ સારા લેવલો સર કરવા સક્ષમ.

CIPLA (Rs. 720.00) (Code : 500087) (F. V. : 2.00) :- ફાર્મા જાન્ય આ કંપની ધીમે ધીમે મક્કમ તેજીમાં એન્ટર થઈ ચુકી છે. તબક્કાવાર ભેગા કરનારને ૨૫ થી ૪૦ ટકા વળતરની શકયતા.

Godrej Agrovet (Rs. 458.00) (Code : 540743) (F. V. : 10.00) :- પરિણામ ખુબજ સુપર આવ્યું છે. એસ્ટેક લાઈફ જેવી બીજી ત્રણ સબ્સીડીરાઈઝ ધરાવતી આ કંપનીના શેરમાં તબક્કાવાર રોકાણલાયક ભવિષ્ય સારૂં દેખાઈ રહ્યું છે.

Nelco (Rs. 207.00) (Code : 504112) (F. V. : 10.00) :- :- ટાટા ગ્રુપની આ કંપનીને વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિ જોતા કેન્દ્ર સરકાર તરફથી મોટા ઓર્ડરો મળવાની શકયતા છે.

Syngene International (Rs. 486.00) (Code : 539268) (F. V. : 10.00) રૂ. ૨૪૦ થી સતત ભલામણોમાં લખી રહ્યો છે. વર્લ્ડની ટોપટેન ફાર્મા રિસર્ચ કંપનીના શેરને પોર્ટફોલિયોમાં સમાવી દો. આજે ડબલના ભાવે પણ પોર્ટફોલિયોમાં સમાવવા જેવો.

સ્મોલ એન્ડ બ્યુટીફુલ ફાર્મા કાઉન્ટર્સ

Stocks	BSE Code	CMP	52 Wk H	52 Wk L
Kopran Ltd.	524280	48.00	48.75	16.15
Brooks Labs.	533543	33.85	43.99	14.05
Auro Laboratories	530233	43.55	64.60	23.60

ફ્યુચર ઓપ્શન ડાયરી

નિલેશ એસ. કોટક
M. : 9227204076
E-mail : dhanvarshafincap@gmail.com • W : www.dhanvarshaindia.com

નિફ્ટીએ અઠવાડિક ધોરણે ૧૪૨ પોઈન્ટનો ઘટાડો દર્શાવ્યો છે. ૬ સપ્તાહના સતત સુધારા બાદ પ્રથમવાર નિફ્ટીએ ઘટાડો દર્શાવ્યો છે. સોમવારના રોજ ટ્રેન્ડ ચેન્જિંગ ડેટ છે અને જો નિફ્ટી ૧૦૯૨૫ નું લેવલ આગામી સપ્તાહમાં તોડે નહીં ત્યાં સુધી ટ્રેન્ડ પોઝીટીવ જળવાઈ રહે. જ્યારે નવી તેજી માટે ૧૧૩૫૦ ઉપર બંધ આપવું જરૂરી રહેશે.

Future Buy of the week

Adani Enterprise (176) :- ઓગસ્ટ માસનો ફ્યુચર ૧૭૬ ઉપર ૧૬૫ નો સ્ટોપલોસ રાખી ખરીદો. આગામી દિવસોમાં ૧૯૦ સુધી સુધારાની શકયતા છે.

Cadila HC (392) :- ઓગસ્ટ માસનો ફ્યુચર ૩૯૨ ઉપર ૩૭૭ ના સ્ટોપલોસથી ખરીદો. આગામી દિવસોમાં ૪૧૫ સુધીનો ભાવ જોવા મળે.

Bandhan bank (344) :- ઓગસ્ટ માસનો ફ્યુચર ૩૪૪ ઉપર ૩૩૦ નો સ્ટોપલોસ રાખી ખરીદો. આગામી દિવસોમાં ૩૬૫ સુધી સુધારાની શકયતા.

State Bank of India (192) :- ઓગસ્ટ માસનો ફ્યુચર ૧૯૨ ઉપર ૧૮૩ નો સ્ટોપલોસ રાખી ખરીદો. આગામી દિવસોમાં ૨૦૫ સુધી સુધારાની શકયતા.

Dabur India (513) :- ઓગસ્ટ માસનો ફ્યુચર ૫૧૩ ઉપર ૫૦૦ નો સ્ટોપલોસ રાખી ખરીદો. આગામી દિવસોમાં ૫૩૦ સુધી સુધારાની શકયતા છે.

Future Sell of the week

TVS Motors (381) :- ઓગસ્ટ માસનો ફ્યુચર ૩૮૧ નીચે ૩૯૪ નો સ્ટોપલોસ રાખી વેચો. આગામી દિવસોમાં ૩૭૦ સુધી ઘટાડાની શકયતા.

Maruti Suzuki (6213) :- ઓગસ્ટ માસનો ફ્યુચર ૬૨૧૩ નીચે ૬૪૦૦ નો સ્ટોપલોસ રાખી વેચો. આગામી દિવસોમાં ૬૦૦૦ સુધી ઘટાડાની શકયતા.

Power Finance Corporation (81) :- ઓગસ્ટ માસનો ફ્યુચર ૮૧ નીચે ૮૭ નો સ્ટોપલોસ રાખી વેચો. આગામી દિવસોમાં ૭૪ સુધી ઘટાડાની શકયતા.

Bharat Forge (383) :- ઓગસ્ટ માસનો ફ્યુચર ૩૮૩ નીચે ૪૦૦ નો સ્ટોપલોસ રાખી વેચો. આગામી દિવસોમાં ૩૬૫ સુધી ઘટાડાની શકયતા.

Hindsutan Petroleum (216) :- ઓગસ્ટ માસનો ફ્યુચર ૨૧૬ નીચે ૨૨૮ નો સ્ટોપલોસ રાખી વેચો. આગામી દિવસોમાં ૨૦૦ સુધી ઘટાડાની શકયતા.

Disclosures as per SECURITIES AND EXCCHANGE BOARD OF INDIA (Research Analysts) Regulation, 2014; • I and / or my clients may have investment in this stocks • I/My family have no financial interest or beneficial interest of more than 1% in the company whose stocks I am recommending • I / My family have not received nay compensation from the company where I am recommending a trade or investment. • I have not served as an officer director or employee of company and have not been engaged in market - making activity of the company covered in the research report • I have no material conflict in recommendations posted here (Nilesh S. Kotak) • Research Analyst : SEBI Regn No. : INH000002103

Alternative Investment Returns Monitor

	Price 23-7-19	Price 23-7-2020	Return 1 Week	Return 1 Yr.
Gold	34,837	50,500	2.91%	44.96%
Silver	40,835	60,785	16.7%	48.86%
WTI Crude	56.65	41.85	2.70%	-26.13%

Value of Rs. 1 Lakh Invested in Various Asset

(As on 24-6-2020)	Sensex	Gold	Silver	FD (SBI)	PPF*
1 Year	100743.1	145920	145705.6	107000	107900
1 Year Post Tax Returns	100668*	132144	131993	104900	107900
5 Year	135630.6	207072	175025	145240	151757
5 Year Post Tax Returns	132067*	196364	167523	130232	151757

** Notes : Cumulative equity gains up to Rs. 1,00,000 in a financial year are tax free.*
All post - tax returns are calculated for an individual in the 30% tax braket, without considering the indexation benefit

Top 5 SIPs

Top 5 Equity Schemes based on 10 Yr. SIP Return

Scheme Name	Return Annualised
Mirae Asset Emerging	18.54
SBI Small Cap.	17.34
Canara Robeco Emergin	16.13
Principal Emergin	13.97
Axis Long Term	13.77

Top 5 MIPs

Top 5 MIP Schemes based on 3 yr. SWP returns

Scheme Name	Return Annualised
Baroda Conservative	7.96
I.B. Saving Income	7.54
ICICI Prudential	6.80
Canara Robeco	6.79
LIC MF Debt Hyrbid	6.34

ઝડપી વૃધ્ધિ પામતા શેરો

સૌથી વધુ આવક-ગ્રોથની સંભાવના ધરાવતા સ્ટોક્સ

Co. Name	Revenue Growth(%)
PI Industries	32
HDFC	30
Dixon Techno	28
Granules India	27
HG Engg.	26

ઓછા ખર્ચાળ શેરો

સૌથી નીચો સંભવિત PE ધરાવતા સ્ટોક્સ

Co. Name	Lowest Forward PE (%)
HG Infra	7.54
NTPC	7.75
Power Grid	8.59
Tata Power	9.44
Zee Enter	9.77

શ્રેષ્ઠ 5 PEGs સ્ટોક્સ

સૌથી ઓછો પ્રાઈસ અર્નીંગ ગ્રોથ ધરાવતા સ્ટોક્સ

Co. Name	Earning Grwoth Ratio
Dilip Buildcon	0.10
HG Infra Engg.	0.29
NTPC	0.43
Granules India	0.49
Escorts	0.49

સૌથી વધુ વળતરદાયી શેરો

સૌથી ઊંચુ ડિવિડંડ યીલ્ડ ધરાવતા ટોપ - ૫ સ્ટોક્સ

Investor Earn as Div. for Every Rs.100/- Invested

Co. Name	Hig.Div. Yield
PFIZER	8.25
SUN TV Network	6.58
Engineers India	6.14
Embassy Office	5.08
Power Grid	4.71

ઓછા જોખમી-૫ સ્ટોક્સ

ડાઉન સાઈડ રીસ્કની નહિવત સંભાવના ધરાવતા

Co. Name	Lowest Downside Risk
Sanofi India	1.15
Dr. Reddy's Lab.	1.21
Solar Ind.	1.24
Syngene Int.	1.31
HUL	1.35

Companies Which have P/BV Less than 1

Company Name	Price to BV	1 Yr Performance
Dish TV India	0.27	-76.53
Spice Jet	-6.21	-65.34
Canara Bank	0.44	-59.26
Chennai Petroleum	0.89	-54.93
Indiabulls Real Estate	0.37	-49.09
Mahindra LifeSpace Developers	0.72	-46.18
Bharat Heavy Electricals	0.44	-40.39
Bank of India	0.41	-37.97
Manglore Refinery * Petro.	0.80	-33.67
Vedanta	0.60	-32.11
IDFC First Bank	0.93	-24.44
IndoStar Capital Finance	0.92	-18.06
IFCI	0.29	-15.64
Central Bank of India	0.54	-1.14
Suzlon Energy	-0.33	13.42
The India Cements	0.68	24.83

Buy... Buy...

Future Enter	16.00
PTC India	51.00
NMDC	83.00
Hind. Copper	35.00
IDFC Bank	26.00
Walchand Nagar	51.00
Subex	9.00
Rico Auto	27.00
Lumax Auto	95.00
Kopran	48.00
Alembic Ltd.	79.00

Buy on Dips

Anuh Pharma	283.00
Chambal Fert.	158.00
Huhtamaki PPL	242.00
J.K. Laxmi Cement	293.00
Heidleberg Cement	185.00
Aster DM	132.00
Essel Propack	234.00
Kirloskar Bro.	131.00
Zydus Wellness	1607.00
Caplin Point	432.00
Tata Coffee	90.00

Hold

Amber Enterprise	1481.00
Majesco	592.00
Linde India	631.00
Biocon	409.00
Atul Ltd.	5047.00
Infosys	966.00
Aurobindo Pharma	874.00
Tata Elxsi	938.00
ICICI Pru.	451.00
Voltas	597.00
Godrej Consumer	691.00

Sell on High

Coal India	129.00
ITC	194.00
Gujarat Gas	289.00
JSW Energy	45.00
Bank of Baroda	46.00
Havells India	583.00
MGL	975.00
United Breweries	952.00
United Spirits	581.00
ONGC	78.00
Tata Motors	104.00

Smart Education : Ankit Gala : buzzpublishing@gmail.com

સ્વતંત્ર અને સંયુક્ત નાણાકીય સ્ટેટમેન્ટ્સ

Last week we had seen details about Statement of Changes in Equity of a company and this week we shall see details of Standalone and Consolidated Financial Statements of a Company.

ગત સપ્તાહે આપણે કંપનીની ઈક્વિટીમાં બદલાવના સ્ટેટમેન્ટ અંગે જાણકારી પ્રાપ્ત કરી હતી અને નવા સપ્તાહમાં આપણે કંપનીના સ્વતંત્ર અને સંયુક્ત નાણાકીય સ્ટેટમેન્ટની વિગતો સમજવા પ્રયાસ કરીશું.

સ્વતંત્ર નાણાકીય સ્ટેટમેન્ટમાં તેની પેટી કંપનીઓ, સંયુક્ત સાહસો અથવા સહયોગી કંપનીઓ વિના માત્ર કંપનીની વ્યક્તિગત નાણાકીય પરિસ્થિતિ અંગે જાણકારી આપવામાં આવે છે.

સંયુક્ત નાણાકીય સ્ટેટમેન્ટમાં કંપનીની પોતાની પરિસ્થિતિની સાથે-સાથે તેની પેટા કંપનીઓ, સહયોગી કંપનીઓ અને સંયુક્ત સાહસોની નાણાકીય પરિસ્થિતિ અંગે જાણકારી આપવામાં આવે છે.

ઘણી કંપનીઓ એવી હોય છે કે જેમની પેટા કંપનીઓ, સંયુક્ત સાહસો અથવા સહયોગી કંપનીઓ હોતી નથી. આ કંપનીઓ સ્વતંત્ર નાણાકીય સ્ટેટમેન્ટ જાહેર કરે છે.

બીજી તરફ ઘણી કંપનીઓ પેટા કંપનીઓ, સંયુક્ત સાહસો અથવા સહયોગી કંપનીઓ ધરાવે છે. આથી પેરેન્ટ કંપનીના સ્વતંત્ર નાણાકીય સ્ટેટમેન્ટ જાહેર કરવાની સાથે સાથે સમગ્ર બિઝનેસ સમૂહના સંયુક્ત નાણાકીય સ્ટેટમેન્ટ પણ જાહેર કરવામાં આવે છે.

ઘણીવાર મોટી કંપનીઓ અને સમૂહોના સ્વતંત્ર નાણાકીય પરિણામોમાં સ્પષ્ટ જાણકારી પ્રાપ્ત થતી નથી કારણકે મોટાભાગની પ્રવૃત્તિઓ તેની પેટા કંપનીઓ, સંયુક્ત સાહસો અથવા સહયોગી કંપનીઓ દ્વારા કરવામાં આવતી હોય છે.

તેનું ઉત્તમ ઉદાહરણ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ છે, જેની ૧૨૪ પેટા કંપનીઓ અને ૫૦ સંયુક્ત સાહસો અથવા સહયોગી કંપનીઓ છે. સ્ટોક વિશ્લેષણમાં સ્વતંત્ર અથવા સંયુક્ત નાણાકીય વિગતો, શેને ધ્યાનમાં લેવો જોઈએ

રોકાણકારોએ સ્ટોકના વિશ્લેષણ માટે હંમેશા સંયુક્ત નાણાકીય સ્ટેટમેન્ટનો ઉપયોગ કરવો જોઈએ. તેનું કારણ સંયુક્ત નાણાકીય સ્ટેટમેન્ટમાં તેની નાણાકીય સદ્ધતા અંગેની પૂર્ણ જાણકારી મળી રહે છે, જેમાં સમગ્ર સમૂહનું પ્રદર્શન સામેલ હોય છે, જ્યારે કે સ્વતંત્ર નાણાકીય સ્ટેટમેન્ટમાં અન્ય પેટા કંપનીઓ વગેરેની વિગતો સામેલ હોતી નથી. જોકે, તેનો મતલબ એ નહીં કે સ્વતંત્ર નાણાકીય પરિણામોને સંપૂર્ણપણે અવગણવા જોઈએ.

આગામી સપ્તાહમાં આપણે વિવિધ ફાઈનાન્સિયલ રેશિયો અને તેની મહત્વતા સહિત સ્ટોકના વિશ્લેષણમાં તેની ઉપયોગિતા વિશે જાણકારી પ્રાપ્ત કરીશું.

To learn Fundamental Analysis you can read the book Fundamental Analysis of Shares by Ankit Gala & Khushboo Gala. Book is available in English and Gujarati.

SMART BANKING & FINANCIALS

By Vijaya Kittu M, GetPaidIndia.com

The author feels that investors need to study sectoral trends from time to time. He is on WhatsApp at +91 98495 19188

૧. દિલ્હી હાઈકોર્ટે કેન્દ્રિય કાયદા અને ન્યાય મંત્રાલય અને ઈન્સોલ્વન્સી એન્ડ બેન્કરપ્સી બોર્ડ ઓફ ઈન્ડિયાને એક નોટિસ મોકલી છે. ઈન્સોલ્વન્સી એન્ડ બેન્કરપ્સી કોડ (અમેન્ડમેન્ટ) ઓર્ડિનન્સ, ૨૦૨૦ની બંધારણીય માન્યતા અંગે કોર્ટ સમક્ષ રાજીવ સુરી દ્વારા અરજી કરવામાં આવી છે. કોર્ટ ૩૧ ઓગસ્ટ, ૨૦૨૦ના રોજ સુનાવણી કરશે.

૨. રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)એ સરકારને પીએસબીમાં ૨૬ ટકા હિસ્સો જાળવવા તથા લાંબાગાળાના સીઈઓ અંગે સૂચનો કર્યાં છે. જો સરકાર આ પગલાને ગંભીરતાથી લેશે તો પીએસબીમાં મોટા સુધારા માટેનો માર્ગ મોકળો બનશે.

૩. આઈસીઆઈસીઆઈ બેન્કે કોવિડ-૧૯ સંબંધિત વધારાની રૂ. ૫,૫૫૦ કરોડની જોગવાઈઓ કરી છે, જે સાથે કુલ જોગવાઈઓમાં વધારો થયો છે. મોરોટોરિયમ હેઠળની લોન ૩૦ ટકાથી ઘટીને ૧૭.૫ ટકા થઈ છે. બેન્કની એનઆઈઆઈ ૧૯.૯ ટકા છે. નાણાકીય વર્ષ ૨૦૨૧ના પ્રથમ ત્રિમાસિકગાળા માટે ચોખ્ખો નફો ૩૬.૩ ટકા વધ્યો છે.

૪. નાણાકીય વર્ષ ૨૦૨૧ના પ્રથમ ત્રિમાસિકગાળા માટે એચડીએફસી લિમિટેડનો નફો ૪.૭ ટકા ઘટ્યો છે, જેનું મુખ્ય કારણ હાલની મહામારીની અસર માટે જોગવાઈઓમાં વધારો કરવો છે. કંપનીની વીસી અને સીઈઓ કેકી મિસ્ત્રીએ જણાવ્યું હતું કે, જોગવાઈઓ આવશ્યક છે. જોગવાઈઓ પ્રથમ તબક્કાના ૨૭ ટકાથી ઘટીને બીજા એચડીએફસી લાઈફ ઈન્સ્યોરન્સ અને એચડીએફસી અર્ગો કેપિટલ જનરલ ઈન્સ્યોરન્સમાં પણ હિસ્સો વેચવા માટે શેરધારકોની મંજૂરી મેળવી છે. આ આરબીઆઈની મંજૂરીને આધીન રહેશે. ઉભી કરાયેલી મૂડીનો ઉપયોગ લાંબાગાળાની ક્ષમતાઓને મજબૂત કરવા માટે થશે. સ્ટોકનું વેલ્યુએશન સારું છે.

૫. એમસીએક્સ રોકાણકારોનું ધ્યાન આકર્ષિત કરી રહ્યું છે કારણકે સોનાના ભાવમાં તેજી છે. એમસીએક્સ કોમોડિટી તથા ગોલ્ડ ડેરિવેટિવ્સમાં અગ્રણી એક્સચેન્જ છે.

૬. સીડીએસએલ બે કારણોસર લાઈમલાઈટમાં છે. તેનો પ્રથમ ત્રિમાસિકગાળા માટેનો સ્વતંત્ર નફો ૮૨ ટકા ઉછળ્યો છે. સેબી દ્વારા જાહેર કરાયેલા નવા માર્જીનના ધોરણોથી ઘણા અંશે ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ્સને લાભ થશે. વધુમાં સીડીએસએલની સંપૂર્ણ માલીકીની પેટા કંપની સીડીએસએલ વેન્ચર્સે ઘરેલુ ઓથેન્ટિકેશન યુઝર એજન્સી અથવા ઈ-કેવાયસી યુઝર માટે યુઆઈડીએઆઈ પાસેથી મંજૂરી મેળવી છે.

૭. યસ બેન્કની એસબીઆઈની હિસ્સેદારી ૪૮.૨૧ ટકાથી ઘટીને ૩૦ ટકા થઈ છે. યસ બેન્કે તેની બુકને મજબૂત કરવા અને મહામારી સામેની જોગવાઈઓ માટે ફર્ધર પબ્લિક ઓફર (એફપીઓ) લાવ્યું છે. એસબીઆઈએ પણ એફપીઓમાં ભાગ લીધો છે. આ વચ્ચે યસ બેન્કે કહ્યું છે કે તે એનપીએ સામે કડક પગલાં ભરશે. બેન્કે અનિલ અંબાણી ગ્રુપની મુંબઈ હેડ ઓફિસનો કબજો લીધો છે.


SMART INVESTMENT

Hard Copy is available on Every Sunday Morning at your nearest book-stall

City	Agent's Name	Mobile No.	Landline No.
Ahmedabad	Pocket Book Centre	098240 77668	079-25508732
	Vinod Agency	098982 18921	079-25510104
	Mohsin Mansuri	098250 35928	079 - 25350794
Anand	Mistry News Agency	098251 73432	02692 - 251032
	Iliyas Book Stall	091733 95801	
Akola	Vishnu Book Seller	072424 39444	
Baroda	Shreenath News paper	098982 40228	9106956769
Bhuj	Modern Book Centre	9427434752	--
Baroda	A.G. Vora & Co.	098240 95716	--
Bhavnagar	Prem News Agency	094289 90615	
Bharuch	Falgun News Agency	098792 37236	
Gandhidham	A.H. Pandya	098252 37212	02836-220212
Jodhpur	Sarvoday Book Stall	8107589141	0291-26533734
Jamnagar	Paras News Agency	9426453636	2679597
Mehsana	Mahalaxmi Pustak Bhandar	098256 36988	9428458678
	Prakash Book Stall	8849416545	
Mumbai	Ashokbhai	9833831803	
Mumbai -Matunga	Alengo Book Stall	9870277195	--
Navsari	Jaydeep News Agency	098983 59235	
Nadiad	Nadiad Rly. Book Stall	087349 55156	
Rajkot	Thakkar News Aghency	099241 33518	0281-2233518
Surat	Surat Book Centre	0 98790 44220	0261-2431158
Udaipur	Kailash Book Center	098291 36695	0294-2561145
VAPI	Om News Agency	099242 84109	
Valsad	Paresh News Agency	091733 59444	


More detail about Subscription

http://www.smartinvestment.in/subscribe.php?typ=subscribe



SMART BUY OF THE WEEK

Dark Horse



Some successful recommendations of Smart Buy of the Week (Smart Dark Horse)

Recommended Dt.	Stocks	Recomm. Price	High after Recomm.	Gain (%)
18th May 20	ADVANCED ENZYME	157	194.65	24%
Last week	SHIVA GLOBAL	28.6	33	15%

Dark Horse-1

T & I GLOBAL LTD (522294) (83.55) (Face Value Rs.10)

ટીએન્ડઆઈ ગ્લોબલ લીમીટેડ એક અગ્રણી ટી પ્રોસેસિંગ મશીનરી બનાવતી કંપની છે. કંપનીના સીટીસી, ઓર્થોડોક્સ અને ગ્રીન ટી ઈક્વિપમેન્ટ બનાવે છે. કંપનીના પ્લાન્ટ કોલકતા અને કોઈમ્બતુર ખાતે આવેલા છે. કંપની એક માત્ર ટી મશીનરી કંપની છે કે જે ૧૦૦૦ એકરના એસ્ટેટ ધરાવે છે. કંપની એક માત્ર ટી મશીનરી કંપની છે જે ૮ લાખ કિલો ચાનું ઉત્પાદન પણ કરે છે.

Particulars	Year Ended		
	FY20	FY19	% Var.
Sales	95.79	132.36	-28
PAT	11.61	7.12	63
EPS	22.90	14.05	63

આ કંપનીની ઈક્વિટી માત્ર રૂ.૫.૦૭ કરોડ છે જેની સામે કંપની પાસે રૂ.૩૯.૫૧ કરોડનું રીઝર્વ છે અને કંપનીના શેરની બુક વેલ્યુ રૂ.૮૮ જેટલી ઉંચી છે. કંપનીમાં પ્રમોટર્સ ૫૩.૩૦ ટકા અને પબ્લિક ૪૬.૭૦ ટકા સ્ટેક ધરાવે છે. કંપનીમાં પ્રમોટરોએ જાન્યુઆરી થી જુન ૨૦૨૦ વચ્ચે ૧.૫૬ ટકા સ્ટેક માર્કેટમાંથી શેર ખરીદીને વધાર્યો છે જે કંપનીના શેર હોલ્ડરો માટે વિશ્વાસ વધારનારી વાત કહી શકાય.

નાણાકીય વર્ષ ૨૦૨૦માં કંપનીનું વેચાણ રૂ.૯૫.૭૯ કરોડ રહ્યું છે જયારે કંપનીનો નફો ૬૩ ટકા વધીને રૂ.૧૧.૬૧ કરોડ થયો છે. કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૨૦ માટે રૂ.૨૨.૯૦ની ઈપીએસ હાંસલ કરી છે. વર્તમાન ભાવે આ સ્ટોક માત્ર ૩.૮ના સાવજ નીચા પીઈથી ક્વોટ થઈ રહ્યો છે. ચા એક જરૂરિયાતની વસ્તુ છે અને લોકડાઉનમાં જે રીતે ચાના ભાવો વધ્યા છે એ જોતા જુન ક્વાર્ટરમાં પણ આ સેક્ટર સારો દેખાવ કરતુ જોવા મળશે

વર્તમાન ભાવે આ સ્ટોક રોકાણ માટે ખુબજ આકર્ષક લાગી રહ્યો છે. રોકાણકારોએ રૂ.૬૮ના સ્ટોપ લોસ સાથે મધ્યમથી લાંબાગાળા માટે રોકાણ કરી શકાય.

Cont....

Dark Horse-2

AGARWAL INDUSTRIAL CORPORATION LTD (531921 & NSE) (81) (Face Value Rs.10) (NSE Symbol: "AGARIND")

કંપની ડામર અને ડામરના પ્રોડક્ટ્સનું ઉત્પાદન કરે છે. કંપની ડામરના પ્રોડક્ટ્સની આયાત પણ કરે છે અને આયાત થયેલ ડામરને રાખવા માટે કંપની પાસે બેલગામ, હલ્દીયા, ડીઘી,હઝીરા ખાતે સ્ટોરેજ સ્પેસ પણ છે.

કંપનીની ઈક્વિટી માત્ર રૂ.૧૦.૨૬ કરોડ છે જેની સામે કંપની પાસે રૂ.૧૪૭.૨૫ કરોડનું જંગી રીઝર્વ છે. કંપનીમાં પ્રમોટર્સ ૫૯.૩૩ ટકા સ્ટેક ધરાવે છે.

Particulars	Year Ended		
	FY20	FY19	% Var.
Sales	787.03	531.47	48
PAT	25.55	13.45	90
EPS	24.91	13.11	90

Month of Latest High	May 2017
High price	791
CMP	81
Discount from high	90%

માર્ચ ક્વાર્ટરમાં કંપનીનો નફો ૨૭.૫૯ ટકા વધીને રૂ.૬.૧૫ કરોડ થયો છે જયારે વેચાણ ૫૭.૨૮ ટકા વધીને રૂ.૨૯૪.૩૧ કરોડ થયું છે. નાણાકીય વર્ષ ૨૦૨૦માં કંપનીનો નફો ૯૦ ટકા વધીને રૂ.૨૫.૫૫ કરોડ થયો છે જયારે વેચાણ ૪૮ ટકા વધીને રૂ.૭૮૭.૦૩ કરોડ થયું છે. નાણાકીય વર્ષ ૨૦૨૦માં કંપનીએ રૂ.૨૪.૯૧ની ઈપીએસ હાંસલ કરી છે.

વર્તમાન ભાવે સ્ટોક માત્ર ૩.૨૫ના સાવજ નીચા પીઈથી ક્વોટ થઈ રહ્યો છે. શેરનો ઓલટાઈમ હાઈ ભાવ રૂ.૭૯૧ હતો જે મે ૨૦૧૭માં જોવાયો હતો જેની સામે સ્ટોક હાલમાં ૯૦ ટકા નીચે ક્વોટ થઈ રહ્યો છે.

વર્તમાન ભાવે આ સ્ટોક રોકાણ માટે ખુબજ આકર્ષક લાગી રહ્યો છે. રોકાણકારોએ રૂ.૬૭ના સ્ટોપ લોસ સાથે મધ્યમથી લાંબાગાળા માટે રોકાણ કરી શકાય.

Stock Buzz

Subramanian Mahadevan
dolphincapital@gmail.com



Godrej Agrovet Limited (Rs. 458.00)
Nurturing Feed!

ગોદરેજ એગ્રોવેટ લિમિટેડ (જીએએલ) વૈવિધ્યસભર, રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ કેન્દ્રિત કૃષિ બિઝનેસ કંપની છે, જે નવીન પ્રોડક્ટ્સ અને સેવાઓ દ્વારા પાક અને પશુધનની ઉત્પાદકતામાં વધારો કરીને ભારતીય ખેડૂતોની કાર્યક્ષમતા વધારવા માટે કટીબદ્ધ છે. ગોદરેજ એગ્રોવેટ લિમિટેડ ભારતના પ્રતિષ્ઠિત ગોદરેજ સમૂહની કંપની છે, જે તેના મૂલ્યો, કોર્પોરેટ ગવર્નન્સ માટે જાણીતું છે. ગોદરેજ પ્રોપર્ટીઝ, ગોદરેજ કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ વગેરેની માફક ગોદરેજ એગ્રોવેટ લિમિટેડ પણ લિસ્ટેડ કંપની છે, જેણે રિટેઇલ શેરધારકો માટે નોંધપાત્ર મૂલ્યનું સર્જન કર્યું છે.

ઉલ્લેખનીય છે કે ગોદરેજ એગ્રોવેટ લિમિટેડ પશુ આહાર, પાક સંરક્ષણ, ઓઇલ પામ, ડેરી અને પોલ્ટ્રી તેમજ પ્રોસેસ્ડ ફુડ સેગમેન્ટમાં કાર્યરત છે અને મજબૂત ઉપસ્થિતિ ધરાવે છે. ઈનોવેશન કંપનીની વૃદ્ધિનું મુખ્ય ચાલકબળ છે અને કંપની કૃષિ ઉત્પાદકતા વધારવા માટે સતત સંશોધન આધારિત સોલ્યુશન્સ પ્રદાન કરતી રહે છે, જેનાથી ખેડૂતોની પણ નફાકારકતા વધી છે. ઉદાહરણરુપે, નવીન પ્રકારના પશુ આહારથી પશુઓનું દૂધ ઉત્પાદન વધ્યું છે. તેના પાક સંરક્ષણ બિઝનેસે વિપુલ, વિકાસ, કમ્બાઇન અને હિટવીડ જેવી વિશેષ પ્રોડક્ટ્સ દ્વારા સંપૂર્ણ પાક રક્ષણ પ્રદાન કર્યું છે. વર્ષ ૨૦૧૫માં કંપનીએ પશુ સંશોધન અને વિકાસ માટે મહારાષ્ટ્રના નાશિકમાં નાદિર ગોદરેજ સેન્ટરની સ્થાપના કરી હતી, જે ભારતમાં ખાનગી કંપની દ્વારા સ્થાપિત પોતાના પ્રકારનું પ્રથમ એનિમલ હસબન્ડરી રિસર્ચ સેન્ટર છે. તેનાથી પશુઓની ઉત્પાદકતામાં વધારો થયો છે.

ભારતમાં કમ્પાઉન્ડ ફીડ માર્કેટમાં ગોદરેજ એગ્રોવેટ લિમિટેડનો એનિમલ ફીડ બિઝનેસ સંગઠિત કંપનીઓમાં સૌથી મોટા પૈકીનો એક છે અને કેટલ, પોલ્ટ્રી, એક્વા ફીડ અને સ્પેશિયાલિટી ફીડમાં તેનું વાર્ષિક વેચાણ મિલિયન ટનથી પણ વધુ છે. એનિમલ પ્રોટિન ક્ષેત્રે ઉપસ્થિતિને વિસ્તારવાની મહાત્વાકાંક્ષા સાથે કંપનીએ દક્ષિણ ભારતમાં અગ્રણી ડેરી કંપની ક્રિમ લાઇન ડેરી પ્રોડક્ટ્સ લિમિટેડમાં બહુમતી હિસ્સો હસ્તગત કર્યો છે. કંપની આન્ધ્ર પ્રદેશ, તેલંગાણા, તમિળ નાડુ, કર્ણાટક અને મહારાષ્ટ્રીમાં નોંધપાત્ર ઉપસ્થિતિ ધરાવે છે.

તે કર્ડ, ફ્લેવર્ડ યોગર્ટ અને આઇસક્રીમ જેવી મૂલ્યવર્ધિત પ્રોડક્ટ પોર્ટફોલિયો ધરાવે છે. કંપનીના પોલ્ટ્રી બિઝનેસમાં ગોદરેજ ટાઇસન ફુડ્સ સામેલ છે, જેની બે જાણીતી બ્રાન્ડ્સ રિયલ ગુડ ચિકન અને યુમિઝ ટાયસન ફુડ્સ સાથેના સંયુક્ત સાહસમાં છે. ભારતમાં ગોદરેજ ટાયસન ફુડ્સ પ્રોસેસ્ડ પોલ્ટ્રી સેગમેન્ટમાં બીજા ક્રમની સૌથી મોટી કંપની છે. કંપનીના શેરની કિંમત ઓક્ટોબર ૨૦૧૭માં આઇપીઓની શેરદીઠ રૂ. ૪૭૦ની આસપાસ છે અને તેના મુખ્ય રોકાણકારોમાં ટેમસેક, અબેર્ડીન, નોમુરા ઇન્વેસ્કો, જેપી મોર્ગન વગેરે સહિતના મ્યુચ્યુઅલ ફંડ સામેલ છે. મજબૂત પ્રોડક્ટ પોર્ટફોલિયો સાથે કંપનીમાં પ્રમોટર્સની હિસ્સેદારી ૬૮.૮ ટકા છે. તેના ડેરી બિઝનેસે વાર્ષિક ૧૨૦૦ કરોડથી વધુની આવકો પ્રાપ્ત કરી છે. આ કંપનીમાં આગામી વર્ષોમાં સારા વળતરની આશાએ દરે ઘટાડે ખરીદીના વ્યૂહ સાથે રોકાણ કરી શકાય.

Technical Trading Trends

- Parag Salot
(SEBI Registered Research Analyst)
M. : 91-9930011789



Nifty Overview : In Last Trading Session, Nifty closed at 11104. As informed in last session, Nifty resistance to be at 11200/11300 levels and you can see that Nifty touched 11300 and again down. Our view remains same as last week - Nifty is already at resistance and thus we suggest to avoid buy in Nifty, rather sell at rise or wait for selling opportunity based on intra-day charts. We will review our levels only if Nifty closes above 11300. If Nifty closes above 11300 then it can open upside till 11600 else we would like to sell Nifty at rise.

Bank Nifty Overview: In Last Trading Session, Bank Nifty closed at 21695. Bank Nifty support is at 21300. Bank Nifty resistance at 22200 levels and if crosses 22200 then can touch 22900 levels.

Trading Results

Scrip Name	BSE Code	Buy / Sell	Enter at	Did High/ Low	Remarks
Adani	512599	Buy	165	191	Target Achieved
Exide	500086	Buy	151	157	Did High
Sun Pharma	524715	Buy	470	540	Target Achieved
Wipro	500209	Sell	290	281.70	Did Low

Trading Buy

Scrip Name	BSE Code	Last Close	Enter at Between	1st Tgt.	2nd Tgt.	Stop Loss
Cadila	532321	391	384/390	400	415	374
Canara Bank	532483	101	95/100	110	125	88
Lupin	500257	918	900/905	925	940	885
SRTRANSFIN	511218	695	685/695	705	725	677
Sun Pharma	524715	484	475/480	490	510	467
Tata Motors	500570	105	94/98	110	120	89

Trading Sell

Scrip Name	BSE Code	Last Close	Enter at Between	1st Tgt.	2nd Tgt.	Stop Loss
Infy	500209	972	990/1000	980	960	1009
Biocon	532523	414	430/435	425	410	445
Tata Consumer	500800	429	450/455	435	420	465
Wipro	507685	281	295/302	285	270	315

Note: All calls are momentum calls based on technical analysis and all levels as per future prices (If scrip not available in futures then BSE Cash price). All these calls are given based on daily charts but intra-day signals are equally important to enter the trade in a timely manner. Timing is very important and we at shareinfoline.com give you timely calls based on intra-day charts. Read Disclaimer at ***ShareInfoline.com***

TECHNICAL TALK Dhananjay Kadam

TECHNICAL ANALYST, M. 7588622374



Corrections Are Temporary, Growth Is Permanent

જેકે સિમેન્ટ (પાછલો બંધ રૂ. ૧૫૦૦)

આ કંપની સિમેન્ટ અને સિમેન્ટ પ્રોડક્ટ્સના ઉત્પાદનમાં કાર્યરત છે. તેના પ્રોડક્ટ પોર્ટફોલિયોમાં ગ્રે સિમેન્ટ, વ્હાઇટ સિમેન્ટ અને વોલ પુટ્ટી સામેલ છે.



૫૨ સપ્તાહની ટોચની સપાટી – ૧૫૬૪.૮૫

૫૨ સપ્તાહની નીચલી સપાટી – ૭૯૫.૨૫

બુલ વેલ્યુ – ૩૯૧.૮૪

સ્ટોક પીઈ – ૨૩.૭૨

ડિવિડન્ડ ઉપજ – ૦.૪૯ ટકા

આરઓસીઈ – ૧૨.૮૧ ટકા

આરઓઈ – ૧૧.૪૦ ટકા

વેચાણ વૃદ્ધિ (૩ વર્ષ) – ૬.૪૩ ટકા

છેલ્લાં પાંચ વર્ષમાં કંપનીએ નફામાં ૨૮.૧૪ ટકાની સતત વૃદ્ધિ નોંધાવી છે

કંપની ૨૮.૩૧ ટકાનો સારો ડિવિડન્ડ પેઆઉટ જાળવી રાખ્યો છે.

ટેકનીકલ્સ – દૈનિક ચાર્ટ્સ ઉપર ચેનલ કન્ટિન્યુએશન પેટર્ન જોવા મળી રહી છે. આ કંપનીમાં રૂ. ૧૬૨૦-૧૬૮૦ના ટાર્ગેટ સાથે વ્યૂહ અપનાવી શકાય. સ્ટોપ લોસ રૂ. ૧૪૫૭ અને સમયગાળો ૨૧ દિવસ છે.

એસએમએસ ફાર્મા (પાછલો બંધ રૂ. ૭૫)

–એસએમએસ ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડ બલ્ક ડ્રગ્સ અને એક્ટિવ ફાર્માસ્યુટિકલ ઇન્ગ્રિડિયન્ટ્સ (એપીઆઇ) તથા ઇન્ટરમિડિયેટ્સના ઉત્પાદન અને વેચાણમાં કાર્યરત છે. તે એમપીઆઇ ઉત્પાદનમાં વૈશ્વિક સ્તરે અગ્રેસર છે તથા અદ્યતન એકમો સાથે મજબૂત રિસર્ચ અને મેન્યુફેક્ચરિંગ ટીમ ધરાવે છે. કંપની ૭૦થી વધુ દેશોમાં ઉપસ્થિતિ ધરાવે છે.



૫૨ સપ્તાની ટોચની સપાટી – ૭૪.૬૦

૫૨ સપ્તાહની નીચલી સપાટી – ૨૩.૫૫

બુક વેલ્યુ – ૪૩.૩૮

સ્ટોક પીઈ – ૧૮.૫૯

ડિવિડન્ડ ઉપજ – ૦.૩૫ ટકા

આરઓસીઈ – ૧૫.૯૬ ટકા

આરઓઈ – ૧૨.૯૩ ટકા

વેચાણ વૃદ્ધિ (૩ વર્ષ) - -૮.૭૩ ટકા

ટેકનીકલ્સ – દૈનિક ચાર્ટ્સ ઉપર બુલિશ ચેલન કન્ટિન્યુએશન પેટર્ન જોવા મળી રહી છે. આ કંપનીમાં રૂ. ૯૧ના ટાર્ગેટ સાથે વ્યૂહ અપનાવી શકાય. સ્ટોપ લોસ રૂ. ૭૦ અને સમયગાળો ૧૫ દિવસ છે. આભાર - નિહારીકા રવિયા

TRADNICAL STRATEGY

Email: nimesh@nimeshthaker.com, M. 9228237373
NIMESH THAKER, BARODA
Sebi Registered NO. : INH000005874



મંદીવાળા બુલ રેલીને રોકવામાં સફળ રહ્યા પરંતુ

ગયા અઠવાડિયે મેં કહ્યું હતું કે "નિફ્ટી ૧૧૨૫૦-૧૧૩૦૦ એ તેજીવાળા માટે મોટો પડકાર છે", આપણે જોયું કે નિફ્ટી છ અઠવાડિયાના સતત વધારા પછી સાપ્તાહિક ધોરણે નકારાત્મક બંધ રહ્યો છે. જો આપણે ઓગસ્ટ મહિના ની નિફ્ટી ચાલ વિશે વિચારીએ તો નિફ્ટીમાં મોટી તેજી ની શક્યતા ઓછી છે. કારણ કે જૂન અને જુલાઈમાં નિફ્ટીએ દરેક મહિનામાં ૭.૫% વળતર આપ્યું હતું. તેથી બીજી રીતે કહીયે તો બે મહિનામાં ૧૫% ઉછાળા પછી ઓગસ્ટ માં નિફ્ટીમાં મોટી ચાલની સંભાવના ઓછી છે.

ટેક્નિકલ ચાર્ટ દ્રષ્ટિકોણ પર, સાપ્તાહિક ચાર્ટ પર ઇનવૅટેડ હેમર પ્રકારની રચના તેજી વાળા માટે સાવચેતી સૂચવે છે. જો કે આ પેટર્ન બન્યા પછી તેની પુષ્ટિની જરૂર હોય છે જે હજુ ચાર્ટ પર જોવા નથી મળી. તેથી, વર્તમાન તબક્કે કોઈ મોટુ નફા બુકિંગ આવશે તેવી આગાહી કરવી વહેલી વહેલી છે. તેથી આપણે જે ટ્રેન્ડ ચાલી રહ્યો છે તેની સાથે આગળ વધીશું અને ઘટાડે ખરીદવા ની સ્ટ્રેટેજી પર જઈશું. ડાઉનસાઇડ પર ૧૦૯૨૦-૧૦૮૫૦ નિફ્ટી માટે મજબૂત સપોર્ટ ઝોન રહશે જ્યારે ૧૧૨૪૦-૧૧૩૦૦ ઝોન મુખ્ય પ્રતિકાર તરીકે કાર્ય કરશે, તેનાથી ઉપર આપણે નિફ્ટીમાં ૧૧૪૫૦ સ્તરની અપેક્ષા રાખી શકીએ છીએ.

ઓપ્શન સ્થિતિ મુજબ નિફ્ટીએ ૧૧૦૦૦-૧૦૯૫૦ પર મજબૂત સપોર્ટ બનાવ્યો છે અને સૂચવે છે કે ટૂંકા ગાળાના વેપારીઓ ૧૧૦૦૦-૧૦૯૫૦ ઝોનથી નીચેના નિફ્ટીની અપેક્ષા કરતા નથી. જો કે ઉપર ની બાજુ ૧૧૩૦૦-૧૧૩૫૦ ના સ્તરે બંધાયેલ છે.

મને લાગે છે કે મંદી વાળા બુલ રેલી ને રોકવામાં સફળ રહ્યા હતા, પરંતુ બીજા ઇન્ડિકેટર અને ઓપ્શન પોઝિશન સૂચવે છે કે મંદી વાળા વધારે ટકી શકશે નથી અને આપણે ફરી તેજીવાળા નો હુમલો કરશે. તેથી હું ૧૦૮૫૦ ની નીચેના સ્ટોપલોસ અને ૧૧૩૦૦-૧૧૪૫૦ ના લક્ષ્યાંક સાથે ૧૧૦૦૦ ની નજીકના કોઈપણ ઘટાડા પર નિફ્ટી ખરીદવાની ભલામણ કરું છું.

તમારા સ્ટોક સંબધિત પ્રશ્નો માટે તમે મને ૯૨૨૮૨૩૭૩૭૩ પાર સંપર્ક કરી શકો છો


Lupin : Buy Range: 926-910

Target: 970-1010 Stop loss : 890

Allocation: 10% of trading capital

વિશાળ વોલ્યુમ સાથે કન્સોલિડેશન રેન્જ માંથી ૯૦૫ ના લેવલ ના રેઝિસ્ટન્સ નું બ્રેક આઉટ જોવા મળ્યુ છે જે મજબૂતી દર્શાવે છે . હું અપેક્ષા રાખું છું કે ટૂંકા ગાળામાં સ્ટોક ૯૭૦-૧૦૧૦ સુધી પહોંચી શકે છે તેથી બંધ આધારે ૮૯૦ નીચે સ્ટોપ-લોસ સાથે ખરીદવાની ભલામણ છે.

Techno Funda sound stocks



Sachin Shah : (Mumbai)
growyourwealthwithsachin@gmail.com
M. : 9372144204

Some of my multi-bagger recommendations in SMART INVETSMENT

Recomm. Date	Stocks	Rate	High Price	Appreciation
5th Nov 18	DIVIS LAB	1499	2645	76%
19th Nov 18	RELIANCE IND	1127	2199	95%
14th Jan-19	Muthoot Finance	536.7	1406	162%
	Torrent Pharma	1880.9	2755	46%
28th Jan-19	GRANULES	94.7	311	228%
4th Feb-19	DR REDDYS	2786	4560	64%
11th March-19	P I INDUSTRIES	993	1838	85%
10th June-19	GMM PFAUDLER	1380	4630	236%
30th Sep-19	RALLIS INDIA	174	324	86%
7th Oct-19	DIXON TECH	3000	7800	160%
11th Nov-19	IPCA LAB	1070	1902	78%
18th Nov-19	NAVIN FLOURINE	909	1915	111%
27th April-20	LAURUS LAB	495	945	91%
25th May-20	CIPLA	639.35	724	13%
15th June-20	DAAWAT	36	55.7	55%

NATCO PHARMA LTD
(524816 & NSE) (782.55) (FV 2)

૧૯૮૧માં શરુ થયેલ નાટકો ફાર્મા હૈદરાબાદ ખાતે હેડ ક્વાર્ટર ધરાવે છે. કંપની એપીઆઈ થી લઈને ફોર્મ્યુલેશન સુધીના ફાર્મા પ્રોડક્ટ્સનું ઉત્પાદન કરે છે અને ભારત તેમજ વિશ્વના અનેક દેશોમાં નિકાસ પણ કરે છે.

Technical Observations:

સ્ટોક હાલમાં ૭૮૨ પાસે ક્વોટ થઈ રહ્યો છે અને ૫, ૧૦, ૨૦, ૫૦, ૨૦૦ દિવસની સિમ્પલ અને એક્સપોનેન્શીયલ મુવિંગ એવરેજીસ ઉપર ટ્રેડ કરી રહ્યો છે. ડેઈલી, વીકલી અને મંથલી ચાર્ટમાં એડીએક્સ, એમએસીડી, પેરાબોલિક એસએઆર અને સુપર ટ્રેન્ડ બાય મોડમાં છે. સ્ટોકમાં વર્તમાન ભાવે અને કોઈ પણ ઘટાડામાં ૧૮ થી ૨૧ મહિનાના ૧૦૪૫ના ટાર્ગેટ માટે રોકાણ કરી શકાય.



Cont...

DISHMAN CARBOGEN AMCIS LTD (540701 & NSE) (196.55) (FV 2)



દિશમાન કાર્બોજીન એમસીસ ફાર્માસ્યુટિકલ અને બાયોફાર્માસ્યુટિકલ પ્રોડક્ટ્સનું ઉત્પાદન કરે છે. કંપની એપીઆઈથી લઈને ડ્રગ પ્રોડક્ટ્સ સુધી વિવિધ પ્રકારના પ્રોડક્ટ્સ બનાવે છે. કંપની વિટામીન ડી અને કોલેસ્ટ્રોલ રીલેટેડ પ્રોડક્ટ્સ પણ બનાવે છે અને વિટામીન ડીના ઉત્પાદનમાં કંપની ટોપની કંપનીઓમાં સ્થાન ધરાવે છે. થોડા સમય પહેલા જ બિગબુલ રાકેશ ઝુનઝુનુનવાલાએ કંપનીમાં સ્ટેક ખરીદ્યો છે.

Technical Observations : સ્ટોક હાલમાં ૧૯૬ પાસે ક્વોટ થઈ રહ્યો છે અને ૫, ૧૦, ૨૦, ૫૦, ૨૦૦ દિવસની સિમ્પલ અને એક્સપોનેન્શીયલ મુવિંગ એવરેજીસ ઉપર ટ્રેડ કરી રહ્યો છે. ડેઈલી, વીકલી અને મંથલી ચાર્ટમાં એડીએક્સ, એમએસીડી, પેરાબોલિક એસએઆર અને સુપર ટ્રેન્ડ બાય મોડમાં છે. સ્ટોકમાં વર્તમાન ભાવે અને કોઈ પણ ઘટાડામાં ૨૧ થી ૨૪ મહિનાના ૩૯૦ના ટાર્ગેટ માટે રોકાણ કરી શકાય.

શ્યોર શોટ્સ

- Dilip K. Shah

Sonata Software (રૂ. ૨૬૩.૦૦) (કોડ : ૫૩૨૨૨૧)

BSE ખાતે B ગ્રુપમાં લીસ્ટેડ આ કંપનીના શેરની ફેસ વેલ્યુ રૂ.૧ છે. વર્ષ દરમ્યાન શેરનો ભાવ વધીને રૂ.૩૫૪.૪ અને ઘટીને રૂ.૧૪૮.૧ જોવાયો છે. કંપનીની ઈક્વિટી રૂ.૧૦.૩૮ કરોડ છે જેની સામે કંપની પાસે રૂ.૬૫૯ કરોડનું રીઝર્વ છે. માર્ચ ક્વાર્ટરમાં કંપનીની આવક રૂ.૮૩૬ કરોડથી વધીને રૂ.૯૨૯ કરોડ થઇ છે જ્યારે કંપનીનો નફો રૂ.૬૫ કરોડથી ઘટીને રૂ.૬૨ કરોડ થયો છે. કંપનીએ માર્ચ ક્વાર્ટરમાં રૂ.૫.૯૫ની ઈપીએસ હાંસલ કરી છે. નાણાકીય વર્ષ ૨૦૨૦માં કંપનીની આવક રૂ.૨૯૬૧ કરોડથી ઘટીને રૂ.૩૭૪૩ કરોડ થઇ છે જ્યારે કંપનીનો નફો રૂ.૨૪૯ કરોડથી વધીને રૂ.૨૭૭ કરોડ થયો છે. કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૧૯ ૧૨૭૫ ટકા વચગાળાનું ડિવિડન્ડ ચુકવ્યું હતું જ્યારે નાણાકીય વર્ષ ૨૦૨૦ માટે કંપનીએ ૨૦૨૫ ટકા એટલે કે રૂ.૨૦.૨૫નું ખુબજ તગડું ડીવીડન્ડ ચુકવ્યું છે. આ સ્ટોક વર્તમાન ભાવે ૯.૯ આસપાસના P/E થી ક્વોટ થઇ રહ્યો છે. આઈટી શેરોમાં જુલાઈ મહિનામાં સુધારો જોવા મળ્યો છે એમાં પણ મિડકેપ આઈટી શેરોએ ખુબજ સારો દેખાવ કર્યો છે. વર્તમાન ભાવે કંપનીની માર્કેટકેપ રૂ.૨૭૭૧ કરોડ છે. કંપનીમાં પ્રમોટરો ૨૮.૧૭ ટકા અને પબ્લિક ૭૦.૬૪ ટકા સ્ટેક ધરાવે છે. સ્ટોકમાં ઘટાડામાં રોકાણ કરી શકાય. વોલેટાઈલ માર્કેટમાં આઈટી સ્ટોક સેફ બેટ બની શકે છે અને આ સ્ટોક સ્ટેડી રીટર્ન આપી શકે છે. કંપનીમાં મ્યુચ્યુઅલ ફંડો પાસે ૧૨.૨૧ ટકા સ્ટેક છે જ્યારે વિદેશી ફંડો પાસે પણ ૧૦.૩૭ ટકા જેટલો ઉંચો સ્ટેક છે.

Dixon Techno (રૂ. ૭૬૨૯.૦૦) (કોડ : ૫૪૦૬૯૯)

કંપની ઈલેક્ટ્રોનિક ઉપકરણો જેવા કે સેટ ટોપ બોક્સ, મોબાઈલ અને એલઈડી પેનલનું ઉત્પાદન કરતી અગ્રણી કંપની ગણાય છે. કંપની વોશિંગ મશીન પાર્ટ્સ, એલઈડી લાઈટ્સ, સિક્યુરીટી સર્વેલન્સ સિસ્ટમ્સ જેવા ઉપકરણો બનાવે છે. આ પ્રોડક્ટ્સ આમ તો મોટા પાયે ભારતમાં આયાત થાય છે પણ હવે સરકાર વોકલ ફોર લોકલને મજબુત કરવા માટે કામ કરી રહી છે જેના લીધે આયાત થતા સામાનો ઉપર ડ્યુટી લગાડી શકે છે જેનો ફાયદો આ કંપનીને અને ડોમેસ્ટિક સેક્ટરને મળી શકે છે અને સરકારે ટીવીના પાર્ટ્સ સરકારને જાણ વગર આયાત કરવા ઉપર પ્રતિબંધ લગાવ્યો છે જેનો ફાયદો પણ સીધો જ આ કંપનીને મળશે. બીએસઈ ખાતે બી ગ્રુપમાં લીસ્ટેડ આ કંપનીના શેરની ફેસ વેલ્યુ રૂ.૧૦ છે. વર્ષન દરમ્યાન શેરનો ભાવ વધીને રૂ.૭૮૦૯.૭૫ અને ઘટીને રૂ.૧૫૬૦ જોવાયો છે. વર્તમાન ભાવે કંપનીની માર્કેટ કેપ રૂ.૮૮૫૧.૨૨ કરોડ છે. કંપનીમાં પ્રમોટર્સ ૩૬.૧૧ ટકા, મ્યુચ્યુઅલ ફંડ્સ ૨૦.૯૯ ટકા, એફઆઈઆઈ ૧૨.૨૭ ટકા અને પબ્લીક ૨૯.૬૮ ટકા સ્ટેક ધરાવે છે. કંપનીની ઈક્વિટી માત્ર રૂ.૧૨ કરોડ છે જેની સામે કંપની પાસે રૂ.૫૩૦ કરોડનું રીઝર્વ છે. નાણાકીય વર્ષ ૨૦૨૦માં કંપનીનો નફો રૂ.૬૩ કરોડથી વધીને રૂ.૧૨૦ કરોડ થયો છે. જ્યારે કંપનીનું વેચાણ રૂ.૨૯૮૪ કરોડથી વધીને રૂ.૪૪૦૦ કરોડ થયું છે. નાણાકીય વર્ષ ૨૦૨૦માં કંપનીનો ઓપરેટીંગ પ્રોફિટ રૂ.૧૩૬ કરોડથી વધીને રૂ.૨૨૩ કરોડ થયો છે. કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૨૦માં રૂ.૧૦૬.૧૨ની ઈપીએસ હાંસલ કરી છે. નીચા મથાળેથી સ્ટોક ઓલટાઈમ હાઈ બનાવી ચુક્યો છે ત્યારે કરેકશનના કોઈ પણ તબક્કામાં રોકાણ કરી શકાય.

Godrej Agrovet (રૂ. ૪૫૮.૦૦) (કોડ : ૫૪૦૭૪૩)

૧૯૯૧માં સ્થપાયેલી આ કંપની એગ્રી બિઝનેસની સાથે એનીમલ ફીડ, ક્રોપપ્રોટેક્શન, ઓઈલપામ, ડેરી અને પોલ્ટ્રી અને પ્રોસીસ્ડફૂડ જેવા સેગમેન્ટમાં કાર્યરત છે. કંપની ૨૦૧૭ના અંતમાં રૂ.૪૬૦ના ભાવે આઈપીઓ લઈને આવી હતી. BSE ખાતે A ગ્રુપમાં લીસ્ટેડ આ કંપનીના શેરની ફેસવેલ્યુ રૂ.૧૦ છે. લીસ્ટીંગ બાદ શેરનો ભાવ વધીને રૂ.૫૯૭.૯૫ અને ઘટીને રૂ.૨૬૫ જોવાયો છે. વર્તમાન ભાવે કંપનીની માર્કેટકેપ રૂ.૮૮૧૦ કરોડ છે. કંપનીમાં પ્રમોટરો ૭૦.૦૭ ટકા અને પબ્લિક ૨૯.૯૩ ટકા સ્ટેક ધરાવે છે. જુન ક્વાર્ટરમાં કંપનીએ રૂ.૧૫૬૨.૪ કરોડની આવક ઉપર રૂ.૧૦૦.૬ કરોડનો નફો હાંસલ કર્યો છે. લોકડાઉન છતાં કંપનીના જુન ક્વાર્ટરના નફામાં ૨૯.૭ ટકાનો સુધારો જોવાયો છે. નાણાકીય વર્ષ ૨૦૨૦માં કંપનીની આવક રૂ.૫૯૧૭.૭૩ કરોડથી વધીને રૂ.૬૯૬૪.૦૪ કરોડ થઇ હતી જ્યારે નફો રૂ.૩૨૯.૦૪ કરોડથી ઘટીને રૂ.૩૦૬.૧૯ કરોડ થયો હતો. કંપનીની ઈક્વિટીરૂ.૧૯૨.૦૩ કરોડ છે. રીઝર્વ રૂ.૧૬૪૬ કરોડ છે. ખાસ કરીને કંપની જે બિઝનેસમાં છે એ બધા બિઝનેસ ઘણો સારો દેખાવ કરી રહ્યા હતા. કંપનીની પાછળ ગોદરેજ ગ્રુપનું બેકિંગ લાગે છે ત્યારે આ સ્ટોકમાં તબક્કાવાર રોકાણ માટે વિચારી શકાય. નાણાકીય વર્ષ ૨૦૧૯ માટે કંપનીએ ૪૫ ટકાનું ડીવીડન્ડ ચુકવ્યું હતું અને નાણાકીય વર્ષ ૨૦૨૦ માટે કંપનીએ ૫૫ ટકા ડીવીડન્ડ ચુકવ્યું છે. કોરોના વાયરસની અસર કંપનીના બધા બીઝનેસમાં જોવા મળી નથી અને કંપનીના ડેરીથી લઈને ક્રોપ પ્રોટેક્શન જેવા બીઝનેસ સારો દેખાવ લોકડાઉન પછી તરત કરવા લાગ્યા છે જે જુન ક્વાર્ટરના પરિણામો ઉપરથી સ્પષ્ટ દેખાય છે અને સરકારનું ફોકસ આ સેક્ટરમાં હોવાથી લોંગ ટર્મ માટે સ્ટોકમાં રોકાણ માટે વિચારી શકાય.

Cont...

Tech Mahindra (રૂ. ૬૭૫.૦૦) (કોડ : ૫૩૨૭૫૫)

આઈ.ટી. કન્સલ્ટીંગ એન્ડ સોફટવેર ક્ષેત્રે કાર્યરત એ ગ્રુપની આ કંપનીના શેરની ફેઈસવેલ્યુ રૂ. ૫ છે. શેરનો ભાવ બાવન સપ્તાહ દરમ્યાન વધીને રૂ. ૮૪૫ અને ઘટીને રૂ. ૪૭૦ જોવાયો છે. કંપનીમાં પ્રમોટર્સ હોલ્ડિંગ ૩૫.૮૩ ટકા છે. બુકવેલ્યુ રૂ. ૨૩૧ છે. મહિન્દ્રા ગ્રુપ દ્વારા પ્રમોટ કરવામાં આવેલ, ૨૧ બીલીયન યુ.એસ. ડોલરનો બિઝનેસ ધરાવતી આ કંપની ૧૦૦ દેશોમાં ૨૪૦૦૦૦ કર્મચારીઓ કાર્યરત છે. આ કંપનીમાં મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ૨૬.૦૪ ટકા સ્ટેક ધરાવે છે. આ કંપની ડીજીટલ ટ્રાન્સફરમેશન, કન્સલ્ટીંગ, બિજનેસ રિએન્જીનીયરીંગ તેમજ સોલ્યુસન્સ તરીકે ગ્લોબલ માર્કેટમાં મહત્વનું સ્થાન ધરાવે છે. કંપની કુલ આવકમાં ૫૦ ટકા હિસ્સો યુ.એસ., ૨૫ ટકા યુરોપ અને ૨૫ ટકા વિશ્વના અન્ય દેશોમાં છે. ઈન્ડસ્ટ્રીઝવાઈઝ આવકને ધ્યાનમાં લેવામાં આવે તો, ગત વર્ષે કોમ્યુનિકેશન્સની ૪૧.૬ ટકા, મેન્યુફેક્ચરીંગ ૧૮.૧ ટકા અને બેન્કિંગ ફાયનાન્સીયલ સર્વિસીસ, ઈન્સયુરન્સની ૧૩.૬ ટકા, હેન્થકેર લાઈફ સાયન્સ ૧૪.૬ ટકા અને ગર્વમેન્ટ તેમજ અન્ય આવક ૧૨.૧ ટકા છે. ટેકનો, મીડીયા ૭.૭ ટકા, રીટેલ લોજીસ્ટીક્સ ૬.૯ ટકાનો સમાવેશ થાય છે. ૩૧ માર્ચ ૨૦૨૦ ના અંતે કંપનીએ ૨૯૨૨૫ કરોડની આવક ઉપર રૂ. ૨૩૬૬ કરોડની અન્ય આવક સાથે ૪૫૩૫ કરોડનો નેટ નફો તેમજ ૪૮૩ કરોડની ઈક્વિટી ઉપર રૂ. ૪૬.૮૯ ની ઈપીએસ નોંધાવેલ હતી. ઓપરેટીંગ પ્રોફિટ માર્જીન ૨૦.૫૩ ટકા, નેટ પ્રોફિટ માર્જીન ૧૫.૫૨ ટકાના જોવાયા છે. આ સાથે કંપનીએ ૩૦૦ ટકા ડિવિડંડ જાહેર કર્યું છે. જુન ૨૦૨૦ માં પુરા થતા ક્વાર્ટરમાં ાવક ૭૧૬૫ કરોડની અન્ય આવક ૧૭૨ કરોડ, નેટ નફો ૮૫૪ કરોડ જ્યારે ક્વાર્ટલી ઈપીએસ ૮.૮૩ નો જોવાયો હતો. આરઓસીઈ ૨૨.૬ ટકા, કેશ અને રીઝર્વ ૮૮૦૪ કરોડ છે. કંપનીનું મ્યુચ્યુઅલ ફંડ, એફ.ડી., એનસીડીએસ માં રોકાણ ૪૭૬૦ કરોડનું છે. કંપનીએ ૨૦૧૯ માં શેર બાયબેક કર્યા હતા. એફપીઆઈનો સ્ટેક ૩૯.૫૯ ટકા, મ્યુચ્યુઅલ ફંડોનું હોલ્ડિંગ ૮.૧૦ ટકા છે. ઈક્વિટીની તુલનામાં રીઝર્વ ૪૬ ગણું હોવાના કારણે બોનસ શેર કેન્ડીડેટ સંભાવના છે. કંપનીએ ૨૦૧૫માં ૧:૧ ના પ્રમાણમાં બોનસ જાહેર કર્યું હતું. છેલ્લાં ત્રણ વર્ષમાં ઈપીએસનો ગ્રોથ ૧૪.૩૩ ટકા સીએજીઆરમાં જોવાયો હતો. નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ માં ૫૭ ના ઈપીએસને ધ્યાનમાં લેતા ટુંકાથી મધ્યમગાળે રૂ. ૮૦૦ અને લાંબાગાળે ૯૦૦ ની સપાટી ક્રોસ કરતો જોવાય.

Escorts (રૂ. ૧૧૪૭.૦૦) (કોડ : ૫૦૦૪૯૫)


કોમર્શિયલ વ્હીકલ્સ ક્ષેત્રે કાર્યરત આ કંપનીના શેરની ફેઈસવેલ્યુ રૂ. ૧૦ છે. શેરનો ભાવ બાવન સપ્તાહ દરમ્યાન વધીને રૂ. ૧૨૧૦ અને ઘટીને રૂ. ૪૨૩ જોવાયો છે. કંપનીમાં પ્રમોટર્સ હોલ્ડિંગ ૩૬.૫૯ ટકા અને પબ્લિક ૬૧.૧૩ ટકા છે. કોવિડ-૧૯ ની મહામારીને કારણે લાદવામાં આવેલ લોકડાઉનને કારણે કંપનીના દેખાવ, નિયમિત બિઝનેસ એક્ઝિક્યુશન પર નોંધપાત્ર અસર થઈ હતી. લાંબા સમયના રોગચાળા સામે ગ્રાહકો સાથે જોડાવા અને તેમના અળરોધિત ઉત્પાદન વિતરણ અને સેવા પ્રદાન કરવા અને નવીનીકરણ કંપનીએ પ્રયાસો હાથ ધરેલ છે. ગ્રામીણ ક્ષેત્રની માંગ પ્રોત્સાહક રહી છે અને સરકારનું ધ્યાન આ ક્ષેત્રને મદદરૂપ થવા પર છે. પડકારજનક વાતાવરણ વચ્ચે ત્રિમાસિક ગાળામાં કૃષિ વ્યવસાયમાં ઝડપતી પુર્નજીવન જોવાયું છે જ્યારે ભૌગોલિક ક્ષેત્રમાં લોકડાઉન અને તેને સંબંધિત સમસ્યાને કારણે કંપનીના બાંધકામ અને રેલ્વે વ્યવસાય પર અસર થઈ છે. એગ્રી મશીન સેગ્મેન્ટની આવક રૂ. ૧૧૦૫.૭૧ કરોડથી ઘટીને રૂ. ૯૭૬.૭૧ કરોડ, કન્સ્ટ્રક્શન ઈક્વિપમેન્ટની આવક ૨૧૨.૨૦ થી ઘટીને ૫૨.૩૦ કરોડ, રેલ્વે ઈક્વિપમેન્ટ વર્ટિકલ્સની આવક ૧૧૮.૧૦ કરોડ થી ઘટીને ૫૪.૯૧ કરોડ રહી છે. ચાલુ નાણાંકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળા માટે કંપનીએ કોન્સોલીડેટ બેઝ ઉપર નેટ નફામાં ૬ ટકાના સુધારા સાથે રૂ. ૯૨.૫૮ કરોડ અને આવક ઘટીને રૂ. ૧૦૮૯.૨૬ કરોડ નોંધાઈ છે જે એક વર્ષ અગાઉ સમાનગાળા માટે રૂ. ૧૪૪૦.૪૫ કરોડની આવક ઉપર રૂ. ૮૭.૬૬ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો. રૂ. ૧૫૭૪૮.૬૮ કરોડની માર્કેટકેપ ધરાવતી આ કંપનીએ બુકવેલ્યુ રૂ. ૨૫૯.૦૧ છે. ગત વર્ષે કંપનીએ ૨૫ ટકા ડિવિડંડ ચુકવ્યું છે. આ સ્ટોક મધ્યમથી લાંબાગાળે બાવન સપ્તાહની નવી ટોચ બનાવતો જોવાય.

Stock Wave

Sarvesh Ashok Trivedi
(Mumbai) (Mob) 09820728124
www.chartsanketstock.com

શેરોમાં ઉછાળે વેચવાલી વધતી જોવાશે

BSE Index (૩૭૬૦૬.૮૯) :- ૩૮૩૧૨.૦૨ ના ટોપથી નરમાઈ તરફી છે. દૈનિક ધોરણે ઓવરસોલ્ડ તરફ, અઠવાડીક ધોરણે ઓવરબોટ તેમજ માસીક ધોરણે ન્યુટ્રલ પોઝીશન દર્શાવે છે. તા. ૩ થી ૭ ગેનની ટર્નીંગના દિવસો ગણાય. ઉપરમાં ૩૭૮૨૦, ૩૭૮૯૭ કુદાવે તો, ૩૮૨૨૫, ૩૮૬૧૭ મહત્વની સપાટી ગણાય. નીચામાં ૩૭૪૩૧ નીચે ૩૭૦૫૦, ૩૬૬૬૦, ૩૬૨૬૦, ૩૫૮૭૫ સુધીની શકયતા.



Bank Nifty Future (૨૧૬૯૫.૦૦) :- ૨૩૧૪૮.૫૫ ના ટોપથી નરમાઈ તરફી છે. દૈનિક ધોરણે ઓવરસોલ્ડ, અઠવાડીક ધોરણે ઓવરબોટથી ન્યુટ્રલ તેમજ માસીક ધોરણે ઓવરસોલ્ડ પોઝીશન દર્શાવે છે. ઉપરમાં ૨૧૭૫૫ ઉપર ૨૧૯૯૦, ૨૨૦૮૫, ૨૨૫૮૫ પ્રતિકારક સપાટી ગણાય. નીચામાં ૨૧૪૦૦ નીચે ૨૧૨૯૦, ૨૧૦૨૫, ૨૦૮૩૦, ૨૦૫૨૦ સુધીની શકયતા.

Nifty Future (૧૧૧૦૪.૯૫) :- ૧૧૩૪૩ ના ટોપથી નરમાઈ તરફી છે. દૈનિક ધોરણે ઓવરબોટથી ન્યુટ્રલ, અઠવાડીક ધોરણે ઓવરબોટ તેમજ માસીક ધોરણે ન્યુટ્રલ પોઝીશન દર્શાવે છે. ઉપરમાં ૧૧૧૨૫ ઉપર ૧૧૨૩૫, ૧૧૩૪૩, ૧૧૫૫૦ પ્રતિકારક સપાટી ગણાય. નીચામાં ૧૧૦૦૦ નીચે ૧૦૯૦૦, ૧૦૭૯૦, ૧૦૬૭૦, ૧૦૫૫૩ સુધીની શકયતા.

Bharti Airtel (૫૫૪.૯૫) :- ઉપરમાં ૬૧૨ સુધી ગયા બાદ સાઈડવેવમાં છે. દૈનિક ધોરણે ન્યુટ્રલ, અઠવાડીક તેમજ માસીક ધોરણે ઓવરબોટ પોઝીશન દર્શાવે છે. ઉપરમાં ૫૮૦ ઉપર ૫૯૬, ૬૧૨ પ્રતિકારક સપાટી ગણાય. નીચામાં ૫૪૩ અને ૫૩૭ સપોર્ટ ગણાય.

Glenmark Pharma (૪૫૨.૩૫) :- નીચામાં ૪૦૫ સુધી આવી સાઈડવેવમાં છે. દૈનિક ધોરણે ઓવરસોલ્ડ તરફ, અઠવાડીક ધોરણે ઓવરસોલ્ડ તેમજ માસીક ધોરણે ઓવરબોટ પોઝીશન દર્શાવે છે. ઉપરમાં ૪૫૯ ઉપર ૪૭૦, ૪૯૬, ૫૨૦ સુધીની શકયતા. નીચામાં ૪૨૯ નીચે નબળાઈ સમજવી.

HDFC (૧૭૮૧.૯૫) :- ઉપરમાં ૧૯૪૭.૯૦ સુધી આવીને સાઈડવેવમાં છે. દૈનિક ધોરણે ન્યુટ્રલ, અઠવાડીક ધોરણેઓવરબોટથી ન્યુટ્રલ તેમજ માસીક ધોરણે ઓવરસોલ્ડ પોઝીશન દર્શાવે છે. ઉપરમાં ૧૮૩૪, ૧૮૪૦ પ્રતિકારક સપાટી ગણાય. નીચામાં ૧૭૫૯ નીચે ૧૭૫૦, ૧૭૦૦ સપોર્ટ ગણાય.

Reliance Ind. (૨૦૬૭.૧૦) :- ૧૯૯૩ ના બોટમથી સુધારા તરફી છે. દૈનિક, અઠવાડીક તેમજ માસીક ધોરણે ઓવરબોટ પોઝીશન દર્શાવે છે. ઉપરમાં ૨૧૪૦, ૨૧૮૩, ૨૧૯૯ મહત્વની સપાટી ગણાય. નીચામાં ૨૦૬૦ નીચે બંધ આવે તો નબળાઈ સમજવી.

Maruti (૬૨૬૨.૭૫) :- ૪૬૩૭.૫૦ ના બોટમથી સુધારા તરફી છે. દૈનિક ધોરણે ઓવરબોટ, અઠવાડીક ધોરણે ઓવરબોટથી ન્યુટ્રલ તેમજ માસીક ધોરણે ન્યુટ્રલ પોઝીશન દર્શાવે છે. ઉપરમાં ૬૩૯૪ ઉપર ૬૫૮૫, ૬૮૨૦ સુધીની શકયતા. નીચામાં ૬૦૧૦ નીચે ૬૦૦૫ સપોર્ટ ગણાય.

(ડિસક્લેમર : ઉપરોક્ત અભિપ્રાય ટેકનીકલ એનાલીસીસ આધારીત છે. એમાં લેખકનું કોઈ જ અંગત હિત નથી)

ઈર્શાદ :- "તારી પાસે રામ છે, મારી પાસે જામ છે
અર્થ શો વિખવાદનો, બેઉને આરામ છે" -'શેખાદમ આબુવાલા'



Dilip Davda
e-mail
dilip_davda@rediffmail.com

Expert's Eye

જુલાઇ એક્સપાયરી નેગેટિવ

બજારમાં સતત છ સપ્તાહની આગેકૂચ ઉપર બ્રેક વાગી

ગત સપ્તાહે બજારની મજબૂત શરૂઆત બાદ વધુ પડતી ખરીદી બાદ વેચવાલીને કારણે સતત છ મહિનાની આગેકૂચ ઉપર બ્રેક લાગી અને સપ્તાહના અંતે બજાર ઘટ્યાં સ્તરે બંધ આવ્યું. પ્રથમ ત્રિમાસિકગાળાના પરિણામોમાં વિલંબ વચ્ચે રિલાયન્સમાં મજબૂતાઇ જળવાઇ રહી હતી તેમજ એફએમસીજી, ફાર્મા, સિમેન્ટ, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ અને આઇટી કાઉન્ટર્સમાં મિશ્ર વલણ વચ્ચે એકંદરે બજારમાં નબળાઇ પ્રવર્તી હતી. જોકે, મંગળવારે બજારમાં નોંધપાત્ર વધારો નોંધાયો હતો. હકીકતમાં માર્કેટ રેન્જ બાઉન્ડ રહ્યું છે તથા કંપનીઓના પરિણામો વચ્ચે કંપની કેન્દ્રિત અભિગમ રહ્યો હતો. એફઆઇઆઇ તરફથી નોંધપાત્ર લે-વેચ થઇ હતી, જ્યારે કે ડીઆઇઆઇ પ્રથમ ચાર સપ્તાહમાં મુખ્ય વેચાણકર્તા અને શુક્રવારે ખરીદદાર રહ્યાં હતાં. વિશ્વભરમાં કોવિડ-૧૯ કેસોમાં સતત વધારાને કારણે પણ સેન્ટિમેન્ટ ઉપર અસર વર્તાઇ હતી.

ગત સપ્તાહે નિફ્ટી ૧૧૩૪૧.૪૦-૧૧૧૦૨૬.૬૫ તથા સેન્સેક્સ ૩૮૬૧૭.૦૩-૩૭૪૩૧.૬૮ની રેન્જમાં જળવાઇ રહ્યાં હતાં.

સપ્તાહના અંતે નિફ્ટી ૧૨૦.૭૦ પોઇન્ટ્સ અને સેન્સેક્સ ૫૨૨.૦૧ પોઇન્ટ્સ ઘટ્યો હતો. આમ ડેરિવેટિવ્સ એક્સપાયરીનો સપ્તાહ નેગેટિવ રહ્યો અને સતત છ મહિનાની આગેકૂચ ઉપર બ્રેક વાગી હતી.

સોમવારે બજાર વધ્યાં સ્તરે ખુલ્યાં બાદ બપોર પછી તે નેગેટિવ બન્યું. નિફ્ટી ૬૨.૩૫ પોઇન્ટ્સ ઘટીને ૧૧૧૩૧.૮૦ અને સેન્સેક્સ ૧૯૪.૧૭ પોઇન્ટ્સ ઘટીને ૩૭૯૩૪.૭૩ના સ્તરે બંધ આવ્યો હતો. કોવિડ-૧૯ કેસોને કારણે એનપીએમાં વધારાની ચિંતાઓ તથા દેશના કેટલાંક પ્રદેશોમાં ભારે વરસાદને કારણે બજારના સેન્ટિમેન્ટ ઉપર અસર વર્તાઇ હતી. જોકે, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝમાં મજબૂતાઇ જળવાઇ રહી હતી અને તેને આઇટી કાઉન્ટર્સનો ટેકો મળ્યો હતો. બીજી તરફ ઓટો, ફાર્મા, બેન્કિંગ અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સમાં વેચવાલીને કારણે બજારમાં પીછેહઠ થઇ હતી. મીડ અને સ્મોલ કેપ કાઉન્ટર્સના સુસ્ત પ્રદર્શનને કારણે માર્કેટ બ્રેથ નેગેટિવ રહી. એફઆઇઆઇ અને ડીઆઇઆઇ મુખ્ય વેચાણકર્તા હતાં.

Cont....

During the week dividend announcement

Bharti Infratel (23%), Creative Castings (100%), Jyoti Resins (25%),Keerthi Ind (9%), Lohia Securities (2%), Orissa Bengal (5%), Prithvi Exchange (2.5%), Zee Entertainment (30%), Dhunseri Inv (15%), GRM Overseas (50%), Hexaware Tech (75%), IL & FS Inv (30%), Sadhna Broadcast (0.2%), Shrishti Infra (2.5%), Supershakti Metaliks (5%), AVT Natural (35%), Centum Elect (25%), Generic Engg (1%), Genus Power (10%), GMM Pfaudler (50%), Jagsonpal Pharma (10%), Lovable Lingerie (5%), Nectar Life (5%), Rail Vikas (11.4%), Sagar Cement (25%), Solitaire Machine (7.5%), SREI Infra (0.5%), Asian Star (15%), Neelamalai Agro (100%), Nucleus Soft (30%), Rushil Décor (5%), SRF Ltd (50%), Sujala Trading (1%), Bombay Oxygen (10%), Competent Auto (10%), Golkunda Diamonds (10%), Nikhil Adhesives (10%), Shree Ganesh Remedies (15%), Solar Ind (300%), Star Paper (25%), Vaibhav Global (50%), Vakrangee (25%), Voith Paper (50%) etc.

During the week Gautam Gems announced bonus issue in the ratio of 6 shares for every 5 shares held and Sadhna Nitro announced surprised bonus in the ratio of 1 share for every 2 shares held.

Anuh Pharma has convened board meet on 07.08.20 to consider bonus issue.

મંગળવારે બજાર વધ્યાં સ્તરે ખુલ્યું હતું તથા ડેરિવેટિવ એક્સપાયરી પહેલાં શોર્ટ કવરિંગને કારણે વધ્યાં સ્તરે બંધ આવ્યું હતું. નિફ્ટી ૧૬૮.૭૫ પોઇન્ટ્સ વધીને ૧૧૩૦૦.૫૫ તથા સેન્સેક્સ ૫૫૮.૨૨ પોઇન્ટ્સ વધીને ૩૮૪૯૨.૯૫ના સ્તરે બંધ આવ્યો હતો. વૈશ્વિક બજારોમાં નબળાઇ વચ્ચે પણ ભારતીય માર્કેટમાં ફંડ હાઉસિસ દ્વારા હેવી વેઇટ્સમાં ખરીદદારીથી બજારને બળ મળ્યું હતું. મેટલ, ઓટો, આઇટી, બેન્કિંગ અને ફાર્મા કાઉન્ટર્સમાં નવેસરથી સપોર્ટ અને શોર્ટ કવરિંગથી આગેકૂચ થઇ હતી. મીડ અને સ્મોલ કેપમાં પણ લેવાલી જોવા મળી હતી. જોકે, બીજા સેશનમાં માર્કેટ બ્રેથ નેગેટિવ રહી કારણકે મીડ અને સ્મોલ કેપ કાઉન્ટર્સની કામગીરી ધીમી હતી. જોકે, એફઆઇઆઇ મુખ્ય ખરીદદાર અને ડીઆઇઆઇ મુખ્ય વેચાણકર્તા હતાં.

બુધવારે માર્કેટમાં સાવચેતીના વલણ સાથે નેગેટિવ ઓપનિંગ થયું અને નોંધપાત્ર ઘટાડો થયો. નિફ્ટી ૯૭.૭૦ પોઇન્ટ્સ ઘટીને ૧૧૨૦૨.૮૫ તથા સેન્સેક્સ ૪૨૧.૮૨ પોઇન્ટ્સ ઘટીને ૩૮૦૭૧.૧૩ના સ્તરે બંધ આવ્યો હતો. ફાર્મા કાઉન્ટર્સમાં આગેકૂચ થઇ હતી, પરંતુ રિલાયન્સમાં દરેક વધારે ઓફલોડિંગ થયું હતું તેમજ આઇટી, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, ઓટો કાઉન્ટર્સમાં નબળાઇ જોવા મળી હતી. મીડ અને સ્મોલ કેપ કાઉન્ટર્સમાં દરેક વધારે વેચવાલી થઇ હતી. જોકે, મીડ અને સ્મોલ કેપમાં સારી કામગીરી છતાં પણ

Cont....

Nifty & Sensex Movement during the last week

Nifty	Open	High	Low	Close	Diff
27-Jul-20	11225	11225	11087.85	11131.8	-62.35
28-Jul-20	11154.1	11317.75	11151.4	11300.55	168.75
29-Jul-20	11276.9	11341.4	11149.75	11202.85	-97.7
30-Jul-20	11254.3	11299.95	11084.95	11102.15	-100.7
31-Jul-20	11139.5	11150.4	11026.65	11073.45	-28.7
		Net	Weekly	Loss	-120.7

Sensex	Open	High	Low	Close	Diff
27/07/2020	38,275.34	38,275.34	37,769.44	37,934.73	-194.17
28/07/2020	38,052.18	38,554.72	37,998.13	38,492.95	558.22
29/07/2020	38,427.15	38,617.03	37,884.41	38,071.13	-421.82
30/07/2020	38,262.83	38,413.81	37,678.42	37,736.07	-335.06
31/07/2020	37,847.88	37,897.78	37,431.68	37,606.89	-129.18
		Net	Weekly	Loss	-522.01

માર્કેટ બ્રેથ્ડ નેગેટિવ રહી હતી. એફઆઈઆઈ અને ડીઆઈઆઈ મુખ્ય વેચાણકર્તા હતાં.


ગુરુવારે માર્કેટની મકક્મ શરૂઆત થતાં પણ વેચવાલીના દબાણ હેઠળ પીછેહઠ થઈ હતી. નિફ્ટી ૧૦૦.૭૦ પોઈન્ટ્સ ઘટીને ૧૧૧૦૨.૧૫ તથા સેન્સેક્સ ૩૩૫.૦૬ પોઈન્ટ્સ ઘટીને ૩૭૭૩૬.૦૭ના સ્તરે બંધ આવ્યો હતો. યુએસ અને ચાઈના વચ્ચે ટ્રેડ વોરની ચિંતાઓ અને કોવિડ-૧૯૯ મહામારીના વિશ્વભરમાં કેસોમાં વધારાને કારણે સામાન્ય સેન્ટિમેન્ટ ઉપર અસર વર્તાઈ હતી. એફએન્ડઓ એક્સપાયરી, બેન્કિંગ, ઓઈલ અને ગેસ, એફએમસીજીમાં ભારે વેચવાલીને કારણે આઈટી અને ફાર્મા કાઉન્ટર્સમાં વધારો ધોવાઈ ગયો હતો. સતત બીજા સેશનમાં માર્કેટ બ્રેથ્ડ નેગેટિવ રહી, પરંતુ મીડ અને સ્મોલ કેપમાં કામગીરીમાં સુધારો થયો હતો. એફઆઈઆઈ મુખ્ય ખરીદદાર અને ડીઆઈઆઈ મુખ્ય ખરીદદાર રહ્યાં હતાં.

શુક્રવારે સાવચેતી સાથે બજારના પ્રારંભ બાદ બજારમાં બે તરફી વધઘટ થયાં પછી ઘટ્યાં સ્તરે બંધ આવ્યું હતું. નિફ્ટી ૨૮.૭૦ પોઈન્ટ્સ ઘટીને ૧૧૦૭૩.૪૫ અને સેન્સેક્સ ૧૨૯.૧૮ પોઈન્ટ્સ ઘટીને ૩૭૬૦૬.૮૯ના સ્તરે બંધ આવ્યો હતો. આમ સૂચકાંકો ૧૧૧૦૦ અને ૩૭૫૦૦ના મહત્વપૂર્ણ મનોવૈજ્ઞાનિક સ્તરોની ઉપર બંધ રહેતાં રાહત મળી હતી. જોકે, કેટલાંક ફાર્મા અને મેટલ કાઉન્ટર્સ વધ્યાં હતાં, જેને ગ્રાસિમ અને યુપીએલ જેવા હેવી વેઈટનો ટેકો મળ્યો હતો. રિલાયન્સમાં પ્રોફિટ બુકિંગને કારણે પીછેહઠ થઈ હતી, જેમાં ઓટો અને બેન્કિંગ કાઉન્ટર્સ પણ ઘટ્યાં હતાં. મીડ અને સ્મોલ કેપમાં સુસ્ત કામગીરી સાથે માર્કેટ બ્રેથ્ડ નેગેટિવ રહી હતી. એફઆઈઆઈ મુખ્ય વેચાણકર્તા અને ડીઆઈઆઈ મુખ્ય ખરીદદાર હતાં.

ગત સપ્તાહે ડોલરની સામે ભારતીય રૂપિયો ૭૪.૮૦ના સ્તરે રહ્યો હતો. બ્રેન્ટ ક્રૂડ બેરલદીઠ ૪૩.૫ ડોલરની આસપાસ હતો. ઓટો અને સિમેન્ટ ડિસ્પેક ઓર્ડર તથા જુલાઈ મહિના માટે અન્ય આર્થિક પ્રવૃત્તિઓના આંકડા તેમજ ચોમાસાની પ્રગતિ ઉપર બજારની નજર રહેશે. નવા સપ્તાહમાં ૩૦૦ કંપનીઓના નાણાકીય પરિણામો જાહેર થશે તેવી સ્થિતિમાં કંપની આધારિત અભિગમની સંભાવના વધુ છે. વૈશ્વિક અસરો પણ બજારની ચાલ ઉપર અસરકર્તા રહેશે. ૫ ઓગસ્ટ ૨૦૨૦ના રોજ અયોધ્યામાં રામ જન્મભૂમિ શિલાન્યાસને બજાર વધાવશે તેવી અપેક્ષા છે.

આ પરિસ્થિતિમાં નવા સપ્તાહમાં નિફ્ટી ૧૧૫૫૦-૧૦૫૫૦ તથા સેન્સેક્સ ૩૯૨૫૦-૩૬૭૫૦ની રેન્જમાં રહેવાની સંભાવના છે.

DISCLAIMER: No financial information whatsoever published anywhere here should be construed as an offer to buy or sell securities, or as advice to do so in any way whatsoever. All matter published here is purely for educational and information purposes only and under no circumstances should be used for making investment decisions. Readers must consult a qualified financial advisor prior to making any actual investment decisions, based on information published here. Any reader taking decisions based on any information published here does so entirely at own risk. Above information is based on the details available as on the date along with market perceptions. Investors should bear in mind that any investments in stock markets are subject to unpredictable market related risks. (THE AUTHOUR IS SEBI REGISTERED RESEARCH ANALYST)



A. K. Asnani
(M) 9893512098
Smart Verc (Bhopal)
Author of Book
Way to Billionaire

બજારમાં નુકશાન કેવી રીતે અટકાવશો - ૩

આ અહેવાલના પ્રથમ ભાગમાં આપણે સૌથી પાવરફુલ રોકાણકાર મિસ્ટર માર્કેટ અંગે ચર્ચા કરી હતી.

બીજા ભાગમાં આપણે નફાને અસર કરતાં ભાવનાત્મક પરિબળો વિશે જાણકારી મેળવી હતી.

અહેવાલના ત્રીજા તબક્કામાં આપણે રોકાણકારોની નિર્ણયશક્તિને તથા સંપત્તિ સર્જનને અસર કરતાં અન્ય મુદ્દાઓ વિશે ચર્ચા કરીશું.

આત્મવિશ્વસનો અભાવ

ઘણીવાર રોકાણકારો વહેલા સ્ટોકનું વેચાણ કરી નાખે છે, જે સમયજતાં અત્યંત આકર્ષક સ્ટોક બને છે. આ પ્રકારના નિર્ણયો પાછળનું મુખ્ય કારણ નીચે મૂજબના પરિબળો છે:

- અન્ય કોઈ વ્યક્તિની સલાહને આધારે સ્ટોકની ખરીદી
- તમારા સલાહકાર યોગ્ય સલાહ આપી શકતા નથી
- શેરની કિંમતમાં તીવ્ર ઘટાડો
- ફ્રેશ આઈપીઓ કંપની
- મેનેજમેન્ટ વિશે પૂરતી જાણકારીનો અભાવ

અયોગ્ય સ્ટોક ફાળવણી

તમારા પોર્ટફોલિયોના વળતરમાં કેટલાંક હેવીવેઈટ સ્ટોક્સની ભુમિકા અત્યંત મહત્વપૂર્ણ બની રહે છે. થોડાં વર્ષો પહેલાં મારા એક મિત્રએ મને ફોન કર્યો અને કહ્યું કે મારા પોર્ટફોલિયોમાં ઘણાં મલ્ટીબેગર હોવા છતાં પણ કુલ વળતર નેગેટિવ છે. આ સ્થિતિનું સર્જન કેવી રીતે થાય. મેં પ્રશ્ન કર્યો કે તમારી પાસે કેટલાં મલ્ટીબેગર છે. તેણે જવાબમાં કહ્યું કે ૮. મને આશ્ચર્ય થયું કે ૮ મલ્ટીબેગર હોવા છતાં પણ વળતર નેગેટિવ કેવી રીતે. મેં તેની પાસે પોર્ટફોલિયોની વિગતો માગી. જ્યારે મેં પોર્ટફોલિયો જોયો ત્યારે શું ખોટું હતું તે ખબર પડી. તેમની પાસે કુલ ૨૦૯ સ્ટોક હતાં અને મોટાભાગના સ્ટોકની ફાળવણી અત્યંત જોખમ ધરાવતા સ્ટોકમાં કરાઈ હતી.

વહેલું પ્રોફિટબુકિંગ

ઘણીવાર હું સાંભળું છું કે ૧૦૦ ટકા વૃદ્ધિ બાદ મેં મારા અડધા સ્ટોક વેચી કાઢ્યાં અને અડધા રહેવાં દીધા છે. પોર્ટફોલિયોમાં લાભ ઘટાડવાનો આ એક વધુ ખોટો નિર્ણય છે. જો તમને વિશ્વાસ હોય કે કંપનીનો દેખાવ સારો રહેશે અને તે સારું પ્રદર્શન જાળવી રાખશે ત્યારે તેમાં વેચાણ કરવાનો નિર્ણય ખોટો સાહિત થઈ શકે છે.

ઉલ્લેખનીય છે કે સ્ટોપ લોસની માફખ વાજબી કિંમતે સ્ટોકની ખરીદીનો પણ વ્યૂહ મહત્વપૂર્ણ બની રહે છે. તમારા પોર્ટફોલિયોમાં પ્રત્યેક સ્ટોક ઉપર નજર રાખો, વિશ્લેષણ કરો અને ત્યારબાદ નિર્ણય કરો.

Happy Investing!

A. K. Asnani : Author > Advisor > Coach > Mentor > : 09893512098 : smartasn@gmail.com

(investors are advised to act as per their own conviction. Above are only the views of the Author)

ધ્યાનમાં રાખવા જેવા શેરો...

- Siddharth Shah

Ultratech Cement (Rs. 4124.00) (Cement & Cement Products)

આદિત્ય બિરલા ગ્રૂપની કંપની અલ્ટ્રાટેક સીમેન્ટે કોન્સોલિડેટેડ પ્રોફિટમાં વાર્ષિક ધોરણે ૩૭.૮ ટકાનો ઘટાડો નોંધાવ્યો છે. વન-ટાઈમ લોસ અને આવક પર લૉકડાઉનની અસરના કારણે આ ઘટાડો જોવા મળ્યો છે, પરંતુ કંપની આ ક્વાર્ટર માટે રૂ. ૪૮૦ કરોડના વિશ્લેષકોના અંદાજને માત આપવામાં સફળ રહી છે. ક્વાર્ટર દરમિયાન અન્ય આવકો વાર્ષિક ધોરણે ૧૩૪.૭ કરોડની સામે બમણી થઈને રૂ. ૨૭૮.૮ કરોડ થતાં નફાકારકતાને ટેકો મળ્યો હતો. ઓપરેશન્સમાંથી કોન્સોલિડેટેડ આવક રૂ. ૭,૬૩૩.૮ કરોડ થઈ હતી, જે એક વર્ષ અગાઉ સમાન સમયની સરખામણીમાં ૩૩.૨ ટકાનો ઘટાડો દર્શાવે છે. લૉકડાઉનના કારણે વેચાણ વોલ્યુમ ૨૨ ટકા ઘટીને ૧૪.૬૫ મિલિયન ટન રહ્યાં હતું. નાણાકીય વર્ષ ૨૧ના પ્રથમ ક્વાર્ટરમાં ઈબીઆઈટીડીએ વાર્ષિક ધોરણે ૨૯.૭ ટકા ઘટીને રૂ. ૨,૦૭૪.૬ કરોડ થયો હતો, પરંતુ જૂન ૨૦૧૯ના ક્વાર્ટરમાં ૨૫.૮ ટકાની સરખામણીમાં જૂન ૨૦૨૦ ક્વાર્ટર દરમિયાન માર્જિન ૨૭.૨ ટકા રહ્યું હતું. કોસ્ટ કંટ્રોલના કારણે માર્જિન સુધર્યું હતું. કંપનીએ રોકડ બચાવવા પર ફોકસ કરવાનું ચાલુ રાખ્યું હોવાથી ચોખ્ખુ દેવું રૂ. ૨,૨૦૯ કરોડ ઘટ્યું છે. પરિણામો પછી આ સ્ટોકમાં રેલી જોવા મળી છે. ખરીદો.

HAL (Rs. 872.00) (Aerospace)

એચએએલ સ્ટોકમાં થોડુંક કરેક્શન થયું છે અને હવે તે રૂ. ૯૦૦થી નીચે છે. આ કાઉન્ટરમાં પ્રવેશવા માટે આ સારી તક છે. એચએએલ વધુ અત્યાધુનિક તેજસ માર્ક-૧એ કન્ફિગ્યુરેશનમાં ૮૩ એલસીએ તૈયાર કરી રહ્યું છે. આ ઓર્ડર સંરક્ષણ મંત્રાલયે મંજૂર કરી દીધો છે. દરમિયાન સરકારે હિન્દુસ્તાન એરોનોટિક્સની ૧૫ ટકા પેઈડ-અપ ઈક્વિટી કેપિટલની ડીસઈન્વેસ્ટમેન્ટની પ્રારંભિક પ્રક્રિયા શરૂ કરી છે. એચએએલે ૨૦૧૯-૨૦ માટે રૂ. ૨૧,૧૦૦ કરોડનું વિક્રમી ટર્નઓવર નોંધાવ્યું છે. એચએએલ સંરક્ષણ ક્ષેત્રમાં એફડીઆઈની મર્યાદામાં વધારાની સૌથી મોટી લાભાર્થીમાંની એક હશે. સરકારે સંરક્ષણ ક્ષેત્રમાં એફડીઆઈની મર્યાદા ઓટોમેટિક રૂટથી ૪૯ ટકાથી વધારીને ૭૪ ટકા કરવાની મંજૂરી આપી છે. તેની વર્તમાન ઓર્ડર બૂક પોઝિશન રૂ. ૫૨,૦૦૦ કરોડ છે. વાર્ષિક વેચાણ મુજબ જોઈએ તો તેની પાસે વધુ બેથી અઢી વર્ષ માટેનું બેલેન્સ છે. ઓર્ડર બૂક પોઝિશન આ વર્ષે રૂ. ૧.૧૦ લાખ કરોડ સુધી પહોંચશે. તબક્કાવાર ખરીદો.

SUN TV Network (Rs. 386.00) (Broadcasting & Cable TV)

સન ટીવી ખાસ કરીને દક્ષિણણાં એક મજબૂત મીડિયા કંપની છે. નાણાકીય વર્ષ ૨૧માં કોવિડ-૧૯ની કટોકટીની કંપનીની આવક પર અસર થઈ છે. મેનેજમેન્ટ આવકના નીચા ખર્ચ અને ખૂબ જ ઓછી ઋણમુક્તિથી ચોખ્ખા નફાને ટેકો મળવાની આશા રાખે છે, જેથી કંપની નેટ પ્રોફિટ જાળવવા સક્ષમ બની શકશે. પ્રોગ્રામિંગમાં કંપનીએ ફિક્શન પ્રોગ્રામને અગ્રતા આપશે જ્યારે નોન-ફિક્શન શોએ થોડાક મહિના રાહ જોવી પડશે. સન ટીવીની સનએનએક્સટી માટે ઓરીજિનલ શો પર રૂ. ૧.૫ અબજનો ખર્ચ કરવાની યોજના છે. તેને નાણાકીય વર્ષ ૨૦૧માં આઈપીએલની અપેક્ષા નહોતી, જોકે, આઈપીએલ રમાશે તો તેને ટિકિટની આવકમાંથી રૂ. ૨૫ કરોડના ઘટાડાના જોખમ સાથે કર પૂર્વેના નફામાં રૂ. ૨ અબજનો ઉમેરો થવાની અપેક્ષા છે. કંપનીનું હાયર સબસ્ક્રિપ્શન અવાક (નાણાકીય વર્ષ ૨૦ના ચોથા ક્વાર્ટરમાં ૫૪ ટકા)નું મોડેલ યુનિક છે અને દક્ષિણના બજારમાં મુવી લાઈબ્રેરીમાંથી જીઆરપી લાભથી કંપનીને આવક વધારવામાં મદદ મળશે અને તે ઘટાડા તરફી જોખમ હળવું કરી શકશે. તબક્કાવાર ખરીદો.

માર્કેટ ટીપ્સમાં ફરતાં શેરો....

- Het Zaveri

Kajaria Ceramics (Rs. 405.00) (Furnishing, Paints)

કજરિયા સિરેમિક્સ લોકડાઉન પછી હવે તેની કામગીરી ફરી આગળ ધપાવી રહી છે. કંપનીનો ગૈલપુર પ્લાન્ટ આંશિક રીતે શરૂ થઈ ગયો છે. મલૂટના અને જેક્સ પ્લાન્ટ સંપૂર્ણ ક્ષમતા સાથે જૂનમાં જ શરૂ થઈ ગયા હતા. અન્ય પ્લાન્ટ પણ તબક્કાવાર ખૂલી રહ્યા છે. જોકે બીજી તરફ માંગ અત્યારે ખાસ વધી નથી. કંપનીએ અનિશ્ચિતતા વચ્ચે ગાઈડન્સ આપવાનું ટાળ્યું છે. જોકે કંપનીનું ફન્ડામેન્ટલ મજબૂત છે. કંપની ટાઈલ્સ મેન્યુફેક્ચરિંગમાં અગ્રેસર છે. કંપનીએ અગાઉ વિપરીત સંજોગોમાં પણ માર્જિન જાળવવામાં સફળતા મેળવી હતી. કજરિયા મજબૂત બ્રાન્ડ ઈમેજ ધરાવે છે અને પ્રીમિયમ પ્રોડક્ટ્સ સતત લોન્ચ કરવાને કારણે તે આર્થિક વિપરીત સંજોગોમાં પણ આગેકૂચ કરી રહી છે. વેલ્યૂએશનની દૃષ્ટિએ હાલ તે આકર્ષક જણાય છે. હાલ તે ૨૩ના પીઈ મલ્ટિપલથી ક્વોટ થાય છે. તેમાં બે તબક્કામાં રોકાણ કરો.

Godrej Consumer Products (Rs. 691.00) (Personal Products)

ગોદરેજ કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ : એફએમસીજી કંપની ગોદરેજ કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ હાઈજિન સેગ્મેન્ટમાં તેની પ્રોડક્ટ રેન્જનું વિસ્તરણ કરી રહી હોવાથી આગામી ત્રણ વર્ષમાં તેની હાઈજિન બ્રાન્ડ પ્રોટેક્ટ રૂ. ૫૦૦ કરોડ બ્રાન્ડ બનવાની અપેક્ષા છે. કંપનીનું કહેવું છે કે કોરોના મહામારી પછી વધુ ને વધુ લોકો હાઈજિન હેબિટ્સ અપનાવી રહ્યા હોવાથી આગામી ૩ વર્ષમાં ગોદરેજ પ્રોટેક્ટનું કદ તેના વર્તમાન કદ કરતાં સાતથી આઠ ગણું વધી જવાની સંભાવના છે. ગોદરેજ ગ્રૂપ કંપનીએ તાજેતરમાં પર્સનલ અને હોમ હાઈજિન રેન્જમાં ૧૨ ઉત્પાદનો રજૂ કર્યા છે અને ફેસ માસ્ક, જર્મ પ્રોટેક્શન ફ્રુટ એન્ડ વેજી વોશ તથા મલ્ટીપરપઝ ડિસઈન્ફેક્ટન્ટ સોલ્યુશન જેવા ઉત્પાદનોમાં પ્રવેશ કર્યો છે. હેલ્થ એન્ડ હાઈજિન ઉત્પાદનો હવે કંપનીનું ચોથું વર્ટિકલ બની રહ્યા છે. ભારતીયો વધુ ને વધુ પ્રમાણમાં હાઈજિનની ટેવ અપનાવી રહ્યા હોવાથી આ સેગ્મેન્ટમાં વૃદ્ધિની વ્યાપક સંભાવનાઓ છે. ભારતમાં ઓફિસો, હોટેલ્સ, મોલ્સ અને અન્ય સ્થળો સંપૂર્ણપણે ખૂલી જશે ત્યારે સંસ્થાગત સેગ્મેન્ટ મોટું સેગ્મેન્ટ બની જશે. વધુમાં જીસીપીએલ તેની પ્રોટેક્ટ ઈન્ડિયા મુવમેન્ટ હેઠળ રેલવે કર્મચારીઓ અને પ્રવાસ કરનારા લોકોમાં પ્રવાસના સમયે સ્વચ્છતા જાળવવાની પદ્ધતિને પ્રોત્સાહન આપવા માટે ભારતી રેલવેની ભાગીદાર બની છે. રોકાણ કરો.

L&T Infotech (Rs. 2412.00) (IT Consulting & Software)

એલએન્ડટી ઈન્ફોટેક : એલએન્ડટી ઈન્ફોટેકના સ્ટોકમાં માર્ચ પછી જંગી રેલી જોવા મળી છે. સ્ટોકે માર્ચ પછી ૮૦ ટકાથી વધુનું રીટર્ન આપ્યું છે. છેલ્લા બે મહિનામાં સ્ટોકમાં ૫૦ ટકાનો ઊછાળો આવ્યો છે. કંપનીએ જૂન ૩૦, ૨૦૨૦ના અંતે પૂરા થતા ક્વાર્ટર માટે કોન્સોલિડેટેડ નેટ પ્રોફિટમાં ૧૭.૧ ટકાનો ઊછાળો નોંધાવ્યો છે. આ સમયમાં કંપનીનો કોન્સોલિડેટેડ નેટ પ્રોફિટ રૂ. ૪૧૬.૪ કરોડ થયો હતો. જોકે, ક્વાર્ટર - ઓન- ક્વાર્ટર (ત્રિમાસિક) ધોરણે પ્રોફિટ ૨.૬ ટકા ઘટ્યો હતો. ઓપરેશન્સમાંથી કોન્સોલિડેટેડ રેવન્યુ વાર્ષિક ધોરણે ૧૮.૭ ટકા વધીને રૂ. ૨,૯૪૯.૨૦ કરોડ થઈ હતી, જે ક્રમિક ૨.૧ ટકાનો ઘટાડો દર્શાવે છે. કંપનીની પ્રતિ શૅર બેઝિક આવક વાર્ષિક ધોરણે રૂ. ૨૦.૫૧ની સરખામણીમાં રૂ. ૨૩.૯૨ થઈ હતી. જૂન ક્વાર્ટરમાં એફપીઆઈએ કંપનીમાં તેમનો હિસ્સો વધાર્યો હતો. કંપનીના મેનેજમેન્ટે જણાવ્યું હતું કે, ક્વાર્ટર-૨માં તે ડી-ગ્રોથ તરફ નથી જઈ રહી. પ્રત્યેક ઘટાડે ખરીદો.

ICICI Bank (Rs. 346.00) (Banks)

આઈસીઆઈસીઆઈ બેન્ક : આઈસીઆઈસીઆઈ બેન્કે જૂન ક્વાર્ટરમાં રૂ. ૨,૫૯૯ કરોડનો નેટ પ્રોફિટ નોંધાવ્યો છે, જે ૩૬ ટકાની વૃદ્ધિ દર્શાવે છે. તેની સબસિડરીઓમાં તેના હિસ્સાના વેચાણમાંથી રૂ. ૩,૦૯૨ કરોડની આવકથી બોટમ લાઈનને ટેકો મળ્યો છે. જૂન ક્વાર્ટર દરમિયાન આઈસીઆઈસીઆઈ બેન્કે રૂ. ૨,૨૫૦ કરોડમાં આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડમાં તેનો ૩.૯૬ ટકા

હિસ્સો વેચ્યો હતો જ્યારે રૂ. ૮૪૦ કરોડમાં આઈસીઆઈસીઆઈ પ્રુડેન્શિયલ લાઈફમાં ૧.૫ ટકા હિસ્સો વેચ્યો હતો. વધુમાં આઈસીઆઈસીઆઈ બેન્ક વર્તમાન નાણાકીય વર્ષમાં તેની પેટા કંપની આઈસીઆઈસીઆઈ સિક્યોરિટીઝમાં ૪ ટકા હિસ્સો વેચવાની છે. જૂન ૨૦૨૦માં બેન્કની નેટ ઈન્ટ્રેસ્ટ ઈન્કમ (એનઆઈઆઈ) વાર્ષિક ધોરણે ૨૦ ટકા વધીને રૂ. ૯,૨૮૦ કરોડ થઈ છે. જ્યારે જૂન ૨૦૧૯માં રૂ. ૩૦૩૯ કરોડની સરખામણીમાં ફીની આવક રૂ. ૨,૧૦૪ કરોડ થઈ હતી. નેટ ઈન્ટ્રેસ્ટ માર્જિન (એનઆઈએમ) અગાઉના ક્વાર્ટરમાં ૩.૮૬ ટકાથી ૧૮ બેસીસ પોઈન્ટ્સ (બીપીએસ) ઘટીને ૩.૬૯ ટકા રહ્યું છે. જૂન ક્વાર્ટરમાં કુલ એડવાન્સીસ વાર્ષિક ધોરણે ૭ ટકા વધીને રૂ. ૬.૩૧ લાખ કરોડ થયું છે જ્યારે રીટેલ એસેટ્સમાં વાર્ષિક ધોરણે ૧૧ ટકાની વૃદ્ધિ જોવા મળી છે. કુલ ડીપોઝીટ્સ વાર્ષિક ધોરણે ૨૧ ટકા વધીને રૂ. ૮.૦૧ લાખ કરોડ થઈ છે અને બેન્કનો કરન્ટ એકાઉન્ટ સેવિંગ્સ એકાઉન્ટ (સીએએસએ) રેશિયો એક વર્ષ અગાઉના ૪૩.૪ ટકાથી ઘટીને ૪૧ ટકા થયો હતો. આઈસીઆઈસીઆઈ બેન્કનો નેટ એનપીએ રેશિયો માર્ચ ૨૦૨૦માં ૧.૪૧ ટકાથી ૧૮ બીપીએસ ઘટીને ૧.૨૩ ટકા થયો છે. આ સ્ટોકમાં તાજેતરના સમયમાં કરેક્શન જોવા મળ્યું છે. ખરીદવાની તક ઝડપી લો.

Marico (Rs. 363.00) (Personal Products)

મેરિકો : એફએમસીજી કંપની મેરિકો લિ.એ જૂન ૩૦ના અંતે પ્રથમ ક્વાર્ટર માટે ૨૩.૧૭ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૩૮૮ કરોડનો કોન્સોલિડેટેડ નેટ પ્રોફિટ નોંધાવ્યો છે. જોકે, સમાન સમય દરમિયાન ઓપરેશન્સમાંથી તેની આવક ૧૧.૧૨ ટકા ઘટીને રૂ. ૧,૯૨૫ કરોડ થઈ હતી, જે ગયા વર્ષે સમાન ક્વાર્ટરમાં રૂ. ૨,૧૬૬ કરોડ હતી. સમિક્ષા હેઠળના સમય દરમિયાન સ્થાનિક વેચાણ ૧૪.૫૦ ટકા ઘટીને રૂ. ૧,૪૮૦ કરોડ રહ્યું હતું, જે એક વર્ષ અગાઉ સમાન સમયમાં રૂ. ૧,૭૩૧ કરોડ હતું. આંતરરાષ્ટ્રીય બિઝનેસમાંથી આવક ૨.૨૯ ટકા વધીને રૂ. ૪૪૫ કરોડ રહી હતી, જે એક વર્ષ અગાઉ સમાન સમયમાં રૂ. ૪૩૫ કરોડ હતી. કોન્સોલિડેટેડ ઈબીઆઈટીડીએ માર્જિન ૨૯૮ બેસીસ પોઈન્ટ્સ વિસ્તરીને ૨૪.૩ ટકા થયું હતું, જે છેલ્લા કેટલાક વર્ષોમાં સૌથી સારું છે. ૩૧મી માર્ચ, ૨૦૨૦ સુધીમાં કંપનીમાં પ્રમોટર્સનો હિસ્સો ૫૯.૬ ટકા છે જ્યારે એફઆઈઆઈ ૨૨.૭ ટકા, ડીઆઈઆઈ ૧૦.૫ ટકા અને પબ્લિક તથા અન્યો ૭.૨ ટકા હિસ્સો ધરાવે છે. મોતિલાલ ઓસ્વાલે રૂ. ૪૦૫ની ટાર્ગેટ પ્રાઈસ સાથે મેરિકોમાં બાય રેટિંગ આપ્યું છે.

Dr. Reddy's Labs. (Rs. 4521.00) (Pharmaceuticals)

ડૉ. રેડ્ડીસ લેબોરેટરી : ડૉ. રેડ્ડીસ લેબોરેટરીએ ગયા સપ્તાહે જૂન ૨૦૨૦ના ક્વાર્ટર માટે રૂ.૫૭૯ કોન્સોલિડેટેડ નેટ પ્રોફિટ નોંધાવ્યો છે, જે વાર્ષિક ધોરણે ૧૨.૬ ટકાનો ઘટાડો દર્શાવે છે. નાણાકીય વર્ષ ૨૧ના પહેલા ક્વાર્ટર દરમિયાન ઓપરેશન્સમાંથી કંપનીની આવક વાર્ષિક ધોરણે ૧૫ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૪,૪૧૮ કરોડ રહી હતી. નાણાકીય વર્ષ ૨૧ના પહેલા ક્વાર્ટરમાં ગ્રોસ માર્જિન ૫૬ ટકા રહ્યું હતું, જે અગાઉના વર્ષમાં નાણાકીય વર્ષ ૨૦૧ના પ્રથમ ક્વાર્ટરમાં ૫૧.૭ ટકાની સરખામણીમાં ૪૩૦ બીપીએસ અને નાણાકીય વર્ષ ૨૦ના ચોથા ક્વાર્ટરમાં ૫૧.૫ ટકાની સરખામણીમાં ૪૫૦ બીપીએસની વૃદ્ધિ દર્શાવે છે. ઈબીઆઈટીડીએ વાર્ષિક ધોરણે ૨ ટકા વધીને રૂ. ૧,૧૬૨ કરોડ થયું હતું, પરંતુ માર્જિન વાર્ષિક ધોરણે ૩૨૦ બીપીએસ ઘટીને ૨૬.૩ ટકા રહ્યું હતું. કંપનીની ફાર્માસ્યુટીકલ સર્વિસીસ અને એક્ટિવ ઈન્ગ્રેડિયન્ટ્સ (પીએસએઆઈ)માં ૮૮ ટકાની વૃદ્ધિ જોવા મળી છે. ભારતીય બજારમાં ૧૦ ટકાનો વાર્ષિક ડીગ્રોથ જોવા મળ્યો છે જ્યારે યુરોપીયન બજારમાં ૪૮ ટકાની વાર્ષિક વૃદ્ધિ નોંધાઈ છે. ઉત્તર અમેરિકા અને ઊભરતા બજારો અનુક્રમે ૬ ટકા અને ૯ ટકા વધ્યા છે. જૂન ક્વાર્ટર દરમિયાન સ્ટોકમાં ૨૬ ટકાની રેલીલ જોવા મળી છે અને તે યર-ટુ-ડેટમાં ૪૧ ટકા વધ્યો છે. તે બજારમાં હજી અસાધારણ દેખાવ કરશે. ખરીદો.

સ્માર્ટ ટીપ્સ

Smita N. Zaveri

Crompton Greaves Consumer (રૂ. ૨૪૫.૦૦) (કોડ : ૫૩૯૮૭૬)

હાઉસ હોલ્ડ એપ્લાયન્સીસ ક્ષેત્રે કાર્યરત એ ગ્રુપની આ કંપનીના શેરની ફેઈસવેલ્યુ રૂ. ૨ છે. શેરનો ભાવ બાવન સપ્તાહ દરમ્યાન વધીને રૂ. ૩૦૧ અને ઘટીને રૂ. ૧૭૮ જોવાયો છે. કંપનીના પ્રમોટર્સ હોલ્ડિંગ ૨૬.૧૯ ટકા અને પબ્લિક ૭૩.૮૧ ટકા છે. ક્રોમ્પ્ટન ગ્રીઝના ડીમર્જર બાદ નવી લીસ્ટ થયેલી આ કંપનીએ શેર હોલ્ડરોને ખુબજ સુંદર રીર્ટન આપ્યું છે. કંપની ઈલેકટ્રીક પ્રોડકટસ જેવી કે ફેન, લાઈટ, એપ્લાયન્સીસ અને પંપનું ઉત્પાદન કરે છે. ખાસ કરીને ફેન અને લાઈટીંગના સેગ્મેન્ટમાં કંપની સારો એવો મોટો માર્કેટ હિસ્સો ધરાવે છે. હોમ એપ્લાયન્સીસ અને ડ્યુરેબલ્સ બિઝનેસ છેલ્લાં ઘણા વર્ષોથી સારો ગ્રોથ દર્શાવી રહ્યા છે અને આગળ જતા પણ આ બિઝનેસ સારો ગ્રોથ દર્શાવતો જોવા મળી શકે છે. કંપનીએ લિસ્ટીંગ બાદ ટુંકાગાળામાં હરીફો કરતા સુંદર રીર્ટન આપ્યું છે અને કંપની તેના સેગ્મેન્ટમાં જે રીતે માર્કેટ હિસ્સો ધરાવે છે એ જોતા આ કંપની આગળ જતા નાણાંકીય રીતે મજબુત કામગીરી દર્શાવી શકે છે. માર્કેટકેપ રૂ. ૧૫૪૮૪.૫૦ કરોડ, બુકવેલ્યુ રૂ. ૨૧.૧૫ છે. ૩૦ જુન ૨૦૨૦ ના પુરા થતા ક્વાર્ટરમાં કંપનીએ કોન્સોલીડેટ બેઝ ઉપર રૂ. ૭૩૮.૬૮ કરોડની આવક ઉપર રૂ. ૭૪.૮૦ કરોડનો નેટ નફો નોંધાવ્યો છે. જે ગત વર્ષના સમાનગાળામાં રૂ. ૧૩૬૪.૧૪ કરોડની આવક ઉપર રૂ. ૧૨૨.૪૪ કરોડનો નેટ નફો નોંધાવ્યો છે. ૩૧ માર્ચ ૨૦૧૯-૨૦ ના વર્ષાંતે રૂ. ૪૫૧૧.૯૭ કરોડની આવક ઉપર રૂ. ૪૯૪.૭૦ કરોડનો નેટ નફો અને ઈપીએસ ૭.૮૯ દર્શાવેલ છે. ઓપરેટીંગ પ્રોફિટ માર્જીન ૧૩.૬૩ ટકા, નેટ પ્રોફિટ માર્જીન ૧૦.૯૬ ટકાના જોવાયા છે. ટુંકાથી મધ્યમગાળે શેરનો ભાવ બાવન સપ્તાહની સપાટી ક્રોસ કરીને નવી ટોચ બનાવતો જોવાય.

IDFC First Bank (રૂ. ૨૮.૦૦) (કોડ : ૫૩૯૪૩૭)

એ ગ્રુપની આ બેન્કના શેરની ફેઈસવેલ્યુ રૂ. ૧૦ છે. શેરનો ભાવ બાવન સપ્તાહ દરમ્યાન વધીને રૂ. ૪૮ અને ઘટીને રૂ. ૧૭ જોવાયો છે. આ બેન્ક હાલમાં ઈન્ડીવીડ્યુલ્સ સ્મોલ બિઝનેસ અને કોર્પોરેટને ફાય. સોલ્યુશન્સ પ્રોવાઈડ કરે છે. ૩૦ જુન ૨૦૨૦ ના રોજ ૫૦૩ શાખાઓ તેમજ ૪૧૭ એટીએમ ધરાવે છે તાજેતરમાં નાણાંકીય વર્ષ ૨૦૨૧ ના પ્રથમ ક્વાર્ટરમાં કોવિડ-૧૯ ની મહામારીને કારણે લોકડાઉન છતાંયે ભારતના મુખ્ય શહેરોમાં આ બેન્કની કાર્યવાહી ચાલુ રહી હતી ઉપરાંત બેન્ક તેના ગ્રાહકો માટે વિડોયો બેઝ કે.વાય.સી. ની સૌ પ્રથમ રજુઆત કરી છે. મે ૨૦૨૦ માં આરબીઆઈ દ્વારા જાહેર કરવામાં આવેલા મોરેટોરયીમનો અમલ કર્યો છે તેના ગ્રાહકોને લાભ આપ્યો હતો. કંપનીએ તાજેતરમાં જાહેર કરેલ ક્વાર્ટર-૧ માં કુલ આવકમાં ૫.૨ ટકાના વધારા સાથે પાછલા સમાનગાળાની તુલનામાં ૪૩૧૬.૨૪ કરોડ થઈ હતી. બેન્કે રૂ. ૯૬૩.૦૨ કરોડની પ્રિ ટેક્ષ ખોટ સામે રૂ. ૧૨૭.૫૫ કરોડનો પ્રિ ટેક્સ નેટ નફો હાંસલ કર્યો હતો આ સાથે બેન્કની ગ્રોસ એનપીએ પાછલા સમાનગાળામાં ૨.૬૦ ટકા હતી તે ઘટીને ૧.૯૯ ટકા થઈ છે જ્યારે બેન્કની એડવાન્સીસ સામેની નેટ એનપીએ પાછલા સમાનગાળામાં ૧.૩૫ ટકા હતી જે ૦.૫૧ ટકા નોંધાવી છે. બેન્કની એનઆઈઆઈ ૩૮ ટકા વર્ષ ટુ વર્ષ ઉપરાંત કોવિડ-૧૯ તેમજ લોકડાઉનની અસર છતાંયે ક્વાર્ટર ટુ ક્વાર્ટર એનઆઈઆઈમાં ચાર ટકાનો ગ્રોથ નોંધાવ્યો છે જ્યારે નેટ ઈન્ટ્રેસ્ટ માર્જીન સમાનગાળાની તુલનામાં ૩.૦૧ ટકાથી ઉછળીને ૪.૫૩ ટકા થયો છે. મહત્વની બાબત એ છે કે, કરંટ એકાઉન્ટ સેવિંગ્સ એકાઉન્ટ (કાસા) ડિપોઝીટમાં વર્ષ ટુ વર્ષ ૧૪૫ ટકાનો જંગી ગ્રોથ નોંધાવ્યો છે. કાસા રેશિયો પાછલા સમાનગાળામાં ૧૪.૫૭ ટકાથી ઉછળીને ૩૩.૭૪ ટકા નોંધાયો છે. નેટવર્થ ૧૭૪૩૬ કરોડ છે. બેન્કની લોન બુકમાં ૨૬ ટકાનો ઉછાળો જોવાયો છે. બુકવેલ્યુ રૂ. ૨૮.૫૩ ને પી/બીવી ૦.૯૯ છે. વર્તમાન કામગીરીને ધ્યાનમાં લેતા આ શેર ટુંકાથી મધ્યમગાળે બાવન સપ્તાહની સપાટી કુદાવીને નવી ટોચ બનાવતો જોવાય.

Delton Cables (રૂ. ૩૬.૦૦) (કોડ : ૫૦૪૨૪૦)

અન્ય ઈલેકટ્રીક ઈક્વિપમેન્ટ ક્ષેત્રે કાર્યરત એક્સ ગ્રુપની આ કંપનીના શેરની ફેઈસવેલ્યુ રૂ. ૧૦ છે. શેરનો ભાવ બાવન સપ્તાહ દરમ્યાન વધીને ૫૦ અને ઘટીને રૂ. ૧૨ જોવાયો છે. કંપનીની સ્થાપના રામકુમાર ગુપ્તા દ્વારા ૧૯૪૮માં થઈ હતી. નાણાંકીય વર્ષ ૨૦૧૫માં કંપનીએ ૨:૧ ના પ્રમાણમાં બોનસ શેર ઈસ્યુ કર્યા હતા. કંપનીના પ્રમોટર્સ હોલ્ડિંગ ૭૩.૮૦ ટકા છે. ભારતમાં ઉત્કૃષ્ટ ક્વોલીટીના કેબલ્સ, વાયર્સ અને સ્વિચગીયર પ્રોડકટસ માટે અગ્રસ્થાન ધરાવે છે. ૭૦ વર્ષથી વધુ વર્ષનો અનુભવ ધરાવતી આ કંપની ૪૦ થી વધુ દેશોમાં નિકાસ રકે છે અને ૫૦૦થી વધુ કર્મચારીઓ ધરાવે છે. કંપની ૧૨ વિવિધ બિઝનેસ એગ્રીમેન્ટને ઉત્પાદન - સોલ્યુશન પુરા પાડે છે. જેમાં ટેલીકોમ્યુનિકેશન્સ,

Cont...

ઓઈલ ગેસ, સિમેન્ટ અને સ્ટીલ, પાવર એન્ડ માઈનિંગ, વોટર ટ્રીટમેન્ટ, સીવેજ ટ્રીટમેન્ટ, રેલ્વે, એનર્જી, એરોસ્પેસ, ડિફેન્સનો સમાવેશ થાય છે. કંપની ફરિદાબાદ - હરિયાણામાં મેન્યુ. સવલતો ધરાવે છે તેના મુખ્ય ગ્રાહકોમાં જનરલ ઈલેકટ્રીક, હનિવેલ, એબીબી, આઈઓસી, લાર્સન એન્ડ ટુબ્રો, એનટીપીસી, પુંજ લોઈડ, ભારતીય રેલ્વે, રિલાયન્સ ઈન્ડ., સેઈલનો સમાવેશ થાય છે. બુકવેલ્યુ રૂ. ૬૩.૨૨ છે. નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ ના પુરા થતા વર્ષાંતે કંપનીએ રૂ. ૧૨૫.૭૪ કરોડની આવક ઉપર રૂ. ૬.૧૬ કરોડનો નેટ પ્રોફિટ અને ઈપીએસ ૭.૧૫ દર્શાવ્યો છે. ૩૧ માર્ચ ૨૦૨૦ ના પુરા થતા ક્વાર્ટરમાં કંપનીએ ૨૯.૪૬ કરોડની આવક ઉપર રૂ. ૧.૬૭ કરોડનો નેટ પ્રોફિટ અને ૧.૯૩ નો ઈપીસ દર્શાવ્યો છે. ૩૧ માર્ચ ૨૦૨૧ ના વર્ષાંતે કંપની ૧૪૫.૫૬ કરોડની આવક ઉપર રૂ. ૯.૦૨ કરોડનો નેટ પ્રોફિટ અને ૧૦.૪૧ નો ઈપીએસ નોંધાવે તેવી મજબુત સંભાવના છે. વર્તમાન ભાવે આ સ્ટોક માત્ર ૩.૩૫ ના પીઈ મલ્ટીપલથી ટ્રેડ થઈ રહ્યો છે.

L.G. Balkrishna (રૂ. ૨૨૮.૦૦) (કોડ : ૫૦૦૨૫૦)

બી ગ્રુપની આ કંપનીના શેરની ફેઈસવેલ્યુ રૂ. ૧૦ છે. શેરનો ભાવ બાવન સપ્તાહ દરમ્યાન વધીને ૩૬૯ અને ઘટીને રૂ. ૧૪૬ જોવાયો છે. એલ.જી. બાલક્રિષ્ણા એન્ડ બ્રધર્સ લીમીટેડ ઓટોમોટીવ પાર્ટસનું ઉત્પાદન કરે છે. કંપનીની પ્રોડકટસ રોલોન બ્રાન્ડ વેચાય છે જે ખુબજ જાણીતી બ્રાન્ડ છે. કંપની ઓઈએમ પ્રોડકટસ સપ્લાય કરે છે. કંપનીના પ્રોડકટસમાં ચેઈન, સ્પ્રોકેટ્સ, ટેન્સનર્સ, બેલ્ટ, બ્રેક શો વિગેરેનો સમાવેશ થાય છે. કંપનીના મેન્યુ. પ્લાન્ટસ તામીલનાડુ, મહારાષ્ટ્ર, ઉત્તરાખંડ, કર્ણાટકા, હરિયાણા અને રાજસ્થાનમાં આવેલા છે. રિઝર્વ રૂ. ૬૭૪.૭૫ કરોડ જેટલી જંગી છે. કંપનીમનાં પ્રમોટર્સ સ્ટેક ૪૭.૧૪ ટકા છે. બુકવેલ્યુ રૂ. ૨૨૪.૯૪ છે. નાણાંકીય વર્ષ ૨૦૨૦ માં કંપનીની વેચાણ રૂ. ૧૫૪૨.૮૩ કરોડ જ્યારે નેટ નફો રૂ. ૯૧.૬૩ કરોડ રહ્યો છે. ઈપીએસ રૂ. ૨૯.૧૯ હાંસલ કરી છે. વર્તમાન ભાવે આ સ્ટોક માત્ર ૭.૭૦ ના સાવજ નીચા પીઈ રેશિયોથી ક્વોટ થઈ રહ્યો છે. નાણાંકીય વર્ષ ૨૦૨૦ માટે કંપનીએ ૫૦ ટકા ડિવિડંડ ચુકવ્યું છે. ૩૧ માર્ચ ૨૦૨૦ ના પુરા થતા ક્વાર્ટરમાં કંપનીએ ૩૩૪.૮૫ કરોડની આવક ઉપર રૂ. ૧૭.૬૮ કરોડનો નેટ પ્રોફિટ અને ૫.૬૩ ની ઈપીએસ નોંધાવી છે. હાલમાં આ સ્ટોક માત્ર ૧ ના નીચા પ્રાઈઝ ટુ બુકવેલ્યુથી ક્વોટ થઈ રહ્યો છે. આગામી ૪ થી ૫ ક્વાર્ટરમાં આ સ્ટોક રૂ. ૩૦૦ થી ૩૫૦ ના લેવલને સ્પર્શતો જોવાય.

NMDC (રૂ. ૮૨.૦૦) (કોડ : ૫૨૬૩૭૧)

માઈનીંગ ક્ષેત્રે કાર્યરત એ ગ્રુપની આ કંપનીના શેરની ફેઈસવેલ્યુ રૂ. ૧ છે. શેરનો ભાવ બાવન સપ્તાહ દરમ્યાન વધીને રૂ. ૧૩૯ અને ઘટીને રૂ. ૬૨ જોવાયો છે. ભારતની સૌથી મોટી આર્યન ઓર ઉત્પાદક અને નવરત્ન બિરુદ ધરાવતી જાહેર ક્ષેત્રની આ કંપની મિનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશનના નામથી ઓળખાય છે. કોરોના મહામારીને કારણે એપ્રિલ અને મે મહિનામાં ઉત્પાદન બંધ રહેલ ત્યારબાદ જુનમાં કંપનીએ ઉત્પાદન ફરી શરૂ કરી રહેલ. વાર્ષિક ધોરણે ઉત્પાદન માત્ર ૨૨ ટકા વેચાણમાં વાર્ષિક ૨૭ ટકા અને ત્રિમાસિક ૧૦ ટકા ઘટાડો નોંધાયો હતો તેનું કારણ સ્ટીલ ઉત્પદકોના પ્લાન્ટ બંધ રહ્યા હોવાથી ાર્યન ઓરની માંગમાં ઘટાડો થયો હતો. કંપનીનો ભવિષ્ય બિઝનેસ ત્યારપછીના ૬ માસમાં નોર્મલ થશે. ચોમાસામાં પણ માઈનીંગ કામકાજ પર અસર જોવાશે. દેશભરમાં બાંધકામ પ્રવૃત્તિ અટકતા સ્ટીલની માંગ ઘટશે અને આર્યન ઓરની માંગ પણ ઘટસે પરંતુ વિદેશના માર્કેટમાં કંપની સારૂં પ્રદર્શન નોંધાવશે તાજેતરમાં આર્યન ઓરના ગ્લોબલ ભાવમાં અનેક વર્ષની ટોચે હતા. ચીનમાં માંગ વધી હતી. ઘણા દેશોમાં લોકડાઉન હટી ગયા છે અને માંગ વધી રહી છે. એનએમડીસી વિશ્વની આઠમા ક્રમની આર્યન ઓર ઉત્પાદક છે અને સૌથી ઓછા ખર્ચે ઉત્પાદન કરતી કંપનીઓમાં સ્થાન ધરાવે છે. બુકવેલ્યુ રૂ. ૮૯.૯૩ અને કંપનીએ ગત વર્ષે ૫૨૯ ટકા ડિવિડંડ ચુકવ્યું છે. ડિવિડંડ યીલ્ડ ૬.૪૧ ટકા જેટલુ આકર્ષક થવા જાય છે. ૩૧ માર્ચ ૨૦૨૦ ના પુરા થતા ક્વાર્ટરમાં કોન્સોલીડેટ બેઝ ઉપર કંપનીએ ૩૧૮૭.૩૪ કરોડની આવક ઉપર રૂ. ૧૩૩.૬૧ કરોડની અન્ય આવક સાથે રૂ. ૩૪૭ કરોડનો નેટ પ્રોફિટ નોંધાવ્યો છે. શેરનું વેલ્યુએશન સસ્તુ છે. બેલેન્સશીટ મજબુત છે. રૂ. ૨૪૩૮ કરોડની રોકડ છે. આગામી વર્ષમાં પણ ઉંચુ ડિવિડંડ ચુકવશે તેવી ધારણા છે. ફ્રી કેશ ફલો નેગેટીવ થઈ હતી પરંતુ આવનારા ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨ માં તે પોઝીટીવ થવાની મજબુત સંભાવના છે.

સ્માર્ટ સુપર ડુપર

- Het Zaveri

Adani Gas (રૂ. ૧૫૩.૦૦) (કોડ : ૫૪૨૦૬૬)

BSE ખાતે A ગ્રુપમાં લીસ્ટેડ આ કંપનીના શેરની ફેસ વેલ્યુ રૂ.૧૦ છે. વર્ષ દરમ્યાન શેરનો ભાવ વધીને રૂ.૧૯૪.૫૫ અને ઘટીને રૂ.૭૬.૭૦ જોવાયો છે. કંપની થોડા સમય પહેલા જ અદાની એન્ટરમાંથી ડીમર્જ થઈને લીસ્ટ થયેલી છે. વર્તમાન ભાવે કંપનીની માર્કેટકેપ રૂ.૧૬૮૨૭ કરોડ છે. કંપનીમાં પ્રમોટરો ૭૪.૮૦ ટકા, FII ૧૯.૯૧ ટકા અને બાકી રોકાણકારો માટે ૪.૯૪ ટકા સ્ટેક ધરાવે છે. નાણાકીય વર્ષ ૨૦૨૦માં કંપનીની આવક રૂ.૧૭૧૮.૯૬ કરોડથી વધીને રૂ.૧૮૭૪.૫૫ કરોડ થઇ છે જયારે કંપનીનો નફો રૂ.૨૨૮.૭૦ કરોડથી ૯૦.૭૮ ટકા વધીને રૂ.૪૩૬.૩૨ કરોડ થયો છે. નાણાકીય વર્ષ ૨૦૨૦માં કંપનીએ રૂ.૩.૯૭ની ઈપીએસ હાંસલ કરી છે. માર્ચ ક્વાર્ટરમાં કંપનીની આવક રૂ.૪૬૬ કરોડથી વધીને રૂ.૪૬૨ કરોડ થઇ છે જયારે નફો રૂ.૭૬ કરોડથી ૬૦ ટકા વધીને રૂ.૧૨૧.૪૧ કરોડ થયો છે. કંપનીની ઈક્વિટી રૂ.૧૦૯.૯૮ કરોડ છે જેની સામે કંપની પાસે રૂ.૧૩૬૧ કરોડનું જંગી રીઝર્વ છે. કંપની સીટી ગેસ ડીસ્ટ્રીબ્યુશન સાથે સંકળાયેલી છે અને આ સેક્ટરમાં ઝડપથી ગ્રોથ કરી રહી છે. કંપની CNG, PNG અને ઇન્ડસ્ટ્રીયલ ગેસ ડીસ્ટીબ્યુશન એમ તમામ વર્ટીકલમાં કામ કરે છે. કંપની હાલમાં અમદાવાદ, બરોડા, ફરીદાબાદ, ખુર્જા જેવા શહેરોમાં ગેસ પૂરો પાડે છે અને ઘણા બધા શહેરોમાં ઝડપથી પોતાની સેવાઓ ચાલુ કરવા જઈ રહી છે સાથે સરકાર પણ આવનાર સમયમાં ગેસ બેઇઝ ઈકોનોમી બનાવવા માગે છે જેનો ફાયદો આ કંપનીને મોટા પાયે મળવાનો છે કેમકે નવા નવા શહેરો માટે કંપની અન્ય ભાગીદારો સાથે મળીને પણ બોલી લગાવી રહી છે. કંપનીમાં વિદેશી કંપની ટોટલે સ્ટેક લઈ દીધો છે જેના લીધે ફંડો હવે આ સ્ટોકને વધારે ઊંચા વેલ્યુએશન આપી રહ્યા છે.

Bajaj Consumer (રૂ. ૧૭૫.૦૦) (કોડ : ૫૩૩૨૨૯)

કુશગ્ર બજાજ હસ્તકની બજાજ કન્ઝ્યુમર લીમીટેડ ખાસ કરીને માથામાં નાખવાના તેલનું ઉત્પાદન કરે છે અને આ સેગમેન્ટમાં કંપની પોતની પ્રોડક્ટ સાથે મોટો માર્કેટ હિસ્સો ધરાવે છે. બીએસઈ ખાતે બી ગ્રુપમાં લીસ્ટેડ આ કંપનીના શેરની ફેસ વેલ્યુ રૂ.૧ છે. વર્ષ દરમ્યાન શેરનો ભાવ વધીને રૂ.૨૭૧ અને ઘટીને રૂ.૧૧૭.૫૦ જોવાયો છે. વર્તમાન ભાવે કંપનીની માર્કેટકેપ રૂ.૨૫૮૯ કરોડ છે. કંપનીમાં પ્રમોટરો ૩૮.૦૪ ટકા ને પબ્લિક ૬૧.૯૬ ટકા સ્ટેક ધરાવે છે જેમાં ડોમેસ્ટિક ફંડો પાસે ૧૮.૨૦ ટકા અને વિદેશી ફંડો પાસે ૨૫.૮૧ ટકા સ્ટેક છે. નાણાકીય વર્ષ ૨૦૨૧ના પહેલા ક્વાર્ટરમાં કંપનીની આવક રૂ.૨૪૧ કરોડથી ઘટીને રૂ.૧૯૮ કરોડ થઇ છે જયારે નફો રૂ.૫૭ કરોડથી ઘટીને રૂ.૫૪ કરોડ થયો છે. કંપની બજાજ આલ્મોન્ડ ડ્રોપ્સ, બજાજ કૈલાશ પરબત, બજાજ બ્રાહ્મી આમલા, બજાજ આમલા શિકાકાઈ, બજાજ જસ્મીન હેર ઓઈલ જેવી બ્રાન્ડ ધરાવે છે. આ સિવાય કંપની ડેન્ટલ કેર સેગમેન્ટમાં બજાજ રેડ ટુથ પાવડર જેવી બ્રાન્ડ ધરાવે છે. હેર ઓઈલ સેગમેન્ટમાંથી બહાર નીકળીને કંપનીએ ૨૦૧૩માં જાણીતી સ્કીન બ્રાન્ડ નોમાર્ક્સને ટેકઓવર કરી હતી જેનું હવે બજાજ બ્રાન્ડ હેઠળ વેચાણ થઇ રહ્યું છે. એફએમસીજી સેક્ટરમાં આ સ્ટોક હરીફોની સરખામણીમાં અન્ડર પરફોર્મર રહ્યો છે પણ આવનાર દિવસોમાં આ સ્ટોકમાં વેલ્યુએશન જોતા સારી મુવમેન્ટ જોવાઈ શકે છે. નાણાકીય વર્ષ ૨૦૨૦ માટે કંપનીએ ૧૪૦૦ ટકા ડીવીડન્ડ ચુકવ્યું છે એ જોતા વર્તમાન ભાવે સ્ટોકમાં ડીવીડન્ડ યીલ્ડ પણ ખુબજ આર્કષક છે.

Sagar Cements (રૂ. ૪૮૪.૦૦) (કોડ : ૫૦૨૦૯૦)

કંપની આન્દ્ર પ્રદેશ ખાતે પ્લાન્ટ ધરાવે છે ને ૩ દસકાથી પણ વધારે સમયથી સિમેન્ટનું ઉત્પાદન કરીને વેચાણ કરે છે. નાણાકીય વર્ષ ૨૦૨૧ના પહેલા ક્વાર્ટરમાં કંપનીનું વેચાણ રૂ.૩૪૪ કરોડથી ઘટીને રૂ.૨૬૪ કરોડ થયું છે જયારે કંપનીએ રૂ.૩૦ કરોડના નફા સામે રૂ.૩૬ કરોડનો નફો દર્શાવ્યો છે. નાણાકીય વર્ષ ૨૦૨૦માં કંપનીનું વેચાણ રૂ.૧૨૧૮ કરોડથી ઘટીને રૂ.૧૦૯૫ કરોડ થયું હતું જયારે કંપનીએ રૂ.૧૪ કરોડના નફા સામે રૂ.૩૩ કરોડનો નફો દર્શાવ્યો હતો. કંપની માટે મુખ્ય માર્કેટ આંધ્ર પ્રદેશ અને તેલંગાના છે અને આ બંને રાજ્યોમાં સિમેન્ટના ભાવોમાં વધારો થયો છે. BSE ખાતે B ગ્રુપમાં લીસ્ટેડ આ કંપનીના શેરની ફેસ વેલ્યુ રૂ.૧૦ છે. વર્ષ દરમ્યાન શેરનો ભાવ વધીને રૂ.૬૭૯ અને ઘટીને રૂ.૨૪૬ જોવાયો છે. વર્તમાન ભાવે કંપનીની માર્કેટકેપ રૂ.૧૦૮૬ કરોડ છે. કંપનીમાં પ્રમોટરો ૫૦.૯૦ ટકા અને પબ્લિક ૪૯.૧૦ ટકા સ્ટેક ધરાવે છે. સરકારે મેગા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ માટેની જાહેરાતો કરી છે જેનો ફાયદો પણ સિમેન્ટ ઇન્ડસ્ટ્રીને મળી શકે છે ત્યારે આ સેક્ટરનું

Cont....

ભાવી ખુબજ ઉજ્જવળ લાગી રહ્યું છે અને સિમેન્ટ સેક્ટરની કંપનીઓએ લોકડાઉન છતાં સારા પરિણામો આપ્યા છે. સ્ટોકમાં તબક્કાવાર રોકાણ કરી શકાય. કંપનીમાં મ્યુચ્યુઅલ ફંડો ૧૧.૧૭ ટકા સ્ટેક ધરાવે છે અને પ્રમોટરોએ ઊંચા ભાવના વોરંટને શેર્સમાં કન્વર્ટ કરવાની જાહેરાત કરી છે જે પ્રમોટર્સનો કંપનીના ભાવીમાં રહેલ વિશ્વાસ દર્શાવે છે. સ્ટોકમાં તબક્કાવાર રોકાણ કરવા માટે વિચારી શકાય. નાણાકીય વર્ષ ૨૦૨૦ માટે કંપનીએ ૨૫ ટકા ડીવીડન્ડ ચુકવ્યું છે.

Persistent Systems (રૂ. ૯૧૮.૦૦) (કોડ : ૫૩૩૧૭૯)

આઈટી કન્સલ્ટિંગ અને સોફ્ટવેર સેગમેન્ટ ક્ષેત્રે સક્રિય આ કંપનીના શેરની ફેસ વેલ્યુ રૂ.૧૦ છે. કંપનીની ઈક્વિટી રૂ.૭૬ કરોડ છે જેની સામે કંપની પાસે રૂ.૨૩૦૯ કરોડનું જંગી રીઝર્વ છે. જુન ક્વાર્ટરમાં કંપનીની આવક રૂ.૮૩૨ કરોડથી વધીને રૂ.૯૯૧ કરોડ થઈ છે જયારે નફો રૂ.૮૨ કરોડથી વધીને રૂ.૯૦ કરોડ થયો છે. કંપનીએ જુન ક્વાર્ટરમાં રૂ.૧૧.૭૮ની EPS હાંસલ કરી છે. નાણાકીય વર્ષ ૨૦૨૦માં કંપનીની આવક રૂ.૩૫૬૬ કરોડથી વધીને રૂ.૩૭૨૫ કરોડ થઈ હતી જયારે નફો રૂ.૩૪૦ કરોડથી વધીને રૂ.૩૪૮ કરોડ થયો હતો. કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૨૦માં રૂ.૪૫.૫૧ની EPS હાંસલ કરી હતી. BSE ખાતે A ગ્રુપમાં લીસ્ટેડ આ કંપનીના શેર વર્ષ દરમ્યાન શેરનો ભાવ વધીને રૂ.૯૩૧ અને ઘટીને રૂ.૪૨૦ જોવાયો છે. વર્તમાન ભાવે માર્કેટકેપ રૂ.૭૦૧૫ કરોડ છે. કંપનીની કુલ આવકનો મોટો હિસ્સો અમેરિકામાંથી આવે છે. કંપની જે સેગમેન્ટમાં છે એ સેગમેન્ટમાં ગ્રોથ પાછો આવી રહ્યો છે. કંપનીમાં પ્રમોટરો ૩૧.૪૭ ટકા અને પબ્લિક ૬૫.૪૬ ટકા સ્ટેક ધરાવે છે. કંપનીના શેરની બુક વેલ્યુ રૂ.૩૧૨.૧૭ છે અને વર્તમાન ભાવે પ્રાઈઝ ટુ બુક વેલ્યુ રેશિયો ૩ ટકા છે. બાવન સપ્તાહના ઊંચા ભાવ નજીક મળી રહેલ આ સ્ટોકમાં થોડું રોકાણ કરી શકાય. કંપનીમાં મ્યુચ્યુઅલ ફંડો પાસે ૨૪.૭૪ ટકા અને FII પાસે ૧૯.૧૭ ટકા સ્ટેક છે. લોક ડાઉનના સમયમાં પણ આઈટી કંપનીઓ ગ્રોથ દર્શાવી રહી છે એ જોતા આ સેક્ટરની કંપનીઓને આવનાર સમયમાં હજુ ઊંચા વેલ્યુએશન મળી શકે છે.

GMM Pfaudler (રૂ. ૪૦૭૩.૦૦) (કોડ : ૫૦૫૨૫૫)

ઈન્ડસ્ટ્રીયલ મશીનરી બનાવતી આ કંપની ૧૯૬૨થી કાર્યરત છે અને અમેરિકાની કંપની PFAUDLER આ કંપનીમાં ૪૦ ટકા સ્ટેક ધરાવે છે. કંપની કરમસદ ખાતે ૨૦ એકરમાં પથરાયેલો પ્લાન્ટ ધરાવે છે. BSE ખાતે B ગ્રુપમાં લીસ્ટેડ આ કંપનીના શેરની ફેસ વેલ્યુ રૂ.૨ છે. વર્ષ દરમ્યાન શેરનો ભાવ વધીને રૂ.૪૭૦૦ અને ઘટીને રૂ.૧૧૫૦ જોવાયો છે. કંપનીની ઈક્વિટી માત્ર રૂ.૨.૯૨ કરોડ છે જેની સામે કંપની પાસે રૂ.૩૪૦ કરોડનું જંગી રીઝર્વ છે અને કંપની ડેટ ફ્રી છે. જુન ક્વાર્ટરમાં કંપનીએ લોક ડાઉન છતાં મજબુત પરિણામો દર્શાવ્યા છે જેમાં કંપનીની આવક રૂ.૧૫૦ કરોડથી વધીને રૂ.૧૫૪ કરોડ થઈ છે જયારે નફો રૂ.૧૮ કરોડથી વધીને રૂ.૧૯ કરોડ થયો છે. કંપનીએ જુન ક્વાર્ટરમાં રૂ.૧૩.૧૪ની EPS હાંસલ કરી છે. કંપની તેન શેર હોલ્ડરોને સુંદર ડિવિડન્ડ પણ ચુકવે છે. નાણાકીય વર્ષ ૨૦૨૦ માટે કંપનીએ ૩૦૦ ટકાનું ડીવીડન્ડ ચુવ્યું છે. કંપનીમાં પ્રમોટરો ૭૫ ટકા અને પબ્લિક ૨૫ ટકા સ્ટેક ધરાવે છે. લોંગ ટર્મ રોકાણ માટે આ સ્ટોકમાં તબક્કાવાર ખરીદી કરી શકાય. સ્ટોક રૂ.૫૦૦૦ તરફ આગેકુચ કરતો જોવા મળી શકે છે. કંપનીમાં મ્યુચ્યુઅલ ફંડો ૧.૯૫ ટકા જેટલો સ્ટેક ધરાવે છે. સ્ટોક લાંબાગાળાના રોકાણકારો માટે બેસ્ટ અને સેફ પીક બની શકે છે. નાણાકીય વર્ષ ૨૦૨૦માં કંપનીની આવક રૂ.૫૦૩ કરોડથી વધીને રૂ.૫૯૫ કરોડ થઈ હતી જયારે નફો રૂ.૫૧ કરોડથી વધીને રૂ.૭૩ કરોડ થયો હતો. કંપનીની માર્કેટકેપ રૂ.૫૯૫૪ કરોડ છે.

દિવાને-ખાસ

A.J. Diwan (Mumbai)
E-mail : divanconsultancy@rediffmail.com



બજારને રામજીના આશીર્વાદ જોઈએ છે

શેરબજારો કોઈવાર ઉપરથી એવા પટકાય છે તો કોઈ વાર કારણ વગર ઉછળે છે. પટકવાના ઘણા કારણો સામે આવે છે જેમ કે, વધતો જતો ફુગાવો, ડીઝલના ભાવો વધારી રોકડી કરતી સરકાર. બોર્ડર ઈસ્યુ - ચીનનું મન જાણી શકાતું નથી અને સરહદ પર ભારતનો લશ્કરનો વધુ જમાવડો.

સોના - ચાંદીના ભાવોમાં ધરખમ ઉછાળો. પહેલાના જમાનામાં લોકો કહેતા કે યુધ્ધ થવાનું હોય તો પ્રિસીયસ મેટલના ભાવો વધે છે. લોકડાઉન ખુલતા જે જોશ દેખાવો જોઈએ તે ઈન્ડસ્ટ્રીઝમાં નથી દેખાતો. કંપનીઓના પરિણામો મિક્સ છે. થોડા દિવસો પહેલા આરબીઆઈ ગવર્નર આડકતરી રીતે બેન્કોની એનપીએ વધશે એવો નિર્દેશ આપ્યો હતો.

રિલાયન્સના પરિણામો જેટલા દેખાય છે એટલા સારા નથી. કંપનીની બોટમલાઈન વધવાનુ કારણ ટેક્સની રાહત છે. રિલાયન્સની બીજી આવક ૪૩૬૮ કરોડથી વધવાથી નફો સારો દેખાય છે. રિલાયન્સ બીગ બજારને લેવા પ્રયત્ન કરી રહી છે એમેઝોન ૯ ટકાના જીઓમાં રોકાની જાહેરાત કરી પણ હજી ભાવ નક્કી કરાયો નથી. શેરનો ભાવ રૂ. ૨૧૫૦ની નીચે રહે તો તેના માટે સારૂ નથી.

નિફ્ટી :- જો નિફ્ટી ૧૧૦૭૫ની નીચે બંધ આવશે તો ૧૧૦૪૦/૨૫ જઈ શકે છે. સપોર્ટ ૧૧૦૦૦ નો છે. ૧૧૨૦૦ ની ઉપર જો બંધ રહે તો બજાર માટે સારૂ છે.

યસ બેન્ક માટે અમે આ કોલમમાં લખેલુ કે રૂ. ૨૬ ની સામે રૂ. ૧૨ માં ઈસ્યુ ઘણુ જ ખરાબ નિર્ણય ગણાય. શેર રૂ. ૧૨ ની અંદર પણ તરી ગયો હજી વધુ ઘટવાની આશા છે. યસ બેન્કના ભાવ જોતા સત્યમની યાદ આવે છે. અમો મહિન્દ્રા ફાયનાન્સના રાઈટ ઈસ્યુ ૧/૩ ના ભાવે આવ્યો છે તે વાત ગળે ઉતરતી નથી. ભાવ ઘટવો જોઈએ. રાઈટ રૂ. ૫૦માં મળતા હોય તો રૂ. ૧૪૦ શા માટે નહીં વેચાય ?

એક્સીસ બેન્ક :- કોઈપણ ઉછાળે આ શેરમાં વેચવાલી આવી શકે છે. બજારમાં બેન્કમાં મંદીનું કારણ જાણી ગયું લાગે છે. ડીએલએફ ૧૪૩ પર વેચો. ૧૪૬ નો સ્ટોપલોસ. આઈસીઆઈસીઆઈ પ્રતિકારક સપાટી ૩૬૫

શેરબજારની ભાવી ચાલ

નયન પટેલ : Mob. : 98795 26525

સ્ટોક સિલેક્શનમાં સાવચેતી રાખવી

માર્ચ ક્વાર્ટર માટેના પરિણામો બધી કંપનીઓના જાહેર થઇ ગયા છે અને જુન ક્વાર્ટર માટે પણ ઘણી બધી કંપનીઓના પરિણામો સામે આવી ચુક્યા છે. જુન ક્વાર્ટરના પરિણામોમાં લોકડાઉનના સમયનો સમાવેશ થઇ જાય છે માટે જુન ક્વાર્ટરના પરિણામો ખાસ મહત્વના બની રહેવાના છે. લોકડાઉન છતાં જે કંપનીઓ જરૂરી સેવાઓ અને વસ્તુઓના ઉત્પાદન સાથે સંકળાયેલી હતી એવી કંપનીઓના પરિણામો સારા આવી રહ્યા છે જયારે લોકડાઉનની સીધી અસર જે સેક્ટરની થઇ છે એ સેક્ટરની કંપનીઓના પરિણામો ખરાબ આવી રહ્યા છે. માર્કેટે ઓલરેડી કેટલાક સેક્ટરમાં આ અસરને ડિસ્કાઉન્ટ કરી દીધી છે છતાં કેટલીક મિડકેપ અને સ્મોલકેપ કંપનીઓના શેરોમાં જરૂર કરતા વધારે તેજી થઇ છે. આવા મિડકેપ અને સ્મોલકેપ શેર્સ જે લોકડાઉનની સીધી અસર વાળા સેક્ટરના હોય તો એવા શેર્સમાં ઊંચા મથાળે રોકાણ કરવામાં સાવચેતી રાખવી. જુન ક્વાર્ટરના અત્યાર સુધી જાહેર થયેલ પરિણામોનો ટ્રેન્ડ જોતા આઈટી, ફાર્મા (ફાર્મામાં પણ ખાસ કરીને એપીઆઈ મેન્યુફેક્ચરિંગ કંપનીઓ), એગ્રો કેમિકલ અને ફર્ટીલાઈઝર સેક્ટરની કંપનીઓના ખુબજ સુંદર આવી રહ્યા છે ત્યારે આ સેક્ટરના સારા ફન્ડામેન્ટલ વાળા શેર્સમાં દરેક ઘટાડે વેલ્યુ બાઈંગ જોવાશે.

નિફ્ટીમાં ૧૦૯૫૦ અને ૧૧૧૬૦ મહત્વના લેવલ્સ રહેશે અને જે તરફ બ્રેકઆઉટ આવશે એ તરફ બીજા ૧૫૦ થી ૨૦૦ પોઈન્ટની મુવમેન્ટ જોવાશે.

Cont...

પાછલી ભલામણો ઉપર એક નજર

Recommended Dt.	Stocks	Recomm. Price	High after Recomm.	Gain (%)
27th April 20	Anuh Pharma	144	288	100%
11th May 20	Bajaj Steel	84	143.65	71%
18th May 20	GAEL	117	186.5	59%
	Laurus Labs	437.25	945	116%
1st June 20	Alufluoride	98	192.9	97%
20th July 20	Indo Count Industries	40	76.45	91%
27th July 20	Alpa Lab	20.7	25.4	23%

KANPUR PLASTIPACK LTD (507779) (70.65) (Face Value Rs.10)

૧૯૭૧માં સ્થપાયેલી કાનપુર બેઈઝ આ કંપની પેકેજીંગ સેક્ટરમાં સક્રિય છે. કંપની વિવિધ પ્રકારની ઈન્ડસ્ટ્રીઝને પેકેજીંગ સોલ્યુશન પુરા પાડે છે. કંપની ફ્લેક્સિબલ ઈન્ટરમીડીયેટ બલ્ક કન્ટેનરના ઉત્પાદનમાં અગ્રણી કંપની ગણાય છે. આ પ્રોડક્ટ ફૂડ ગ્રેઈન્સ, સિમેન્ટ, કેમિકલ્સ, ફર્ટીલાઈઝર સેક્ટરમાં પેકેજીંગમાં યુઝ થાય છે. આ સિવાય કંપની ફ્લેક્સિબલ ઈન્ટરમીડીયેટ બલ્ક કન્ટેનર એસેસરીઝ પણ બનાવે છે. આ સિવાય કંપની લેમિનેટેડ અને અનલેમિનેટેડ ફેબ્રિક્સ બનાવે છે જે બેગ મેન્યુફેક્ચરિંગ, સેન્ડ બેગના ઉત્પાદનમાં યુઝ થાય છે. કંપની મલ્ટી ફિલામેન્ટ યાર્ન પણ બનાવે છે જે રોપ્સ, વેબીગ, સુઈંગ થ્રેડ, ઈલાસ્ટીક બેન્ડ, સ્કીપીંગ રોપ્સ વગેરેના ઉત્પાદનમાં યુઝ થાય છે. કંપનીની ઈક્વિટી માત્ર રૂ.૧૪.૩૨ કરોડ છે જેની સામે કંપની પાસે રૂ.૧૧૪.૨૫ કરોડનું જંગી રીઝર્વ છે. કંપનીએ લોકડાઉનના સમયમાં પણ પહેલા ક્વાર્ટરમાં બમ્પર પરિણામો દર્શાવ્યા છે. કંપનીનો નફો જુન ક્વાર્ટરમાં ૧૭૨.૩૪ ટકા ઉછળીને રૂ.૩.૮૪ કરોડ થયો છે જયારે વેચાણ રૂ.૭૭.૦૬ કરોડ થયું છે. વર્તમાન ભાવે આ સ્ટોક માત્ર ૧૩ના પીઈથી ક્વોટ થઈ રહ્યો છે. લોકડાઉનના સમયમાં પણ જે રીતે કંપનીએ પરિણામો દર્શાવ્યા છે એ જોતા કંપનીના નાણાકીય વર્ષ ૨૦૨૧ના પરિણામો ખુબજ મજબુત રહી શકે છે ત્યારે જો તમારા નાણાકીય સલાહકાર પરમીશન આપે તો સ્ટોકમાં રૂ.૫૫ના સ્ટોપ લોસ સાથે રોકાણ કરી શકાય.

KRITI INDUSTRIES (INDIA) LTD (526423) (25.5) (Face Value Re.1)

૧૯૯૦માં સ્થપાયેલી ઈન્દોર બેઈઝ ક્રીટી ઈન્ડસ્ટ્રીઝ જાણીતા ક્રીટી ગ્રુપની ફ્લેગશીપ કંપની છે જે આરપીવીસી પાઈપ, કેસિંગ પાઈપ, પીઈ કોઈલ, સ્પ્રીકલર સીસ્ટમ, સબમર્સીબલ પાઈપ, ગાર્ડન પાઈપ અને અન્ય પ્રોડક્ટ્સનું ઉત્પાદન કરે છે. કંપની પોતાની પ્રોડક્ટ્સ કસ્તા બ્રાંડથી વેચે છે. કંપનીની પ્રોડક્ટ્સ ખાસ કરીને એગ્રીકલ્ચર, બિલ્ડીગ પ્રોડક્ટ્સ, માઈક્રો ઈરીગેશન અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટરમાં વપરાય છે. કંપનીની ઈક્વિટી માત્ર રૂ.૪.૯૬ કરોડ છે જેની સામે કંપની પાસે રૂ.૯૪.૧૨ કરોડનું રીઝર્વ છે. કંપનીમાં પ્રમોટરો ૬૬.૧૩ ટકા જેટલો ઉંચો સ્ટેક ધરાવે છે.

માર્ચ ક્વાર્ટરમાં કંપનીનું વેચાણ રૂ.૭૧.૦૨ કરોડ થયું છે જયારે નફો ૨૭૨૧.૭૩ ટકા વધીને રૂ.૬.૪૯ કરોડ થયો છે. નાણાકીય વર્ષ ૨૦૨૦માં કંપનીનો નફો ૨૦૮ ટકા વધીને રૂ.૧૮.૪૯ કરોડ થયો છે જયારે કંપનીનું વેચાણ રૂ.૫૪૮.૭૨ કરોડ થયું છે. કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૨૦માં રૂ.૩.૭૩ની ઈપીએસ હાંસલ કરી છે અને વર્તમાન ભાવે આ સ્ટોક ૬.૮૫ના નીચા પીઈથી ક્વોટ થઈ રહ્યો છે. કંપનીનો સ્ટોક તેના ૨૦૧૮ના હાઈ રૂ.૬૨.૮થી ઓલમોસ્ટ ૬૦ ટકા નીચે ક્વોટ થઈ રહ્યો છે અને રોકાણ માટે ખુબજ આર્કષક લાગી રહ્યો છે. જો તમારા નાણાકીય સલાહકાર પરમીશન આપે તો સ્ટોકમાં રૂ.૧૯ના સ્ટોપ લોસ સાથે રોકાણ કરી શકાય.

પ્રાયમરી માર્કેટ

- Dilip K. Shah

ભારતીય શેરબજારોમાં છેલ્લાં છ સપ્તાહ દરમ્યાન પવનવેગી તેજી
સૂચકાંકો માર્ચના બોટમથી ૪૫ ટકા ઉંચકાયા

શેરોના ભાવ, લિક્વિડિટી, રિટેલર્સની સંખ્યા, FIIના ઈનફ્લોમાં વધારો છતાંયે IPO માર્કેટ Dry
ચાલુ કેલેન્ડર વર્ષમાં માત્ર IPOs પ્રવેશ્યા જેમાં SBI Cards, Rossari, MindSpaceનો સમાવેશ
રાઈટ્સ ઈસ્યુઓનો રાફડો ફાટ્યો, બે રાઈટ્સ ઈસ્યુઓની વિદાય અને ત્રણ રાઈટ ઈસ્યુઓનું આગમન
Shriram Trans. નો રાઈટ ઈસ્યુ તા. ૩૦ જુલાઈએ અને PVRનો રાઈટ ઈસ્યુ ૩૧ જુલાઈએ બંધ થયો
M&M Fin., Gateway Distri., Refex Ind., Spencer Retail ના રાઈટ ઈસ્યુઓ માર્કેટમાં
MindSpace Business Park REITનો ઈસ્યુ મજબુત પ્રતિસાદ સાથે કુલ ૧૩ ગણો છલકાયો
Yes Bankના FPOના ભાવોભાવ લિસ્ટીંગ બાદ શેરનો ભાવ ડિસ્કાઉન્ટમાં ગયો
આ સપ્તાહે એકમાત્ર BSE-SME IPO - Suratwwala Business નું ૩ ઓગસ્ટે રૂ.૧૫ ના ભાવે આગમન

ભારતીય શેરબજારોમાં જુન મહિનાના મધ્યમગાળાથી શરૂ થયેલી પવનવેગી તેજીએ સતત છ સપ્તાહ દરમ્યાન માર્કેટને ધમધમતુ કરતા ભારતીય સૂચકાંકોમાં ચાલુ કેલેન્ડર વર્ષમાં જાન્યુઆરીમાં જોવાયેલ સર્વોચ્ચ સપાટી બાદ માર્ચ મહિનામાં અનેક વર્ષોની બોટમ સપાટી દર્શાવ્યા બાદ હાલ ૪૫ ટકા જેટલા ઉછળી ચુક્યા છે અને ઐતિહાસિક સપાટીથી માત્ર ૧૦ થી ૧૨ ટકા છેટે રહ્યા છે. જો કે, વિતેલ સપ્તાહે તેજીને બ્રેક લાગતા માર્કેટમાં વોલેટીલીટી વધી છે તે અલગ બાબત ચે.

મહત્વની બાબત એ છે કે, માર્કેટમાં તેજીનો માહોલ સર્જાઈ ચુક્યો છે. સ્ટિમ્યુલસ પેકેજને કારણે લિક્વિડીટીમાં પણ ભારે વૃધ્ધિ થઈ છે, લોકડાઉન દરમ્યાન ૨૦ લાખ ડિમેટ એકાઉન્ટસ નવા ખુલવા સાથે રિટેઈલ ઈન્વેસ્ટરોની સંખ્યામાં પણ વધારો થયો છે, માર્કેટમાં FIIનો Inflow પણ વધ્યો છે. આમ છત્તાં દલાલ સ્ટ્રીટ પર લિસ્ટીંગ માટે ઉત્સુક કંપનીઓ હજી પણ માર્કેટમાં પ્રવેશવા કેમ ખચકાઈ રહી છે ?

Listing Information of Yes Bank FPO

BSE Code	532648
Listing Date	27-7-2020
Offer Price	Rs. 12.00
Listing Price	Rs. 12.30
Listing Day High	Rs.12.30
Listing Day Low	Rs.12.30
Listing Day Close	Rs.12.30
CMP (31-7-20)	Rs.11.95

ઉલ્લેખનીય છે કે, પ્રાયમરીમાર્કેટમાં ચાલુ કેલેન્ડર વર્ષમાં માત્ર ત્રણ IPO દાખલ થયા છે જેમાં SBI Cards, Rossari Biotech, MindSpace Business Park REIT નો સમાવેશ થાય છે.

એમ મનાય છે કે, આગામી સમયમાં માર્કેટમાં સ્થિરતા સ્થાપવા તેમજ દલાલ સ્ટ્રીટમાં નવા બુલરનના સંકેત પછી જ માર્કેટમાં પ્રવેશવા સજ્જ કંપનીઓ નવા IPO સાથે ઝંપલાવશે. જો કે, પ્રાપ્ત અહેવાલો અનુસાર UTI AMCનો IPO ટુંક સમયમાં માર્કેટમાં પ્રવેશવા સજ્જ બની

Cont...

Tentative Timetable for Various IPOs

	MindSpace REIT	Suratwwala Business
Issue Closes	29-7-2020	5-8-2020
Finalisation of Basis of Allotment	6-8-2020	10-8-2020
Refund / Unblocking of Fund from ASBA	7-8-2020	11-8-2020
Credit of Equity Shares to Demat A/c.	7-8-2020	12-8-2020
Listing on BSE / NSE	12-8-2020	13-8-2020

Subscription Figures of MindSpace Business Park

	No. Shares Offered/ Reserved	Issue Subscribed 27-7-20	28-7-20	29-7-20
QIB	3,69,52,600	0.37x	0.83x	10.61x
NII	3,07,93,800	0.40x	1.65x	15.51x
Total	6,77,46,400	0.39x	1.23x	12.96x

UTI AMCનો રૂ. ૩૦૦૦ કરોડનો માત્ર OFS ઈસ્યુ ટુંક સમયમાં માર્કેટમાં પ્રવેશશે
PE જાયન્ટ Warburg Pincusનો ટેકો ધરાવતા Kalyan Jew. રૂ. ૧૭૦૦ કરોડનો IPO કરવા સજ્જ
MindSpaceના ઈસ્યુનું લિસ્ટીંગ ક્યારે અને કેવું રહેશે ? લિસ્ટીંગ પછી શું કરવું ?
M&M Fin., Gateway Distri., Refex તેમજ Spencerના રાઈટ ઈસ્યુઓમાંથી કયો ઈસ્યુ ભરાય ?
Yes Bankના IPOનું લિસ્ટીંગ ૧૨ થી ૧૩ વચ્ચે થવા અંગે 'સ્માર્ટ ઈન્વે.' નિર્દેશ સચોટ ઠર્યો

આગામી સપ્તાહના Main - line IPO પર એક નજર (Non SME)

Sr	Company	Issue Open Dt. Issue Close Dt.	Issue size (Rs. Cr.)	Offer price (Rs.)	Min. App.	Listing	Lead Manager	Rating (Out of 50)	Remark
1	UTI Asset Management (Book Building)	-- --	3,89,87,081 Eq. Shares (Rs. 3000 Cr.)	--	-- --	BSE NSE	Axis Capital, BoA Meriill Lynch, Citigroup, ICICI Securities J.M. Financial, Kotak Mah. Cap. SBI Capital	--	--

ચુક્યો છે. એક તરફ મેઈનબોર્ડ IPOની ખોટ વર્તાઈ રહી છે ત્યાં બીજી તરફ રાઈટ્સ ઈસ્યુઓનો રાફડો ફાટ્યો છે. ગત સપ્તાહો દરમ્યાન A.B. Fashion, Arvind SmartFashion, Shriram Transport Finance, PVR, M&M Fin. ના ૪ રાઈટ્સ ઈસ્યુઓ માર્કેટમાં પ્રવેશી ચુક્યા છે જેમાં Shriram Transport Fin. નો રાઈટ ઈસ્યુ તા. ૩૦ જુલાઈએ અને PVR નો રાઈટ ઈસ્યુ તા. ૩૧ જુલાઈના રોજ બંધ થઈ ચુક્યો છે. હાલમાં માત્ર M&M Fin., Gateway Distripark, Refex Industries, Spencer Retail ના રાઈટ ઈસ્યુઓ માર્કેટમાં પ્રવેશી ચુક્યા છે.

આ સાથે BSE SME સેગ્મેન્ટના Suratwwala Business Group ના IPOનું પણ આગમન થઈ રહ્યું છે.

ગત સપ્તાહના ઈસ્યુઓની ભિતરમાં

ગત સપ્તાહ દરમ્યાન Yes Bankનો FPO લિસ્ટેડ થઈ ચુક્યો છે જ્યારે MindSpace Business Park REIT નો ઈસ્યુ ખુબજ સારો રીસ્પોન્સ મળતા ૧૩ ગણો ભરાઈ ચુક્યો છે. આગામી સપ્તાહે બજારની નજર આ IPOના લિસ્ટીંગ પર રહેશે.

Yes Bank નું લિસ્ટીંગ (૫૩૨૬૪૮)

રૂ. ૧૨ થી ૧૩ ના પ્રાઈસબેન્ડના આ FPOમાં ડિસ્કવરી પ્રાઈસ રૂ. ૧૨ ફિક્સ્ડ કરાઈ છે. તા. ૨૭ જુલાઈના રોજ આ FPOનું લિસ્ટીંગ સાધારણ પ્રિમિયમે એટલે કે, રૂ. ૧૨.૩૦ ના ભાવે થયા બાદ વધીને અને ઘટીને રૂ. ૧૨.૩૦ ની નીચલી સર્કિટ બંધ જોવાયો હતો. જો કે ત્યારબાદ ૩૧ જુલાઈના રોજ શુક્રવારે શરનો ભાવ ૧૧.૯૫ ના લેવલે જોવાયો હતો.

ઉલ્લેખનીય છે કે, Yes Bankનો FPO ખુલ્યો ત્યારે શેરનો ભાવ રૂ. ૧૯ ની આસપાસ હતો આ સાથે સ્માર્ટ ઈન્વેસ્ટમેન્ટના આ કોલમમાં શેરનું લિસ્ટીંગ રૂ. ૧૨ થી ૧૩ ની વચ્ચે થશે એવો નિર્દેશ આપવામાં આવ્યો હતો તે ૧૦૦ ટકા સચોટ ઠર્યો છે.

MindSpace IPO

તા. ૨૭ જુલાઈના રોજ ખુલી ૨૯ જુલાઈના રોજ બંધ થયેલ આ ઈસ્યુમાં પ્રાઈસ બેન્ડ યુનિટદીઠ રૂ. ૨૭૪-૨૭૫ હતી કંપનીએ રૂ. ૪૫૦૦ કરોડના ઈસ્યુમાં ૮૭,૭૮,૨૪,૬૦૦ યુનિટસ બીડ મળી હતી. કંપનીએ ઈસ્યુમાં ૬,૭૭,૪૬,૪૦૦ યુનિટસ ઓફર કર્યા હતા.

ભરણું કેટલુ ભરાયું ?:- આ ઈસ્યુમાં માત્ર બે કેટેગરીમાં બીડ મંગાવામાં આવી હતી જેમાં QIBમાં ભરણું ૧૦.૬૦ ગણું અને NIIમાં જેમાં રિટેલ કેટેગરીનો સમાવેશ થાય છે તેમાં ૧૫.૫૧ ગણો છલકાયો હતો આમ કુલ ઈસ્યુ ૧૨.૯૬ ગણો ભરાયો હતો.

માર્કેટ લોટ:- ૨૦૦ યુનિટસ અને ત્યારબાદ તેના મલ્ટીપલમાં રહેશે.

BSE SME IPO

Sr	Company	Open Dt. Close Dt.	Issue size (Rs. Cr.)	Offer price (Rs.)	Minimum Applications Size	Lead Manager	Rating (Out of 50%)	Remark %
1.	Suratwwala Business Group	3-8-2020 5-8-2020	46,00,000 Eq. (Rs. 6.90 Cr.)	15	8000 Eq. Shares (Rs. 1,20,000)	Hem Securities	32%	AVOID

એલોટમેન્ટ - રિફંડ :- આ ઈસ્યુનું એલોટમેન્ટ ૬ ઓગસ્ટે રિફંડ તથા ASBAમાં ફંડનું અનબ્લોકિંગ તેમજ ડિમેટ ખાતામાં ૭ ઓગસ્ટના રોજ યુનિટ જમા આવશે. એલોટમેન્ટનું ધોરણ નક્કી ન હોવાથી અંદાજ મેળવવો મુશ્કેલ છે.

લિસ્ટીંગ :- આ ઈસ્યુનું લિસ્ટીંગ તા. ૧૨ ઓગસ્ટે થઈ શકે છે. આ યુનિટ્સનું લિસ્ટીંગ ઉંચા પ્રિમિયમે થવા સાથે ઈન્વેસ્ટરોને સારૂં એવું લિસ્ટીંગ ગેઈન પ્રાપ્ત થઈ શકે છે.

એમ માનવામાં આવે છે કે, રાહેજા ગ્રુપની આ MindSpace Business Park ના રિયલ એસ્ટેટ ઈન્વેસ્ટમેન્ટ (REIT) ૨૦૨૧-૨૨ માં વેચાણ માત્ર રોકડપ્રવાહમાંથી ૭.૫ ટકા ટેક્સ ફ્રી યીલ્ડ મળવાની ધારણા છે જે F.D. માં મળતા યીલ્ડ કરતા આકર્ષક છે. આમ ઈન્વેસ્ટરોને આકર્ષક યીલ્ડ સાથે યુનિટસના ભાવવૃદ્ધિનો એમ બેવડો લાભ મળી શ કે છે. એલોટમેન્ટ પછી લોંગટર્મ માટે જાળવી રાખવા ઈન્વેસ્ટરોને વધુ સારૂ રીર્ટન મળી શકે છે.

આ સપ્તાહનો SME IPOs

આ સપ્તાહે એકમાત્ર Suratwwala Business Group ના BSE SME IPO નું માર્કેટમાં આગમન થઈ રહ્યું છે.

Suratwwala Business Group

રિયલ્ટી ક્ષેત્ર સાથે સંકળાયેલી આ કંપનીનો ૪૬ લાખ ઈક્વિટી શેર્સનો ઈસ્યુ તા. ૧૫ ના ફિક્સ્ડ ભાવે ૩ ઓગસ્ટના રોજ ખુલી ૫ ઓગસ્ટના રોજ બંધ થશે. એકંદરે રૂ. ૬.૯૦ કરોડના આ IPOના તદ્દન નબળા ફંડામેન્ટલ્સ તેમજ વધુ પડતી મોંઘી ઓફરને કારણે દુર રહેવું હિતાવહ બની રહેશે. આ IPOનું વિસ્તૃત એનાલીસીસ અલગ બોક્સમાં દર્શાવેલ છે.

આગામી મેઈનબોર્ડ ઈસ્યુઓની ભિતરમાં

આગામી દિવસો માટે હાલ કોઈ મેઈનબોર્ડ IPOની જાહેરાત થઈ નથી. Rossari Biotech અને MindSpace ના IPOને મળેલ સારો પ્રતિસાદ તેમજ Rossari Biotechના ધમાકેદાર લિસ્ટીંગ સાથે હાલમાં ૭૪ ટકા ના જંગી રિર્ટનને ધ્યાનમાં લેતા UTI AMC IPO ટુંક સમયમાં માર્કેટમાં પ્રવેશે તેવી સંભાવના છે.

UTI AMC

આ કંપની ૧,૦૪,૫૯,૯૪૯ ઈક્વિટી શેર્સના ઓફર ફોર સેલ ઈસ્યુ સાથે ટુંક સમયમાં માર્કેટમાં પ્રવેશશે. SBI, LIC, BOB, PNB, T Rowe Price ઓફર ફોર સેલ દ્વારા શેર વેચાણ કરશે. આખો ઈસ્યુ ઓફર ફોર સેલ હોવાથી ફ્રેશ ઈક્વિટી ઈસ્યુ ઝીરો રહેશે. QIB પોર્શન ૫૦ ટકા (૧,૯૩,૫૪૦ શેર્સ) એન્કર ઈન્વેસ્ટર્સ માટે ૧,૧૬,૩૬,૧૨૪ શેર્સ રહેશે. HNI માટે ૧૫ ટકા (૫૮,૧૮,૦૬૨ શેર્સ) અને રિટેલર્સ માટે ૩૫ ટકા (૧,૩૫,૭૫,૩૭૯ શેર્સ) રહેશે. Employee માટે ૨ લાખ શેર્સ રીઝર્વ રાખવામાં આવ્યા છે. ઈક્વિટી કેપિટલ પ્રિ-ઈસ્યુ તેમજ પોસ્ટ ઈસ્યુ ૧૨,૬૭,૮૭,૨૫૪ શેર્સની રહેશે. આ IPOના આગમન સાથે પ્રાયમરીમાર્કેટની સાથે સાથે ગ્રે માર્કેટ પણ ધમધમશે.

Kalyan Jewellers

પ્રાઈવેટ ઈક્વિટી જાયન્ટ Warburg Pincus નો ટેકો ધરાવતી Kalyan Jewellers રૂ. ૧૭૦૦ કરોડના IPO સાથે ચાલુ નાણાંકીય વર્ષના ચોથા ક્વાર્ટરમાં માર્કેટમાં પ્રવેશે તેવી શકયતા છે.

Right Issues પર એક નજર

Sr	Company	Issue Open Dt. Issue Close Dt.	Issue size (Rs. Cr.)	Offer price (Rs.)	Ratio & Record Dt.	Listing	Lead Manager	Recommedation
1.	Mahindra & Mahindra Financial	28-7-2020 To 11-8-202	61,77,64,960 Eq. Shares (Rs. 3088.83 Cr.)	50 Per Share	1 Shares for every 1 shares held	BSE NSE	Kotak, Axis Sec., BNP Paribas Citi Group, HDFC Bank, HSBC Securities ICICI Sec., Nomura Fin, SBI Capital	Attractive Apply blindly
2.	REFEX Industries	27-7-2020 to 10-8-2020	55,26,848 Eq. Shares (Rs. 24.87 Cr.)	45 Per Share	5 Shares for every 14 shares held as on 17-6-2020	BSE NSE	Keynote Financial Services	Apply for Medium to Long Term
3.	Gateway Distriparks	30-7-2020 To 13-8-2020	1,61,07,859 Eq. Shares (Rs. 115.98 Cr.)	72 Per Share	4 Shares for every 27 shares held as on 24-7-2020	BSE NSE	ICICI Securities	AVOID
4.	Spencer's Retail	4-8-2020 to 18-8-2020	1,06,04,563 Eq. Shares (Rs. 79.53 Cr.)	75 Per Share	2 Shares for every 15 shares held as on 29-7-2020	BSE NSE	ICICI Securities	Next Week

આ સપ્તાહના રાઈટ્સ ઈસ્યુઓની ભિતરમાં

ગત સપ્તાહે Shriram Transport Finance નો રાઈટ ઈસ્યુ તા. ૩૦ જુલાઈ અને PVRનો રાઈટ ઈસ્યુ ૩૧ જુલાઈના રોજ વિદાય લઈ ચુકેલ છે જ્યારે M&M Fin. નો રાઈટ ઈસ્યુ તા. ૨૮ જુલાઈએ અને Gateway Distripark નો રાઈટ ઈસ્યુ તા. ૩૦ જુલાઈના રોજ માર્કેટમાં આગમન થઈ ચુક્યું છે જ્યારે Spencer Retail નો રાઈટ ઈસ્યુ તા. ૪ ઓગસ્ટે માર્કેટમાં પ્રવેશશે. ઉલ્લેખનીય છે કે, ગત સપ્તાહે આ કોલમમાં M&M Finance ના રાઈટ ઈસ્યુનું વિસ્તૃત એનાલીસીસ આ કોલમમાં પ્રસિધ્ધ થઈ ચુકેલ છે. જ્યારે Gateway Distripark અને Refex Industries ના રાઈટ ઈસ્યુનું એનાલીસીસ નીચે મુજબ દર્શાવેલ છે.

Refex Industries નો રાઈટ ઈસ્યુ ભરાય ?

ઈસ્યુ તા. ૨૭ જુલાઈ ના રોજ ખુલી ૧૦ ઓગસ્ટના રોજ બંધ થશે

આ કંપની હાલમાં રેફ્રીજરન્ટ ગેસીસના રિ-ફીલીંગના બિઝનેસમાં સક્રિય છે. હાઈડ્રોફ્લુરોકાર્બનના નામે ઓળખાતી આ ગેસનો ઉપયોગ એરકન્ડીશનર્સ, રેફ્રીજરેટર્સમાં થાય છે. કંપનીનું ઉત્પાદન કેન્દ્ર ચેન્નાઈ નજીક Thiruporur ખાતે આવેલ છે. આ ઉપરાંત કંપની Coal તેમજ Ash ના ટ્રેડિંગ બિઝનેસમાં પણ કાર્યરત છે. આમ કંપની ડાયવર્સિફાઈડ પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ છે.

કંપની તેની વર્કિંગ કેપિટલની જરૂરિયાત માટે રૂ. ૧૦ ની ફેસવેલ્યુના ૫૫,૨૬,૮૪૮ ઈક્વિટી શેર્સના રાઈટ ઈસ્યુ સાથે તા. ૨૭ જુલાઈના રોજ માર્કેટમાં પ્રવેશી રહી છે. કંપની પ્રતિ શેર રૂ. ૪૫ ના ભાવે ઓફર કરી કુલ રૂ. ૨૪.૮૭ કરોડનું ભંડોળ એકત્ર કરવાની યોજના ધરાવે છે. કંપનીએ તેના વર્તમાન શેરહોલ્ડર્સને ૫:૧૪ ના પ્રમાણમાં એટલે કે, ૧૪ સેર્સ સામે ૫ શેર રાઈટ્સ તરીકે ઓફર કર્યા છે. તા. ૧૦ ઓગસ્ટના રોજ બંધ થઈ રહેલ આ ઈસ્યુનું લિસ્ટીંગ BSE - NSE ખાતે થશે. આ ઈસ્યુ પોસ્ટ ઈસ્યુ પેઈડઅપ કેપિટલના ૨૬.૩ ટકા હિસ્સો ધરાવે છે. ઈસ્યુના લીડ મેનેજર Keynote Fin., ઈસ્યુ રજીસ્ટ્રાર Cameo Corporate છે. ઈસ્યુ બાદ કંપનીની ઈક્વિટી રૂ. ૧૫.૪૭ કરોડથી વધીને રૂ. ૨૧ કરોડ થશે.

નાણાંકીય કામગીરી :- કંપનીએ નાણાંકીય વર્ષ ૨૦૧૯માં ૪૬૨.૯૦ કરોડના ટર્નઓવર ઉપર રૂ. ૩૧.૬૩ કરોડનો નેટ નફો અને નાણાંકીય વર્ષ ૨૦૦માં ૬૬૫.૫૪ કરોડના ટર્નઓવર ઉપર રૂ. ૩૩.૧૩ કરોડનો નેટ નફો નોંધાવ્યો હતો.

શેરનો વર્તમાન ભાવ રૂ. ૫૧ છે. બાવન સપ્તાહમાં શેરનો ભાવ વધીને રૂ. ૯૧.૫૮ અને ઘટીને રૂ. ૨૮.૪૮ જોવાયો હતો. છેલ્લાં એક વર્ષમાં શેરના ભાવમાં ૪૫ ટકાનો ઘટાડો નોંધાયો છે. માર્કેટકેપ રૂ. ૧૬૭.૨૨ કરોડ છે. વર્તમાન ઈપીએસ રૂ. ૧૫.૩૭ છે. બુકવેલ્યુ રૂ. ૩૨.૨૧ છે. પી/બીવી રૂ. ૧.૫૮ થવા જાય છે. પીઈ ૩.૨૪ છે ત્યારે હરીફ કંપનીઓનો સરેરાશ પીઈ ૧૭.૭૬ છે.

● ***ભલામણ*** :- રાઈટ્સ શેર હાલમાં શેરના વર્તમાન ભાવ સામે લગભગ ૧૦ ટકા ડિસ્કાઉન્ટથી ઓફર થઈ રહ્યો છે. કંપનીની નાણાંકીય કામગીરી એકંદરે સારી જોતા તેમજ હરીફ કંપનીઓની તુલનામાં વેલ્યુએશન આકર્ષક જોતા આ રાઈટ્સ ઈસ્યુમાં મધ્યમથી લાંબાગાળા માટે રોકાણ કરી શકાય.

Gateway Distriparks નો રાઈટ ઈસ્યુ ભરાય ?

ઈસ્યુ ૩૦ જુલાઈએ ખુલી ૧૩ ઓગસ્ટે બંધ થશે : CMP Rs. 79

Right Offfer price Rs. 72

આ કંપની ઈન્ટીગ્રેટેડ ઈન્ટરમોડલ લોજીસ્ટીક્સ સર્વિસી પ્રોવાઈડર છે. કંપની હાલમાં કાર્ગો ટ્રાન્સપોર્ટેશન, હેન્ડલીંગ, સ્ટોરેજ વિગેરે સર્વિસ પુરી પાડે છે. કંપની સબ્સીડીરી ગેટવે રેલ્વે ફ્રેઈટ લી. જે ઈન્ડિયન રેલ્વે સાથે કન્ટેનર ટ્રેન્સ ઓપરેટસ કરવા માટે ઓથોરીટી ધરાવે છે.

કંપની રૂ. ૧૦ ની ફેઈસવેલ્યુના ૧૬૧૦૭૮૫૯ ઈક્વિટી શેર્સ પ્રતિ શેર રૂ. ૭૨ ના ફિક્સ્ડ ભાવે રાઈટ્સ ઈસ્યુ દ્વારા વર્તમાન શેર હોલ્ડર્સને પ્રતિ ૨૭ શેર સામે ૪ શેર રાઈટ્સ તરીકે ઓફર કરીને રૂ. ૧૧૫.૯૮ કરોડનું ભંડોળ એકત્ર કરવાની યોજના ધરાવે છે. આ રાઈટ્સ શેર્સની રેકોર્ડ ડેટ ૨૪ જુલાઈ ૨૦૨૦ છે. આ ઈસ્યુ તા. ૩૦ જુલાઈના રોજ ખુલી ૧૩ ઓગસ્ટના રોજ બંધ થશે. શેરનું લિસ્ટીંગ BSE - NSE ખાતે થશે. ઈસ્યુના લીડ મેનેજર ICICI Securities અને રજીસ્ટ્રાર Link Intime છે. કંપનીની ઈક્વિટી હાલમાં ૧૦૮.૭૩ કરોડ છે તે ઈસ્યુ બાદ વધીને ૧૨૪.૮ કરોડ થશે. છેલ્લાં બે વર્ષની નાણાંકીય કામગીરીને ધ્યાનમાં લેવામાં આવે તો, નાણાંકીય વર્ષ ૨૦૧૯ માં ૪૪૩.૩૯ કરોડના ટર્નઓવર ઉપર રૂ. ૬૧.૨૬ કરોડનો નેટ પ્રોફિટ અને નાણાંકીય વર્ષ ૨૦૨૦ માં ૧૩૦૯.૫૬ કરોડના ટર્નઓવર ઉપર રૂ. ૧૦૯.૪૦ કરોડનો નેટ પ્રોફિટ નોંધાવ્યો હતો. આમ કંપનીના નેટ નફામાં લગભગ ૭૦ ટકાનો જંગી ઘટાડો જોવાયો છે. શેરનો વર્તમાન ભાવ રૂ. ૭૯.૨૫ છે. બાવન સપ્તાહનો ઉંચો ભાવ ૧૩૭.૬૦ અને ઘટીને રૂ. ૭૧ છે.

ભલામણ :- કંપનીના વર્તમાન શેરધારકોને હાલમાં રૂ. ૭૯ બજારભાવ સામે આ શેર રૂ. ૭૨ ના ભાવે રાઈટ્સ તરીકે ઓફર થઈ રહ્યા છે. આમ શેર હોલ્ડરોને માત્ર ૧૦ ટકા વર્તમાન ભાવે લાભ થઈ રહ્યો છે. આમ કંપનીના ગત વર્ષના નબળા ફંડામેન્ટલ્સ તેમજ માત્ર ૧૦ ટકાના ડિસ્કાઉન્ટને ઓફરભાવને ધ્યાનમાં લેતા આ ઈસ્યુથી દુર રહેવું હિતાવહ બની રહેશે.

Spencer Retail

સ્પેન્સર રીટેઈલનો રાઈટ ઈસ્યુ તા. ૪ ઓગસ્ટના રોજ ૧,૦૬,૦૪,૫૬૩ ઈક્વિટી શેર્સ સાથે રૂ. ૭૫ના પ્રતિ શેરના ભાવ રૂ. ૭૯.૫૩ કરોડના ભંડોળ માટે ખુલશે જે ઈસ્યુ તા. ૧૮ ઓગસ્ટના રોજ બંધ થશે. આ રાઈટ ઈસ્યુમાં દરેક ૧૫ શેર્સે ૨ શેર્સ રાઈટના ઓફર કરવામાં આવ્યા છે. આ ઈસ્યુનો વર્તમાન ભાવ રૂ. ૮૩ છે જ્યારે બાવન સપ્તાહ દરમ્યાન સ્ટોકનો હાઈ ભાવ રૂ. ૧૧૦ અને લો ભાવ રૂ. ૫૧ જોવાયો હતો.

નોંધ :- કોરોના વાઈરસના પગલે અમલી બનેલ લોકડાઉન વચ્ચે લોકોમાં ઓનલાઈન શોપીંગની માંગ વધી રહી છે તેમજ આ ક્ષેત્રે કાર્યરત અન્ય ડિપારટમેન્ટલ સ્ટોર્સ જેવા કે બિગબઝાર, રિલાયન્સ રીટેલ, ડી-માર્ટ જેવી અનેક કંપનીઓ સાથે કોમ્પીટીશનનો સામનો કરી રહેલ છે. વર્તમાન ભાવ તેમજ ઓફરભાવની વચ્ચે ૮ રૂપિયાનો ફરક છે. ઈસ્યુનુ વિસ્તૃત ભલામણ આગામી સપ્તાહે આ કોલમમાં પ્રસિધ્ધ કરવામાં આવશે.

Suratwwala Business Group Ltd. (BSE SME IPOs)

તા. ૩ ઓગસ્ટના રોજ ખુલી ૫ ઓગસ્ટના રોજ બંધ થશે

ઓફરભાવ રૂ. ૧૫ : લિસ્ટીંગ BSE SME ખાતે થશે

રીયલ્ટી ક્ષેત્ર હાલમાં દબાણ હેઠળ છે અને કંપનીના પ્રોજેક્ટ પુને ડિસ્ટ્રીક્ટ સુધી મર્યાદિત રહ્યા છે

છેલ્લાં ત્રણ વર્ષમાં આવક અસ્થિર જ્યારે નેટ પ્રોફિટમાં RONWમાં સતત ઘટાડો નોંધાયો છે

નબળો ટ્રેક રેકોર્ડ, મોંઘી ઓફર ધ્યાને લેતા ઈન્વેસ્ટરોએ આ ઈસ્યુથી દુર રહેવું હિતાવહ

પુને - મહારાષ્ટ્ર સ્થિત આ કંપનીની સ્થાપના ૨૦૦૮માં થઈ હતી. આ રીયલ એસ્ટેટ ડેવલપમેન્ટ કંપની હાલમાં પુને ડિસ્ટ્રીક્ટમાં કોમર્શિયલ - રેસિડેન્સીયલ પ્રોજેક્ટનું ડેવલપમેન્ટ કરે છે ઉપરાંત ડેવલપમેન્ટ, વેચાણ તેમજ પ્રોપર્ટીસના મેન્ટેનન્સ બિઝનેસ હેઠળ સેવા આપી રહી છે. કંપની આ સાથે બિલ્ડીંગ તેમજ અનહોલ્ડ ટાવર્સ સ્ટોર્સ ઉપર બેનર્સ તેમજ હોર્ડિંગ્સ માટે રેન્ટથી સ્પેસ આપી રહી છે તાજેતરમાં કંપનીએ પુને ડિસ્ટ્રીક્ટમાં એક રેસિડેન્સયલ પ્રોજેક્ટનો Phase - 1 પુરો કર્યો છે અને કંપની હવે કોમર્શિયલ પ્રોજેક્ટ Phase - 2 ઉપર કામ કરી રહી છે.

Issue Details

- Issue Opens on 3rd August & Closes on 5th August, 2020
- Object of the issue : Working Capital Requirment.
- Issue Size : 46,00,000 Fresh Equity

Financial Performance Consolidated Basis

Particulars (Rs. Cr.)	FY-18	FY-19	FY-20
Total Revenue	11.20	9.13	10.88
Profit After Tax	2.96	0.86	0.32
EPS	31.41	3.49	–
RONW (%)	31.84	8.78	–

- Face Value Rs. 10, Total Rs. 6.90 Cr.
- Offer price Rs. 15 Per Shares • Minimum Lot : 8000 Shares
- Listing : BSE SME Platform • BRLM's : Hem Sec. Ltd.
- Market Maker : Hem Sec. Ltd. • Registrar : Link Intime (I) Pvt. Ltd.
- Company Management : Mr.Jatin Dhansukhlal Suratwala and Mr. Manoj Dhansukhlal Suratwala.
- Pre Issue Promoter Holding 99.92% • Post Issue Promoter Holding 73.42%
- Agverage of last 3 Yrs. EPS Rs. 1 & RONW 9.51%
- Pre IPO Equity Capital Rs. 12.74 Cr. • Post IPO Equity Capital Rs. 17.34 Cr.
- Pre IPO P/BV Ratio : 1.24 (NAV : 12.07) (31-3-2020) • P/BV Ratio - (NAV : 12.08)
- Post IPO asking P/E on fully diluted equity : 84
- Industry Peer Group PE Ratio : 12.52
- BRLM's Performance : Total 28 Issue Handaled in last 4 Years. In Last 10 listing 6 Issues opened with premium & 4 Issue at par.

સિક્કાની બીજી બાજુ

- કંપનીના પ્રમોટર્સની શેરદીઠ સરેરાશ પડતર રૂ. ૩.૨૨ થી ૩.૮૧ છે અને ઓફરભાવ રૂ. ૧૫ છે.
- કંપનીએ ૭ માર્ચ ૨૦૧૯ માં ૪૦૦:૧ ના પ્રમાણમાં બોનસ શેર ઈસ્યુ કર્યા હતા.
- ૨૭ જુલાઈ ૨૦૧૯ માં કંપનીએ ૩૮૧૪૯૮૩ રાઈટ્સ શેર ભાવોભાવ ઈસ્યુ કર્યા હતા.
- કંપનીની રજીસ્ટર્ડ ઓફિસ પોતાની માલીકીની નથી.
- છેલ્લાં ત્રણ વર્ષનો કંપનીનો કેશ ફ્લો નકારાત્મક રહ્યો છે.
- કંપનીનું નામ ટ્રેડમાર્ક રજીસ્ટર્ડ થયેલ નથી.
- છેલ્લાં ત્રણ નાણાંકીય વર્ષથી ગ્રુપ કંપનીઓ ખોટ નોંધાવી રહી છે.

ભલામણ :- કંપનીના પ્રોજેક્ટ પુને ડિસ્ટ્રીક્ટ પુરતા મર્યાદિત છે અને હાલમાં રીયલ્ટી ક્ષેત્ર દબાણ હેઠળ જોવાઈ રહ્યું છે. છેલ્લાં ત્રણ વર્ષમાં કંપનીની આવક અસ્થિર જોવાઈ છે. નેટ નફામાં તેમજ RONW સતત ઘટાડો નોંધાયો છે. હાલની ઓફર P/BV તેમજ PE રેશિયો પ્રમાણમાં ખુબજ ઉંચો જોતા વર્તમાન ભાવે આ ઓફર ખુબજ મોંઘી જણાય છે. ઈન્વેસ્ટરોએ આ ઈસ્યુથી દુર રહેવું હિતાવહ છે.

સ્માર્ટ બેસ્ટ બાય

S. N. Zaveri

પીઆઈ ઈન્ડસ્ટ્રીઝઃ કૃષિ ક્ષેત્રનો મજબૂત શેર

P. I. Indsutries (Rs. 1760.00) (Agrochemicals)

એગ્રોકેમિકલ્સ ક્ષેત્રમાં અગ્રણી કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૨૧ માટે સકારાત્મક આઉટલૂક જાળવી રાખ્યું છે. અગાઉના છ ક્વાર્ટર્સમાં ડબલ ડિજિટ વૃદ્ધિની સરખામણીમાં ચોથા ક્વાર્ટરમાં આવકમાં માત્ર ૬ ટકાની વૃદ્ધિ થઈ હતી. ઓપરેટિંગ માર્જિન ૭ ટકા વધ્યું હતું. માર્ચ ક્વાર્ટરમાં કોવિડ-૧૯ મહામારીના કારણે કંપની રૂ. ૧૦૦ કરોડની આવક બૂક કરી શકી નથી, પરંતુ આગામી સમય સાનુકૂળ જણાય છે. આવકમાં ઘટડા છતાં એક વર્ષ અગાઉની સરખામણીમાં છેલ્લા ક્વાર્ટરમાં નફાનું માર્જિન ૨૪ બેસીસ પોઈન્ટ વધીને ૨૨ ટકા થયું હતું. ખરીફ પાકની સીઝન માટે સ્થિતિ સાનુકૂળ હોવાથી અને ઉદ્યોગના આંકડા કૃષિ ઈનપુટના નોંધપાત્ર વેચાણના આંકડા દર્શાવતું હોવાથી કંપનીનો આગામી બિઝનેસ આશાસ્પદ રહેવાની શક્યતા છે. પીઆઈ ઈન્ડસ્ટ્રીઝની કસ્ટમ સિન્થેસીસ મેન્યુફેક્ચરિંગ (સીએસએમ) ઓર્ડર બૂક ક્વાર્ટર ધોરણે ૧૦૦ મિલિયન ડોલર વધીને ૧.૫ અબજ ડોલર થઈ હતી. આ સ્ટોકમાં હાલ ખરીદી કરો અને દરેક નોંધપાત્ર ઘટાડા સાથે વધુ ખરીદી કરો.

એમસીએક્સ જૂનના ક્વાર્ટરમાં મજબૂત પરિણામના પગલે બાવન સપ્તાહની નવી ટોચે

MCX (Rs. 1697.00) (Investment Companies)

એમસીએક્સ : કોમોડિટી ડેરિવેટિવ્સ સેગ્મેન્ટમાં ભારતના સૌથી મોટા એક્સચેન્જ મલ્ટી કોમોડિટી એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિ. (એમસીએક્સ)એ ક્વાર્ટર-૧માં ખૂબ જ સારા પરિણામ દર્શાવ્યા છે. જૂન ૩૦, ૨૦૨૦ના અંતે પૂરા થતા ક્વાર્ટરમાં તેનો નેટ પ્રોફિટ ૨૯ ટકા વધીને રૂ. ૫૬.૪૩ કરોડ થયો છે, જે જૂન ૩૦, ૨૦૧૯ના ક્વાર્ટરમાં રૂ. ૪૩.૭૦ કરોડ હતો. કુલ આવક ૧૧ ટકા વધીને રૂ.૧૨૨.૭૦ કરોડ થઈ છે. ઓપરેટિંગ આવક ૧૪ ટકા ઘટીને રૂ. ૭૩.૦૧ કરોડ થઈ છે. કાર્યકારી નફો ૨૯ ટકા વધીને રૂ ૭૬.૨૦ કરોડ થયો છે. કાર્યકારી નફાનું માર્જિન ૬૨.૧૦ ટકા થયું હતું અને નેટ પ્રોફિટનું માર્જિન ૪૬ ટકા હતું. એક્સચેન્જ ૫૨ કોમોડિટી ફ્યુચર કોન્ટ્રાક્ટ્સનું સરેરાશ દૈનિક ટર્નઓવર ૧૬ ટકા વધીને રૂ. ૨૩,૧૨૯ કરોડ થયું છે. કોમોડિટી ડેરીવેટીવ ક્ષેત્રમાં એક્સચેન્જનો બજાર હિસ્સો નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ના પ્રથમ ક્વાર્ટરમાં ૯૧.૬૦ ટકાથી વધીને નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ના પ્રથમ ક્વાર્ટરમાં ૯૬.૭૧ ટકા થયો છે. નાણાકીય વર્ષ ૨૦૨૧ના પ્રથમ ક્વાર્ટર દરમિયાન એક્સચેન્જની મિકેનિઝમ મારફત બેઝ મેટલ્સમાં ૨૧,૦૨૮ એમટીના કુલ જથ્થાની ડિલિવરી કરવામાં આવી છે, જે નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ના પ્રથમ ક્વાર્ટરમાં ૪,૭૭૩.૫૦ એમટી હતી. સ્ટોક ગયા સપ્તાહે રૂ. ૧૭૯૨ની બાવન સપ્તાહની નવી ટોચે સ્પર્શ્યો છે. ખરીદો. પ્રત્યેક ઘટાડે વધુ ખરીદો.

આઈસીઆઈસીઆઈ પ્રુડેન્શિયલ : પડકારજનક સમયમાં પ્રોફિટ ફ્લેટ રહ્યો

ICICI Prudential (Rs. 451.00) (Life Insurance)

આઈસીઆઈસીઆઈ પ્રુડેન્શિયલ લાઈફ ઈન્સ્યોરન્સનો ક્વાર્ટર-૧નો નેટ પ્રોફિટ ફ્લેટ રૂ. ૨૮૬.૮૬ કરોડ રહ્યો હતો. ઈન્સ્યોરરે એક વર્ષ અગાઉ રૂ. ૨૮૪.૬૪ કરોડનો કર બાદનો નફો નોંધાવ્યો હતો. એન્યુઅલાઈઝ્ડ પ્રીમિયમ ઈક્વિવેલન્ટ (એપીઈ) પહેલા ક્વાર્ટરમાં રૂ. ૮૨૩ કરોડ હતું, જે ગયા વર્ષે સમાન સમયમાં રૂ. ૧,૪૭૦ કરોડ હતું. એપીઈ નિયમિત પ્રીમિયમના ૧૦૦ ટકા અને સિંગલ પ્રિમિયમ્સના ૧૦ ટકા રીફર કરે છે. પહેલા ક્વાર્ટર માટે વેલ્યુ ઓફ ન્યૂ બિઝનેસીસ (વીએનબી) રૂ. ૨૧૦ કરોડ હતું, જે વાર્ષિક ધોરણે ૩૫ ટકાનો ઘટાડો દર્શાવે છે. રૂ. ૮૨૩ કરોડના એપીઈ સાથે વીએનબી માર્જિન ૨૪.૪ ટકા હતું. જૂન ૩૦ના ક્વાર્ટરના

Cont...

અંતે કુલ એસેટ્સ અન્ડર મેનેજમેન્ટ (એયુએમ) રૂ. ૧.૭ લાખ કરોડ હતું. જૂન ૩૦, ૨૦૨૦ના અંતે વીમા કંપનીનું ડેટ-ઈક્વિટી મિક્સ ૫૭-૪૩ હતું. અહીં, ડેટ ઈન્વેસ્ટમેન્ટના ૯૪.૩ ટકા એએએ રેટેડ અને સરકારી બોન્ડ્સમાં છે. સોલવન્સી રેશિયો ૧૫૦ ટકાની રેગ્યુલેટરી જરૂરિયાત સામે ૨૦૫.૧ ટકા હતો. ખરીદો.

બજાજ ફાઈનાન્સ : મજબૂત બેલેન્સ શીટ, મજબૂત રીસ્ક મેનેજમેન્ટ

Bajaj Finance (Rs. 3251.00) (Finance - NBFCs)

શેરખાન બજાજ ફાઈનાન્સ પર બુલીશ છે અને તેણે તેના રીસર્ચ રિપોર્ટમાં રૂ. ૩૮૦૦ની ટાર્ગેટ પ્રાઈસ સાથે સ્ટોક પર બાય રેટિંગની ભલામણ કરી છે. બજાજ ફાઈનાન્સ લિ. (બીએફએલ)એ મંદ બિઝનેસ ગ્રોથ સાથે નાણાકીય વર્ષ ૨૦ના પહેલા ક્વાર્ટરનું મિશ્ર પરિણામ નોંધાવ્યું છે, પરંતુ એસેટ ક્વૉલિટીમાં નોંધપાત્ર સુધારો થયો છે અને મોરેટોરિયમ હિસ્સો એયુએમના ૨૭ ટકાથી ઘટીને ૧૫.૭ ટકા થઈ ગયો છે, જે કંપની માટે સકારાત્મક સંકેત છે. ગ્રોસ એનપીએ અને નેટ એનપીએ સુધરીને અનુક્રમે ૧.૪૦ ટકા અને ૦.૫૦ ટકા થઈ હતી, જે નાણાકીય વર્ષ ૨૦ના ચોથા ક્વાર્ટરમાં અનુક્રમે ૧.૬૧ ટકા અને ૦.૬૫ ટકા હતી. આ સાથે એસેટ ક્વૉલિટી સુધરી છે. મજબૂત બેલેન્સ શીટ, મજબૂત રીસ્ક મેનેજમેન્ટ સાથે બીએફએલ લાંબાગાળા માટે એક મજબૂત ફ્રેન્ચાઈઝી છે અને મધ્યમ ગાળાના પડકારોનો સારી રીતે સામનો કરી શકે છે. તબક્કાવાર એકત્ર કરો.

બાલકૃષ્ણ ઈન્ડસ્ટ્રીઝ : કોરોના કટોકટી પછી પણ કેપેક્સ યથાવત્

Balkrishna Industries (Rs. 1322.00)

(Auto Tyres & Rubber Products)

ટાયર ઉત્પાદક બાલકૃષ્ણ ઈન્ડસ્ટ્રીઝે સ્થાનિક અર્થતંત્રને સ્વ-નિર્ભર બનાવવાની સરકારની હાકલ વચ્ચે ચીન પર નિર્ભરતા ઘટાડવા કેમિકલ્સ અને રૉ મટિરિયલ્સની આયાત માટે અન્ય બજારો તરફ નજર દોડાવવાનું શરૂ કર્યું છે. બાલકૃષ્ણ ઈન્ડસ્ટ્રીઝ (બીકેટી) નિકાસ અને સ્થાનિક બજાર માટે કૃષિ, ઓફ-રોડ અને ઓલ ટેરેઇન વ્હિકલ્સ ટાયર્સનું ઉત્પાદન કરે છે. બીકેટી દેશમાં એકમાત્ર ટાયર ઉત્પાદક છે, જેનો ભૂજમાં પોતાનો કાર્બન બ્લેક પ્લાન્ટ છે અને તેની કુલ વર્તમાન ક્ષમતા વાર્ષિક ૧,૪૦,૦૦૦ મેટ્રિક ટનની છે. આ વર્ષે ૧૨મી માર્ચે વાર્ષિક ૮૦,૦૦૦ મેટ્રિક ટનની ક્ષમતા સાથે પ્રોજેક્ટનો બીજો તબક્કો શરૂ થયો છે. તેની પોતાની જરૂરિયાતો પૂરી કરવા ઉપરાંત બીકેટી બજારમાં પણ કાર્બન બ્લેકનું વેચાણ કરે છે. કંપની ઈન્ડસ્ટ્રીયલ કન્સ્ટ્રક્શન અને માઈનિંગમાં તેજીની અપેક્ષા રાખી રહી છે. આ એવું સેક્ટર છે જેને ખોલવા માટે સરકાર દબાણ કરી રહી છે. કંપનીએ જણાવ્યું છે કે તેના વર્તમાન કેપેક્સ કાર્યક્રમને પગલે આ નાણાકીય વર્ષમાં તે રૂ. ૬૦૦ કરોડનો ખર્ચ કરી શકે છે. સ્ટોક મજબૂત હાથોમાં છે. આ સ્ટોકમાં મોટા કરેક્શનની અપેક્ષા નથી. એકત્ર કરો.

દલાલ સ્ટ્રીટની ગપસપ

Dilip K. Shah

Dixon Techno (રૂ. ૭૬૨૯.૦૦) (કોડ : ૫૪૦૬૯૯) :- તાજેતરમાં સરકારે કલર ટીવીના સેટની આયાત ઉપર પ્રતિબંધ મુકતા આ સેક્ટર સાથે સંકળાયેલી આ કંપનીને વધુ લાભ મળતો જોવાય.

Tata Communication (રૂ. ૭૫૯.૦૦) (કોડ : ૫૦૦૪૮૩) :- ટાટા ગ્રુપની આ કંપનીએ જાહેર પરિણામો ખુબજ સંગીન જોવાયા છે. ક્વાર્ટર-૧ માં કોન્સોલીડેટ નેટ પ્રોફિટમાં ૨૩૬ ટકાનો જંગી ઉછાળો નોંધાયો છે. આવક ૬ ટકા વધેલ છે. EBITDA ૨૬ ટકા, માર્જીન ૩૯૦ બીપીએસ ઉછળીને ૨૩.૭ ટકા જોવાયા છે. ઉલ્લેખનીય છે કે, ગત મહિનાઓ દરમ્યાન લોકડાઉનના સમયગાળામાં વર્ક ફ્રોમ હોમને કારણે બેન્ડવીથના ઉપયોગમાં ભારે વૃદ્ધિ જોવાઈ હતી. એમ્પ્લોઈઝનું ઘરેથી કામને કારણે ઓપરેટીંગ કોસ્ટમાં ઘટાડો થતા બોટમલાઈનમાં ઉછાળો જોવાય.

NMDC (રૂ. ૮૩.૦૦) (કોડ : ૫૨૬૩૭૧) :- આ કંપનીએ તાજેતરમાં આર્યન ઓરના ભાવમાં ૮ થી ૯ ટકાનો વધારો કર્યો છે. કંપનીના સ્ટીલ પ્લાન્ટ રીસ્ટાર્ટ થતા પોઝીટીવ અસર આગામી દિવસોમાં જોવાય.

RCF (રૂ. ૪૬.૦૦) (કોડ : ૫૨૪૨૩૦) :- જાહેર ક્ષેત્રની આ કંપનીની બોર્ડ મીટીંગ તા. ૫ ઓગસ્ટના રોજ ફંડ રેઝીંગની યોજના - ચર્ચા વિચારણા કરવા મળી રહી છે.

Satin Credit (રૂ. ૭૫.૦૦) (કોડ : ૫૩૯૪૦૪) :- ફાયનાન્સ ક્ષેત્રે કાર્યરત આ કંપનીની તા. ૨૨ જુનના રોજ મળેલી બોર્ડ મીટીંગમાં રાઈટ ઈસ્યુ દ્વારા ફંડ ઉભુ કરવા માટે મંજુરી મળી છે. રૂ. ૧૦ ની ફેઈસવેલ્યુના શેર પ્રતિ શેર રૂ. ૬૦ ના ભાવે ઓફર કરી રૂ. ૧૨૦ કરોડ ભંડોળ એકત્ર કરશે. વર્તમાન ભાવ અને ઓફરભાવ વચ્ચે ૨૦ ટકાનો તફાવત જોવાયો છે.

J. Kumar Infra (રૂ. ૯૫.૬૦) (કોડ : ૫૩૨૯૪૦) :- આ કંપનીના શેરમાં રૂ. ૧૯૦ ના ભાવથી સતત કરેક્શન જોવાયું હતું. લોકડાઉન બાદ કંપનીના તમામ પ્રોજેક્ટ કાર્યરત બની ચુક્યા છે. હાલમાં કંપની હસ્તક ૧૧૬૦૦ કરોડના ઓર્ડર પેન્ડીંગ છે. આવક ત્રણ વર્ષમાં બે ગણી અને નેટ પ્રોફિટ ચાર વર્ષમાં બે ગણો થયો છે. આગામી દિવસોમાં સરકાર દ્વારા ત્રીજુ રાહત પેકેજ જાહેર થવાની શકયતા જોતા આ શેરમાં બુલરન જોવાય.

Inter Globe (રૂ. ૯૭૯.૦૦) (કોડ : ૫૩૯૪૪૮) :- ગત દિવસો દરમ્યાન કોરોનાની મહામારીને કારણે એવીએશન સેક્ટરને ભારે ફટકો પડ્યો હતો. ભારતના બજારમાં આ કંપનીની મજબુત હાજરી છે. Q1 ના પરિણામો બાદ શેર ઉંચી ઉડાન ભરી રહ્યો છે. બ્રોકરેજીસ UBS એ આ શેર માટે બાય રેટીંગ જાળવી રાખવા ઉપરાંત ૧૫૦૦ નો ટાર્ગેટભાવ આપ્યો છે.

IndiaMart (રૂ. ૨૮૨૯.૦૦) (કોડ : ૫૪૨૭૨૬) :- આ કાઉન્ટર ઉપર ટ્રેડિંગ વોલ્યુમ ૨૦ દિવસની શરૂઆત કરતા ચાર ગણું ઉંચુ જોવાયું છે. શેરના ભાવમાં ૨૮ ટકાનો ઉછાળો જોવાયો છે. છેલ્લાં નવ ટ્રેડિંગ સેશનમાં જો કે, આ શેર બાવન સપ્તાહની ઉંચી સપાટીથી ૧૦ ટકા દુર છે. એનાલીસ્ટોના મતે શેર ઓવરબોટ પોઝીશનમાં હોવાથી કરેક્શન બાદ નવી ટોચ બનાવતો જોવાય.

Laurus Labs.(રૂ. ૯૩૩.૦૦) (કોડ : ૫૪૦૨૨૨) :- આ કંપનીએ જાહેર કરેલ જુન ક્વાર્ટરના પરિણામો સંગીન રહ્યા છે. કંપનીએ પાછલા સમાનગાળાની ૧૫ કરોડના નેટ પ્રોફિટ સામે ૧૧ ગણા ઉછાળા સાથે ૧૭૨ કરોડનો નેટ પ્રોફિટ નોંધાવતા શેર ફોકસમાં જોવાયો છે.

Ultratech Cement (રૂ. ૪૧૨૪.૦૦) (કોડ : ૫૩૨૫૩૮) :- સીમેન્ટ સેક્ટરની કંપનીઓએ જાહેર કરેલ પરિણામો પોઝીટીવ રહ્યા છે. ACC, Ambuja Cement, J.K. Lakshmi Cement નો સમાવેશ થાય છે. અલ્ટ્રાટેક જાહેર કરેલ જુન ક્વાર્ટરના પરિણામો પાછલા સમાનગાળાની તુલનામાં EBITDA માર્જીન ૨૭ ટકા ઉછળીને ૩૧ ટકા જોવાયા છે. બ્રોકરેજીસ આ શેર માટે બુલીશ છે.

Tech Mahindra (રૂ. ૬૮૨.૦૦) (કોડ : ૫૩૨૭૫૫) :- લાંબા સમયના કરેક્શન બાદ આઈ.ટી. સેક્ટરની મોટાભાગની

Cont.....

કંપનીઓ જાહેર કરેલ પરિણામો મજબુત રહેતા આ શેર ફોકસમાં રહ્યો છે. પ્રાપ્ત અહેવાલો અનુસાર આગામી ક્વાર્ટરમાં કંપનીના ડીલમાં સુધારા થવાની શકયતા સાથે આવકનો ગ્રોથ મજબુત રહેવાની શકયતા છે.

Escorts (રૂ. ૧૧૩૩.૦૦) (કોડ : ૫૦૦૪૯૫) :- ચાલુ વર્ષે દેશભરમાં સામાન્ય કરતા વધુ સારા ચોમાસાને અનુલક્ષીને ટ્રેકટર્સની માંગમાં વૃદ્ધિ જોવાઈ રહી છે. ટ્રેકટર ક્વાર્ટર-૧ ના બિઝનેસમાં ઈબીઆઈટી પાછલા સમાનગાળાની તુલનામાં ૩૫૬ બીપીએસ વધીને ૧૪.૫ ટકા થતા આ શેરમાં ચમકારો જોવાય.

Tata Coffee (રૂ. ૯૦.૦૦) (કોડ : ૫૩૨૩૦૧) :- આ કંપનીએ પ્રથમ ક્વાર્ટરમાં ટેક્ષ અગાઉનો નફો ૬૫ ટકા ઉછળીને રૂ. ૭૯ કરોડ જોવાયો છે. હાલમાં કોફીના ઉત્પાદનમાં ઘટાડો ઉપરાંત તેના ભાવ અને ડીમાન્ડમાં વૃદ્ધિ થતા આગામી સમયમાં કંપનીનો દેખાવ મજબુત રહેવાની શકયતા છે.

Colgate (રૂ. ૧૪૨૩.૦૦) (કોડ : ૫૦૦૮૩૦) :- ગત દિવસો દરમ્યાન એફએમસીજી ક્ષેત્રની કંપનીઓ આકર્ષણમાં રહી હતી. દેશની અને એમએનસી કંપનીઓની કામગીરી અપેક્ષા કરતા વધુ સારી રહી હતી. કંપનીના ક્વાર્ટર-૧ EBITDA માર્જીન ૧૯૦ bps ઉછળીને ૩૦ ટકા થતા શેર ઉપર પોઝીટીવ અસર જોવાઈ છે.

NIIT Techno (રૂ. ૧૯૨૭.૦૦) (કોડ : ૫૩૨૫૪૧) :- આઈ.ટી. સેક્ટરની આ કંપનીનો શેર સતત આકર્ષણમાં રહ્યો છે. કંપનીએ જુન ક્વાર્ટરમાં ત્રણ મોટા ડીલ્સ દ્વારા ૧૮૬ મીલીયન ડોલરના ઓર્ડર હસ્તગત કર્યા છે.

Adani Power (રૂ. ૩૫.૦૦) (કોડ : ૫૩૩૦૯૬) :- તાજેતરમાં કોમ્પીટીશન કમીશન ઓફ ઈન્ડિયા (CCI) એ આ કંપનીને ઓરીસ્સા પાવરમાં ૪૯ સ્ટેક ખરીદવાની મંજુરી આપતા આ શેર રડાર ઉપર આવી ગયો છે.

BATA India (રૂ. ૧૨૬૭.૦૦) (કોડ : ૫૦૦૦૪૩) :- ફુટવેર ક્ષેત્રે કાર્યરત આ કંપનીમાં એલઆઈસી ઓફ ઈન્ડિયાએ તેનો સ્ટેક જે અગાઉ ૪.૪૬ ટકા હતો તે વધારીને ૬.૪૭ ટકા કર્યો છે.

Balkrishna Industries (રૂ. ૧૩૨૨.૦૦) (કોડ : ૫૦૨૩૫૫) :- ઓફલોડ ટાયરનું ઉત્પાદન કરતી આ કંપનીનો શેર એક વર્ષ દરમ્યાન ૮૫ ટકા જેટલો ઉછળી ચુક્યો છે. હાલમાં અનલોક પછી ઓટો ક્ષેત્રે જોવાયેલ રીકવરી અને ખાસ કરીને રીપ્લેસમેન્ટની માંગમાં વધારો થતા તેની પોઝીટીવ અસર જોવાય.

G.E. Shipping (રૂ. ૨૨૫.૦૦) (કોડ : ૫૦૦૬૨૦) :- બજારમાંથી પ્રાપ્ત અહેવાલો અનુસાર આરબીઆઈના પૂર્વ ગર્વનર ઉર્જીત પટેલની એડીશનલ અને ઈન્ડીપેન્ડન્ટ ગવર્નર તરીકે આ કંપનીમાં પાંચ વર્ષની નિમણુંક થઈ છે. Q1 માં સમાનગાળામાં ૫૪ કરોડની ખોટ સામે ૪૬૮ કરોડનો જંગી નેટ નફો હાંસલ કરતા આઉટપર્ફોમ બનતો જોવાય.

Karuru Vysya Bank (રૂ. ૩૪.૦૦) (કોડ : ૫૯૦૦૦૩) :- આ બેન્કે ક્વાર્ટરમાં ૪૫ ટકાનો નેટ નફો નોંધાવવા સાથે કંપનીની ગ્રોસ NPA ૪.૬૮ ટકાથી ઘટીને ૮.૩૪ ટકા થઈ છે. NPA ૩.૯૨ ટકા ઘટીને ૩.૪૪ ટકા થઈ છે.

Jet Airways (રૂ. ૨૯.૦૦) (કોડ : ૫૩૨૬૧૭) :- છેલ્લાં કેટલાક વખતથી આર્થિક મુશ્કેલીમાં રહેલ આ કંપનીમાં લાંબા સમય બાદ કરન્ટ જોવાયો છે. તાજેતરમાં અનલોકની જાહેરાત બાદ એવીએશન ક્ષેત્રે સુધારો જોવાય તેવી મજબુત સંભાવના છે. આ કંપનીએ તાજેતરમાં બાન્દ્રા - કુર્લા કોમ્પ્લેક્સ (BKC) નું ઓફિસ બિલ્ડીંગનું વેચાણ કરી પ્રાપ્ત ફંડમાંથી ૧૦૦ બોઈંગ એરક્રાફ્ટની ખરીદી કરતા શેરમાં હલચલ જોવાય.

MCX (રૂ. ૧૬૯૭.૦૦) (કોડ : ૫૩૪૦૯૧) :- ગોલ્ડ અને સીલ્વર ફયુચર્સના વોલ્યુમમાં ઉછાળાથી ભાવમાં તીવ્ર ઉછાળો જોવાઈ રહ્યો છે. છેલ્લાં ત્રણ મહિનામાં ૬૦ ટકાનો જંગી ઉછાળા બાદ જાણકારોના મતે આ શેર ૨૦૦૦ ની સપાટી વટાવી નવી ટોચ બનાવતો જોવાય.

Manappurm Finance (રૂ. ૫૮.૦૦) (કોડ : ૫૩૧૨૧૩) :- ૨૮ જુલાઈના રોજ મળેલ બોર્ડ મીટીંગમાં NCDs દ્વારા રૂ. ૫૦૦ કરોડનું ફંડ રેઝ કરવાનો નિર્ણય લેવાયો છે. ઉપરાંત આંતરરાષ્ટ્રીય માર્કેટમાં સોનાના ભાવ ૧૯૫૦ ડોલર, ભારતીય

Cont.....

માર્કેટમાં ૫૫૦૦૦ ની સપાટીને કુદાવી જતા ફાય. ક્ષેત્રે કાર્યરત આ કંપનીને મોટો લાભ મળી રહ્યો છે.

NBCC (રૂ. ૨૩.૦૦) (કોડ : ૫૩૪૩૦૯) :- જાહેર ક્ષેત્રની આ કંપનીના શેરમાં લાંબા સમય બાદ સુધારો જોવાયો છે. કંપનીનો Seychelles ખાતે પોલીસ હે ડક્વાટર્સ (PHQ) કન્સ્ટ્રક્શનનો ૨૦૪ કરોડનો ઓર્ડર પ્રાપ્ત થયો છે. છેલ્લાં બે ક્વાર્ટરથી નેટ પ્રોફિટમાં વધારો જોવાઈ રહ્યો છે. સરકારના ઈન્ફ્રા. સેક્ટર ઉપર ફોકસનો લાભ આ કંપનીને મળી રહ્યો છે.

Deepak Nitrite (રૂ. ૬૪૩.૦૦) (કોડ : ૫૦૬૪૦૧) :- કંપનીના કાઉન્ટર ઉપર ૨૯ જુલાઈના રોજ યુ.સ. બેઝે સેટ મેનેજમેન્ટ કંપની State Stereet Global Advisor Asia ૦.૬૭ ટકા એટલે કે ૯૨૫૪૫૧ શેર્સની ખરીદી પ્રતિ શેર રૂ. ૬૩૨.૩૬ ના ભાવે બલ્ક ડીલ દ્વારા ખરીદી કરતા સેર લાઈમલાઈટમાં જોવાશે.

Infibeam (રૂ. ૭૬.૦૦) (કોડ : ૫૩૯૮૦૭) :- ગુજરાત સ્થિત આ કંપનીના કાઉન્ટર ઉપર રવી અગ્રવાલે ૩૪ લાખ શેર્સની ખરીદી કરી તેમનો સ્ટેક ૩.૭૫ ટકાથી વધારી ૪ ટકા કરતા શેર ૫૨ સપ્તાહની નવી ટોચ બનાવી ચુક્યો છે. છેલ્લાં ત્રણ મહિનામાં ૬૨ ટકા ભાવવૃધ્ધિ જોવાય.

Wipro (રૂ. ૨૮૧.૦૦) (કોડ : ૫૦૭૬૮૫) :- આઈ.ટી. ક્ષેત્રે મહત્વનું સ્થાન ધરાવતી આ કંપની ગુગલ ક્લાઉડ સાથે કોલોબ્રેશન કરતા શેરમાં હલચલ વધી છે.

IDFC First Bank (રૂ. ૨૬.૦૦) (કોડ : ૫૩૯૪૩૭) :- આ બેન્ક તાજેતરમાં જાહેર કરેલ જુન ક્વાર્ટરમાં રૂ. ૬૧૭.૩૬ કરોડની પાછલા સમાનગાળાની ખોટ સામે રૂ. ૯૩.૫૫ કરોડનો નફો નોંધાવતા તેમજ ગ્રોસ એનપીએ ૨.૬૦ ટકાથી ઘટીને ૧.૯૯ ટકા તેમજ નેટ NPA ૦.૯૧ ટકાથી ઘટીને ૦.૫૧ ટકા થતા શેર નાના ઈન્વેસ્ટરોના રડાર ઉપર આવી ચુક્યો છે.

Disclosures as per SECURITIES AND EXCHANGE BOARD OF INDIA (Research Analysts) Regulation, 2014; • I and / or my clients may have investment in this stocks • I/My family have no financial interest or beneficial interest of more than 1% in the company whose stocks I am recommending • Stop loss is useful for Short / Medium Term investor Only • Smart Investment will not be responsible / liable for any loss arising out of investment based on tis advices • Past performance may or may not be substainedin future ***" (Dilip K. Shah) Research Analyst : SEBI Regn No. : INH000002152***



Investor's Third Eye

Smt. Dr. Hemavathy / Padmanaban (Chennai)
E-mail : investorsthirdeye@gmail.com

Astrological planetary predictions FOR STOCK MARKET INVESTMENTS (3RD AUGUST TO 9TH AUGUST 2020)

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ યુએસઆઈબીસી ઈન્ડિયા આઈડિયા સમીટને સંબોધન કરતાં અમેરિકન બિઝનેસમાં ભારતમાં ઉડ્ડયન, વીમા, સંરક્ષણ, ઉર્જા, સ્પેસ સહિતના વિવિધ ક્ષેત્રોમાં રોકાણ કરવા માટે આમંત્રણ આપ્યું તથા દેશમાં રોકાણ માટે એફડીઆઈની મર્યાદામાં પણ નોંધપાત્ર સુધારાની જાહેરાત કરી છે.

મિથુન રાશિમાં રાહુ અને શુક્રની ઉપસ્થિતિ અત્યંત મહત્વપૂર્ણ બની રહેશે. નવા સપ્તાહમાં રાહુ અને શુક્ર બંન્ને ભેગા મળીને બુધના ઘરમાં સ્થાન ગ્રહણ કરી રહ્યાં છે, જ્યારે કે મીન અને મંગળ બંન્ને મિથુન રાશિમાં, મકરમાં શનિ, ધનુ રાશિમાં ગુરુ અને કેતુની હાજરી, ચંદ્રના ઘરમાં સુર્ય અને બુધની ઉપસ્થિતિ જોવા મળી રહી છે. મકર, કુંભ અને મીનના ઘરમાં ચંદ્રની ઉપસ્થિતિ છે.

૩ અને ૪ ઓગસ્ટ ૨૦૨૦ ના રોજ ચંદ્ર અને શનિ બંન્નેની મકર રાશિમાં હાજરી તેમજ ચંદ્રના ઘરમાં બુધ, મકર રાશિ તરફ કર્કનું સાતમું સ્થાન માર્કેટના કેટલાંક અંશે તરફેણ કરે છે.

૫ અને ૬ ઓગસ્ટ, ૨૦૨૦ ના રોજ કુંભ રાશિમાં ચંદ્ર શુક્રની દિશામાં પાંચમું સ્થાન ગ્રહણ કરી રહ્યો છે તેમજ મિથુન રાશિમાં રાહુની ઉપસ્થિતિથી શેરના ભાવમાં સારો વધારો જોવા મળી શકે છે. **૭ ઓગસ્ટ ૨૦૨૦**ના રોજ ગુરુ અને કેતુ બંન્ને ધનુ રાશિમાં તેમજ મિથુન રાશિમાં ગુરુ અને રાહુ ધનુ રાશિ તરફ સાતમું સ્થાન ગ્રહણ કરી રહ્યાં છે, જેના કારણે શેરબજારમાં વોલેટાલિટીની સંભાવના છે.

આરોગ્ય, ફાર્માસ્યુટિકલ્સ, સરકારી કંપનીઓના શેર્સ, રસાયણ, ટેલીકમ્યુનિકેશન, ખાતર, એગ્રો આધારિત મશીનરી પ્રોડક્ટ્સ, ઉડ્ડયન, ઉર્જા, પેપર કંપનીઓના શેર્સમાં સારી કામગીરી જોવા મળવાની અપેક્ષા છે. આ ઉપરાંત રેલિસ ઈન્ડિયા, એચએએલ, બીઈએમએલ, રાઈટ્સ, આઈઆરસીટીસી, હેસ્ટર બાયો સાયન્સિસ, નાથ એગ્રોજેન્સ, જેકે એગ્રી જિનેટિક્સ, ગ્લોબલ સ્પિરિટ્સ, હેથવે ટેલીકોમ, નેટવર્ક ૧૮, ભારત ડાયનામિક્સ, લુથરા લેબ, કાવેરી સીડ્સ જેવી કંપનીઓના શેર્સમાં સારી કામગીરીની શક્યતા છે.

Astrological planetary predictions for GOLD PRICE MOVEMENTS (3rd AUGUST TO 7th AUGUST 2020)

૩ અને ૪ ઓગસ્ટ, ૨૦૨૦ : મકર રાશિમાં ચંદ્ર અને શનિએ ગુરુની દિશામાં બીજું સ્થાન ગ્રહણ કર્યું છે તેમજ ધનુ રાશિમાં કેતુની ઉપસ્થિતિને કારણે સોનાના ભાવમાં વોલેટાલિટીની સંભાવના જોવાઈ રહી છે.

૫ અને ૬ ઓગસ્ટ, ૨૦૨૦ : કુંભ રાશિમાં ચંદ્ર શુક્રની દિશામાં પાંચમું સ્થાન ગ્રહણ કરી રહ્યો છે તેમજ મિથુન રાશિમાં રાહુની હાજરીને કારણે સોનાના ભાવમાં વધઘટની શક્યતા છે.

૭ ઓગસ્ટ, ૨૦૨૦ : ચંદ્રના ઘરમાં સુર્ય તેમજ કર્ક રાશિમાં ચંદ્ર કુંભની દિશામાં આઠમું સ્થાન ગ્રહણ કરી રહ્યો છે, જેના પરિણામે સોનાના ભાવમાં વોલેટાલિટીની શક્યતા છે.





Senior Astrologer
Dharmesh Joshi
Mob. : 9909941816
E-mail :
stockmarket@ganeshaspeaks.com

Sensex Predictions : Dt. 3rd August 2020 to 7th August 2020

દરેક ફળકથનમાં દસ મિનીટનો ગાળો પ્લસ-માઈનસ સમજીને પ્રિડીક્શન સમજવું. ફળકથનને આગળના વાક્ય અને સમયની સરખામણીમાં સમજવું.

૦૩-૦૮-૨૦૨૦ સોમવાર

આજે માર્કેટ બોરીંગ અને સ્લો પ્રોસેસમાં ચાલશે એવું ગણેશજીને લાગે છે. ૯.૧૫ થી ૧૦.૨૫ સરફેસની આજુબાજુ નિફ્ટી રમ્યા કરે. ૧૦.૨૫ થી ૧૨.૧૫ દરમ્યાન નિફ્ટી માં અપ ટ્રેન્ડ રહી શકે છે. ૧૨.૧૫ પછી માર્કેટમાં દમ નથી માત્ર જોબીંગ કરો વારંવાર સોફટ સાઈડ જવા માર્કેટ કોશિષ કરે.

૦૪-૦૮-૨૦૨૦ મંગળવાર

જ્યોતિષની દૃષ્ટિએ અત્યારના ગ્રહો બહુ અનઈવન પેટર્નમાં કામ કરે છે, કારણ કે કેતુ-ગુરૂ, ચંદ્ર-શનિ, રાહુ-શુક્ર, સૂર્ય-બુધ આમ ૯ માંથી ૮ ગ્રહો તો ઓપોઝિટ કો મ્બીનેશનમાં છે. ૯.૧૫થી ૧૦.૧૫ સુધી ટી બ્રેક લઈ લો અને માર્કેટને ઓબ્ઝર્વ કરો કા રણ કે આપને આ સ્લોટમાં રૂપિયા મળવાના જ નથી. ૧૦.૧૫ થી ૧૧.૨૧ દરમ્યાન નિફ્ટી સ્ટેપ બાય સ્ટેપ અપ જાય. ૧૧.૨૧ થી ૧૨.૦૨ દરમ્યાન અપ સાઈડ ફ શેપ ગ્રાફ બને, જે આપને આઈડિયા જ નહી આવે કે આ ટા ઈમમાં પોઝિશન કેવી રીતે બનાવવી, જો સમજણ ના પડે તો એવોઈડ કરજો. ૧૨.૦૨થી ૧૩.૪૧ દરમ્યાન નિફ્ટી સ્ટેપ બાય સ્ટેપ ડાઉન આવી શકે છે. ૧૩.૪૧ થી ૧૪.૦૯ દરમ્યાન "No Position Zone" કહી શકા ય. ૧૪.૦૯ પછી નિફ્ટી સ્ટેપ બાય સ્ટેપ ડાઉન જાય.

૦૫-૦૮-૨૦૨૦ બુધવાર

આજે સ્પેક્યુલેશનની તૈયારી સાથે કા મ કરશો. આજે પ્રોફિટ=લોસ બંનેમાં રેડી હોય તો જ કામ કરજો, નહીતર ગણેશજીનો દોષ કાઢશો. ૧૦.૧૦ની આસપાસ નિફ્ટી બાય કરો અને ૨ રૂપિયા મળતા જ નીકળી જાવ. ૧૨.૦૦ વાગ્યાની આસપાસ નિફ્ટી સેલ કરો અને ૩ રૂપિયા મળતા જ નીકળી જાવ. ૧૪.૦૪ ની આશપાસ સેલ કરો અને ૩ રૂપિયા મળતી નીકળી જાવ, પણ લા સ્ટ મોમેન્ટ સુધી ઊભા રહેવાની ગણતરી રાખજો.

૦૬-૦૮-૨૦૨૦ ગુરુવાર

૯.૧૫ થી ૯.૪૫ દરમ્યાન નિફ્ટી સરફેસની આજુબાજુ ટાઈમ પાસ કરે. ૯.૪૫ માં સ્ટાર્ટીંગ ડાઉનથી થાય પછી સ્લોલી -સ્લોલી અપ ટ્રેન્ડ પકડે. ૧૨.૧૫ પછી મિક્ષ પેટર્ન છે, માટે દર ૧૫ મિનીટમાં ટ્રેન્ડ ચેન્જ થશે, તેથી આપ તે પ્રમાણે સોદા રિસફલ કરતા રહેશો.

૦૭-૦૮-૨૦૨૦ શુક્રવાર

આજે નિફ્ટી ડાઉન ટ્રેન્ડ સાઈડ ફ્રિક્વન્ટલી જાય એવું ગણેશજી એક સપ્તાહ પહેલા લખી રહ્યા છે. ૧૦-૦૮-૨૦૨૦ બેન્ક નિફ્ટી માં વોલેટી લી ટી જોવા મળે કો ઈપણ કા રણોસર તે અપ સાઈડ હશે. ૯.૧૫ થી ૧૦.૨૫ ના સ્લોટની વેટેજ ઝીરો છે માટે બહુ મજા નહી આવે અને જો કરવું જ હોય તો ફા સ્ટ જોબીંગ કરો. ૧૦.૨૫ થી ૧૨.૧૫ દરમ્યાન "A" ગ્રાપના સ્ટો કમાં બાઈંગની પોઝિટીવ ઈફેક્ટ નિફ્ટી ના કો લ રેશિયો પર થાય. ૧૨.૧૫થી ૧૩.૨૭ દરમ્યાન મિક્ષ ટુ ડાઉન પેટર્ન બને. ૧૩.૨૭ થી ૧૩.૫૫ દરમ્યાન ટેમ્પરરી નિફ્ટી જમ્પ લગાવે. ૧૩.૫૫ થી ૧૫.૧૫ દરમ્યાન નિફ્ટી ડાઉન રહે. છેલ્લી ૧૫ મિનીટમાં નિફ્ટી માં રિકવરી આવે.

રિલાયન્સ ઈન્ડ.માં વેલ્યુએશન અને ગ્રોથ અંગે મુંઝવણ

રિલાયન્સ ઈન્ડ. ના શેર અંગે વિશ્લેષકો આમને-સામને

ગોલ્ડમેન, CLSA રેટિંગ જાળવી ટાર્ગેટ ભાવ વધાર્યો, પરંતુ Edelweiss ડાઉનગ્રેડ કર્યો

ગોલ્ડમેન સેક્સે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેરના એક વર્ષના ટાર્ગેટભાવને ૩૧ ટકા વધારીને રૂ. ૨૩૨૫ કર્યો હતો જ્યારે સીએલએસએ ટાર્ગેટભાવમાં વધારો કર્યો છે અને રેટિંગ આઉટપર્ફોર્મથી ઘટાડીને બાય કરેલ છે.

ઘરેલુ સિક્યોરિટીઝ કંપની એડલવાઈઝે રિલાયન્સના શેર માટે એક વર્ષના રૂ. ૨૧૫૦ ના ટાર્ગેટભાવ આપ્યો છે પરંતુ શેરના રેટિંગને ઘટાડીને હોલ્ડ કર્યું છે. સીએલએસએ રિલાયન્સના ટાર્ગેટભાવને રૂ. ૧૭૫૩થી વધારીને રૂ. ૨૨૫૦ કર્યો છે જે હાલના સ્તરથી ચાર ટકા વધારો દર્શાવે ચે. આ બ્રોકરેજે રિલાયન્સના રિટેલ બિઝનેસ માટે ૭૦ અબજ ડોલર અને રિલાયન્સ જિયો બિઝનેસ માટે ૧૦૦ અબજ ડોલરનું વેલ્યુએશન આંક્યું છે આ વેલ્યુએશન તાજેતરના ડીલ્સના વેલ્યુએશન કરતા ૫૦ ટકા ઉંચુ છે. સીએલએસએ જણાવે છે કે, સાત વર્ષમાં ૪૦૦ ટકા અને ચાર મહિનામાં ૧૫૦ ટકા તેજી બાદ હવે વિરામનો સમય છે. આ બ્રોકરેજ ૨૮ જુલાઈની નોટમાં જણાવ્યું હતું કે, તેનાથી અમે રેટિંગને આઉટપર્ફોર્મથી ઘટાડીને બાય કર્યું છે જો કે, અમારા વેલ્યુએશન ફ્રેમવર્ક મુજબ માર્ચ ૨૦૨૦ સુધીમાં રિલાયન્સનું માર્કેટકેપ ૨૨૦ અબજ ડોલર થવાનો અંદાજ છે. ગોલ્ડમેન સેક્સે રિલાયન્સ માટે બાય રેટિંગ જાળવી રાખ્યું છે અને ટાર્ગેટભાવ ૩૧ ટકા વધારીને રૂ. ૨૩૨૫ કર્યો છે. આ બ્રોકરેજ માને છે કે, ટેલિકોમ બિઝનેસમાં હાલમાં મોખરાના સ્થાન તથા ભાગીદાર ફેસબુકના ઓનલાઈન ટ્રાફિકમાં પ્રભુત્વને કારણે યોગ્ય પ્રોડકટસ સાથે સૌથી ઝડપી વૃધ્ધિ સાથે ઈન્ટરનેટ પ્લેટફોર્મનું સર્જન થઈ શકે છે. એડલવાઈઝ માને છે કે, જોખમમાં વદારો થયો છે તેવા સમયે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝનું વેલ્યુએશન વાજબી નથી. બજારને દસ વર્ષ માટે જિયો પ્લેટફોર્મમાં ૩૫ ટકા સીએજીઆર અને રિલાયન્સ રિટેલમાં ૩૧ ટકા જેટલા ઉંચા અર્નિંગ ગ્રોથની ધારણા છે જે ઘણું પડકારજનક છે.

ITCમાં FMCG સેગમેન્ટમાં વૃધ્ધિ નોંધાવી સિગારેટ બિઝનેસે માર્કેટમાં આશ્ચર્ય સર્જ્યું

સિગારેટ્સથી લઈને એફએમસીજી સેક્ટરની મહાકાય કંપની આઈટીસીએ ફાસ્ટ મુવિંગ કન્ઝયુમર ગુડઝ સેગ્મેન્ટમાં અપેક્ષા અનુસાર વૃધ્ધિદર નોંધાવ્યો છે પરંતુ તેના મુખ્ય બિઝનેસ સિગરેટસના બિઝનેસે પ્રથમ ક્વાર્ટરમાં ખરેખર આશ્ચર્ય સર્જ્યું છે. એપ્રિલથી જુનના ત્રિમાસિક ગાળા દરમ્યાન લગભગ બે મહિના રાષ્ટ્રવ્યાપી લોકડાઉન જળવાયો અને તેની સિગ્રેટની ફેક્ટરીઓ ૪૦ દિવસ માટે બંધ રહી હોવા છત્તાં વેચાણમાં ફક્ત ૨૯ ટકાનો જ ઘટાડો નોંધાયો હતો તેનું કારણ એ હોઈ શકે કે, દુકાનો બંધ રહી હતી તેમ છત્તાં ડિસ્ટ્રીબ્યુશનમાં રહેલો સ્ટોક વેચાયો હતો.

આ સ્ટોકમાં રોકાણ જાળવી રાખવા માટે આીટીસીના રોકામકારો પાસે પૂરતા પ્રમાણમાં કારણ છે જ્યારે તેને ટાળવા માટેના પણ વાજબી ઠેરવી શકાય તેવા કારણો છે. ઉંચા ડિવિડંડ યિલ્ડ સાથે આ સ્ટોક જો કે, સંબંધિત રીતે સસ્તો શેર છે પરંતુ સિગરેટ્સના બિઝનેસ કારણે આીટીસી સામેનો નેગેટિવ પ્રચાર મજબુત હોવાના કારણે તે દલાલ સ્ટ્રીટનો ફેવરિટ શેર બની શકે તેવી સંભાવના ઓછી છે.

વૈશ્વિક સ્તરે જોઈએ તો, સિગરેટ્સ કંપનીઓ જેવી કે, ફિલિપ મોરિસ, જાપાન ટોબેકો અને બ્રિટિશ અમેરિકન ટોબેકોના સ્ટોક્સ પણ જુન ક્વાર્ટર દરમ્યાન સામાન્ય વધ્યા હતા જો કે, તેઓ હજુ પણ અનેક વર્ષોના નીચા મથાળા હેઠળ ટ્રેડ થાય છે.

હોટલ બિઝનેસ માટે આ ત્રિમાસિગક ગાળો વોશઆઉટ હતો અને પેપર બિઝનેસને પણ તીવ્ર અસર થઈ હતી. આઈટીસીનો પ્રથમ ત્રિમાસિક ગાળાનો દેખાવ દર્શાવે છે કે તે મોટી ફુડ અને એગ્રીકલ્ચર કંપની બનવાની સંભાવના ધરાવે છે. જેને વાસ્તવિકતા બનવામાં સમય જશે ત્યાં સુધી આ શેર રોકાણકારોના પોર્ટફોલિયોને સ્થિરતા અને ડિવિડંડની આવક ઉપલબ્ધ કરાવી શકશે.


ગાગરમાં...સાગર...


રાકેશ ઝુનઝુનવાલા જેમાં રોકાણ ધરાવે છે તે

બિલકેર કંપનીનું મસમોટું કૌભાંડ

કંપનીએ રૂ. ૧૦૦૦ કરોડનું ફંડ વિદેશમાં ડાયવર્ટ કર્યુ : ડિપોઝીટનું વ્યાજ ચૂકવવામાં નિષ્ફળ

કોર્પોરેટ બાબતોના મંત્રાલયે બિલકેર લિમિટેડ કંપની દ્વારા રૂ. ૧૦૦૦ કોરડથી વધુની રકમની છેતરપિંડી અને ફંડ ડાયવર્ટ કરવાના મામલે સીરિયસ ફ્રોડ ઈન્વેસ્ટિગેશન ઓફિસ (એસએફઆઈઓ) ને તપાસ કરવાનો આદેશ કર્યો છે. જાણીતા રોકાણકાર રાકેશ ઝુનજુનવાલાએ આ કંપનીમાં વર્ષોથી રોકાણ કર્યું હતું.

બિલકેર લિમિટેડ તાજેતરમાં જ સમાચારમાં ચમકી હતી કારણ કે, ઝુનઝુનવાલાએ ૨૩ માર્ચ ૨૦૨૦ થી ૬૯ ટ્રેડિંગ સેશનમાં આ શેરમાંથી રોજના રૂ. ૧૩ લાખની જંગી કમાણી કરી હતી. બિલકેર શેરનો ભાવ ૨૩ માર્ચે રૂ. ૧૪.૨૫ હતો જે ઉછળીને તા. ૩ જુલાઈના રોજ રૂ. ૬૧ જોવાયો હતો. બિલકેર ફાર્મા પેકેજિંગ સોલ્યુશન્સ બનાવતી કંપની છે. તે નવી દવાના પ્રોજેક્ટ માટે ક્લિનિકલ મટીરીયલ પણ સપ્લાય કરે છે. આરઓસીને માલુમ થયું છે કે, બિલકેર લિમિટેડ છેલ્લાં છ વર્ષમાં લોકો અને શેરધારકો પાસેથી રૂ. ૩૫૦ કરોડની ડિપોઝીટ મેળવી છે અને ૩૧ માર્ચ ૨૦૧૯ ના રોજ ચૂકવવા પાત્ર રૂ. ૧૫૦ કરોડનું વ્યાજ પણ ચુકવ્યું નથી.

તપાસ મુજબ કંપનીએ મોરેશિયસ, જર્મની, ઈટાલી અને સિંગાપોરમાં તેની વિદેશી સબસિડરીને રોકાણ, લોન અને ધિરાણના બહાન હેઠળ રૂ. ૧૦૦૦ કરોડનું ફંડ ડાયવર્ટ કર્યું હતું. બિલકેર સિંગાપોર લિમિટેડમાં તેણે રૂ. ૫૦૦ કરોડનું રોકાણ કર્યું છે. સિંગાપોર હાઈકોર્ટ આ કંપનીને ફડચામાં ગયેલી જાહેર કરતા આ રૂ. ૫૦૦ કરોડ પાણીમાં ગયા કે ક્યા ગયા તે ખબર નથી. આરઓસીને અનેક ડિપોઝીટધારકોએ ફરિયાદ કરી હતી. લોકો પાસેથી ડિપોઝીટ મેળવીને પછી નાણાં ચાઉ કરી જતી કંપનીઓ સામે પગલાં લેવાઈ રહ્યા છે જેનાભાગરૂપે બિલકેર લિમિટેડ સામે પણ પગલા લેવાઈ રહ્યા છે.

દેવાના ડુંગર નીચે દબાયેલ કિશોર બિયાની અને કેશરીચ મુકેશ અંબાણી વચ્ચે ડીલ

બિગબજાર ખરીદવા અંગે રિલાયન્સ અને ફ્યુચર ગ્રુપ વચ્ચે રૂ. ૨૭૦૦૦ કરોડનો સોદો


રિલાયન્સ રીટેલ માર્કેટમાં એમેઝોન અને ફ્લિપકાર્ટને પડકારી પોતાની પકડ મજબુત બનાવશે

ભારતના મોર્ડન રીટેલ ઉદ્યોગના 'ફાધર' તરીકે ઓળખાતા બિગબજાર ફેઈન ફયુચર રીટેલ ચેનને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ રૂ. ૨૪ થી ૨૭૦૦૦ કરોડમાં ખરીદી રહી હોવાના અહેવાલોએ રીટેલ માર્કેટમાં ખળભળાટ મચાવી દીધો છે. મુકેશ અંબાણીની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ ભારતના વિશાળ રીટેલ ક્ષેત્ર પર કબજો જમાવવાના એક ભાગરૂપે આ સોદો આકાર લઈ રહ્યો છે.

વર્તમાનમાં દેશમાં રીલાયન્સના ૧૨૦૦૦ જેટલા સ્ટોર્સ છે જેમાં ૬૭૦૦ શહેરોમાં કેશ એન્ડ કેરી હોલસેલ બિઝનેસનો પણ સમાવેશ થાય છે. કિશોર બિયાનીનું ફયુચર ગ્રુપ સુપર માર્કેટ ચેન બિગબજાર, ફુડ સ્ટોર્સ, ફુડ હોલ અને બાર્ગેન ક્લોથીંગ ચેન બ્રાન્ડ ફેક્ટરી ચલાવે છે. છેલ્લાં અઠવાડીયાથી કિશોર બિયાની અને મુકેશ અંબાણી વચ્ચે મંત્રણાઓ ચાલી હતી. માર્કેટના સુત્રો જણાવે છે કે, રૂ. ૨૭૦૦૦ કોડની આસપાસ સોદો ફાઈનલ થઈ જશે. રેટીંગ એજન્સી આઈસીઆરનો અંદાજ છે કે, લિસ્ટેડ કંપની ફયુચર ગ્રુપનું દેવું ગયા સપ્ટેમ્બરમાં ૧૨૭૭૦ કરોડ હતું જે વર્તમાન સમયમાં રૂ. ૧૬૦૦૦ કરોડને વટાવી ગયું છે. આર્થિક તંગી અને કોરોનાના કારણે ફયુચર ગ્રુપના ઘણા સ્ટોર્સ બંધ કરવા પડ્યા છે. ઉલ્લેખનીય છે કે, રિલાયન્સ તેના ઓઈલ તેમજ ટેલિકોમ ક્ષેત્રે ફેસબુક તેમજ ગુગલનુ અંદાજે ૨૦ અબજ ડોલરનું રોકાણ મેળવ્યું છે. ફુયયર ગ્રુપને ખરીદીને તેની ત્રણથી સાડા ત્રણ અબજ ડોલરનું રોકાણ કરશે.

 **ગાગરમાં...સાગર...**  <2>

મારૂતિએ જુલાઈ ૨૦૦૩માં લિસ્ટીંગ બાદ છેલ્લાં ૧૭ વર્ષના ઈતિહાસમાં પહેલીજવાર Q1FY21 ત્રિમાસિક ધોરણે ખોટ નોંધાવી



ભારતની સૌથી મોટી કાર ઉત્પાદક મારૂતી સુઝુકી ઈન્ડિયા લિમિટેડે ૩૦,જૂન ૨૦૨૦ના પૂરા થયેલા પ્રથમ ત્રિમાસિકના અપેક્ષિત નબળા પરિણામ જાહેર કર્યા છે. કંપનીએ આ વખતે રૂ.૨૪૯.૪ કરોડની ત્રિમાસિક ચોખ્ખી ખોટ કરી છે, જે ગત વર્ષના સમાનગાળામાં રૂ.૧૪૩૫.૫ કરોડનો ચોખ્ખો નફો કર્યો હતો. જ્યારે માર્ચ ૨૦૨૦ના અંતના ત્રિમાસિકમાં રૂ.૧૨૯૧.૭ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો. કંપનીની આવક પણ લોકડાઉનના પરિણામે વેચાણ બંધ રહેતાં ૭૯.૨ ટકા ઘટીને રૂ.૪૧૦૬.૫ કરોડની થઈ છે. ત્રિમાસિકમાં કંપનીએ ૭૬,૫૯૯ વાહનોનું વેચાણ કર્યું છે, જે ગત વર્ષના સમાનગાળાના ૪,૦૩,૬૦૦ વાહનોની તુલનાએ ૮૧ ટકા ઘટયું છે.કંપનીની અન્ય આવક ૫૭.૬ ટકા વધીને રૂ.૧૩૧૮.૩ કરોડ થઈ છે. ઓટો કંપની મારૂતિએ જુલાઈ ૨૦૦૩માં લિસ્ટીંગ થયું ત્યાર પછી તેણે પહેલીવાર ત્રિમાસિક ધોરણે ખોટ નોંધાવી છે.

ટ્રમ્પ સરકારે ૭૬૫ મીલીયન ડોલરની લોન આપતા પુનઃજીવંત ખાડે ગયેલી કોડાકની ફરી 'ક્લીક' : શેર્સમાં ૬૦ ટકાનો ઉછાળો

કંપની જેનેરીક ડ્રગ ક્ષેત્રે પ્રવેશશે : જાપાનની ફ્યુજી પણ કોરોના રસી બનાવશે





ભૂતકાળમાં જ્યારે ડિજિટલ ફોટોગ્રાફીની શરૂઆત થઈ તે વેળાએ આ કંપની ફોટોગ્રાફી ઈન્ડસ્ટ્રીની ટોચ પર હતી. આ કંપની કેમેરા, તેની ફિલ્મ સહિત તેને સંલગ્ન અન્ય ચીજવસ્તુનું ઉત્પાદન કરતી હતી.

સમગ્ર વિશ્વમાં કોડાક કંપનીનો ડંકો વાગતો હતો. ૧૯૯૦ના અંતિમ તબક્કામાં તે નાણાંકીય મુશ્કેલીમાં મુકાઈ હતી. અને ત્યારબાદ તેનો દબદબો ઓસરી જતા તે અસ્ત થઈ ગઈ હતી. ૨૦૧૨માં કોડાકે અમેરિકામાં બેંકરપ્સી પ્રોટેકશન ફાઈલ કરી હતી.ગત માર્ચ માસથી સમગ્ર વિશ્વમાં કોરોના પ્રસર્યો છે. જેમાં અમેરિકામાં આ મહામારીના પગલે સર્વાધિક જાનહાનિ થઈ છે. કોરોના મહામારી અંકુશમાં લાવવા હાલ ટ્રમ્પ સરકાર દ્વારા જરૂરી તમામ પગલા ભરવામાં આવી રહ્યા છે. આ કવાયતના ભાગરૂપે કોડાક કંપનીને નાણાંકીય સહાય પૂરી પડાતા આ કંપનીએ ફાર્માસ્યુટીકલ ક્ષેત્રે પ્રવેશ કર્યો છે.

ટ્રમ્પ સરકારે કોડાક કંપનીને ૭૬૫ મીલીયન ડોલરની લોન આપીને ડ્રગ ઈન્ગ્રેડીયન્ટસ ઉત્પાદન માટે પુનઃજીવીત કરી છે. આ ડ્રગ ઈન્ગ્રેડીયન્ટસનો ઉપયોગ કોરોના વાઈરસને અંકુશમાં રાખવા ઉપયોગમાં લેવાતા જેનેરીક ડ્રગ્સ ક્ષેત્રે થાય છે.આ અહેવાલમાં પાછળ અમેરિકી શેરબજારમાં મૃતપ્રાયઃ હાલતમાં મુકાઈ ગયેલ મુવમેન્ટના પગલે કોડાકના શેરમાં ૬૦ ટકાથી વધુનો ઉછાળો નોંધાયો છે. જાપાનની જાણીતી ફોટોગ્રાફી ઈન્ડસ્ટ્રીની ફ્યુજી ફિલ્મ કંપની પણ સક્રિય બની હોવાના અહેવાલ છે. આ કંપનીએ જાપાનની સ્થાનિક કંપની સાથે હાથ મિલાવીને કોવિડ-૧૯ની રસી બનાવવાના ક્ષેત્રે કાર્યરત થઈ છે.


ગાગરમાં...સાગર...


બેન્કની રૂ. ૨૮૯૨ કરોડની લોન ચુકવવામાં નિષ્ફળ રહેતા

યસ બેન્કે અનિલ અંબાણી ગ્રુપનું હેડક્વાર્ટર બિલ્ડીંગ કબજામાં લીધુ

આ સાથે ADAG મુંબઈના નાગિન મહેલના પ્રથમ બે માળ કબ્જે લેવાયા

૨૦૦૮માં અનિલ અંબાણી વિશ્વના છઠ્ઠા ક્રમના શ્રીમંત વ્યક્તિ હતા. પરંતુ ટેલિકોમ, પાવર અને એન્ટરટેઇનમેન્ટ સેક્ટરમાં તેમને ગંજાવર ખોટ ગઇ હતી જેને પગલે એ કરજમાં ડૂબતા ચાલ્યાહતા. આ વર્ષના ફેબ્રુઆરીમાં લોન અંગેના એક કેસમાં તેમણે બ્રિટનની કોર્ટમાં પોતાની નેટવર્થ શૂન્ય ગણાવી હતી.

યસ બેંકે અનિલ અંબાણીની કંપની અનિલ ધીરુભાઇ અંબાણી ગ્રુપ (ADAG)ના મુંબઇ ખાતેની હેડ ઑફિસને કબજે કરી લીધી હતી. અનિલની આ ઑફિસ ૨૧ હજાર ચોરસ ફૂટમાં વિસ્તરેલી છે. બેંકે આ પહેલાં પોતે આપેલા કર્જની ઉઘરાણી એક કરતાં વધુ વખત હતી એમ કહેવાય છે. આ ઉપરાંત દક્ષિણ મુંબઇમાં આવેની નાગિન મહલ ઇમારતના બે મજલા પણ બેંકે કબજે કરી લીધા હતા. SARFESI એક્ટની જોગવાઇ મુજબ બેંકે આ પગલું લીધું હતું.

વાસ્તવમાં અનિલ અંબાણી ગ્રુપે યસ બેંક પાસેથી કુલ ૧૨,૦૦૦ કરોડ રૂપિયાનું કર્જ લીધું હતું. આ વર્ષના માર્ચમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે આ કર્જ બાબત પૂછતાં અનિલે એવો દાવો કર્યો હતો કે યસ બેંકનું આ કર્જ સુરક્ષિત છે. અનિલે કહ્યું હતું કે જરૂર પડ્યે હું મારી પ્રોપર્ટીઝ વેચી નાખીને પણ આ કર્જ ચૂકવી આપીશ.

કર્જના હપ્તા અનિયમિત ચૂકવવા બાબત બેંકે કરેલી પૂછપરછ દરમિયાન અનિલે એમ કહ્યું હોવાનું મનાય છે કે યસ બેંકના ભૂતપૂર્વ ડાયરેક્ટર રાણા કપૂર, રાણાનાં પત્ની કે પુત્રી ઉપરાંત રાણાના વહીવટ હેઠળની કોઇ કંપની સાથે મારે કશી લેવાદેવા નથી.

અત્રે એ નોંધનીય છે કે ચાલુ વર્ષના મે માસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે રાણા કપૂર અને તેમની પુત્રીઓ રોશની કપૂર, રાધા કપૂર તથા રાખી કપૂર સામે છેતરપીંડીનો કેસ કર્યો હતો. ત્યારબાદ રાણા કપૂરે યસ બેંકના ડાયરેક્ટરપદેથી રાજીનામું આપી દીધું હતું.

R.Com કેસમાં ઉણપોને કારણે CARE રેટિંગને રૂ. ૧ કરોડની પેનલ્ટી

સેબીએ રિલાયન્સ કોમ્યુનિકેશનસ (આરકોમ)ના કેસમાં કેર રેટિંગને આશરે રૂ. ૧ કરોડનું દંડ ફટકાર્યો છે. આરકોમના નોન કન્વર્ટિબલ ડિબેન્ચર્સને ક્રેડિટ રેટિંગમાં આપવામાં ઊણપોને કારણે આ પેનલ્ટી ફટકારવામાં આવી છે.

આરકોમે ફેબ્રુઆરી ૨૦૧૭ અને માર્ચ ૨૦૧૭માં અનુક્રમે રૂ. ૩૭૫ કરોડ અને રૂ. ૯.૭ કરોડના રિપેમેન્ટમાં ડિફોલ્ટ કર્યું હતું અને આ કેસ તે સંબંધિત છે. મે ૨૦૧૭માં કેર રેટિંગ્સે આરકોમના નોન કન્વર્ટિબલ ડિબેન્ચર (એનસીડી)ના રેટિંગને ઘટાડીને ડિફોલ્ટ કર્યું હતું. સેબીએ જણાવ્યું હતું કે કેર રેટિંગ સમયસર ધોરણે આરકોમના ક્રેડિટ રેટિંગને અસર કરતાં પરિબળો પર નજર રાખવામાં નિષ્ફળ રહી છે. રેટિંગ પ્રક્રિયામાં ખૂબ વિલંબ થયો હતો અને તેનાથી રેટિંગ ડાઉનગ્રેડમાં વધુ સમય લાગ્યો હતો.

૨૦૧૬-'૧૭ના ત્રીજા ક્વાર્ટરના રિઝલ્ટની જાહેરાત બાદ પણ રેટિંગ એજન્સી આરકોમના રેટિંગની સમીક્ષા કરવામાં નિષ્ફળ રહી હતી. આ રિઝલ્ટમાં દર્શાવવામાં આવ્યું હતું કે કંપનીના રોકડપ્રવાહમાં મોટો ઘટાડો થયો છે અને તેનાથી તેની ક્રેડિટ પ્રોફાઇલ કથળી છે. આ ઉપરાંત ટેલિકોમ માર્કેટમાં રિલાયન્સ જિયોના આગમનથી સ્પર્ધામાં તીવ્ર વધારો થયો હતો અને તેનાથી આરકોમની નાણાકીય સ્થિતિ કથળી હતી. પરંતુ રેટિંગ એજન્સી તેની પર નજર રાખી શકી ન હતી.

કૌભાંડોની ભિતરમાં.... Siddharth Shah

<1>

લેક્ટેલિસને મિલ્ક બિઝનેસ વેચ્યા બાદ નાણાંકીય આંકડાઓમાં ગરબડ

પ્રભાત ડેરીના હિસાબોમાં ગોટાળા : ફોરેન્સિક ઓડિટ માટે સેબીનો આદેશ

બેલેન્સશીટના આંકડાઓમાં ગોટાળો : બુકવેલ્યુ નીચી બતાવી હોવાનો આદેશ

ફ્રેન્ચ કંપની લેક્ટલિસને ગયા વર્ષે એપ્રિલમાં રૂ. ૧૭૦૦ કરોડનો ફ્રેશ મિલ્ક બિઝનેસ વેચનાર પ્રભાત ડેરી સામે સેબીએ તપાસ શરૂ કરી છે. નાણાંકીય વર્ષ ૨૦૧૯ અને ૨૦૨૦ માટે પ્રભાત ડેરીના હિસાબના ફોરેન્સિક ઓડિટ માટે તેણે ગ્રાન્ટ થોર્ન્ટનની નિમણુંક કરી છે અને કંપનીએ ખોટા નાણાંકીય આંકડા આપ્યા છે કે નહી તેની તપાસ થઈ રહી છે. કંપનીના કેટલાક સંસ્થાકીય રોકાણકારોએ સેબીને ફરિયાદ કરી હતી કે ફ્રેન્ચ કંપનીને બિઝનેસ વેચ્યા પછી તેના નાણાં અન્યત્ર વાળવામાં આવ્યા છે. આવી ફરિયાદોના પગલે સેબી દ્વારા પોરેન્સિક ઓડિટનો દેશ આપવામાં આવ્યો હતો. કંપની સામે આરોપ છે કે, તેણે બેલેન્સશીટ પર આંકડા યોગ્ય રીતે દર્શાવ્યા નથી અને તેની બુક વેલ્યુ નીચી બતાવી છે જેથી ભારતીય એક્સચેન્જ પર તેને ઘણા નીચા ભાવે ડિલિસ્ટ કરાવી શકાય. પ્રભાત ડેરીએ તેનો મિલ્ક બિઝનેસ લગભગ ૮૦ ટકા પ્રિમિયમે લેક્ટેલિસને વેચ્યો હતો તે સમયે કંપનીની માર્કેટકેપ રૂ. ૯૦૯ કોડ હતી. કંપનીની કુલ આવકમાં મિલ્ક બિઝનેસનો હિસ્સો લગભગ ૯૮ ટકા હતો. રોકામકારોને આ સોદો પસંદ પડ્યો ન હતો કારણ કે કંપની આ સોદામાંથી મળેલાં નાણાંનો શો ઉપયોગ કરશે તે વિશે કોઈ સ્પષ્ટતા ન હતી. રોકાણકારો વેચાણની રકમમાંથી જંગી ડિવિડંડ મેળવવાની આશા રાખતા હતા પરંતુ કંપનીએ લગભગ છ મહિના પછી જાહેરાત કરી કે તે સપ્ટેમ્બરમાં ડિલિસ્ટિંગ કરવા માંગે છે ત્યારથી ડિલિસ્ટિંગની યોજના એપ્રુવલના સ્તરે અટવાયેલી હતી તથા નાણાં ડિસ્ટ્રીબ્યુટ કરાયા ન હતા. ફોરેન્સિક ઓડિટના કારણે હવે તેમાં વધારે વિલંબ થવાની શકયતા છે. કંપનીએ સપ્ટેમ્બર ક્વાર્ટરમાં તેના રિઝલ્ટમાં જણાવ્યું હતું કે, બીજી એપ્રિલ ૨૦૧૯ ના રોજ ટ્રાન્ઝેક્શન પૂર્ણ થયું હતું તેણે ડેરી બિઝનેસની તમામ એસેટ અને જવાબદારીઓને સેલ તરીકે વર્ગીકૃત કરી હતી. જવાબદારીઓને બાદ કરતા વેચાણની તમામ રકને નેટવર્થમાં ઉમેરવામાં આવે તો કંપનીની બુકવેલ્યુમાં નોંધપાત્ર વધારો થયો હોત અને તેના કારણે ડિલિસ્ટિંગ પ્રાઈસ પણ વધી ગઈ હોત.

માર્કેટ ટિડ્બિટ્સ Het Zaveri

રેક્ટિ બેન્કિસર હવે ભારતમાં બીજા ક્રમની સૌથી મોટી સાબુ ઉત્પાદક બની

કોરોનામાં લાઈફબોયને પછાડી ડેટોલ નં.૧ પાવર બ્રાન્ડ બની

રેકિટ બેક્કિસરનો ડેટોલ સાબુ હાલમાં કોરોના રોગચાળાના કારણે સૌથી વધુ વેચાઈ રહ્યો છે અને તેણે પહેલી વાર એચયુએલના લક્સ અને લાઈફબોયને પાછળ રાખી દીધા છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી આ સેક્ટરમાં લાઈફબોય અને લક્સનો દબદબો હતો.

"ડેટોલ એ ભારતમાં એક પાવર બ્રાન્ડ છે. વાસ્તવમાં તેણે પહેલી વખત ભારતમાં સૌથી વધુ બજારહિસ્સો પ્રાપ્ત કર્યો છે. અત્યારે ડેટોલની બ્રાન્ડ ઈક્વિટી સર્વોચ્ચ સ્તરે છે. અમે ભારત માટે પ્રતિબદ્ધ છીએ. તમે જાણો છો કે દેશ ઘણી મુશ્કેલીમાંથી પસાર થઈ રહ્યો છે. અમે દેશને સપોર્ટ કરવા માંગીએ છીએ જે અમારા માટે મુખ્ય બજાર છે."

ડેટોલે વૈશ્વિક વેચાણમાં ૬૨ ટકા વધારો નોંધાવ્યો છે અને માર્કેટ શેરમાં ૪૩૦ બેસિસ પોઇન્ટનો વધારો થયો છે. યુકેની હેલ્થકેર અને કન્ઝ્યુમર ગૂડ્ઝ ઉત્પાદક રેકિટ બેક્કિસરે જણાવ્યું કે ભારતીય ગ્રાહકોએ કોરોના વાઈરસ દરમિયાન આ પ્રોડક્ટ મોટા પ્રમાણમાં ખરીદી છે. લાઈફબોય ગયા વર્ષમાં ૧૩.૧ ટકા બજારહિસ્સો ધરાવતી હતી જે બે વર્ષ અગાઉ ૧૫.૭ ટકા હતો. હરીફ કંપની ડેટોલે તેનો બજારહિસ્સો ૯.૭ ટકાથી વધારીને ૧૦.૪ ટકા કર્યો છે.

ડેટોલના તાજેતરના વધારાના કારણે રેકિટ હવે ભારતમાં બીજા ક્રમની સૌથી મોટી સાબુ ઉત્પાદક બની છે અને તેણે ગોદરેજ કન્ઝ્યુમરને પાછળ રાખી છે. ગયા કેલેન્ડર વર્ષમાં ગોદરેજ ૧૨.૩ ટકા બજારહિસ્સો ધરાવતી હતી. રૂ. ૨૨,૦૦૦ કરોડના સોપ સેગમેન્ટમાં ડેટોલે છેલ્લા છ મહિનામાં ઈન્ક્રિમેન્ટલ સેલ્સમાં રૂ. ૫૦૦ કરોડથી વધારે ઉમેરો કર્યો હોય તેવી શક્યતા છે.

ડેટોલે છેલ્લાં કેટલાંક વર્ષોમાં સાતત્યપૂર્ણ વૃદ્ધિ કરી છે ત્યારે તાજેતરમાં થયેલો વધારો સૌથી તીવ્ર છે. બીજા ક્રમની સૌથી મોટી સાબુ ઉત્પાદક એચયુએલનો બજારહિસ્સો ડિસેમ્બર ૨૦૧૭માં સમાપ્ત થયેલા વર્ષમાં ૪૨.૩ ટકાથી ઘટીને ૩૮.૯ ટકા થયો હતો.

યુનિલીવરે ચાલુ વર્ષમાં કન્ઝ્યુમર એનાલિસ્ટ ગ્રૂપ ઓફ ન્યૂ યોર્કમાં જણાવ્યું કે ભારતમાં તેની ટોચની બે સ્કીન ક્લિન્સિંગ બ્રાન્ડ - લક્સ અને લાઈફબોયનો બજારહિસ્સો ઘટ્યો છે. યુનિલીવરના ચીફ ફાઈનાન્શિયલ ઓફિસર ગ્રીમ પિટકેથીએ તે સમયે રોકાણકારોને જણાવ્યું હતું કે, "અમે ૨૦૧૯માં વેચાણમાં ઘટાડો નોંધાવ્યો છે અને હિસ્સો ઘટ્યો છે. અમે હવે બ્રાન્ડ મેસેજિંગ અંગે વધુ આક્રમક બની રહ્યા છીએ જેનાથી ફરક પડશે.

Fair & Lovely પછી મોટો ફેરફાર

હિન્દુસ્તાન યુનિલીવર પોન્ડસ વ્હાઈટ બ્યુટીનું રિબ્રાન્ડિંગ કરશે

ટોચની FMCG કંપની HUL પોન્ડ્સ વ્હાઇટ બ્યૂટીનું રિબ્રાન્ડિંગ કરવાની તૈયારીમાં છે. કંપનીએ ચાલુ મહિને ફેર એન્ડ લવલીનું નામ બદલી ગ્લો એન્ડ લવલી કર્યું હતું. હવે HUL તેની બીજી સૌથી મોટી સ્કિન ફેરનેસ બ્રાન્ડ પોઇન્ટ વ્હાઇટ બ્યૂટીના રિબ્રાન્ડિંગની યોજના ધરાવે છે.

ઉલ્લેખનીય છે કે, પોન્ડ્સની વ્હાઈટ બ્યૂટી પ્રોડક્ટનો ભાવ ફેર એન્ડ લવલી કરતાં ઊંચો છે. બ્રાન્ડ હેઠળ ક્રીમ, ફેસ વોશ અને જેલનું વેચાણ કરવામાં આવે છે. HUL ૧૦,૦૦૦ કરોડના ફેસ કેર સેગમેન્ટમાં ૪૩ ટકા હિસ્સા સાથે માર્કેટ લીડર છે.

નિલ્સનના ડેટા પ્રમાણે આ સેગમેન્ટમાં હિમાલયા લગભગ ૮ ટકા બજારહિસ્સા સાથે બીજા ક્રમે છે. ફેર એન્ડ લવલી કેટેગરીમાં ૩૦ ટકા હિસ્સો ધરાવે છે. જ્યારે પોન્ડ્સ ૯ ટકા માર્કેટ શેર સાથે દેશની બીજી સૌથી મોટી ફેસ કેર બ્રાન્ડ છે, જે નીવિયા અને લો'રિયાલના સંયુક્ત હિસ્સા કરતાં પણ વધુ માર્કેટ શેર ધરાવે છે.

બ્રોકરેજીસ - એનાલીસ્ટ વ્યુ....

લાર્સન એન્ડ ટુબ્રો કામકાજ પર અસર પડવા છતાં બ્રોકરેજિસનો બુલિશ વ્યુ

લાર્સન & ટુબ્રો (L&T)એ જૂન '૨૦ ક્વાર્ટરમાં નફામાં, વેચાણમાં અને નવા ઓર્ડર્સમાં ઘટાડો નોંધાવ્યો હોવા છતાં બ્રોકરેજિસે પોઝિટિવ આઉટલૂક જાળવી રાખ્યો છે કારણ કે, કંપનીના કોર બિઝનેસનું પર્ફોર્મન્સ અપેક્ષા કરતાં સારું રહ્યું છે. કોવિડ-૧૯ પ્રેરિત લોકડાઉનથી કામકાજ પર અસર પડી હોવા છતાં કંપનીએ કોર બિઝનેસના મોરચે ઘણું સારું પ્રદર્શન કર્યું છે.

કંપનીની વર્કિંગ કેપિટલની સ્થિતિ અને નવા ઓર્ડર્સ મળવા પર ચાંપતી નજર રાખશે.

"L&Tએ ૨.૫૩ અબજનો પ્રોફિટ આફ્ટર ટેક્સ (PAT) નોંધાવ્યો છે. કંપનીઓ કોર પ્રોફિટમાં પોઝિટિવ આંકડા આપ્યા તે મુખ્ય સિદ્ધિ છે કારણ કે, રોકાણકારોને કંપનીના કોર બિઝનેસના PAT નેગેટિવ રહેવાની ચિંતા હતી. ડેવલપમેન્ટ પ્રોજેક્ટ્સ સેગમેન્ટ્સમાં રૂ. ૩.૩૮ અબજની PAT ખોટને કારણે તેનાં પરિણામો પર અસર પડી છે, પરંતુ તેના માટે હૈદરાબાદ મેટ્રોની ખોટ જવાબદાર છે." એમ નોમુરાએ રિપોર્ટમાં નોંધ્યું છે. આ બ્રોકરેજે L&Tના શેર માટે રૂ. ૧,૨૦૦નો ટાર્ગેટ ભાવ અને 'બાય' રેટિંગ નક્કી કર્યું છે.

રિલાયન્સ સિક્યોરિટીઝે રિપોર્ટમાં નોંધ્યું છે કે, "લોકડાઉન ધીમે ધીમે હળવું થવાથી અને બિઝનેસ ફરી શરૂ થવાથી કંપનીનો ડોમેસ્ટિક બિઝનેસ આવતાં થોડાંક ક્વાર્ટર્સમાં સુધારાત્મક પ્રદર્શન કરે તેવી ધારણા છે. રોડ, શહેરી ઈન્ફ્રા અને ખાસ તો હેલ્થકેર, રેલવેઝ, જળ વિતરણ અને સિંચાઈ જેવાં સેગમેન્ટ્સમાં આગામી છ મહિનામાં સારો એવો ધમધમાટ જોવા મળશે.

ICICI સિક્યોરિટીઝે નોંધ્યું છે કે, "L&Tએ નવા ઓર્ડર્સ મેળવવામાં પ્રમાણમાં સારું પર્ફોર્મન્સ કર્યું છે જ્યારે ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેગમેન્ટમાં કંપનીને પડકારોનો સામનો કરવો પડ્યો હતો અને કોવિડ-૧૯ની ગંભીર અસર પડી હતી. જોકે, તેની વર્કિંગ કેપિટલની સ્થિતિ પર ચાંપતી નજર રાખવી પડશે કારણ કે તેના આધારે તેની બેલેન્સ શીટ પર કેવી અસર પડે છે તેની ખબર પડશે."

બ્રોકરેજિસ મોર્ગન સ્ટેન્લી અને મોતીલાલ ઓસ્વાલે જણાવ્યું હતું કે, L&Tનો કોર એન્જિનિયરિંગ એન્ડ કન્સ્ટ્રક્શન બિઝનેસ આવકમાં ઘટાડો થવા છતાં અપેક્ષા કરતાં ઘણું સારું પ્રદર્શન કરવામાં સફળ રહ્યો છે. મોર્ગન સ્ટેન્લીએ L&Tને 'ઓવરવેઈટ' રેટિંગ આપ્યું છે જ્યારે મોતીલાલ ઓસ્વાલે 'બાય' રેટિંગ આપ્યું છે.

બ્રોકરેજીસ - એનાલીસ્ટ વ્યુ.... <2>

Indusind Bankના Q1FY21 માં અંદાજ કરતા સારા દેખાવથી

બ્રોકરેજિસ બુલિશ : સારી એસેટ ક્વોલિટીને કારણે 'Buy' રેટિંગ યથાવત

Indusind Bank જૂનના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટે વાર્ષિક ધોરણે ૬૪.૩૭ ટકાના ઘટાડા સાથે રૂ. ૫૧૦.૩ કરોડનો સંગઠિત ચોખ્ખો નફો નોંધાવ્યો હતો. તેમ છતાં બ્રોકરેજિસ કંપનીઓએ આ બેંક પરના તેમના રેટિંગને બુલિશ જાળવી રાખ્યું છે. વિશ્લેષકો દ્વારા રૂ. ૪૦૦ કરોડના નફાનો અંદાજ મૂક્યો હતો તેને આ આંકડાએ પાછળ રાખી દીધા છે. બેન્કે શેર દીઠ રૂ. ૫૨૪ના ભાવે પર રૂ. ૩,૨૮૮ કરોડની કિંમતના શેર્સના પ્રેફરેન્શિયલ એલોટમેન્ટની પણ જાહેરાત કરી છે.

એન્ટિક, સીએલએસએ, એચએસબીસી, આઈડીબીઆઈ કેપિટલ અને મોતીલાલ ઓસ્વાલએ આ શેર પર બાય રેટિંગ જાળવી રાખ્યું હતું જ્યારે કોટક ઈન્સ્ટિટ્યૂશનલ ઈક્વિટીએ એડ રેટિંગ જાળવી રાખ્યું છે. હેઈતોંગ સિક્યોરિટીઝે આ શેર પર આઉટપરફોર્મ રેટિંગ જાળવી રાખ્યું છે.

સીએલએસએ મારફત પોતાની નોટમાં ટાર્ગેટ કિંમત રૂ. ૬૦૦થી વધારીને રૂ. ૬૬૫ કરતાં જણાવાયું હતું કે ઈન્ડસઈન્ડ બેન્કે નાણાકીય વર્ષ ૨૦૨૧ના પ્રથમ ત્રિમાસિક ગાળા માટે સ્થિરતાના મુદ્દે રાઈટ બોક્સ ટીક કર્યું છે. તેણે પોતાના CET-1 રેશિયોને હાલના ૧૩.૨ ટકાથી ૧૩૦ બેસિસ પોઈન્ટનો વધારો કરીને ૩૩ અબજ (૩,૩૦૦ કરોડ) એકત્ર કર્યા છે. આગલા ત્રિમાસિક ગાળાની સરખામણીએ પાંચ ટકા ડિપોઝિટ ગ્રોથ સાથે તેની થાપણોનું મોબિલાઈઝેશન સુધર્યું હતું.

કોટક ઈન્સ્ટિટ્યૂશનલ ઈક્વિટીઝે જણાવ્યું હતું કે થાપણો પરના ટ્રેક્શનમાં સુધારો આવ્યો છે અને મૂડી એકત્ર કરવામાં આવી છે તેને કારણે ભય હળવો થયો છે ખાસ કરીને પ્રમોટર્સના પ્રદાનને કારણે.

કોટક ઈન્સ્ટિટ્યૂશનલ ઈક્વિટીઝે જણાવ્યું હતું કે, મોટા ભાગે એસેટ્સની ગુણવત્તાના કારણે ગભરાટ ઘટેલો છે, જો પરિસ્થિતિ ઘણી પડકારજનક બને તો જેને બેલેન્સ શીટ એબ્સોર્બ કરી શકે.

જો કે, એમ્બિટ આ શેર પર મંદીનો વ્યૂ ધરાવે છે અને સેલ રેટિંગ આપે છે. બ્રોકરેજે જણાવ્યું હતું કે, જવાબદારીઓની બાજુએ દબાવ છે તેનો અર્થ એવો થાય કે મધ્યમ ગાળામાં લોન ગ્રોથ અને ફીની આવકનો પ્રવાહ નબળો રહેશે.

INDUSIND BANK : BULLISH OUTLOOK

BROKERAGES	RATING BEFORE RESULTS	RATING AFTER RESULTS	TARGET BEFORE RESULTS (RS.)	TARGET AFTER RESULTS (RS.)
AMBIT	SELL	SELL	364	389
ANTIQUE	BUY	HOLD	560	560
CLSA	BUY	BUY	600	665
EMAKY	HOLD	HOLD	550	550
HSBC	BUY	BUY	710	710
IDBI CAPITAL	BUY	BUY	560	650
HAITONG	OUTPEFORM	OUTPERFORM	700	670
KOTAK INST.	ADD	ADD	600	600
MOTILAL OSWAL	BUY	BUY	700	700

બ્રોકરેજીસ - એનાલીસ્ટ વ્યુ....

Bajaj Fin.ના Outlook ની ચિંતાથી વૃધ્ધિ મર્યાદિત રહેશે

હાલના તબક્કે શેરમાં નોંધપાત્ર રિ-રેટિંગની શકયતા ઓછી

બજાજ ફાઈનાન્સે તેના જૂન ક્વાર્ટરનાં પરિણામની જાહેરાત કરી ત્યાર બાદ મોટા ભાગનાં બ્રોકરેજિસે તેમના રેટિંગને ડાઉનગ્રેડ કર્યું હતું અથવા નિરાશાવાદી રેટિંગ જાળવી રાખ્યું હતું. એનાલિસ્ટ્સે જણાવ્યું કે કંપનીનું અર્નિંગ અંદાજ અનુસાર હતું પરંતુ આર્થિક પ્રવૃત્તિ લોકડાઉનના કારણે અસ્તવ્યસ્ત થઈ છે તેથી આગામી કેટલાક મહિના માટે બિઝનેસ આઉટલૂક આ શેરની તેજીને મર્યાદિત કરી શકે છે.

IIFL Securities રિઝલ્ટ પછી પોતાની નોટમાં જણાવ્યું કે, "આ શેર મોંઘો છે. કારણ કે ક્રેડિટ ગ્રોથ ધીમો છે અને એસેટ ક્વોલિટીની ચિંતા છે."

૨૩ માર્ચથી બજાજ ફાઈનાન્સના શેરમાં લગભગ ૪૩ ટકા વધારો થયો છે જ્યારે નિફ્ટીએ ચાર વર્ષનું તળિયું બનાવ્યું છે. આ સમયગાળામાં ખાનગી સેક્ટરની ઘણી કંપનીઓની સરખામણીમાં આ શેરે વધુ સારો દેખાવ કર્યો છે.

HSBCએ જણાવ્યું કે, "આ શેરમાં તીવ્ર વધારો થયો છે જ્યારે રોગચાળાને લગતી અનિશ્ચિતતા જળવાઈ છે. અમને લાગે છે કે ગ્રોથ અને એસેટની ગુણવત્તા અંગે સ્પષ્ટતા એ વેલ્યુએશન રિ-રેટિંગ માટે મુખ્ય બાબત હશે."

મોતીલાલ ઓસ્વાલ ફાઈનાન્શિયલ સર્વિસિસે જણાવ્યું કે નજીકના ગાળાની મેક્રો વોલેટિલિટી અને કોઈ ઉદ્દીપકની ગેરહાજરીના કારણે આ શેરમાં તાત્કાલિક રિ-રેટિંગ થવાની શક્યતા ઓછી છે. તમામ બ્રોકરેજિસમાં મોર્ગન સ્ટેન્લી આ શેર માટે સૌથી વધારે બુલિશ છે. તેણે પ્રથમ ક્વાર્ટરના રિઝલ્ટ બાદ જણાવ્યું કે આ શેર તંદુરસ્ત વળતર આપી શકે છે જેમાં નાણાકીય વર્ષ ૨૦૨૧માં રિટર્ન ઓન ઈક્વિટી ઊંચા પ્રમાણમાં હશે.

બ્રોકરેજે જણાવ્યું કે, "મને લાગે છે કે છેલ્લા બે મહિનામાં શેર મજબૂત ચાલ પછી થોડો થાક ખાશે. પરંતુ આગામી ૧૨ મહિનામાં તેમાં ૧૫ ટકા વૃદ્ધિની શક્યતા છે." જોકે તેમના મતે મિડ-કેપ ફાઈનાન્સ કંપનીઓમાં રિસ્ક રિવોર્ડનું પ્રમાણ વધારે સારું હશે.

BAJAJ FINANCE : BROKERAGES VIEW

BROKERAGES	RATING BEFORE RESULTS	RATING AFTER RESULTS	TARGET BEFORE RESULTS (RS.)	TARGET AFTER RESULTS (RS.)
HSBC	HOLD	BUY	3500	3500
IIFL	BUY	BUY	3506	3700
MROGAN STANLY	OVERWEIGHT	OVERWIGHT	3835	2740
ELLARA	SELL	ACCUMULAT	2900	2110
MOTILAL OSWAL	NEUTRAL	NEUTRAL	3000	3000
SPARC CAPITAL	SELL	SELL	2406	1900

બ્રોકરેજીસ - એનાલીસ્ટ વ્યુ....

HULમા નજીકના ભવિષ્યમાં અનિશ્ચિત્તા છતાંયે Top-Picks

વર્તમાન ભાવે શેર મોંઘો છે પરંતુ પ્રિમિયમ વેલ્યુએશન ટકશે

હિંદુસ્તાન યુનિલીવરના પ્રથમ ક્વાર્ટરનાં પરિણામ અપેક્ષા મુજબ આવ્યા પછી મોટા ભાગના બ્રોકરેજિસે એચયુએલ માટે તેમના પ્રાઈસ ટાર્ગેટ અપગ્રેડ કર્યા છે અથવા જાળવ્યા છે. એનાલિસ્ટ્સે કહ્યું કે તેઓ તેમના આશાવાદી અંદાજમાં ઘટાડો કરે છે કારણ કે હાલમાં આઉટલૂક અનિશ્ચિત છે અને શેર વધ્યા પછી તેનું વેલ્યુએશન ઘણું ઊંચું છે. પરંતુ કન્ઝ્યુમર સેક્ટરમાં આ શેર ટોપ પિક્સમાં સામેલ છે.

જેફરીઝે જણાવ્યું કે, "નજીકના ગાળામાં અનિશ્ચિતતા પ્રવર્તે છે પરંતુ પ્રથમ ક્વાર્ટરમાં મજબૂત દેખાવ પછી FY21-22માં EPSમાં બે ટકા અપગ્રેડ શક્ય છે." જેફરીઝે ડિવિડન્ડને સામેલ કરવા માટે પ્રાઈસ ટાર્ગેટ વધારીને રૂ. ૨,૬૫૦ કર્યો હતો. કંપનીએ પ્રતિ શેર રૂ. ૯.૫ના સ્પેશિયલ વચગાળાના ડિવિડન્ડની જાહેરાત કરી હતી.

એચયુએલનો શેર ૩.૧ ટકા ઘટીને રૂ. ૨,૨૪૭ બંધ આવ્યો હતો. ૨૩ માર્ચથી અત્યાર સુધીમાં શેરમાં ૨૦ ટકા વધારો થયો છે. ૨૩ માર્ચે કોરોનાના ભયના કારણે નિફ્ટી ચાર વર્ષના તળિયે પહોંચી હતી.

મોતીલાલ ઓસ્વાલ ફાઈનાન્શિયલ સર્વિસિસે જણાવ્યું કે, "અમે મધ્યમ ગાળાના દષ્ટિકોણથી HUVR માટે પોઝિટિવ છીએ. કંપનીના પોર્ટફોલિયો તથા એક્ઝિક્યુશન શક્તિના કારણે વૃદ્ધિ કરવાની મજબૂત ક્ષમતાને ધ્યાનમાં રાખવી જરૂરી છે. જીએસકે કન્ઝ્યુમરના કારણે FY22Eમાં તેની સિનર્જીમાં વધારો થશે." એચયુએલે એપ્રિલના પ્રારંભમાં જીએસકે કન્ઝ્યુમરના મર્જરને પૂર્ણ કરવાની જાહેરાત કરી હતી. એનાલિસ્ટ્સે કહ્યું કે પીઈ રેશિયો દ્વારા માપવામાં આવતું શેર વેલ્યુએશન ૭૫ ગણું છે જે મોંઘું કહેવાય. પરંતુ પ્રીમિયમ વેલ્યુએશન જળવાઈ રહેશે.

"કોવિડ-૧૯ સંબંધિત ચિંતાઓને ધ્યાનમાં લેતાં અમને લાગે છે કે કન્ઝ્યુમર સ્ટેપલ કંપનીઓ તેમના બિઝનેસની રક્ષણાત્મક પ્રકૃતિના કારણે વધારે સુરક્ષિત હોય છે. આ સંદર્ભમાં પ્રીમિયમ વેલ્યુએશન જળવાઈ રહેવું જોઈએ.

HUL : BROKERAGES VIEW

BROKERAGES	RATING AFTER RESULTS	RATING BEFORE RESULTS	TARGET AFTER RESULTS (RS.)	TARGET BEFORE RESULTS (RS.)
Jefferies	Buy	Buy	2650	2525
CLSA	Outpeform	Buy	2600	2600
I-Securities	Add	Add	2600	2500
HDFC Securities	Reduce	Reduce	2016	2016
IIFL	Add	Add	2450	2350
Motilal Oswal	Buy	Buy	2550	2550

બ્રોકરેજીસ - એનાલીસ્ટ વ્યુ....

ગોલ્ડમેને હેક્ઝાવેરના શેર માટે 'સેલ' કોલ અને આગામી ૧૨ મહિના માટે રૂ ૨૯૬નો ટાર્ગેટ આપ્યો છે

ગોલ્ડમેન સેશે મીડ-કેપ આઈટી કંપની હેક્ઝાવેર માટે પ્રગટ કરેલાં તાજા રિસર્ચ અહેવાલમાં જણાવ્યું છે કે ટૂંકાગાળામાં કંપનીના શેરના ભાવ પર અર્નિંગ્સ ફંડામેન્ટલ્સ કરતાં શેરબજારો પરથી કંપનીના શેરને ડિલિસ્ટ કરાવવાની પ્રમોટર્સન ઈચ્છા વધુ પ્રભાવી રહેશે. હાલમાં આ મુદ્દે કંપનીના શેરધારકોનો મત જાણવામાં આવી રહ્યો છે અને આ પ્રક્રિયા ઓગસ્ટના બીજા સપ્તાહમાં પૂર્ણ થશે. કંપનીના શેરધારકોએ ડિલિસ્ટીગ અંગે રજૂ કરેલા મતોનું પરિણામ ૧૦ ઓગસ્ટે જાહેર થવાનું છે. આમ કંપનીનો શેર ટૂંકા સમય માટે તેના ફંડામેન્ટલ્સથી વિમુખ જોવા મળી શકે છે. ગોલ્ડમેને કંપનીના શેર માટે 'સેલ' કોલ આપ્યો છે અને આગામી ૧૨ મહિના માટે રૂ૨૯૬નો ટાર્ગેટ આપ્યો છે. જે શુક્રવારના રૂ૩૮૨ના બજારભાવથી ૨૨ ટકા ઘટાડો સૂચવે છે. પ્રમોટર્સે હેક્ઝાવેર ટેક્નોલોજીસનો શેર ડિલિસ્ટ કરાવવાની ઈચ્છા જાહેર કર્યાં બાદ શેરનો ભાવ અત્યાર સુધીમાં લગભગ ૪૫ ટકા જેટલો ઉછળી ચૂક્યો છે. કંપનીનો શેર રૂ૨૮૫ આસપાસ ટ્રેડ થતો હતો ત્યારે ડિલિસ્ટીગના અહેવાલ રજૂ થયાં હતાં.

ગોલ્ડમેને તેના અહેવાલમાં નોંધ્યું છે કે કંપનીએ કર્મચારીઓની સંખ્યામાં તીવ્ર ઘટાડો કરીને અપેક્ષાથી સારી આવક વૃદ્ધિ નોંધાવી છે. તેમજ અન્ય હરિફોથી વિપરીત કર્મચારીઓની ઉપયોગિતામાં પણ વૃદ્ધિ દર્શાવી છે. કંપનીના ટ્રાવેલ વર્ટિકલમાં ત્રિમાસિક ધોરણે ૨૭ ટકાનો તીવ્ર ઘટાડો જોવા મળ્યો છે. જે અન્ય મહત્વના વર્ટિકલ્સ બીએફએસઆઈ અને હેલ્થકેર એન્ડ ઈન્શ્યોરન્સે ભરપાઈ કરી આવ્યો છે. કંપનીએ નવા ડિલ્સ મેળવ્યાં હોવા છતાં કેલેન્ડર ૨૦૨૦ના બીજા અર્ધવાર્ષિક ગાળા માટે વૃદ્ધિ દર નરમ રહેવાનું આઉટલૂક એક નેગેટિવ સરપ્રાઈઝ છે એમ અહેવાલમાં જણાવાયું છે. આ બાબત કંપની તેની સેવાઓને લઈને પ્રાઈસિંગ પ્રેશર અનુભવી રહી હોવાનો સંકેત પણ હોય શકે છે. જોકે ગોલ્ડમેને બીજા ક્વાર્ટરના પરિણામોને આધારે કેલેન્ડર ૨૦૨૦ માટેની અપેક્ષિત ઈપીએસમાં ૩૧ ટકાની તીવ્ર વૃદ્ધિ કરી છે. જોકે શેરના ભાવ પર ટૂંકાગાળામાં પ્રમોટર્સના ડિલિસ્ટીગ પ્લાનનો પ્રભાવ જળવાયેલો રહેશે અને માર્કેટ કેટલોક સમય ફંડામેન્ટલ્સને અવગણે તેવું બની શકે છે.

રિસર્ચ અહેવાલમાં નોંધવામાં આવેલી કેટલીક મહત્વની બાબતોમાં ભાવિને લઈને રજૂ કરવામાં આવી રહેલો નરમ આઉટલૂક છે. કંપનીના મેનેજમેન્ટના મતે બીજો ક્વાર્ટરમાં બોટમ બની હોવાનું જણાય છે અને આગામી બે ક્વાર્ટર વોલ્યૂમ્સની રીતે ફ્લેટ રહેશે. જ્યારે ચોથા ક્વાર્ટરથી નિયમિત કામ જોવા મળશે. કંપનીએ બીજા ક્વાર્ટરમાં ૪૬ મિલિયન ડોલરના નવા ચોખ્ખા ડીલ મેળવ્યાં હતાં. જે વાર્ષિક ધોરણે ૨૮ ટકા વૃદ્ધિ સૂચવે છે. મેનેજમેન્ટના મતે પાઈપલાઈન મજબૂત જળવાશે અને તેથી કેલેન્ડર ૨૦૨૦માં ચોખ્ખા નવા ડિલ કેલેન્ડર ૨૦૧૯ કરતાં ઊંચા રહેશે. કંપનીના ગ્રોસ માર્જિનમાં વૃદ્ધિને કારણે એબિટા માર્જિન ૨૪૦ બેસીસ પોઈન્ટ્સનો સુધારો દર્શાવતું હતું. કંપનીએ ત્રિમાસિક ધોરણે ૧૨૦૦ જેટલા કર્મચારીઓને છૂટા કર્યાં હતાં. જે મોટાભાગે બિઝનેસ પ્રોસેસ સર્વિસિસ તથા ટ્રાવેલ અને મેન્યૂફેક્ચરિંગ વર્ટિકલ્સમાંથી છૂટા કરવામાં આવ્યાં હતાં. કંપનીએ બીજા ક્વાર્ટરમાં નવી નિમણૂંકો અટકાવી હતી. જે ત્રીજા ક્વાર્ટરમાં શરૂ થવાની શક્યતા છે. કંપનીને બીએફએસ વર્ટિકલમાંથી વૃદ્ધિ મળતી રહેવાની શક્યતા છે. જ્યારે ટ્રાવેલ અને ટ્રાન્સપોર્ટ પર દબાણ ચાલુ રહેશે એમ માનવામાં આવે છે.

મ્યુચ્યુઅલ ફંડ અપડેટ

નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ દરમયાન રોકાણકારોની સક્રિયતા વધતા મ્યુચ્યુઅલ ફંડ પોર્ટફોલિયોની સંખ્યા ૯ ટકા વધીને ૯ કરોડ નજીક

એસોસિએશન ઓફ મ્યુચ્યુઅલ ફંડ્સ ઈન ઈન્ડિયાએ (એમ્ફી) જાહેર કરેલ આંકડા અનુસાર ૪૫ મ્યુચ્યુઅલ ફંડ્સના ફોલિયોની કુલ સંખ્યા માર્ચ ૨૦૨૦ ના અંતે ૮.૯૭ કરોડ થઈ હતી જે માર્ચ ૨૦૧૯ ના અંતે ૮.૨૫ કરોડ હતી. આમ તેમાં ૯ ટકા વધારો જોવાયો હતો. આ સમય દરમ્યાન મોટાભાગના ફંડ્સ ફોલિયોમાં વધારો થયો હતો માત્ર ૧૧ ફંડના ફોલિયોની સંખ્યામાં ઘટાડો થયો હતો જો કે, કોટક મહિન્દ્રા અને જે.એમ. ફાયનાન્સિયલ મ્યુચ્યુઅલ ફંડ્સના આંકડા મળ્યા ન હતા. ટોચના ચાર ફંડ હાઉસ - એસબીઆઈ, આઈસીઆઈસીઆઈ પ્રુડેન્શિયલ, એચડીએફસી ફંડ, આદિત્ય બિરલા સન લાઈફ ફંડના ફોલિયોમાં નોંધપાત્ર વધારો થયો હતો. આઈસીઆઈસીઆઈ પ્રુડેન્શિયલ મ્યુચ્યુઅલ ફંડના ફોલિયોમાં ૨૨ ટકાનો વધારો થયો હતો અને કુલ સંખ્યા ૯૩.૮૪ લાખ થઈ હતી. એસબીઆઈ મ્યુચ્યુઅલ ફંડના ફોલિયોમાં ૯ ટકા વૃદ્ધિ સાથે કુલ સંખ્યા ૮૫.૭૧ લાખ થઈ હતી.

મ્યુચ્યુઅલ ફંડોને દર પંદર દિવસે પોર્ટફોલિયો જાહેર કરવા સેબીનો આદેશ

સેકન્ડરી માર્કેટ્સ ટ્રેડમાં ૧૦ ટકા કોર્પોરેટ બોન્ડસમાં કરવા મ્યુચ્યુઅલ ફંડોને આદેશ

મ્યુચ્યુઅલ ફંડોને તેમના સેકન્ડરી માર્કેટસ ટ્રેડના ૧૦ ટકા શેર બજારો - સ્ટોક એક્સચેન્જોના રિકવેસ્ટ ફોર ક્વોટા (આરએફક્યુ) પ્લેટફોર્મ થકી ૧ ઓક્ટોબર ૨૦૨૦ થી કરવા મુડીબજાર નિયામક તંત્ર સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયાએ જણાવ્યું છે. જેની પાછળનો ઉદ્દેશ સેકન્ડરી માર્કેટ બોન્ડ ટ્રાન્ઝેક્શન્સ માટે એક્સચેન્જોમાં લિક્વિડીટીને વેગ આપવાનો છે. સેબીએ આ સાથે મ્યુચ્યુઅલ ફંડોને તેમના પોર્ટફોલિયોને દર ૧૫ દિવસે જાહેર કરવાનું ફરજિયાત કર્યું છે.

વર્તમાન ધોરણો મુજબ ફંડો મહિનાના અંતે તેમના અમુક ફંડો પખવાડિયાના પોર્ટફોલિયો સાથે જાહેર કરે છે. આ ઉપરાંત સેબીએ અન્ડરલાઈંગ ઈન્સ્ટ્રુમેન્ટના યીલ્ડને પણ જાહેર કરવાનું મ્યુચ્યઅલ ફંડો ફરજીયાત કર્યું છે અત્યારે મ્યુચ્યુઅલ ફંડ સ્કિમો વ્યક્તિગત સિક્યુરિટીઝનું નહીં પરંતુ સંપુર્ણ પોર્ટફોલિયોનું યીલ્ડ જાહેર કરે છે.

વ્યક્તિગત બોન્ડસનું યીલ્ડ જાહેર કરવાથી જે રોકાણકારો નીચા રેટીંગ ધરાવતા પેપર્સમાં રોકાણ જોખમ લઈને અટવાયા છે એમને માટે પારદર્શકતા વધશે. આરએફક્યુ પ્લેટફોર્મ થનારા સેકન્ડરી ટરેડ્સમાં ઈન્ટર સ્કિમ ટ્રાન્સફરોનો સમાવેશ થશે નહીં. આરએફક્યુ પ્લેટફોર્મ પર આ સેકન્ડરી ટ્રાન્ઝેક્શનોથી ઈલેક્ટ્રોનિક પ્લેટફોર્મ પર તમામ સિક્યુરિટીઝમાં નેગોશીયેટેડ ડિલ્સની ખાતરી રહેશે.

સેબીએ વધુમાં જણાવ્યું છે કે, આ પગલાંથી ડેટ સ્કીમો સંબંધિત ડિસ્ક્લોઝર અને પારદર્શકતા વધશે અને કોર્પોરેટ બોન્ડસ તેમ કોમર્શિયલ પેપર્સમાં મ્યુચ્યુઅલ ફંડો દ્વારા રોકાણમાં પણ ડિસ્ક્લોઝર અને પારદર્શકતા વધશે.

સેબીના ચેરમેન અજય ત્યાગીએ જણાવ્યું હતું કે, આ પગલાંથી બોન્ડ માર્કેટમાં પ્રાઈસ ડિસ્કવરી સુધરશે.

News Track

રીઝોનન્સ ઓપર્ચ્યુનિટીઝ ફંડ એ બેસ્ટ એગ્રોલાઈફ લીમીટેડ માંસ્ટેક્સની પસંદગી કરી
FY23 ની તકો ને પહોચી વળવા માટે બેસ્ટ એગ્રોલાઈફ તૈયાર

બીએસઈએ લીસ્ટેડ બેસ્ટ એગ્રોલિફ લિમિટેડ, જે એગ્રોકેમિકલ્સ ક્ષેત્રના અગ્રણી વૈશ્વિક ખેલાડી છે અને એગ્રો-ઈનપુટ્સના ભારતના સૌથી મોટા ઉત્પાદકોમાંના એક છેજેહવેભારતીય એગ્રો-કેમિકલ કંપનીઓ માટે ઉપલબ્ધ તકોનો ઉપયોગ કરવા માટે તૈયાર છે. લોંગટર્મ યોજના બનાવવા અને બીઝનેસ સેગમેન્ટ વચ્ચેના ઈન્ટ્રસ્ટ ના કન્ફલીક્ટને ટાળવા માટે અને એક સારા કોર્પોરેટ ગવર્નન્સ મેઝર્સ તરીકે કંપનીએ તેના તમામ વ્યવસાયોને સિંગલ એન્ટિટીમાં ઈન્ટીગ્રેટ કરવાનું નક્કી કર્યું છે.





ભારતીય એગ્રો-કેમિકલ કંપનીઓ બદલાયેલા વર્લ્ડ ઓર્ડરમાં કી સપ્લાયર બનશે. વળી, મોટાભાગના કમ્પ્લાયંટ રેગ્યુલેટરી એન્વાયરમેન્ટઇનોવેશન અને નવી કેમિસ્ટ્રીઝ ભારતીય એગ્રો-કેમિકલ કંપનીઓ ને વૃદ્ધિ તરફ દોરી જશે.બેસ્ટ એગ્રોલિફ લિમિટેડના ડિરેક્ટર વિનોદ કુમારે જણાવ્યું હતું કે, "અમે માનીએ છીએ કે તમામ ક્રાઈટેરીઆમાં અમે એકદમ ફિટ છીએ કે જે દર્શાવે છે કે ભવિષ્યમાં વૃદ્ધિ તરફ દોરી જશે.આ ગ્રોથ વેવ પર અમારું લક્ષ્ય ૨૦૨૨ સુધીમાં રૂ.૨૦૦૦ કરોડની કંપની બનવાનું છે.'' તેમણે વધુમાં ઉમેર્યું, "ગ્રોથ, ટેકનોલોજી અને ઇનોવેશનના આઈકન તરીકે ઉભરી આવવા અને ટર્નઓવર અને માર્જિન બંને દ્રષ્ટિએ ભારતીય એગ્રો-કેમિકલ ઉદ્યોગના નોંધપાત્ર ખેલાડી બનવા માટે અમે એક સિંગલ પોઈન્ટ એજન્ડા સાથે કામ કરી રહ્યા છીએ."

બેસ્ટ એગ્રોલાઇફના પ્રોડક્ટ પોર્ટફોલિયોમાં ૬૦ થી વધુ એક્ટીવ ઈન્ગ્રેડીયંટ અને વિવિધ પ્રકારના પાકને સુરક્ષિત રાખવા અને તેને પોષણ આપવા માટે જંતુનાશકો અને છોડના માઈક્રો-ન્યુટ્રીયંટ્સનો સમાવેશ થાય છે. તેની પ્રોડક્ટ રેંજમાં જંતુનાશકો, હર્બિસાઇડ્સ, ફંગીસાઇડ્સ, પ્લાન્ટ ગ્રોથ રેગ્યુલેટર્સ વગેરે શામેલ છે. તે ''બેસ્ટ'' બ્રાન્ડનેમતરીકે વેચાય છે. કંપની પાસે ચાર સ્ટ્રેટેજીકલીલોકેટેડમેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ છે, બે ઉત્તર પ્રદેશમાં અને બે જમ્મુ-કાશ્મીરમાં. આ પ્લાન્ટ્સ ઉચ્ચ ગુણવત્તાના એગ્રોકેમિકલ્સના ઉત્પાદન માટે અત્યાધુનિક સ્ટેટ-ઓફ-આર્ટમાળખાગત સુવિધાઓથી સજ્જ છે.

REVIEW OF "SMART PLUS NEWS LETTER"

Amazing 21% RETURN
SMART GAIN FOR SMART INVESTORS

Company	Reccom. 27-7-2020	Weekly High	Ch. (%)
Delton Cables	34.85	40	14.78
L&T Finance	61	62	1.64
Ramco Cement	688	718	4.36
Tech Mahindra	653	683	4.59
Aarti Ind.	950	970	2.11
Asian Paints	1714	1777	3.68
ACC	1344	1446	7.59
HCL Techno	680.65	712	4.61
Reliance Ind.	2149	2177	1.3
Muthoot Fin.	1302	1361	4.53
MCX	1501	1705	13.59
MindTree	1021	1081	5.88
Axis Bank	446	460	3.14
Apollo Hospital	1511	1716	13.57
HUL	2211	2242	1.4
HDFC LIfe	622	640	2.89
Colgate	1383	1448	4.7
Shriram Trans.	707	725	2.55
Bajaj Ele.	411	437	6.33
Rallis India	297	313	5.39
Deepak Nitrite	593	615	3.71
Adani Port	292	318	8.9
Ambuja Cement	201	221	9.95
Adani Enter.	168	179	6.55

Company	Reccom. 27-7-2020	Weekly High	Ch. (%)
Coal India	130	133	2.31
Majesco	464	564	21.55
Marico	356	364	2.25
HDFC	1841	1897	3.04
Divis Lab.	2349	2560	8.98
Sun Pharma	458	509	11.14
Escorts	1127	1166	3.46
Shiva Agro	28	31	10.71
Infibeam	74	77	4.05
NMDC	85	87	2.35
Karnataka Bank	44	45	2.27
Tera Software	24	25	4.17
Tata Motors	103	106	2.91
Welspun India	36	39	8.33
BDH Ind.	75	77	2.67
Balaji Tele	89	93	4.49
Manappurm Fin.	179	182	1.68
Exide Ind.	157	159	1.27
Everady Ind.	118	124	5.08
Dalmia Sugar	110	123	11.82
HIKAL	137.55	154	11.96
KEI Ind.	363.85	369	1.42
Godrej Agrovet	454.45	464	2.1
Thangamayil Jew.	293	351	19.8

Reveiw of SMART INVESTMENT Last Issue

Amazing 21% RETURN
SMART GAIN FOR SMART INVESTORS

Company	Reccom. 27-7-2020	Weekly High	Ch. (%)
MARKET SCAN			
EicherMotors	20800	21381	2.79
AartiInd	950	970	2.11
RAPID FIRE STOCKS			
HDFC Life	622	640	2.89
Reliance Ind.	2150	2177	1.26
BRAKING SHARES			
Tera Software	24.65	25	1.42
Brooks Labs.	34.55	36	4.20
Ortin Labs.	13.95	15	7.53
DARK HORSE			
BDH Ind.	75.6	77	1.85
Shiva Glbal	28.6	31	8.39
TECHNICAL TALK			
J.K. Cement	1503	1537	2.26
SURE SHOT			
Reliance Ind.	1995	2177	9.12
SUN TV	380	387	1.84
Fine Organics	2032	2098	3.25
STOCK TO WATCH			
M&M	598	620	3.68
Kaveri Seeds	583	599	2.74
Natco Pharma	729	749	2.74
MARKET TIPS			
MCX	1501	1705	13.59
MindTree	1022	1081	5.77
SMART TIPS			
Mishra Dhatu	210	213	1.43
Cochin Shipyard	331	341	3.02
MRPL	36	38	5.56

Company	Reccom. 27-7-2020	Weekly High	Ch. (%)
SUPER DUPER			
Hindustan Zinc	200	210	5.00
Rallis India	297	313	5.39
Deepak Fert.	133	147	10.53
IRB Infra	122	126	3.28
BHAVI CHAAL			
LG Balkrishna	225	233	3.56
Alpa Labs.	20.7	24	15.94
BEST BUYS			
Escorts	1127	1166	3.46
Hero Moto	2741	2841	3.65
GUPSUP			
Dishman Carbogen	170	187	10.00
M&M Finance	141	148	4.96
Jenburkt Pharma	391	465	18.93
Majesco	464	564	21.55
India Mart	2465	2600	5.48
Sun Pharma	486	509	4.73
Dilip Buildcon	295	310	5.08
Bank of India	47	48	2.13
Rallis India	298	313	5.03
Info Edge	3187	3276	2.79
Jayshree Tea	54	56	3.70
Dhanuka Agritech	853	866	1.52
Muthoot Finance	1302	1361	4.53
Hindustan Zinc	201	210	4.48
Tinplate	146	152	4.11
Balmer Lawrie	115	119	3.48
TTK Prestige	5487	5515	0.51
HUL	2209	2242	1.49

Only Subscribers will get SMART PLUS NEWSLETTER on their E-mail Address

Log on to..... www.smartinvestment.in

SMART INVESTMENT

Editor : Dilip K. Shah

ARCHI PUBLICATIONS

311 to 313, Nalanda Enclave, Pritamnagar 1st Dhal, Ellisbridge, Ahmedabad-6. GUJARAT, INDIA
Phone : 079 - 2657 66 39, Fax : 079 - 2657 99 96 • Mob. : 0982500 6980
E-mail :
smartinvest25@yahoo.in / smartinvest25@gmail.com / info@smartinvestment.in

web : www.smartinvestment.in

Disclaimer :- Investment recommendations made in Smart Investment are for information purposes only and derived from source that are deemed to be reliable but their accuracy and completeness are not guaranteed. Smart Investment or the analyst / writer do not accept any liability for the use of this column for the buying or selling of securities. Readers of this column who buy or sell securities based on the information in this column are soley responsible for their actions. The author, his company or his acquaintance may / may not have positions in the scrips featured herein

સ્માર્ટ ઈન્વેસ્ટમેન્ટ

Subscription Chart

D(en)O(f)W(ealth) / Dow Scheme

		1 Year	2 Years	3 Years
1.	Den Of Wealth	5000	10000	15000

E-mail Edition (Soft Copy) (Every Sunday Morning)

	Smart Investment Weekly	1 Year	2 Years	3 Years
1.	Gujarati Edition	1800	3200	4500
2.	English Edition	1100	1850	2650

E-mail Edition (Soft Copy) of Smart Plus News Letter (Every Sunday Night) * For Private Circulation only

		1 Year	2 Years	3 Years
1.	Smart Plus	1400	2500	3300

Combined Package for Weekly & News Letter

Guj. & English Weekly E-Copy (Every Sunday Morning)
With Smart Plus News Letter (Every Sunday Night)

		1 Year	2 Years	3 Years
1.	Gujarati + Smart Plus	2700	5000	7400
2.	English + Smart Plus	2100	3900	5400

Contact : 079-26576639 (M) 9825006980
smartinvest25@gmail.com , smartinvest25@yaoo.in

: : : Bank Details : : :

HDFC Bank : Current A/c No. : 00062560008858
Beneficiary Name : Archi Publications
RTGS / NEFT IFSC : HDFC0000006
Navrangpura Branch, Ahmedabad-380009.

-: Warning :-

Your soft Copy (E-mail Edition)
is for your exclusive use only.
Any attempt to share your copy
or
forwarding your copy
to a non-subscriber
will disqualify your membership
&
We will be compelled to stop
your supply
and
forfeit your subscription
thereafter without
any
refund to you.